શ્રી આત્માનંદ પ્રકાશ





સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

વિષયાનુક્રમ

૧ નમી વર્ધારિ પ્રભુસ્તુતિ		૬
૨ ગુરુસ્તુતિ		૭
૩ નૂતન વર્ષનો પ્રવેશ અમગે		૭
૪ ગુણ અને દોષ	(શ્રી બાલચંદ હીરાચંદ ગાંધિયન')	૬
૫ સ્વાશ્રયી બનો ૬	(અનુ૦ શ્રી નિ નાગ મૂ શાહ)	૮
૬ જ્ઞાન-આરાધન પર્વ	(શ્રી મોહનલાલ દી ચોકસી)	૧૨
૭ સત્તરભેદી પૂજા-સાર્થ	(પ શ્રી રામવિજયજી ગણિ)	૧૪
૮ ધર્મકૌશલ્ય	(સ્વ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા)	૧૭
૯ ન્યાયાચાર્ય અને રાજાગર	(શ્રી હીરાલાલ ર કાપડિયા)	૨૦
૧૦ આબૂ તીર્થ	(મુનિરાજશ્રી દર્શનવિજયજી ત્રિપુટી)	૨૩
૧૧ યુગચેતનાની ઝલક	(શ્રી મોહનલાલ ચુ ધાડિ ')	૨૫
૧૨ શ્રી વિહરમાન જિન સ્તવન-સાર્થ	(ડો વલભદાસ નણુરીભાઈ)	૨૮
૧૩ તીર્થંકર પરમાત્માના ચોત્રીશ અતિશયો	(પ શ્રી સુશીલવિજયજી ગણિવર્ય)	૩૦

યુગવીરાચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજીની પદ્મમૂર્તિ પ્રતિષ્ઠા અંગે ઉજવાયેલ મહોત્સવ

ભારતદિવાકર પંજાબકેશરી મરૂધરદેશોદ્ધારક જૈનાચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે જૈન સંઘ ઉપર અસંખ્ય ઉપકારો કર્યા છે તેઓશ્રી મુંબઇમાં બુધવારે તા ૨૨ સપ્ટેમ્બર ૧૯૫૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા ત્યારે ભાવખાના મોતીશા જૈન મંદિરના કમ્પાઉંડમાં અગ્નિદાહ કરી જનસમૂહે નમ્ર અંજલી અર્પી ભાવખાના એ રીતે જૈનોના એક મહાન પુણ્યધામ સમાન તીર્થસ્થળ બની રહેલ છે શ્રીસંઘ અને શ્રી વિજયવલ્લભ સેવાસમિતિના ઉત્સાહી કણધારો શ્રી રતનચંદ દાનીઆ શ્રી રમણલાલ નર્ઈ દિલ્હીવાળા શ્રી હજારીમલજી શ્રી જેમચંદભાઇ ઝવેરી શ્રી ચમીનાલભાઇ અને શ્રી ફુલચંદ શામજી આદિના સતત પ્રયાસ અને પરિશ્રમથી આ સમાધિમંદિર આશરે રૂપી ૧૧ પોણા લાખના ખર્ચે નિર્માણ થયેલ છે, જેમાં સ્વ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પદ્મમૂર્તિની પ્રતિષ્ઠા માગશર સુ ૧૦ ને રવિવાર તા ૧ ૧૨ ૫૬ના દિવસે સવારના સ્ટા ૯ ૯ ૧૦ મિનીટે પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના શુભ હસ્તે કરવામાં આવી હતી રાધનપુરનિવાસી પેઢી શેઠ સકરચંદ મોતીલાલ મૂલજીના ધર્મપત્ની અ સૌ સુભદ્રાબેહેને પૂજ્ય ગુરુદેવની પ્રતિષ્ઠા રૂા ૫ ૦૧)ની રકમ અર્પણ કરી હતી દેરી ઉપર ધ્વજ મૂકવાનો ઘી શ્રી રતનલાલજી હોલીયારપૂરવાલાએ રૂા ૫ ૧) બોલી લહાવો લીધો પ્રભાવના શેઠ તેજચંદ પ્રતાપચંદવાળા શ્રી ભાણુભાઇ તરફથી મિષ્ટાન લાડુની કરવામાં આવી શાંતિસ્નાત્ર શ્રી ભાવખાના સંઘ તરફથી થયું આ નિમિત્તે માગશર શુદ ૩ ને રવિવારથી શુદ ૧૦-રવિવાર પર્યન્ત વિવિધ ગૃહસ્થો તરફથી આઠ દિવસ પર્યન્ત પ્રભુ અને ગુરુભક્તિનું સુંદર કાર્યક્રમ યોજાયેલ પંજાબ, મારવાડ મેવાડ સૌરાષ્ટ્ર બંગાલ આદિ વિભાગોના હજારો નરનારીઓ તથા મુંબઇની ઉપસ્થિત થઇ ગુરુભક્તિની અનુપમ મજા લૂટી હતી પંજાબથી લાલા ધનસામજીએ મંગીતની લ્હાણ પિરસી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તેમજ મુંબઇની આગેવાન વ્યક્તિઓએ સુંદર કામગીરી બજાવી હતી આ પ્રસંગ ઉજવવા પૂ આ શ્રી વિજયકમલસૂરિજી તથા પૂ આ શ્રી વિજયસમુદ્રસૂરિજી ના પ્રેરણા પણ પ્રશંસનીય હતી

શ્રી જૈનધર્મપ્રકાશ

વર્ષ ૫૫ મું] સં. ૨૦૧૪ કાર્તક-માગશ [અંક ૧-૨

નવિન વર્ષારંભે પ્રભુસ્તુતિ

(સ્રગ્ધરા)

वेदैः साङ्गैः पुराणैः स्मृतिगतवचनैः कापिलैर्धर्मबोधै-
र्मार्गैः पातञ्जलीयैर्विविधमतधरैः संप्रदायैरनेकैः ।
यन्नाप्तं भारतीयैस्तदिह भगवता बोधितं येन तत्त्वं,
स्याद्वादाद्वर्धमानः स भवतु जयदः शान्तिदश्चात्र वर्षे ॥

આ ભારતવર્ષની પ્રજા છ અંગવાળા વેદોથી, પુરાણોથી, સ્મૃતિઓના વચનોથી, કપિલાચાર્યના સાંખ્યધર્મના બોધથી, પતંજલિના યોગમાર્ગથી અને બીજા વિવિધ મતવાળા અનેક સંપ્રદાયોથી પણ જે તત્ત્વને સમજી શકી નથી તે તત્ત્વ જેમણે સ્યાદ્વાદમાર્ગથી તે પ્રજાને સમજાવ્યું છે તે શ્રી વીર પરમાત્મા આ નવીન વર્ષમાં જય તથા શાંતિ આપનાર થાઓ.

卐

ગુરુસ્તુતિ

(શિખરિણી)

यदीयप्राकट्यात् सुफलति च संघः सुरतरु-
र्जयश्रीर्जैनानां विलसतितमां धर्मसुगता ।
चतुर्थारानन्दः प्रसरति सदा भारततले
नमस्तस्मै नित्यं विजयिविजयानन्दगुरवे ॥

જેમના પ્રકટ થવાથી અત્યારે આ ભારતવર્ષ ઉપર સંઘરૂપી કલ્પવૃક્ષ ફળી રહેલું છે, જૈનોની ધર્મ સંબંધી જયલક્ષ્મી વિલસ કરી રહી છે અને સદાકાળ ચોથો આરો પ્રવર્તી રહ્યો છે તેવા વિજયવંત શ્રી વિજયાનન્દસૂરિ ગુરુને નમસ્કાર છે.



નૂતન વર્ષના પ્રવેશ પ્રસંગે

जे एगं जाणइ से सव्वं जाणइ।

શ્રી આચારાંગ

જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યુ

જીવનસિદ્ધિનો પરમ ૧ માર્ગ બતાવતા આપણને સૂત્રકાર કહે છે કે દુનિયામા જો કઈ પણ જાણવાનુ હોય, તો તે આત્ મજ્ઞાન છે, જે પોતાના આત્માને જાણે છે, જેને સાચુ આત્મજ્ઞાન પ્રગટે છે, તે પોતાનુ જીવન સફળ બ નાવે છે અને બીજાને પણ જીવન-સિદ્ધિના માર્ગે વાળે છે એટલે જ્યા લગી આત્મ-જ્ઞાન પ્રગટે નહિ, ત્યા લગી આપણે આપણી જાતને ઓળખીએ નહિ, ત્યા લગી આત્મ જ્ઞાનના અભાવે આપણે ગમે તે પ્ર વૃત્તિ કરીએ, ગમે તેટલી મોટી શોધો કરીએ, કે ચંદ્રલોકની અદ્ભુત સફરો કરીએ, એ સઘળી નકામુ છે. બલકે એ સઘળી પ્રવૃત્તિઓ, આપણા-જગતના ઉત્કર્ષ માટે નહિ પણ વિનાશ માટે જ છે

આધુનિક આંદોલનનો જરા વિ પાર કરીએ આજનુ વિજ્ઞાન ફુદકે ને ભૂસકે આગળ વધતુ જ રહ્યુ છે. એક રાષ્ટ્ર અને બીજા રાષ્ટ્ર વચ્ચે વિજ્ઞાનની જાણે જબ્બર સ્પર્ધા ચાલી રહી હોય તેમ એક એટમ બોમ્બની શોધ કરે છે, તો બીજુ રાષ્ટ્ર ચંદ્રલોકની સફર માટે અનોખો જ બોમ્બ બનાવે છે, અને જગતને હેરત પમાડે તેવા વિજ્ઞાનના પ્રયોગો આપણે અવારનવાર સાભળીએ છીએ-જોઇએ છીએ, પણ તેનુ પરિણામ શુ ? પોતાની કે માનવ જાતના કલ્યાણની કઇ સિદ્ધિ આપણે તેમાથી પ્રાપ્ત કરીએ છીએ ? શુ અદ્ભુત વિકાસ સાધતા વિજ્ઞાને આપણને સુખ-શાન્તિના માર્ગે વાળ્યા છે ? શુ તેમાથી વિશ્વશાતિનુ વાતાવરણ સર્જાયુ છે ? આ અ ને આવા અનેક પ્રશ્નોના જવાબ આપણને નિરાશામા જ મળશે આનુ કારણ આજના વિજ્ઞાન પાછળ કેવળ જડદૃષ્ટિ ભરી છે અને જ્યા જડદૃષ્ટિ છે ત્યા સાચુ સુખ નથી, સાચુ કલ્યાણ નથી, સાચી શાન્તિ નથી સાચા સુખ માટે તો જડ અને ચેતનનો ભે આપણે સમજવો રહ્યો, સાચા કલ્યાણ માટે તો આપણે આપણા આત્માને ઓળખવો રહ્યો જ્ઞાની પુરુષો કહી ગયા છે તેમ આપણે સમજી લેવું જોઇ એ કે —

જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક,
નહિ જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક.

આત્માના પ્રકાશની, આત્માની જાગૃતિની, આત્માની ઉન્નતિની વાતો કરતા કરતા આત્માનંદ પ્રકાશ આજે પંચાવનમા વરસમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે આપણે પરમાત્માનું પુણ્ય સ્મરણ કરીએ અને આપણી જાતને ઓળખવામાં આપણે ક્યાં પહોંચ્યા છીએ તેનો વિચાર કરી, આપણી ન્યૂનતાને સમજી, આત્મકલ્યાણના માર્ગે આગળ ધપવામાં વધુ ને વધુ તત્પર થઇએ એ જ મહેચ્છા.

સભા અંગે કંઇક

આપણી સભાનો વિચાર કરીએ તો તે બાસઠમા વરસમાં પ્રવેશ કરી ચૂકી છે, આટલું લાંબું આયુષ્ય ભોગવનાર સંસ્થાઓ આપણા સમાજમાં ઘણી અલ્પ છે

સભા લાંબું આયુષ્ય ભોગવી શકી છે તેમ તેનો ભૂતકાળ પણ એટલો જ ભવ્ય છે. સંસ્કૃત અને ગુજરાતી ઘણું ગૌરવવંતું સાહિત્ય સભાએ સમાજના ચરણે ધર્યું છે. અને દેશ-પરદેશમાં તેની ખ્યાતિ પણ એટલી જ વધી છે, પણ આટલી યશસ્વી સેવાની ગુણગાથા ગાઇને સભા પોતાની પ્રવૃત્તિમાં સુષુપ્તતા ભોગવે તે ઇષ્ટ ન ગણાય, સભાનો વર્તમાનકાળ આવી જ કંઇક સુષુપ્ત દશામાં પસાર થઈ રહ્યો હોય તેમ કહી શકાય. છેલ્લા વરસમાં સભા કોઈ સુંદર પ્રકાશન કરી શકી નથી, તેમ કોઇ નોંધપાત્ર સેવા તેના ઇતિહાસમાં નોંધાણી નથી.

હા, સભાને ગૌરવ લેવા જેવું એક કાર્ય ચાલી રહ્યું છે, શ્રી નયચક્રનું, મુનિ મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ દર્શનશાસ્ત્રના મહાન ગ્રંથ શ્રી નયચક્રસારનું સંપાદન અવિરત શ્રમ લઇને કરી રહ્યા છે તેનો પ્રથમ ભાગ તૈયાર થઈ ગયો છે અને તેની પ્રસ્તાવના યુરોપના સિદ્ધહસ્ત લેખકના હાથે લખાઈ રહેલ છે, એટલે ટૂંક સમયમાં આ ગ્રંથનો એક ભાગ પ્રગટ કરી શકાશે તેમ આશા છે.

સાથોસાથ એ પણ આનંદનો વિષય છે કે આગમપ્રભાકર મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજ, જેઓશ્રીનો આ સંભા ઉપર પરમ ઉપકાર છે અને નયચક્રના પ્રકાશન માટે જેઓ સતત કાળજી રાખી રહ્યા છે, તેમના શુભ પ્રયાસથી આ ગ્રંથના પ્રકાશનકાર્યમાં આ વરસે દસ હજાર રૂપીયાની વધુ સહાય મળી છે, એટલે આ ગ્રંથ પ્રકાશનની આર્થિક ચિન્તા હવે લગભગ રહેતી નથી.

નયચક્રસારના પ્રકાશનનું કાર્ય હાથ ધર્યાને ઘણો સમય થયો. તેના સંપાદનનું કાર્ય ઘણું કઠણ છે, એ માટે મુનિશ્રી જંબૂવિજયજી મહારાજને ચિની, ટીબેટીયન આદિ ભાષાનો ખાસ અભ્યાસ કરવો પડ્યો છે. તેમજ તેના સંપાદન અંગે દેશ-વિદેશના વિદ્વાનોનો સંપર્ક સાધી ઘણું કીંમતી સાહિત્ય પણ મેળવવું પડ્યું છે. અને આ રીતે આ કાર્ય થોડો વધુ સમય પણ માગી લે છે. એમ છતાં જનતા હવે આ ગ્રંથના પ્રકાશનની રાહ જોઈ રહી છે તેનો વિચાર કરતાં આ ગ્રંથ વહેલી તકે બહાર પાડવો જોઈએ, અને આશા છે કે હવે તો નજીકના ભવિષ્યમાં તે પ્રગટ કરી શકાશે

આ સિવાય સભાના પ્રકાશનનો વિચાર કરીએ તો કોઇ મહત્ત્વનું પ્રકાશન થઇ શક્યું નથી. પ્રસિદ્ધ વક્તા, તત્ત્વચિન્તક મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજની લોકપ્રિય કલમથી તૈયાર થયેલ "સંસ્કાર સંભાર" અને સ્વ. મોતીચંદભાઇની સુપ્રસિદ્ધ લેખમાળા " ધર્મ કૌશલ્ય " આ બે ગ્રંથો આજે તૈયાર થઈ રહ્યા છે. જે ગ્રંથમાળાના સીરીઝના પુષ્પો તરીકે તરતમાં પ્રગટ થશે. જ્યારે

આ સભાના સ્વ. સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસની સ્મૃતિરૂપે જે એક મોટો ગ્રંથ પ્રગટ કરવાનો છે તે હજુ બની શક્યુ નથી. તે કાર્ય પહેલી તકે હાથ ધરવાની જરૂર છે.

અને સભા પાસે આજે જે અમૂલ્ય સાધન-સામગ્રી અને વિદ્વાન મુનિવર્યો આદિનો સહકાર છે, તે અપેક્ષાએ સભા હજુ ઘણું કરી શકે તેમ છે શાસ્ત્રદૃષ્ટિ જાળવીને જનતાની રુચિને ઓળખી, યુગદૃષ્ટિએ સાહિત્ય પ્રગટ કરતા રહેવાની જેટલી જરૂર છે તેટલી જ જરૂર જૈન-શાસ્ત્ર અને સાહિત્યના અભ્યાસકો સર્જવા માટે જૈન અભ્યાસનુ એક કેન્દ્ર પણ આજે તયાર કરવાની છે.

વિશ્વશાન્તિના સર્જન માટે જૈન ધર્મ અનેક રીતે આજ મહત્ત્વનો ભાગ ભજવે તેમ આપણે માનીએ છીએ, વાતો કરીએ છીએ તો હવે એ દિશામા વધુ સક્રિય બનવાની જરૂર છે. સભાના કાર્યકરો થોડા જ જાગૃત થાય તો આ દિશામા જરૂર કાઇક કરી શકે

આપણું "આત્માનંદ પ્રકાશ"

સભાના પ્રકાશન કાર્યમા જેમ સસ્કૃત-ગુજરાતી ગ્રંથો છે તેવી જ રીતે પચાવન વરસથી પ્રગટ થઇ રહેલ 'આત્માનંદ પ્રકાશ" પણ તેની નોધપાત્ર સેવા છે. સામાન્ય રીતે આપણા સમાજમા બહુ જ ઓછા વર્તમાનપત્રો આટલુ લાબુ આયુષ્ય ભોગવતા હોય છે.

આત્માનંદ પ્રકાશે વિદ્વાન લેખકોના સહકારથી આજ સુધીમા ઘણું ઉપયોગી સાહિત્ય નિયમિતપણે પીરસ્યુ છે ગયા વરસમા પણ ગદ્ય-પદ્યના ૧૯-૩૯ લેખો પીરસવામા આવ્યા છે અને આ સાહિત્યસામગ્રી પૂરી પાડવામા શ્રી પાદરાકર, શ્રી ખાનચદ હીરાચદ સાહિત્યચક્ર, શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ, મુનિશ્રી ચદ્રપ્રભસાગરજી, પ્રો. જયન્તીલાલ દવે, મુનિશ્રી દર્શનવિજયજી ત્રિપુટી, પ. શ્રી રામવિજયજી મહારાજ, શ્રી મોહનલાલ દીપચદ ચોકસી શ્રી કા જ દોશી, આ. વિજયેન્દ્રસૂરિજી, શ્રી ઇન્દુમતી મુ. શાહ, શ્રી ખીમચદ ચાપશી શાહ, શ્રી રમેશ કે દિવાન, મુનિશ્રી હસમાગરજી મહારાજ, મુનિશ્રી લક્ષ્મીસાગરજી, શ્રી મોહનલાલ સુ ધામી, શ્રી વિકુનદાસ મૂ શાહ, દેશાઇ વાલજી ગોવિદજી વગેરેનો સાથ મળ્યો છે તે બદલ એ સૌના અમો આભારી છીએ

માસિકને વધુ લોકપ્રિય બનાવવાના અમારા મનોરથ છે, અને તે ખાતર ખાસ પુરસ્કાર આપીને સારા લેખકોને નોતરવાનો અમોએ નિણય કર્યો છે, અને તે માટે બનતુ થઇ રહ્યું છે. એમ છતા અમારે કબૂલ કરવુ જોઇએ કે માસિકના વિકાસના વેગને અમો સતોષકારક રીતે ઉકેલી શક્યા નથી બીજી બાજુ આર્થિક ભીસના સયોગોમા માસિક ચલાવવુ એ સભાને મન જરા મુશ્કેલ પ્રશ્ન તો છે જ, એમ છતા આશાના દોરે દોરે માસિકના વિકાસનુ સ્વપ્ન સેવવાનુ અમોએ ચાલુ જ રાખ્યું છે

ચોઢંકે સ્થાનિક

શિક્ષણ અને સસ્કારના એક ઉચ્ચ ધામ તરીકે ભાવનગરનું સ્થાન હમેશા આગળ પડતુ રહ્યું છે તેમ ભારતના સમસ્ત જૈન સમાજમા પણ ભાવનગરનુ સ્થાન અનોખુ જ છે. ભાવનગરની એકવાક્યતા અને વિચારશીલતા પણ એવી જ નોધપાત્ર છે.

ભાવનગરનું આ ગૌરવ એ ભૂતકાળનો વિષય ન બની જાય તે માટે ભાવનગરે જાગૃત રહેવું ઘટે.

સ્થાનિક શિક્ષણનો વિચાર કરીએ તો આપણા ધાર્મિક શિક્ષણને વધુ રસપ્રદ બનાવવા માટે આપણે હજુ ઘણું કરવાનું છે. આ માટે ધાર્મિક કેળવણીના કેન્દ્રસમી એક સંસ્થા સ્થપાણી છે અને તે બનતું કરી રહેલ છે એમ છતાં ધાર્મિક શિક્ષણનું મૂલ્ય હજુ આપણે સમજ્યા નથી. અને સમજ્યા હોઇએ તો તેને સક્રિય ઓપ આપી શકતા નથી. ભાવિ પ્રજાના સંસ્કારનો પાયો ધાર્મિક શિક્ષણ છે તે લક્ષમાં રાખી આપણી પાઠશાળાઓ અને કન્યાશાળાના વિકાસનો દીર્ઘ વિચાર કરવાની ખાસ જરૂર છે.

તેવી જ રીતે આપણા વ્યવહારિક શિક્ષણ-કેન્દ્રોનો પણ વિચાર કરવો ઘટે. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે આપણે ત્યાં વિદ્યાર્થીભવન અને જૈન બોર્ડીંગ જેવી બે સંસ્થાઓ છે પણ બન્નેના સુંદર જીવનનો વિચાર ગંભીરપણે કરવો જરૂરી છે. ભાવનગરમાં કૉલેજો વધતી આવે છે તેમ અભ્યાસ માટે બહારગામના અને સ્થાનિક વિદ્યાર્થીઓની સગવડ અગવડનો વિચાર આપણે કરવો જ પડશે. બોર્ડીંગમાં વધુ વિદ્યાર્થીઓને સ્થાન આપી શકાય તે માટે યોગ્ય મકાન અને નિર્વાહનો પ્રશ્ન વિચારવો જ પડશે, અને તેવો જ પ્રશ્ન વિદ્યાર્થીભવન અંગે પણ છે જ.

આ ઉપરાંત સાધારણખાતાનો અને આર્થિક ભીંસથી મુંઝાતા આપણા સ્વામીભાઇઓની સમસ્યા પણ આપણે ઉકેલવી જ પડશે.

આજની પરિસ્થિતિનો વિચાર કરી, સાદાઇથી લગ્નાદિ પ્રસંગો ઉજવવાનું આંદોલન ઉપસ્થિત થતું આવે છે તેને બનતો વેગ આપવાની અને આ પ્રશ્ન વ્યાપક દૃષ્ટિએ વિચારવાની પણ ખાસ અગત્ય છે.

અને આટલી જ અગત્ય છે આધ્યાત્મિક-અભ્યાસની લોકપિપાસા જાગૃત કરવાની. આ માટે એક અભ્યાસક વર્ગ શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં ચાલે છે પણ આટલા માત્રથી આપણી જ્ઞાનપિપાસા પૂર્ણ થવી ન ઘટે. ભાવનગરે જો જૈન સમાજમાં આગળ પડતું સ્થાન મેળવ્યું હોય તો તે તેની જ્ઞાનોપાસનાને આભારી છે. એક સમયે ભાવનગરમાં જ્ઞાન-દહિની સ્પર્ધા ચાલતી, જ્ઞાન-ચર્ચાના કાર્યક્રમો રચાતા અને તેમાં સૌ તરબોળ રહેતા. પરિણામે ભાવનગરે ઘણા વિદ્વાનો-વિચારશીલ પુરુષો સમાજને આપ્યા છે. આજે એ જ્ઞાનપિપાસા લુપ્ત થતી જતી ભાસતી હોય તો તે સજીવ કરવા-જ્ઞાનના દિવડાને સતેજ રાખવા ભાવનગરના શ્રી સંઘે ગંભીરપણે વિચારવું પડશે.

અન્ય જ્ઞાન-ભંડારોની અપેક્ષાએ આપણા સંઘનો જ્ઞાન-ભંડાર અનોખી સાહિત્યસામગ્રીથી ભર્યો છે. બીજે ન મળી તે નયચક્રની સામગ્રી આપણા ભંડારમાં હતી અને આવી ઘણી સામગ્રી તેમાં પડેલ છે. આ ભંડાર એ આપણા વડીલોની જ્ઞાન-ભક્તિનું એક સુંદર પ્રતિક છે. આ ભંડારનું વિસ્તૃત સૂચીપત્ર તૈયાર કરવાની જરૂર છે.

આમ ભાવનગરના ગૌરવને છાજે તેવા અનેક કાર્યો કરવા જેવા છે. તે સિદ્ધ કરવાનું સામર્થ્ય પરમકૃપાળુ પરમાત્મા આપણને આપો અને સૌ કોઇ આત્માનંદના પંથે પડો એ જ મહેચ્છા.

ગુણ અને દોષ

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

એ વસ્તુ ધ્યાનમાં રાખવી જોઇએ કે સર્વથા ગુણી કે સર્વથા દોષી કોઈ હોતુ નથી. કોઇમા ગુણની માત્રા વધુ પ્રમાણમા હોય છે ત્યારે તે ગુણવાન ગણાય છે. એનો અર્થ એવો નથી કે એનામા દોષ જ નથી. પરમાત્મા તીર્થંકર દેવ સિવાય એ વસ્તુ શક્ય નથી. કોઇ મહાન્ પૂજ્ય મુનિ મહાત્મા હોય તો પણ તેમનામા એકાદ દોષનો અંશ હોવો સંભવિત છે. પણ એવા ક્ષુલ્લક દોષ માટે આપણે એમને દોષી ગણતા નથી. માનવ અનેક યોનિમાંથી ઘડાતો ઘડાતો માનવ થએલો છે અર્થાત્ પશુયોનિનો પણ એને અનુભવ મળેલો હોય છે જ. એ પાશવી ગુણોની અસર એ આત્મા સાથે થયેલી હોવાથી એમાનો અંશ જો એની સાથે આવી ગયેલો હોય તો એમા આશ્ચર્ય પામવા જેવું નથી. તેથી એ ગુણોનો પ્રભાવવશાત્ કોઇ સત-પુરુષમા આવિર્ભાવ થવો સંભવિત છે. તેમ આપણામા તો હજુ એ અંશ વધુ પ્રમાણમા રહેલો હોવો જોઇએ. આપણને તો પૂર્ણ ગુણી થવાની ભાવના હોવી જોઇએ, માટે આપણે એવા સંત મુનિજનોના કે સજ્જનના ક્ષણવાર માટે ઉતરી આવેલા દોષો જોવા નહીં જોઇએ. કારણ આપણને ગુણનો સંગ્રહ કરવાનો છે; દોષનો નહીં. બીજાના દોષ જોવાથી આપણા જે દોષો સુપ્તાવસ્થામા રહેલા હોય તે ફરી જાગતા થઈ જવાના, અને આપણા દોષો મરી પરવારનારા હતા, તે ફરી જીવતા થવાના. અને પરિણામે આપણા દોષો વધવાના, માટે આપણે જ્યારે બીજાના દોષો જણાય ત્યારે તે દોષો તરફ દુર્લક્ષ કરી, કર્મસત્તાની ગહનતાનો વિચાર કરી તે દોષો તરફ તટસ્થ ભાવનાથી સર્વથા કરુણાની ભાવના કેળવવાની જરૂર છે. અને એ બાબતમાં દોષો તરફ ઉપેક્ષા ભાવે જોવું જોઇએ. અને સાથે સાથે આપણા પોતામાં રહેલા દોષોના પ્રમાણમાં તો એ દોષો ક્ષુલ્લક છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. અને સજ્જન પુરુષો પોતાના દોષો તરતમાં ઓળખી શકે છે અને તે દૂર કરવા માટે પ્રયત્નશીલ હોય છે, તેથી તેઓ પોતાના દોષો દૂર કરી શકતા. ત્યારે આપણી દશા કેવી થવાની? આપણા દોષોને તો ઊભરું પોષણ મળશે, માટે તેવા દોષો તરફ આપણે તો આખ બંધ જ કરી લેવી ઘટે.

કોઇ માણસ શક્તિશાલી હોય અને પાચક, પોષક અને સ્નિગ્ધ આહાર એણે કરેલો હોય છતાં એની સામે તીક્ષ્ણ, કટુ, આમ્લ એવો થોડો આહાર મૂકવામા આવે ત્યારે તેની સામે તે જોવાનું પણ પસંદ નહીં કરે. અગર થોડું ખાઇ જાય તો પણ તે તરત જ વમન કરી નાખે. તેમ કોઇમાં સદ્ગુણો ખૂબ ભરેલા હશે તો દુર્ગુણો સામે તે જોવાનું પણ મન ન કરે. અને કારણવશાત્ એનું સેવન એનાથી થઇ જાય ત્યારે તેને ઘણું દુઃખ થાય, અને પોતાની ભૂલ માટે તે પશ્ચાત્તાપ કરે અને ફરી એવા દોષ ન થાય એ માટે સાવચેતી રાખે. આમ કરવાથી ગુણી માણસ પોતામાં કોઈ દોષ પેસી ન જાય તેની સાવચેતી રાખે અને અનુક્રમે એ સર્વથા નિર્દોષ બનતો જાય એમાં શંકા નથી.

એથી જ અમો કહીએ છીએ કે, આપણે સંપૂર્ણ રીતે ગુણવાન થવાનો પ્રયત્ન કરવો જોઇએ. અને

એટલા માટે જ કોઈના પણ દોષો તરફ બીલકુલ જોવું નહી અને ગુણની જ પ્રશંસા કરવી જોઇએ. કોઇના પણ અલ્પ ગુણ માટે આપણે પ્રશંસા કરવી જોઇએ; કારણ ગુણો એ ગુણીને આશ્રયીને રહેલા હોય છે. ગુણ કાંઇ અહર હવામાં રહેતા નથી પણ ગુણીની સાથે જ રહે છે, માટે જ ગુણીજનોની સેવા-ભક્તિ અને પ્રશંસા આપણે કરવી જોઇએ. તેથી જ આપણામાં ગુણ આવવાનો સંભવ છે. આપણે કોઈ રાજમહેલ જોવા જઇએ ત્યારે તેની મુખ્ય બેસવાની જગ્યાઓ, ઝરૂખાઓ, અટારીઓ, શયનાગારો, સુશોભિત કરેલા ઓરડાઓ, સંગ્રહાલયો, આરીસાભુવનો વિગેરે પ્રશંસા કરવા લાયક ભાગો જ આપણે જોવાની હોય છે. ખાળો કે એવી જગ્યાઓ આપણે જોવાની હોતી નથી. તેવી જ રીતે આપણે ગુણગ્રાહક અને જ્ઞાનપિપાસુ થઈ ગુણ જ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. દોષો તરફ આપણે પીઠ ફેરવી જ રાખવી જોઇએ.

એથી પણ આગળ વધી અમે એમ કહેવા માગીએ છીએ કે, ગુણીજનોના ગુણો સ્પષ્ટ બહાર તરી આવેલા હોવાથી આપણે ખુલ્લી આંખે તે જોઈ શકીએ છીએ તેથી તે ગ્રહણ કરવા માટે વધુ સૂક્ષ્મ નિરીક્ષણ કરવાની જરૂર નથી. તે તરત જ સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થાય છે જ. પણ અત્યંત તુચ્છ, હીન, ગર્હણીય અને જોવાં પણ ન ગમે એવાં વસ્તુમાંથી પણ અમુક પ્રયોગો કર્યા પછી સારભૂત વસ્તુ ગ્રહણ કરી શકાય છે. પ્રત્યક્ષ અમેધ્ય એટલે વિષ્ટામાંથી પણ ખાતર, ગૅસ વિગેરે ઉપયોગી વસ્તુઓ નિર્માણ કરી શકાય છે. ડામર જેવી વસ્તુઓ પાસેથી પણ જુદા જુદા રંગો પેદા કરી શકાય છે. તુચ્છ એવા કીડા જેવા કીટકોથી ચીનાંશુક રેશમ ઉત્પન્ન થાય છે, એ તો એ કીટકોનું તુચ્છ લાળ વિગેરે જેવું અવશેષ છે. પણ તેમાંથી સુંવાળું અને ચળકાટવાળું પવિત્ર ગણાતું રેશમ મળે છે. મતલબ કે, હીન અને ગુણ રહિત ગણાતી વસ્તુમાં પણ કાંઇક ગુણ હોય છે જ; માટે જ ગુણગ્રાહકતા આપણે કેળવવી જોઈએ અને દોષ તરફ દુર્લક્ષ કરવું જોઈએ.

ચોર અને ડાકુ ગણાતા માનવો પણ પોતાના અમુક નિયમો પાળે છે જ. પોતાનું કાર્ય ચોરીછુપીથી કરે છે. એટલા ઉપરથી એ ફલિત થાય છે કે, એ કાર્ય કરવું એ પોતે ગર્હણીય તો ગણે છે જ. કેટલાએક ડાકુઓ જગતના અસભ્ય અને અન્યાયી વર્તનમાંથી પેદા થએલા છે. એમની સમજુતી હોય છે કે, જે લોકોએ અન્યાયથી દ્રવ્ય ભેગું કરેલું છે, તેમને લૂંટી તે ગરીબોને વહેંચી આપવું. આમ કરવામાં તેઓ મૂર્ખાઇભરેલું અને અન્યાયનું કામ કરે છે, એમાં બે મત ન હોય. પણ અમો એ બતાવવા માગીએ છીએ કે, એમની કાળી બાજુની કિનારી ઉપર પણ કાંઇક આવું તેજ ચળકતું હોય છે. એટલે સર્વથા દોષભરેલી જ કોઈ વસ્તુ હોતી નથી; દૂષિત વસ્તુમા પણ ગુણ છુપાઇને રહેલો હોય છે, એ સ્પષ્ટ જણાય છે.

આપણે દરેક મનુષ્યમાં અને દરેક વસ્તુમાં ગુણ શોધવાનો પ્રયત્ન કરીએ તો આપણામાં ગુણની માત્રા વધતી જશે, એમાં શંકા જેવું નથી. મહાભારતની એક કથા છે કે, દુર્યોધનને પૂછવામાં આવ્યું કે, આ સભામાં કોઇ સદ્ગુણી માનવ છે કે નહીં. ત્યારે ખૂબ વિચાર કરી દુર્યોધને જવાબ આપ્યો કે, અહીંઆ તો મને એક પણ ગુણવાન માનવ જણાતો નથી. બધાઓ દોષથી ભરેલા માનવો જોવામાં આવે છે. ત્યાર પછી ધર્મરાજને પૂછવામા આવ્યું કે, તમારી દૃષ્ટિમાં આ સભામાં કોઈ ગુણી માણસ છે કે નહીં ત્યારે ધર્મરાજે જવાબ આપ્યો કે આ સભામાં મને તો એક પણ માણસ દોષી જણાતો નથી. વાસ્તવિક જોતાં દુર્યોધન અને એના બધા જ બાંધવો નિર્વિવાદ અન્યાયી અને દોષભરેલા હતા, છતાં ધર્મરાજને એમાં દૂષણ જણાયું નહીં. એમાંથી આપણે એટલું જ તારવી શકીએ કે, જે જેવો હતો તેને બધાએ તેવા જ જણાયા. ગુણીને ગુણ જ જણાયા અને દોષીને દોષ જ જણાયા. એમા ફક્ત દૃષ્ટિનો જ ફેર છે. આપણે જો ગુણનો જ ખપ છે ત્યારે દોષ જોઇ તેનો સંગ્રહ કરવાની આપણને શી જરૂર છે? ગુણનો આપણને

ખપ છે ત્યારે ગુણીનું બહુમાન કરવું એ આપણું કર્તવ્ય થઈ જાય છે; માટે આપણું કર્તવ્ય આપણે ચૂકવું નહી જોઇએ.

ગુણ મેળવવા માટે આપણને પ્રયત્ન કરવા પડે અને ઘણી વખત કષ્ટ પણ વેઠવા પડે. કારણ બધી જ વસ્તુઓ પોતાની મેળે આપણી સામે આવી ઊભી રહેતી નથી. દરેક વસ્તુનો લાભ કે વિયોગ આપણી પરિસ્થિતિને અનુસરી પ્રાપ્ત થાય છે. ફૂલનો ખપ હોય તો આપણે કાંટા ભોકાય તે સહન કરવા પડે. કોઈ ગુણી સજ્જન લાંબા અંતર ઉપર હોય તો આપણને ત્યાં ચાલીને પણ જવું પડે. જેમની પાસેથી ગુણ ગ્રહણ કરવાના હોય તેમની અનુકૂલતા અને પ્રતિકૂલતાનો પણ આપણે વિચાર કરવો પડે આપણને અનાજનો ખપ હોય છે, કાકરાનો નહીં, તેથી જ આપણે અનાજ સાથે ભળી ગએલો એકેએક કાકરો શોધી દૂર ફેંકી દઇએ છીએ અને ફક્ત અનાજ લઈએ છીએ. તેમ આપણે ગુણના અંશોઅંશ ભેગા કરવા મથવું જોઇએ. અને દોષનો અંશોઅંશ ફેંકી દેવો જોઇએ. કારણ આપણા આત્માને તેની જરૂર નથી હોતી

ઘણા ભાગે આપણને આપણા દોષોનું ભાન પણ હોતું નથી તેથી જ એક સજ્જન કવિએ લખ્યું છે કે નિંદકનું ઘર મારા ઘરની જોડે હોય તો સારું, નિંદા કરનારો માણસ પોતાના સ્વભાવને અનુસરી મારી નિંદા કરવાનો જ અને એમ કહી મારા દોષો ઉઘાડા પાડવાનો, જેથી મારા દોષો એ બતાવતો રહેવાનો. પરિણામે મને મારા દોષો જાણવા મળે અને હું તે સુધારવા પ્રયત્ન કરું. મારા દોષ બતાવનારો એ નિંદકને મારો સાચો હિતચિંતક ગણું તો ચાલે. એ વિવેચનનો અર્થ એવો કે કે, આપણે બીજાના દોષો જોવાની ખટપટમાં પડવાં કરતાં જો પોતાના જ દોષો જોવાનો પ્રયત્ન કરીએ તો એ વધારે લાભદાયક થાય. આપણા જીવનમાં ગુણોનો સંગ્રહ વધારે ને વધારે થતો રહે અને દોષો ઓછા થતા રહે એ જોવાની આપણી ફરજ છે. એ આપણે ભૂલવું નહીં જોઇએ. એટલા માટે જ ગુણીજનોની મૈત્રી મેળવી લેવાનો આપણે નિત્ય પ્રયત્ન કરવો જોઇએ.

દોષ એ ચેપી રોગો જેવા હોય છે. જેમ એક રોગીનો ચેપી રોગ બીજા નીરોગીને વળગી તેને પણ રોગી બનાવી દે છે, તેમ એકનો દોષ બીજાને લાગતો વાર લાગતી નથી. દોષોનું આકર્ષણ પણ એવું વિચિત્ર હોય છે કે, બીજામાં એ દોષો તરત જ પ્રવેશી શકે છે. એક બીડી પીનારો બીજા અનેકોને બીડી ફૂંકનારા બનાવી દે છે. પાપ કરી દ્રવ્ય મેળવનારનો ક્ષણિક વૈભવ અનેકોને પાપ કરાવે છે. એમાં મોહિની હોય છે અને લાલચ પણ હોય છે, માટે જ દોષી માણસને આપણે દૂરથી જ ટાળવો જોઇએ. એમ કરતા પ્રારંભમાં અઘરું લાગે પણ એ કરવા લાયક છે એમાં શંકા નથી. અને આપણે ગુણી થવું હોય તો એ કરવું જ જોઇએ એવી બુદ્ધિ આપણી થાય એ જ અભ્યર્થના!

❀

विद्या विवादाय धनं मदाय, शक्तिः परेषां परिपीडनाय।
मूर्खस्य साधोर्विपरीतमेतत्, ज्ञानाय दानाय च रक्षणाय॥

વાદ કરે વિદ્યા ભણી, ધનથી ગર્વ અપાર;
બળબળેથી અવરને, પીડા કરે ગમાર.
પણ સજ્જન એ મૂર્ખથી, ઊલટો અતિ જણાય;
જ્ઞાન, દાન, રક્ષણ કરે, તે ત્રણવટે સદાય.

સ્વાશ્રયી બનો

લેખાંક : ૬

(ગતાંક પૃષ્ઠ ૧૯૩ થી શરૂ)

અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ

જે માણસ ધારે છે કે "કદાચ હું અમુક કાર્ય કરી શકીશ", "હું અમુક કાર્ય કરવાનો યત્ન કરીશ" અને જે માણસ જાણે છે કે "હું તે કાર્ય કરી શકીશ"; "હું તે કરવાને કર્તવ્યથી બંધાયેલો છું" તેમજ જેને લાગે છે કે ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગને પહોંચી વળે એવું પ્રગતિકારક અપ્રતિહત સામર્થ્ય મારામાં રહેલું છે એ બન્ને માણસોમાં મહાન તફાવત છે. નિશ્ચિતતા અને સંદિગ્ધતા વચ્ચે, "હું અમુક કાર્ય કરવાનો વિચાર કરું છું" અને "હું અમુક કાર્ય કરી શકીશ" એની વચ્ચે, "હું અમુક કાર્ય કરવાનો યત્ન કરીશ" અને "હું તે કરીશ જ" એની વચ્ચે જે ભેદ રહેલો છે તેનાથી સામર્થ્ય અને દૌર્બલ્ય, શ્રેષ્ઠતા અને મધ્યમતા, ઉત્કૃષ્ટતા અને સામાન્યતા વચ્ચે રહેલા ભેદનું માપન થાય છે. જે માણસને કંઇ પણ કાર્ય કરી બતાવવાની ઇચ્છા છે તે બહાર પડવાની મહાન શક્તિઓથી સંપન્ન હોવો જોઇએ. અંગીકાર કરેલા કાર્યમાં પોતામાં રહેલું સર્વસ્વ તેણે રોકવું જોઇએ, જેથી તે પ્રત્યેક અંતરાયની સામે ટક્કર ઝીલી શકે. સંદિગ્ધ અને અદ્દઢ ચિત્તથી મનુષ્ય કોઇ પણ કાર્ય કરી શકે એ અસંભવિત છે. અન્ય લોકોને અસંભવિત અથવા કઠિન જણાતું કાર્ય સાધવા પોતે સમર્થ છે એવી દૃઢતાપૂર્વકની માન્યતાથી જ સિદ્ધ થાય છે કે તેની અંદર એવું કંઇક રહેલું છે કે જે વડે તે આરંભેલા કાર્યમાં સફળતા મેળવવા સમર્થ બને છે.

શ્રદ્ધાવડે મનુષ્યો અનંત શક્તિની સાથે સંયુક્ત થાય છે અને અનંત શક્તિઓની સાથે એક થઈ કાર્યમાં જોડાવાથી મહાન, અસાધ્ય અથવા દુઃસાધ્ય કાર્યો સુસાધ્ય બને છે. જ્યારે અત્યંત નીડરપણાને લઇને મનુષ્યને સઘળો સમય પરમ સત્તાનો સર્વત્ર સાક્ષાત્કાર થયા કરે છે, ત્યારે જ તે પોતાની શક્તિઓનો બહિર્ભાવ કરવાની સ્થિતિમાં મુકાય છે. આત્મશ્રદ્ધાની માણસની શક્તિમાં જેટલી વૃદ્ધિ થાય છે તેટલી અન્ય કશી વસ્તુથી થતી નથી. આત્મશ્રદ્ધાની સહાયથી સામાન્ય બુદ્ધિવાળો માણસ વિજયી નીવડે છે. જ્યારે આત્મશ્રદ્ધા વગર રાક્ષસી બુદ્ધિવાળા મનુષ્યના પ્રયત્નો પણ સફળ થતા નથી. શ્રદ્ધા ઉચ્ચ ગિરિના શૃંગો ઉપર વિચરે છે અને તેથી જ તેની દૃષ્ટિ હંમેશા ઊર્ધ્વગામી હોય છે, તેની પાછળ ચાલનારને જે વસ્તુ દર્શનાતીત હોય છે તે તેને દૃષ્ટિગોચર હોય છે.

પ્રબળ આત્મશ્રદ્ધાએ જ કોલમ્બસને સ્પેનની શિષ્ટસભાના આરોપો અને ઉપહાસયુક્ત વચનો સહન કરવાને અને અજાણ્યા સમુદ્રની સપાટી ઉપર સંચરતા એક નાનકડા વહાણમાંના એના નાવિકોના સંક્ષોભની સામે ટકી રહેવાને સશક્ત કર્યો હતો. હુકસન પર્યંત પ્રથમ પર્યટન કરવાના ફુલ્ટનના યત્નમાં ધૈર્ય અને નિશ્ચય સિંચનાર આ આત્મશ્રદ્ધા જ હતી. જો કે અન્ય નાગરિકો તેની વિરુદ્ધ હતા અને તેની મશ્કરી કરવા એકત્ર થયા હતા તો પણ અંગીકાર કરેલું કાર્ય પોતે કરી શકશે એવી તેની મજબૂત માન્યતા હતી અને તેના બળે નાગરિકોને સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ હોય એવો અપૂર્વ વિજય પ્રાપ્ત કરવા તે ભાગ્યશાળી થયો હતો.

અચળ આત્મશ્રદ્ધાએ કરેલા ચમત્કારો જુઓ અને વિચાર કરો નેલ્સન વગેરે અનેક મહાપુરુષોના વિજયમા આત્મશ્રદ્ધા જ કારણભૂત હતી આત્મશ્રદ્ધાએ શોધખોળ અને કળાકૌશલ્યના ક્ષેત્રમા ખનવર્ષક ઔષધો સમાન કાર્ય બજાવ્યુ છે યુદ્ધમા અને વિજ્ઞાનમા જે કાર્યો સદાયાત્માઓથી અસંભવિત માનવામા આવતા હતા તે કાર્યો આત્મશ્રદ્ધાએ સંભવિત બનાવ્યા છે જે કટોકટીના પ્રસંગોથી અને દુર્ઘટ ઘટનાઓથી મહાન શોધકો હતાશ થઇ ગયા હતા તેમાથી પસાર થવાની શક્તિનો સંચાર કરનાર આત્મશ્રદ્ધા છે પરાક્રમભરેલા કાર્યો સિદ્ધ થાય નહિ ત્યા સુધી અસંખ્ય વીરપુરુષોને પોતાના કાર્યોને વળગી રહેવાનુ બળ આપનાર આત્મશ્રદ્ધા છે આપણા પોતાની અંદર નિકૃષ્ટતાનુ રોપણ કરવાથી જ આપણે અપકર્ષના ખાડામા પડીએ છીએ આપણામા રહેલી દિવ્યતા આપણા સમજવામા આવે અને આપણે ઊર્ધ્વદૃષ્ટિથી જ વિચાર કરીએ તો ઉન્નતિના શિખર પર અલ્પ સમયમા જ પહોંચી શકીએ

પોતાનુ મૂલ્ય ઓછુ આકવાની ટેવને લઇને અનેક માણસો વિકાસક્રમમા જેટલા પાછળ રહે છે તેટલા અન્ય કોઇ પણ વસ્તુને લઇને રહેતા નથી તેઓ પોતાના સંકુચિત વિચારોને અને પોતાની લાયકાત સબંધી મૂર્ખતાભરેલી માન્યતાને બીજી કોઇ પણ વસ્તુ કરતા વધારે આધીન બની ગયા હોય છે જ્યારે માણસ ધારે છે કે અમુક કાર્ય કરવા પોતે અસમર્થ છે ત્યારે તે કાર્ય કરવામા તેને મદદ કરે તેવી કોઈ શક્તિ વિશ્વમા નથી સર્વ વિષયમા આત્મશ્રદ્ધા જ અગ્રસ્થાને હોવી જોઇએ તમારા માટે તમે જે સીમા નક્કી કરો છો તેની બહાર જવા તમે અશક્ત છો ઉત્તમ વસ્તુઓ માટેની પોતાની મહેચ્છાઓનો કોઇક અંતિમ ઉદ્દેશ છે પોતે મહાન છે એમ ખરેખરી રીતે માનવાની વાત મનુષ્યોને અત્યંત મુશ્કેલી ભરેલી લાગે છે, પરંતુ ખરી રીતે આપણામા ઉચ્ચ આશાઓ ઉદ્ભવે છે એ જ સૂચવે છે કે તેને સિદ્ધ કરવાની આપણામા શક્તિ રહેલી છે આપણી આશાઓ આપણી આંતરિક દિવ્યતાના પ્રોત્સાહનરૂપે છે, ઉચ્ચ પ્રદેશમા જવાના આહ્વાનરૂપે છે

જ્યા સુધી માણસમા આત્મશ્રદ્ધાનો ઉદ્ભવ થતો નથી, જ્યાં સુધી તેને પોતાની અંદર રહેલા ઉચ્ચ અંશોનુ યથાર્થ ભાન થયુ નથી, અને જ્યા સુધી તેને સમજાતુ નથી કે તેની મહેચ્છાઓ તેના આદર્શને પ્રત્યક્ષ અનુભવવાની તેની શક્તિના સૂચક છે ત્યાં સુધી કોઇ પણ માણસ જગતમા આગળ વધી શકતો નથી અથવા મહાન્ શક્તિઓનો આવિર્ભાવ કરી શકતો નથી જિંદગીમા જે જે વસ્તુઓની તમને પ્રાપ્તિ થાય છે તે સર્વનુ કારણ તમારા પોતામા રહેલુ છે તેની ઉત્પત્તિ ત્યાથી જ થાય છે જે વસ્તુ મેળવવા તમે ઇચ્છો છો અને પ્રયાસ કરો છો તે તમને મળે છે, કેમકે તે તમારા વિચારોમાથી ઉત્પન્ન થાય છે અને તમારી અંદર એવુ કંઈક રહેલુ છે જે તેને તમારી તરફ ખેંચી લાવે છે જે તમારુ પોતાનુ હોય છે તે જ તમને મળે છે, તે જ તમારી શોધમા હોય છે જ્યારે જ્યારે તમે કોઇ પણ માણસને કોઇ પણ ક્ષેત્રમા અસાધારણ વિજય મેળવતો જુઓ ત્યારે યાદ રાખો કે તેણે સતત તે સ્થિતિને જ પોતાની વિચાર સૃષ્ટિમા રચી હોય છે, અને તેની મનોવૃત્તિ અને શક્તિમાથી તેની ઉત્પત્તિ થઈ હોય છે તેનો વિજય તેની અચળ આત્મશ્રદ્ધાનુ, તેના આંતરનિરૂપણનુ અને તેની શક્તિઓ અને શક્યતાની યથાર્થ ગણનાનુ પરિણામ છે જગતમા મહાન કાર્ય કરનાર લોકો હમેશા જબરા આત્મશ્રદ્ધાવાન હોય છે

કોઇ પણ મનુષ્યને સદ્બોધામૃતનુ પાન કરાવવુ હોય તો આ શબ્દો જ કહો કે 'તમારા સર્વ બળથી આત્મશ્રદ્ધાવાન બનો તમારુ ભાગ્ય તમારી અંદર રહેલુ છે તમારી અંદર એક શક્તિ એવી છે કે જો તેને સચેતન કરવામા આવે જાગૃત કરવામા આવે, યત્નથી કેળવવામા આવે તો તેનાથી તમે એક ઉદાર ચરિત પુરુષ થશો, એટલુ જ નહિ પણ દરેક ક્ષેત્રમા વિજયી અને સુખભાગી થશો. પ્રત્યેક કાર્યમા આત્મ

શ્રદ્ધાની અલૌકિક અને ચમત્કારિક શક્તિનું અવધારણ થયેલું આપણને સર્વદા માલૂમ પડે છે. અમુક વ્યક્તિમાં આત્મશ્રદ્ધા છે એ વાત એમ સૂચવે છે કે તેની આંતરિક શક્તિઓનું તેને ભાન રહેલું છે. જેનાથી માર્ગમાં આવતાં અંતરાયો, વિઘ્નો અને મુશ્કેલીઓનો તે નાશ કરી શકે છે, અથવા તે દૂર કરવાની તેની શક્તિની સરખામણીમાં તે મુશ્કેલીઓ અતિ તુચ્છ ભાસે છે. આત્મશ્રદ્ધા આપણને આત્માની અમર્યાદ શક્યતાઓ જોવાનું બળ આપે છે અને આપણામાં એવી અજબ્ય શક્તિઓ પ્રકટ કરે છે કે આપણે પ્રગતિમાન થવાને ઉત્સાહિત થઇએ છીએ. એટલું જ નહિ પણ વૃદ્ધિગત થયેલી શક્તિઓનું આપણને અભિજ્ઞાન થાય છે; કારણ કે આપણે સર્વ શક્તિઓના સમુચ્ચયના નિકટ સંબંધમાં આવીએ છીએ. અને આપણને સર્વ વસ્તુઓનો મહાન પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે.

શ્રદ્ધા એ આપણામાં રહેલી એક એવી વસ્તુ છે કે જે સઘળું જાણે છે. તે જાણે છે કે આપણી પાશવી પ્રકૃતિને જે કંઇ અગોચર છે તે સઘળું તેને દૃષ્ટિગોચર હોય છે. આત્મશ્રદ્ધા આપણી અંદર રહેલી અનાગતજ્ઞા છે અને આપણને પ્રોત્સાહન આપનાર માર્ગદર્શક દિવ્ય દૂત છે. જીવનપંથમાં આગળ વધવાનું તજી દેતા અને હતાશ થતા અટકાવવાને તે આપણને આપણી શક્યતાનું સ્પષ્ટ અને સત્ય ભાન કરાવે છે. આપણી શ્રદ્ધા સઘળું જાણે છે, કારણ કે જે આપણને અગોચર અને અગમ્ય છે તે તેને ગોચર અને ગમ્ય છે. આપણા શંકાયુક્ત અને ભયયુક્ત વિચારો આપણી જે શક્તિઓને અને સાધનોને પકડામાં રાખે છે તે શ્રદ્ધા જોઈ શકે છે. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં શંકા કે ભય સંભવે જ નહિ. મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો માર્ગ શ્રદ્ધા જોઈ શકે છે. આપણા ઉદાત્ત, દિવ્ય અને મનોહર જીવનરાજ્યમાં શ્રદ્ધા અવગાહન કરી શકે છે. જેનામાં શ્રદ્ધા છે તેને સઘળું સુલભ છે, કારણ કે કાર્યસિદ્ધિરૂપી શક્તિને શ્રદ્ધા સારી રીતે ઓળખે છે.

જો પરમાત્મામાં અને આપણા પોતામાં અડગ શ્રદ્ધા હોય તો આપણે મુશ્કેલીઓના સર્વ પર્વતોનું ઉલ્લંઘન કરી શકીએ છીએ; અને આપણા જીવનના લક્ષ્યસ્થાને અલ્પ સમયમાં સંપૂર્ણ ફતેહમંદીથી પહોંચી શકીયે છીએ. શ્રદ્ધાથી સર્વ પ્રકારના અનર્થો, આવરણો અને ઉપાધિઓ દૂર કરી શકાય છે. એક સમય એવો આવશે કે જ્યારે દરેક મનુષ્યમાં અમર્યાદ શ્રદ્ધા પ્રવર્તશે અને જગતનો પ્રત્યેક વ્યક્તિ વિજયશ્રીથી શોભાયમાન પરમ સુખમય જીવન વહન કરશે અને જગતમાંથી દારિદ્રયનો, નિષ્ફળતાનો અને જીવનની વિષમતાઓનો વિલય થશે. (ચાલુ)

सत्संगाद्भवति हि साधुता खलानां
साधूनां नहि खलसंगमात्खलत्वम् ।
आमोदं कुसुमभवं मृदेव धत्ते
मृद्गंधं नहि कुसुमानि धारयन्ति ॥

(પ્રહર્ષિણી વૃત્ત)

સત્સંગે ખલજન સાધુ થાય સારા,
સાધુઓ નહિ ખલથી થશે નઠારા;
સોગંધી કુસુમતણી જ માટી ધારે,
માટીની નહિ કુસુમો ધરે લગારે.

જ્ઞાન–આરાધન પર્વ

શ્રી મોહનલાલ દી. ચોકસી

લૌકિક પર્વો કરતાં લોકોત્તર-પર્વોની યોજના ખરેખર જ્ઞાની ભગવંતોએ અનોખી દૃષ્ટિએ કરેલી છે. પર્વોની ઉજવણી આનંદ ખાતર હોય છે અને જનસમૂહનો અતિ મોટો ભાગ ખાવા પીવામાં કે મરજી માફક ફરવા હરવામાં અથવા તો ઇંદ્રિયોજનિત વિલાસ માણવામાં આનંદ અનુભવે છે. જો સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીએ તો એ આનંદ યથાર્થ નથી પણ ક્ષણભંગુર છે. પરિણામે એમાં સાચું સુખ સાંપડતું નથી. જેમાં આત્મા ઉલ્લાસ અનુભવે અને પર્વની ઉજવણી પછી કંઈક અંશે ઉન્નતિના પંથે એકાદ ડગ આગળ ભર્યાનો એને ભાસ થાય તો જ એ વાસ્તવિક રીતે આનંદ માણ્યો કહી શકાય. એટલે જ લોકોત્તર પર્વની વિશિષ્ટતા સવિશેષ છે.

વિક્રમના સંવત્સરમાં નૂતન વર્ષના પ્રારંભ પછી સૌપ્રથમ જે પર્વ તીર્થંકર દેવોએ દર્શાવેલ છે એ 'સૌભાગ્યપંચમી' યાને 'જ્ઞાનપંચમી' તરીકે ઓળખાય છે, કાર્તિક શુક્લ પંચમીનો આ દિન જ્ઞાન આરાધનનો લેખાય છે એ વેળા જૈનધર્મના અનુયાયીઓ જ્ઞાનની પ્રતો તેમજ પુસ્તકોની પૂજા કરે છે અને શક્તિ અનુસારે તપ અનુષ્ઠાન પણ આચરે છે. પ્રાતઃકાળ થતાં જ નર નારી ને બાળમંડળ હાથમાં કાગળના ભુંગળા અને એકાદું બંડલ લઈ જ્યાં જ્ઞાન પધરાવેલું હોય છે ત્યાં જઇ, નમસ્કાર કરી એ મૂકે છે. ધૂપ દીપ ધરે છે અને અભ્યાસી હોય તો સ્તવનામાં પણ લીન થાય છે. દેશ-કાળના બદલાયેલા સંયોગોમાં આ પ્રથા જરૂરી પરિવર્તન માગે છે, જેનો વિચાર અરસપરસ નહીં ગણાય. જે કાળે બરાની કલમ કરી, મૂકવામાં આવતા કાગળનો ઉપયોગ પુસ્તક લખવામાં થતો તે વેળા આમ કરવું ઊચિત હતું. પણ આજે જ્યારે બરાની કલમનો ઉપયોગ સર્વથા ભૂલાઇ ગયો છે, મુનિરાજો પણ ઇંડીપેન વાપરતા થઇ ગયા છે અને પુસ્તક પ્રકાશનમાં આ પ્રકારના મૂકવામાં આવતા કાગળના ભુંગળા કંઇજ કામમાં આવતા નથી ત્યારે જે સુધારવા જરૂરી છે તે એ જ કે જ્ઞાનભક્તિમાં આવી વસ્તુઓ ન મૂકતાં નગદ રકમ મૂકવી કે જેથી સાહિત્યના પ્રકાશનમાં કામ લાગે. પૂર્વે આ પર્વ નિમિત્તે તાડપત્ર ને કાગળ પર લખાયેલી પ્રતો ભંડારમાંથી બહાર કાઢી, તેને સૂર્યના કિરણોને બહારની હવાનો લાભ અપાતો. વીતેલા ચોમાસામાં ભેજના કારણે કિંવા કંઇ જીવોત્પત્તિના કારણે એ પ્રતોને ક્ષતિ તો નથી પહોંચી એની તપાસ થતી. પણ આજે તો જેમના હાથમાં વહીવટ હોય છે એમને ભંડારના તાળા ઉઘાડવાની ફુરસદ હોતી નથી! કેટલાક સ્થળે જ્ઞાન મંડાય છે એ દર વર્ષના 'રુટિન' કિંવા પરંપરાની પદ્ધતિ સાચવવારૂપ હોય છે. ન મળે નવીનતા કે ન મળે આકર્ષણ!

વિજ્ઞાનમાં વિદ્યુત ગતિએ પ્રગતિ કરી રહેલ આ યુગમાં આપણું આ પ્રકારનું આચરણ એ જૈનેતરને હાસ્યાસ્પદ લાગે છે. જ્ઞાનને આત્માનો મુખ્ય ગુણ માન્યો છે. એમાં અમાપ શક્તિ છે એવું ખૂદ ચરમ તીર્થપતિ ભગવંત શ્રી મહાવીરદેવે ભાખ્યું છે.

આ રહ્યા એ મહામૂલા વચનામૃતો—

'ગુણ અનંત આતમતણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેહમાં પણ જ્ઞાન જ વડું રે, જિણથી દર્શન હોય.

જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કરિયું કર્મ : કરે નાશ;
અગ્નિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ.

× × ×

જ્ઞાન વિના ક્રિયા કહી, કાસકુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન.
રેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન.

× × ×

જ્ઞાન સકળ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનની દાસી;
ક્રિયા કરત ધરતુ હે મમતા, યાહિ ગલેમેં ફાંસી.

વર્તમાન ચિત્ર તરફ નજર નાંખતા અફસોસ થાય તેવી દશા જણાય છે. ક્રિયા કરનાર સંખ્યા અવશ્ય વધી છે પણ એ પાછળ જે સમજ હોવી જોઇએ તે જણાતી નથી. જ્ઞાનની ઉણપ તો ડગલે ને પગલે દૃષ્ટિગોચર થાય છે. જગતને આજે સાહિત્ય મેળવવાની અને જાણવાની ભૂખ ઉદ્ભવી છે ત્યારે આપણી દશા કેવી છે!

હજુ એવા પણ વહીવટદારો છે કે જે પોતાની હસ્તકના ભંડારને તપાસવા દેવાની આનાકાની કરે છે!

એવા પણ ભંડારો છે કે જેના તાળામાં વર્ષમાં એકાદવાર પણ ચાવી ફરતી નથી!

એવા પણ સંતો છે કે જેઓ આજે પણ આ જ્ઞાન પ્રગટ થવું ન જોઇએ, જૈનેતરોના હાથમાં ન અપાવું જોઇએ એવું મંતવ્ય ધરાવે છે!

જો જ્ઞાન સંઘરવાનો પદાર્થ હોત તો જે શિખવાથી ભવિષ્યમાં પોતાને જ કષ્ટ પડવાનું છે એવી તેજોલેશ્યા સંબંધી જ્ઞાન ખુદ **ભગવાન વર્ધમાન સ્વામી** શા સારુ ગોશાલાને શિખવત!

પર્વના દીર્ઘદર્શી સંતોએ, વાતાવરણ વિષમ હોવા છતાં જે અપૂર્વ કૃતિઓના સર્જન કરેલાં છે એની કેવળ ધૂપ દીપથી પૂજા કરી ઇતિકર્તવ્યતા બજાવવાનો કિંવા ભક્તિ કર્યાનો હર્ષ અનુભવવાનો હોત તો, **ज्ञानक्रियाभ्यां मोक्षः** જેવું સૂત્ર પ્રભુ ઉચ્ચારત ખરા? પ્રશંસાપાત્ર ભક્ત એવા **શ્રી ગૌતમ**ને જ્ઞાન પાછળનું ઉમદા રહસ્ય જાતે સમજે એ આશયથી પોતાના અંતસમયે દ્વિજને પ્રતિબોધવા મોકલત ખરા?

જૈનધર્મમાં ભક્તિનો છેદ ઉડાડ્યો નથી, પણ એ સાધન શુષ્ક ન હોવું જોઇએ. વીતરાગના માર્ગમાં આચરણ પર ભાર છે જ અને સાથોસાથ લાલબત્તી પણ ધરાયેલી છે કે એ સમજપૂર્વકનું હોવું જોઇએ. એ વાત પણ ડિંડિમનાદે કહેવાયેલી છે કે પંચમ આરામાં ભવ્યાત્માઓ માટે સંસાર તરવાના જે બે સાધન છે તે **મૂર્તિ** અને **આગમ**. એમાં પ્રથમ સાધન મૂક હોઇ, જાણકાર માટે જ અવલંબનરૂપ બને છે; જ્યારે પાછળનું સાધન તો દીપકની માફક સ્વપરપ્રકાશક છે. એના દ્વારા કલ્પનામાં ન આવી શકે તેવી પ્રભા પથરાય છે.

જ્ઞાન પંચમીના પર્વ પાછળનું સાચું રહસ્ય અવધારીએ તો આજના આ યુગમાં **ભગવંત શ્રી મહાવીર** દેવનો સંદેશો અખિલ વિશ્વમાં વિસ્તારવામાં આ દિન ખાસ પ્રેરણાદાયી નીવડે. આપણી પાસે રહેલ સાહિત્યનો જે અદ્ભુત ખજાનો છે તેનો આ પવિત્ર દિવસે જરૂર પડયે એકાદ બે દિન પૂર્વેથી આરંભ કરી બે દિન પાછળ લંબાવી એનું એવી રીતે પ્રદર્શન ગોઠવીએ કે જેથી આપણી ભાવી પેઢીને નવું જાણવા મળે અને જૈનેતર વર્ગનું આકર્ષણ થાય. પંચમી પર્વ ખરેખર પાંચ દિનના મહોત્સવમાં ફેરવાઇ જાય.

આ ઉપરાંત એ નિમિત્તે એકઠા થતાં દ્રવ્યમાંથી દેશકાળના એંધાણ પારખી એકાદ વ્યવસ્થિત તંત્ર મારફતે **જૈનધર્મ**ના તત્ત્વોને યથાર્થ સ્વરૂપે રજૂ કરે તેવા, **અનેકાંત દર્શન**ની ખૂબીનો સંપૂર્ણ ખ્યાલ કરાવે તેવા, **અહિંસા**ની અમોઘ શક્તિના દર્શન કરાવે તેવા ગ્રંથો તૈયાર કરાવી સારાયે વિશ્વમાં પ્રચાર પામે એવી ઉમદા અને ઉદાર ભાવનાથી અંગ્રેજી ભાષામાં ને સસ્તા મૂલ્યે ફેલાવો કરીએ. રાષ્ટ્ર ભાષા હિંદીમાં પણ પ્રકાશન કરીએ કે જેથી પડોશી સમાજો **જૈનધર્મ**નું હાર્દ સમજી શકે.

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

તેરમી અષ્ટમંગલ પૂજા

(દુહા)

સ્વસ્તિક દર્પણ કુંભ હે, ભદ્રાસન વર્ધમાન;
શ્રીવચ્છ નંદાવર્ત હે, મીન યુગલ સુવિધાન....૧...

અતુલ વિમલ ખંડિત નહિ, પંચ વરણ કે શાલ;
ચંદ્ર કિરણ સમ ઉજ્વલે, યુવતિ રચે વિશાલ....૨...

અતિ સુલક્ષણ તંદુલે, લેખી મંગલ આઠ,
જિનવર અગે પૂજતાં, આનંદમંગલ ઠાઠ ..૩...

ભાવાર્થ —આ પૂજા અષ્ટ મંગલની છે. તેની વિધિ આ પ્રમાણે જાણવી. એક સોભાગ્યવતી સુંદરી, ચંદ્રના કિરણ જેવા અતિ જ્યોતિમાન એવા અક્ષતો પંચવર્ણા બનાવે છે. પછી આ લીલા-પીળા-ધોળા-કાળા-રાતા એવા અક્ષતોથી પાટના ઉપર અષ્ટમંગલ ચિતરે-(આલેખે) તેના નામ કહે છે. (૧) સ્વસ્તિક, (૨) દર્પણ, (૩) કુંભ, (૪) ભદ્રાસન, (૫) વર્ધમાન, (સંપુટ એક સવળા કુંડા ઉપર અવળુ એક કુંડ-એવી આકૃતિ રચે) (૬) શ્રીવત્સલક્ષણ, (૭) નંદાવર્ત-આવર્ત વધતા વધતા જેમાં છે. (સંખ્યાએ નવ એવો સાથીઓ) (૮) તથા "મત્સ્યયુગલ" માછના માછલીનું જોડલું. એવી રીતે અષ્ટમંગલની પૂજા જિનેશ્વરના મંદિરમાં કરવામાં આવે તો ભક્તજનોને આનંદમંગલ પ્રાપ્ત થાય છે, વિઘ્નો નાશ પામે છે, સાચી શાંતિ મળી શકે છે.

એક કાળે માગધી, પ્રાકૃત કે સંસ્કૃત ગિરાનું જે આકર્ષણ ને વપરાશ હતો તે આજે નથી, માટે જે જનસમુદાયની જે ભાષા હોય એમાં તીર્થંકરની વાણીને ઉતારવી એ ઉપાસકોનો ધર્મ થઈ પડે છે.

बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकांक्षिणाम्।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृत ॥

એ શ્લોક પાછળનો આશય યથાર્થરૂપે અવધારી લઇ આજના વાતાવરણમાં જે સ્વરૂપ ધર્મસંસ્કૃતિ થાય એ અપનાવી, પ્રભાવનાની દિશામાં આગળ વધીએ. સોટચના સુવર્ણને જળ રથળ કે સારા નરસા હાથોના ભેદ નડતા નથી. પરીક્ષકના હાથે એની યથાર્થ કિંમત થાય છે અને કદાચ ગમારના હાથમાં એ જઈ પડે તો પણ એનો પ્રકાશ છૂપો ન હોવાથી તરણા તુલ તો નથી જ લેખાતું. સર્વજ્ઞનો સંદેશો ગમે તેવા હૃદયમાં પ્રવેશ પામશે તો પણ એ કલ્યાણકારી જ નીવડવાનો છે. એ માર્ગે પ્રયાસ કરનારને તો એકાંતે લાભ જ કર્યો છે.

ઢાળ તેરમી

રાગ-જિન ગુણગાન શ્રુતિ અમૃત-એ દેશી

મંગલ પૂજા સુરતરુકંદ; ....એ આંકણી...
સિદ્ધિ આઠ આનંદ પ્રપંચે, આઠ કરમકા કાઢે ફંદ...મંગલ-૧
આઠ મદો ભયે છિનકમેં દૂરે, પૂરે અડગુણ ગયે સબ ધંદ...મંગલ-૨
જે જિન આઠ મંગલ શું પૂજે, તસ ઘર કમલા કેલી કરંદ....મંગલ-૩
આઠ પ્રવચન સુધારસ પ્રગટે, સૂરિ સંપદા અતિહિ ઉત્તંગ...મંગલ-૪
આતમ અડગુણો ચિદ્ઘનરાશી, સહજ વિલાસી આતમચંદ...મંગલ-૫

ભાવાર્થ :—આ તેરમી પૂજા અષ્ટમંગલની છે. તેની વિધિ-દુહાના અર્થમાં બતાવી છે. આ પૂજા કલ્પવૃક્ષના મૂલરૂપ છે. એ પૂજાથી અણિમા-લઘિમા આદિ આઠ સિદ્ધિઓના આનંદ સમૂહ પ્રાપ્ત થાય છે. વળી આઠ કર્મના ફંદો-(ચેષ્ટાઓ)ને કાપી નાંખે છે. આઠ મદો ક્ષણવારમાં દૂર ટળી જાય છે. "શુશ્રૂષા" આદિ બુદ્ધિના આઠ ગુણો પ્રાપ્ત થાય છે. મોહરાજાના તોફાનો ચાલ્યા જાય છે. એવી રીતે જે શ્રાવકો અષ્ટ મંગલની પૂજા કરે છે, તેને ઘેર લક્ષ્મી દેવી ક્રીડા કરે છે-રમે છે-ખેલે છે-અર્થાત્ ઢહેર કરે છે. અષ્ટ પ્રવચનરૂપ અમૃત પ્રગટ થાય છે. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિરૂપ આચાર્યની મ્હોટી મ્હોટી સંપદાઓ પ્રાપ્ત થાય છે. આઠ કર્મના ક્ષયથી પ્રગટ થતાં એવા સિદ્ધ સ્વરૂપના આઠ ગુણની રાશી સાચા જ્ઞાનસ્વરૂપમાં મેળવાય છે. વળી આત્મારૂપ ચંદ્રમા સ્વાભાવિક સાચા વિલાસવાળો બને છે.

ચૌદમી ધૂપ પૂજા

(દુહા)

મૃગમદ અગર સેલારસ, ગંધવટી ઘનસાર;
કૃષ્ણાગર શુદ્ધ કુંદરુ, ચંદન અંબર ભાર...૧...
સુરભિ દ્રવ્ય મિલાય કે, કરે દશાંગ જ ધૂપ;
ધૂપધાણા મેં લે કરી, પૂજે ત્રિભુવન ભૂપ...૨...

અર્થ,—આ ચૌદમી પૂજા ધૂપ સંબંધની છે. કસ્તૂરી-અગર-સેલારસ-તગર-ગંધવટી-કપુર-કૃષ્ણાગરુ-શુદ્ધ કુંદરુ-ચંદન-અંબર વિગેરેના સુગંધી દ્રવ્ય મીલાવીને દશાંગ ધૂપ બનાવેલો હોય-એવો ધૂપ, ધૂપધાણામાં લઇ ત્રિભુવનના રાજા એવા જિનેશ્વર દેવને પૂજે...

ઢાલ-ચૌદમી

રાગ-પીલુ-તાલ દીપચંદી.

મેરે જિણંદ કી ધૂપસે પૂજા, કુમતિ કુગંધી દૂર હરી રે-મેરે-એ આંકણી

રોગ હરે કરે નિજ ગુણ ગંધી, દહે જંજીર કુગુરુ કી બંધી
નિર્મલ ભાવ ધરે જગચંદી, મુજે ઉતારો પાર
કે અઘ સબ દૂર કરી ... ...મેરે...(૧)

ઊર્ધ્વ ગતિ સૂચક ભવિ કેરી, પરમ બ્રહ્મ તુમ નામ જ પેરી,
મિથ્યાવાસ દુખરાશી ઝરેરી
કરો નિરંજન નાથ–મુક્તિ કા સાથ–કે મમતા મૂલ જરી. મેરે...(૨)

ધૂપસે પૂજા જિનવરકેરી, મુક્તિવધૂ લઇ છિનકમેં ચેરી,
અબ તો કયોં પ્રભુ કીની દેરી,
તૂટી નિરંજન રૂપ, ત્રિલોકી ભૂપ કે વિપદા દૂર કરી. મેરે....(૩)

આતમ મંગલ આનંદકારી, તુમહી ચરણસરન અબ ધારી;
પૂજે જેમ હરી તેમ આગારી,
મંગલકમલા કંદ, શરદકા ચંદ કે તાપસ દૂર હરી. મેરે....(૪)

ભાવાર્થ:–મારા જિનેંદ્ર પ્રભુની ધૂપ પૂજાથી કુમતિરૂપી દુર્ગંધી દૂર નાશી જાય છે. વળી રોગને હરે છે. સ્વગુણરૂપી ગંધ ઉત્પન્ન કરે છે. તેમજ કુગુરુની મિથ્યાત્વરૂપ ગાઢ(બંધન)ની ઉપાધી બાળી નાંખે છે. નિર્મલ ભાવને ધારણ કરાવે છે. હે પ્રભુ! મને પાર ઉતારો, હે કીરતાર! મારા સર્વ પાપ દૂર કરો. એવા ફળવાળી પ્રભુજીના ધૂપની પૂજા સમજવી. વળી આ પૂજા ઊર્ધ્વ ગતિને સૂચવનારી છે, 'પરમબ્રહ્મ' (ઉત્કૃષ્ટ સત્યસ્વરૂપ ધારણ કરનારે એવું નામ) લેવરાવનારી છે. વળી મિથ્યાત્વરૂપ દુઃખની રાશીને ખેરવે છે. હે નિરંજન નાથ! હે મુક્તિના સાર્થવાહ પ્રભુ! મમતાના મૂલને જીર્ણ કરનારી એવી આપની ધૂપ–પૂજા મારાથી થઇ શકે એવી કૃપાદૃષ્ટિ કરો "એવી રીતે જિનવરે ધૂપપૂજા" ક્ષણવારમાં પ્રસિદ્ધિ પામીને મુક્તિસુંદરી જેવી બની ગઇ છે. હે નિરંજનરૂપ ત્રણ લોકના રાજા જિનેશ્વર પ્રભુ! "વિપદાને દૂર કરનારી એવી ધૂપપૂજા" મને કરાવવામાં કેમ વાર લગાડી? કેમ ઢીલ થઈ? કેમ વિલંબ થયો? આ વચનો ભક્તિરસના ચોપડે બોલવામાં ઓનભારૂપ હોવાથી અવિનય કે ભાષાનો દોષ કહેવાય નહિ, એ રહસ્ય છે. આત્મસ્વરૂપી–મંગલકારી અને સાચા આનંદકારી એવા હે વીતરાગ પ્રભુ! મે આપના ચરણનું શરણું લીધું છે. વળી જેમ ઇન્દ્ર તીર્થંકર પ્રભુની ધૂપપૂજા કરે છે, તેવી રીતે આગારી એટલે ભવ્ય સુશ્રાવકો (પૂજકો) પણ પૂજા કરે છે કે પ્રભુ, આપ મંગલરૂપ લક્ષ્મીના મૂળ સમાન છો. આપ આસો સુદી પુનમના (શરદ ઋતુના) સોળ કળાવત ચંદ્રરૂપ છો. આપે જેમ ત્રિવિધ તાપ (દુઃખો) દૂર કર્યાં તેમ અમને પણ ભાવથી ધૂપપૂજા કરાવી અમારા ત્રિવિધ તાપો દૂર કરાવો.

ધર્મ–કૌશલ્ય

લેખક સ્વ૦ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

વહીવટનો મુદ્દો

Organisation Motives

અમારો વહીવટ તેના સ્થાપનારને સલામત આવક પૂરી પાડે તેવા ઇરાદાથી શરૂ કરવામાં આવ્યો નથી. એની પાછળ ઉચ્ચ આશયો છે.

થોમસ બાટા નામનો મહાન્ ઉદ્યોગપતિ ઝેકોસ્લોવાકીઆમાં ૧૯૪૦ લગભગમાં થઈ ગયો. એણે બૂટ બનાવવાના ઉદ્યોગને મોટા પાયા પર વૈજ્ઞાનિક પદ્ધતિએ મૂકી દીધો. આખા યુરોપમાં તેના નામની વાહવાહ બોલાણી. તેણે એક વસિયતનામા જેવો લેખ લખ્યો છે. નાના વહીવટમાંથી મોટા ઉદ્યોગપતિ કેમ થવાય તેની ચાવીઓ તેણે જાતઅનુભવથી બતાવી છે. તે કહે છે કે કોઇ પણ ઉદ્યોગ માત્ર પોતાનું પેટિયું કાઢવા ખાતર શરૂ કરવો કે ચલાવવો નહિ. ઉદ્યોગનો ઉદ્દેશ સમાજની સેવા અને ઘરાકનું સારું ઇચ્છવામાં અને ઉદ્યોગની ગોઠવણ અને પ્રગતિને અંગે ફનાગીરી સ્વીકારવાનો રાખવો જોઇએ. સારી રીતે કામ કરનાર, પ્રમાણિક સેવા કરનાર અને ઘરાકનું સારું ઇચ્છનાર પોતાનું ભરણપોષણ તો જરૂર મેળવે, પણ ઉદ્યોગને શરૂ કરનારની ભાવના સેવાની હોવી જોઇએ અને એવી રીતે કામ કરનાર ઉદ્યોગપતિ થાય છે, પોતાનો વેપાર જમાવે છે અને ગુજારો કરવા ઉપરાંત ઘણું વધારે મેળવી શકે છે.

કેટલાક ઉદ્યોગ શરૂ કરનારની દાનત ગમે તેમ કરીને ધન મેળવવાની હોય છે. એની નજરે ઘરાક મરે કે માંદો પડે એની પરવા હોતી નથી, ઘરાક માલ ખરીદી જરા વાપરે અને ધૂએ એટલે રૂવે (રડે) એની એને દરકાર હોતી નથી. પોતાને રૂપીઆના અઢાર આના થયા એટલે એને મન તો ઘી-કેળાં થઇ જાય છે. પછી ઘરાક એના નામ પર થૂંકે કે લાનત કરે એની એને ચિંતા પડેલી હોતી નથી. એ તો પોતાના ગર્વમાં તણાતો જાય છે અને પોતાની છેતરવાની કળામાં પોતાની હુશિયારી માટે પોતાની જાતને થાબડયા કરે છે. આ ટૂંકી નજર છે, અવ્યાપારી નજર છે, ટૂંકી દૃષ્ટિનું પ્રદર્શન છે, અવ્યવહારુ બાલીશતા છે. આવી ટૂંકી નજરે ઘણા ફસાઈ જાય છે, ટૂંક ભરોળામાં લેવાઈ જાય છે અને અંતે વેપારી તરીકે પાછા પડે છે.

બાટા કહે છે કે પોતે જ્યારે કોઈ હકીકતને ધંધાને નુકસાન કરે તેવી જાણે ત્યારે પોતે અંગત સ્વાર્થથી દૂર રહેલ છે અને કેટલીક વખત તો ધંધા ખાતર પોતાની અને પોતાના માણસોની જાતને જીવનના જોખમમાં પણ મૂકી દીધેલ છે. આવો ધંધા ખાતર ભોગ આપવાનો વિચાર માત્ર પૈસા મેળવવા ખાતર થઇ શકતો નથી. માલમાં ભારોભાર કાંજી નાંખવી, ઘીમાં વેજીટેબલ (વનસ્પતિ) ઉમેરવી, લવીંગમાં તોલ વધારવા માટે કાંખળીઓ નાખવી, તલના તેલમાં સોંઘું શીંગનું તેલ નાખવું, ઘઉંમાં કાંકરા

નાખવા, રૂના ધોકડા બાંધતા અંદર પથ્થરો નાખવા, સાકરને બદલે ગોળની ચા આપવી–એ ધંધો વેપારી ને શોભે નહિ. કાળા બજાર વેપારીને કલંક ચઢાવે, ભળતી વાત કરી માલ ઠગાવવાની ઢાનત વેપારીને હલકો બનાવે અને ખોટા રંગ, હલકા ફુગાવા કે કાચા રંગનો ઉપયોગ કદી હાલાને શક્તિ ન ચઢાવે. થોડો વખત ગોટો ચાલે પણ અંતે દૂધના દૂધમાં જાય અને પાણીના પાણીમાં ભળે

માટે સાચા વેપારી થવું હોય તો વેપારની ધગશ હોવી જોઇએ, વેપારમાં નામના કરવાની તમન્ના હોવી જોઈએ નામનાની પાછળ સત્યની પ્રતિજ્ઞા જોઇએ અને પ્રતિજ્ઞા પાછળ દૃઢ વિશ્વાસ અને પાકો નિશ્ચય જોઇએ જેણે વેપાર જમાવવો હોય તેણે ધરબેણ કરવાની ઇચ્છા ન રાખવી ઘટે એણે તો વેપાર ખાતર સન્યાસ લેવો ઘટે વેપાર પાછળ સર્વનો ભોગ આપવો ઘટે, અને વેપારમાં ઘરાકનો સર્વોચ્ચ ઓછે ખરચ કેમ થાય તેની ચાતુ ચિંતા રાખવી ઘટે સાચાખોટા માણસો અંતે વેપારમાં આગળ વધે, જમાવટ કરે ઉદ્યોગપતિ થાય અને પોતાના કુટુંબ માટે 'ગુડવીલ' મૂકતા જાય ગુડવીલનો ઉદ્દેશ ન હોય પણ પરિણામે તો જમાવટ જ થાય વેપાર માટે સત્યાગ જોઇએ, ધગશ જોઇએ, શોખ જોઇએ તેની ખાતર સ્વાર્પણ કરવાની વૃત્તિ જોઇએ લાભ તો થાય જ પણ તે આનુષંગિક હોય, છતાં આખરે એ અનિવાર્ય બને

Our organisation has not been built up with the thought of providing a safe livelihood only for their founders There have been higher motives.

From Testament of Thomas Bata

વાસ્તવદર્શીતા

Realistic View

આપણે તો અહીં અને અત્યારે જ રહીએ છીએ; અને આપણે કાંઈ પણ મેળવવાના કે દહાડો વાળવાના હોઇએ તો જે સંયોગોમાં આપણે આવી પડેલા છીએ તેમાંથી જ શક્કરવાર વળવાનો છે.

મારી પાસે પૈસા હોત તો હું કેળવણીની સંસ્થાઓ સ્થાપત, કે ગામને ઝાપે ચોખા મૂકત, કે ગામમાં જોઇને હાથ લાંબો કરવાનો વખત ન રહેવા દેત અથવા હજારો માણસોને રોજી આપત કે મોટા પાયા ઉપર કારખાના કાઢત કે અનેક કંપનીઓની સ્થાપના કરત વગેરે વગેરે આ બધાં ખાલી ઉધામા છે, નિરર્થક માનસિક ચાળા છે, હેતુ પરિણામ વગરના નિર્બળ બહાના છે, અને આવા વિચારો થાકેલા, હારેલા, પાછા પડેલા, નબળા થઇ ગયેલા કે નાદાર બની ગયેલા જ કરે હું લખપતિ હોત તો જથ્થાબંધ વેપાર કરત, કે હું કરોડપતિ હોત તો આશ્રમસ્થાનો, વ્યાપારગૃહો કે ઉદ્યમગૃહો બંધાવત એ તો માદા પડેલા મનના તર્ક–વિતર્કના જાળા છે, સનેપાતના વલોપાત છે, હારેલ જુગારીના મનમનામણા છે જે ભડવીર હોય, જે કાર્યકુશળ હોય, જે વેપારીના નામને શોભા આપનાર હોય તે કદી આવા વિચાર કરે નહિ એ તો જગતમાં મગળ કરે, ન હોય ત્યાં નવા વ્યાપારો ખોડે, બીજાને ન સૂઝે તેવી તરકીબો કાઢે, નવીન ભાતોના ઉઠાવ જમાવે અને કાકરાના ચોખા. ઘઠી. બદામે. એ. ઘાલ્યા. ઝરણ. ખમરાવ નહિ એ કોઇના પૈસા જોઇ ખોભાય નહિ, એ પાડોશીની ઉન્નતિ જોઈ બળતરા કે ઈર્ષા કરે નહિ, એ એકાદ ઊનટા સપાટાથી ગેડ ખાઇ જાય નહિ અને એ વિરુદ્ધ પડતી કુદરત કે આવી પડતી આફતના ફાંકામાં અટવાઇ જાય નહિ. સાચો વેપારી અન્યનો વાંક કાઢે નહિ, અન્યની ઉન્નતિની અદેખાઇ કરે નહિ, અન્યના

તેજમાં અંજાઇ જાય નહિ, અન્યનાં ગળાં રેંસવાની તરકીબો રચે નહિ, બીજાની હવેલી જોઇ પોતાની ઝુંપડી બાળી નાખે નહિ. કુનેહબાજ સાચો વેપારી તો પોતે જે સ્થિતિમાં આવી પડ્યો હોય તેમાં મોજ માણે. એ જાણે કે હું તે મારી હાટડી, પોતે અને પોતાનો કબજો, જાતે પોતે અને પોતાની નાનકડી દુનિયા એ જ પોતાનાં સાચાં હલેસાં છે. એને ટુંબડે જ પોતે સંસારસમુદ્ર તરવાનો છે, એ હલેસે જ પોતાની નૌકા આગળ ચલાવવાની છે અને એ જ ગરમ પાણીએ પોતાનાં ચોખા પકવવાના છે. એ જાણે કે પોતાને જે કાંઇ મળવાનું છે તે પોતે છે અને પોતાનાં છે એનાથી જ પોતે મેળવનાર છે અને એ છે એ જ પોતાનું સર્વસ્વ છે. જો પોતાના શક્કરવાર (સારો વખત) કોઈ દિવસ કોઇ પણ વખતે વળનાર હશે તો તે તેમનાથી જ અને તેમની મારફત જ થનાર છે.

આવા દેશમાં આપણે યુરોપ અમેરિકાના દેશોના વ્યાપારની વાત કરીએ કે નાની હાટડીમાં હજારો ગાંસડીના સોદાની વાતો કરીએ તે ખાલી જીભના લબકારા જ લેવાય. એમાં કાંઇ વળે નહિ અને વાતો કરવાથી કાંઇ વેપાર થાય નહિ અને વેપાર થાય તો તેમાં ઊંચે અવાય નહિ. દરેક પ્રાણીને તેની લાયકાત પ્રમાણે જ મળે છે, અને લાયકાત વગરની ઇચ્છાઓ કરવી એ તો માત્ર શેખચલ્લીને જ શોભે. એટલે આપણા સંયોગો વિચારી, આપણી પોતાની સાધન-સંપત્તિનો હિસાબ ગણી આપણને મળી શકવાની શક્ય સામગ્રીનો હિસાબ ગણી, પોતાની પયારી પાયરવી અને એથી વધારે મોટી મોટી કલ્પનાનાં જાળમાં ફસાઇ નિરંતર અતૃપ્ત ઇચ્છાની અગ્નિમાં બળ્યા કરવું નહિ. પોતાના નાના કૂબાને હવેલી માનવી, પોતાની નાનકડી હાટડીને મોટી દુકાન માનવી અને પોતાના નાના નોકર મંડળને પરિપૂર્ણ વગદાર વટદાર કામદાર વર્ગ માનવો. વ્યાપારી પાકો હોય તે સમજે કે પોતે છે તે લાખનો માણસ છે, પોતે છે તે બરાબર છે અને પોતે જેવો હોય તેમાંથી પોતાનો રસ્તો કાઢવાનો છે. આટલું સમજે તો મહત્ત્વાકાંક્ષાને અવિરોધપણે પોતાનો માર્ગ ઘપાવે અને અદેખાઇ, ઇર્ષા કે કલ્પના કર્યા વગર સંતોષી જીવનનાં સુખને અનુભવે.

Here and now is where we live, and if we are to achieve at all, it must be in the conditions in which we find ourselves.

Rev. J. Mellce.

卐

प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितो धर्मश्चतुर्थे किं करिष्यति ? ॥

(રૂચિરા)

પ્રાપ્ત કરી નહિ પહેલી વયમાં વિદ્યા પૂરી પ્રીતે રે,
બીજીમાં સંચય નવ કીધો ધનનો રૂડી રીતે રે;
ધર્મ કર્યો નહિ વય ત્રીજીમાં સુપાત્રને દઇ દાનો રે,
ચોથી વય ઘડપણમાંહિ કહો તે નર શું કરવાનો રે ?

ન્યાયાચાર્ય અને રાજનગર

(પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

'ન્યાયાચાર્ય' થી ન્યાયવિશારદ ન્યાયાચાર્ય' વાચક યશોવિજય ગણિ અત્ર અભિપ્રેત છે 'રાજનગર' એ અમદાવાદનું એક વખતનું નામ છે. એ નામ ક્યારે? કોણે અને કેમ પાડયું? અને એ નામ કયા સુધી ચાલુ રહ્યું? એ પ્રશ્નો વિચારવા માટે આ સ્થળ નથી એટલે અહીં તો એ અમદાવાદમા-રાજનગરમા લખાયેલી બે હાથપોથીનો હું નિર્દેશ કરું છું.

પણ્ણવણા અને એની મલયગિરિસૂરિકૃત ટીકાની એક હાથપોથી રાજનગરમા વિ. સં. ૧૭૦૧મા લખાયેલી મળે છે.[1] એની રીતે પચ્ચકખાણભાસની એક હાથપોથી રાજનગરમા વિ સ. ૧૭૨૧મા લખાયેલી મળે છે[2] આ બને હાથપોથી મુંબઈ સરકારની માલિકીની છે, અને એ હાલમા ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમન્દિરમા છે

આ બે હાથપોથી ઉપરથી જાણી શકાય છે કે ન્યાયાચાર્યના સમયમા અમદાવાદને લોકો 'રાજનગર' કહેતા હતા આ રાજનગર સાથે ન્યાયાચાર્યનો શો સબંધ છે તે હું આ લેખદ્વારા દર્શાવું છું.

આઠ મહાવધાન-કાન્તિએ રચેલી જસવેલડી કે જેને સુજશ(સ)વેલી ભાસ તરીકે ઓળખાવાય છે તેની પહેલી ઢાલમા કહ્યું છે કે વિ. સ. ૧૬૯૯મા રાજનગરમા સંઘ સમક્ષ યશોવિજયે આઠ અવધાન કરી બતાવ્યા પ્રસ્તુત કડી નીચે મુજબ છે :—

"સંવત્ સોલ નવાણુએ જી,
રાજનગરમા સુઠાન
સાખિં સાખિ સઘની જી,
અષ્ટ મહા અવધાન ગુણ૦—૧૫"

સંઘવી ધનજી સૂરાની પ્રશંસા—ઉપર્યુક્ત અવધાન જોઈ ધનજી સૂરાએ યશોવિજયની પ્રશંસા કરતા કહ્યું કે એઓ બીજા હેમચન્દ્ર થશે. એ ધનજીએ યશોવિજયના અભ્યાસ માટે રજતના (રૂપાના) બે હજાર દીનાર ખરચવા ઇચ્છા દર્શાવી હતી અને એ પ્રમાણે કાશી હુંડી મોકલી હતી.

સૂરા એ અમદાવાદના ઓસવાળ સંઘવી થાય. એમને રતન નામે એક ભાઇ હતા. એ બે ભાઇઓ વિ. સ. ૧૬૭૪ પહેલા વિદ્યમાન હતા. એમણે વિ સ. ૧૬૮૭ના દુકાળ વખતે દાનશાળા ખોલી હતી અને અરાઇ સઘ કાઢયા હતા એ સૂરાના પુત્ર તે 'ધનજી' અને રતનના પુત્ર તે 'પનજી'. એ ધનજીએ અને પનજીએ સમેતશિખરનો સઘ કાઢી એક લાખ અને એંસી હજાર ખર્ચી 'સઘવી'ની પદવી મેળવી હતી

એ ધનજી સૂરાએ, વિજયદેવસૂરિ સાથે વિજયપ્રભસૂરિ વિ. સં. ૧૭૧૧મા રાજનગરે પધાર્યા ત્યારે વિજયપ્રભસૂરિનો મણાનુદાનો નન્દિ-મહોત્સવ ૮૦૦૦ મહામુદ્રિક ખરચીને કર્યો હતો.

---

[1] જુઓ મારુ જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર (*DOGCM Vol XVII, pt, I, pp 201-202*)

[2] જુઓ ઉપર્યુક્ત પુસ્તક (*Vol XVII, pt 4, p 100*)

સ્વાગત-સમારંભ—યશોવિજયગણિ કાશીમાં અભ્યાસ કરી [1]અમદાવાદ આવ્યા ત્યારે ત્યાંનાં નર-નારીઓએ એમનો ભવ્ય સત્કાર કર્યો હતો. આનું કેટલુંક વર્ણન **સુજસવેલીભાસ**(ઢાલ ૩)ના પ્રારંભમાં કરાયું છે.

નાગપુરીય સરાહ—યશોવિજય અમદાવાદમાં નાગપુરીય સરાહમાં ઊતર્યા હતા એમ સુ. ભા. (ઢા. ૩, કડી ૪)માં કહ્યું છે. આ સરાહ અમદાવાદની રતનપોળને નાકે આવેલી છે અને એને આજે લોકો "નાગોરી સરાઈ" કહે છે. આ મકાનની પ્રતિકૃતિ પ્રસિદ્ધ થવી ઘટે. વિશેષમાં આ સરાઈનું નામ "યશોવિજય સરાઇ" જેવું રખાશે અને યશોવિજયગણિના સ્મારક તરીકે આ મકાન સચવાઇ રહે એ માટે યોગ્ય પ્રબંધ અમદાવાદ-શ્રીસંઘ તરફથી કરાશે તો મારા જેવાને આનંદ થશે.

અરાઢ અવધાન અને મહોબતખાન—યશોવિજયની કીર્તિ ફેલાઈ અને (રાજનગરની) રાજસભામાં ગૂર્જરપતિ (સૂબા) મહોબતખાને એ સાંભળી એથી એ સૂબાએ એમને બોલાવ્યા અને એમની વિનંતિથી યશોવિજયે અરાઢ અવધાન કરી બતાવ્યાં. મહોબતખાન રાજી થયો અને વાજતે-ગાજતે યશોવિજય સ્વસ્થાને આવ્યા.[2]

મોગલ બાદશાહ ઔરંગજેબે મહોબતખાનને ઈ.સ. ૧૬૬૨માં ગુજરાતનો સૂબો નીમ્યો હતો અને એ પદ ઉપર ઇ.સ. ૧૬૬૮ સુધી કાયમ રહ્યો એમ બોમ્બે ગેઝેટિયર(ખંડ ૧, ભા. ૧)માં ઉલ્લેખ હોવાનું મો. દ. દેસાઇએ કહ્યું છે.

(વીસ)સ્થાનક તપ—યશોવિજયે રાજનગરમાં (વીસ)સ્થાનક તપ કર્યું [3]હતું.

'ઉપાધ્યાય' પદવી—વિજયપ્રભસૂરિએ [4]અમદાવાદના સંઘની વિનંતિ અનુસાર યશોવિજયને વિ. સં. ૧૭૧૮માં 'ઉપાધ્યાય' પદવી આપી [5]હતી.

ઈંદલપુરમાં ચાતુર્માસ અને હુંડીનું સ્તવન—યશોવિજય ગણિએ દોઢસો ગાથાનું મહાવીરસ્વામીની સ્તુતિરૂપ હુંડીનું સ્તવન વિ સં. ૧૭૩૩માં ઇંદલપુરના ચાતુર્માસ દરમ્યાન રચ્યું છે એમ એ સ્તવનની સાતમી (અંતિમ) ઢાલમાં કહ્યું છે. આ 'ઈંદલપુર' તે અમદાવાદનું પરું છે એમ પદ્મવિજયે આ સ્તવનના વિ. સં. ૧૮૪૯માં રચેલા બાલાવબોધમાં કહ્યું છે. આજે આ નામનું કોઇ પરું હોય એમ જણાતું નથી તો વિ. સં. ૧૭૩૩ અને તે કરતાં થોડાંક વર્ષ પહેલાં આ પરું અમદાવાદની અંદરનો કે એની આસપાસનો કોઇ ભાગ હશે કે કેમ તેનો તેમજ જો એ અમદાવાદની બહાર હોય તો એ એનાથી કેટલું દૂર હશે તેની તપાસ થાય એ હિસાબે મેં "અમદાવાદના ઇતિહાસશોધકોને : ઈંદલપુર એટલે" નામનો લેખ લખ્યો હતો. એ "જૈન સત્ય પ્રકાશ"(વર્ષ ૨૨, અં. ૮)માં છપાયો છે, પણ હજુ સુધી તો કોઈ તરફથી મને કશો ઉત્તર મળ્યો નથી.[6]

---

૧. સુજ્ઝા૦ (ઢાલ ૨, કડી ૧૧)માં "અહમદાવાદ" એવો ઉલ્લેખ છે.

૨. જુઓ સુ. ભા. (ઢાલ ૩, કડી ૬).

૩. એજન, (ઢાલ ૩, કડી ૧૦).

૪. એજન (ઢાલ ૩, કડી ૯).

૫. એજન (ઢાલ ૩, કડી ૧૨).

૬ આ દરમ્યાન રતનમણિરાવ ભીમરાવે રચેલા પુસ્તક નામે ગૂજરાતનું પાટનગર અમદાવાદ જોઈ જતાં એમ જાણવા મળ્યું છે કે વિજયસિંહસૂરિ નિર્વાણરાસમાં નીચે મુજબની પંક્તિમાં ઇંદલપુરનો ઉલ્લેખ છે :—

" રાજપુર ઈંદ્રપુર સુંદરૂ નિજપુર હોઈ રે
ઉસમાપુર સારખેજ ભલો રોલપુર ઈંદલપુર જાણ રે "
—પૃ. ૨૨૮, સિ

" અદલ ઈંદલપુરા રોખપુર સુખકરા "
પૃ. ૨૧૨. સિ

આ ઉપરથી એમ લાગે છે કે ઈંદલપુર નામ સાચું નથી, પણ "ઈંદલપુર" નામ ખરું છે. જો એમ જ હોય

'રાજનગર'મંડન મહાવીરસ્વામીનાં ત્રણ સ્તવનો—યશોવિજય ગણિએ રાજનગરના અર્થાત્ અમદાવાદના મંડનરૂપ મહાવીરસ્વામીને અંગે ત્રણ સ્તવનો રચ્યા છે. પહેલા સ્તવનમાં મહાવીર સ્વામીને 'રાજનગરના શણગાર' બીજામાં 'રાજનગર વરભૂષણ' અને ત્રીજામાં "રાજનગરનો રાજિઓ" કહ્યા છે. આ ત્રણે સ્તવનો ગૂર્જર સાહિત્ય-સંગ્રહ (ભા. ૧, પૃ. ૧૦૫-૧૧૧)માં છપાયાં છે. આ ત્રણે સ્તવનો વિ. સં. ૧૭૪૫ કરતાં પહેલાની મહાવીરસ્વામીની પ્રતિમાને ઉદ્દેશીને હોવા જોઇએ, કેમકે વિ. સં. ૧૭૪૩થી ૧૭૪૫ના ગાળામાં તો યશોવિજયગણિ સ્વર્ગે સિધાવ્યા છે. અમદાવાદમાં મહાવીરસ્વામીના જે જૂનાં દહેરાસરો હોય તેમાંના એકમાં આ પ્રતિમા હશે ત્રણ જુદા જુદાં દહેરામરની મહાવીરસ્વામીની ભિન્ન ભિન્ન પ્રતિમાને ઉદ્દેશીને સ્તવનો રચાયા હોય એવો સંભવ બહુ ઓછો છે. ગમે તેમ પણ જો કોઇ અમદાવાદના સંશોધનપ્રિય વતની આ માટે યોગ્ય તપાસ કરી સાચો પ્રકાશ પાડશે તો આનંદ થશે અને યશોવિજય ગણિને અંગેના વિવિધ કોયડાઓમાંના એકનો ઉકેલ થઈ જશે કે જે જેવો તેવો લાભ ન ગણાય.

તો આ સંબંધમાં ઉપર્યુક્ત પુસ્તક (પૃ ૨૨૫)માનું નીચે મુજબનું અટકળરૂપ લખાણ વિચારવું ઘટે :—

"એદલપુર. આ પર્ગ એલીસબ્રીજ પાસે હશે જૂની વસ્તી અને પડાગોએ વસાવ્યું હશે એમ અહમદી લખે છે અહમદીની અંગ્રેજી આવૃત્તિમાં અમદલપુર લખ્યું છે એ ભૂલ જણાય છે જૈન કાવ્યમાં ઇદલપુર છે તે એ જ હોવું જોઇએ"

"એદલપુર" ઉપરના ટિપ્પણમાં એવી નોંધ છે કે શ્રી અદલ ઈદલપુરા એ આ જ પર હશે, કારણ કે બીજું ઇદલ કે એદલપુર છે નહિ"

★

न चोरहार्यं न च राजहार्यं
न भ्रातृभाज्यं न च भारकारी ।
व्यये कृते वर्धत एव नित्यं
विद्याधनं सर्वधनप्रधानम् ॥

(છપ્પા)

ચોરી શકે ન ચોર, ન લૂટી શકે કો' રાય,
ભાઇ ન માગે ભાગ, ન અંગે ભાર જણાય;
ગુપ્તપણે દિનરાત રહે સંગે જ સહાય,
આપી સુખ અનુપ પ્રદેશે કરે સહાય;
વળી વાપરતાં વધતું નિત્યે વિદ્યાધન ઉત્તમ અતિ,
ઉદ્યોગ, ખંત, ઉલ્લાસથી સંગ્રહજો સૌ સુમતિ

લેખક પ. પૂ. મુનિરાજશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી)

(ગત વર્ષના ૧૩૬ પૃષ્ઠથી શરૂ)

૧ ૨-લૂણિગવસહિ

શેઠ આશરાજ પોરવાડને ૪ પુત્રો અને ૭ પુત્રીઓ હતા, તેઓમાં વસ્તુપાલ અને તેજપાલ એ ગુજરાતના ઐતિહાસિક મહામાત્યો છે, ગુજરાતી સંસ્કૃતિના સૂત્રધારો છે.

તેઓનો મોટો ભાઈ લૂણિગ યુવાનીમાં મરણ પામ્યો, તેણે મરણસમયે ભાઈઓના આગ્રહથી મનની વાત જાહેર કરી કે મને આબૂતીર્થમાં એક દેરી બનાવવાની તીવ્ર ઇચ્છા હતી, પણ મારા નસીબમાં એ લાભ લેવાનું નહીં હોય ? પણ જો બની શકે તો તમો એ લાભ જરૂર જરૂર લેજો.

વસ્તુપાલ અને તેજપાલ સં. ૧૨૭૬માં મહામાત્ય બન્યા. તેઓના દિલમાં મોટા ભાઈ લૂણિગે વાવેલ ભાવનાના બીજમાંથી વટાદાર કલ્પવૃક્ષ બની ચૂક્યું હતું. તેઓએ રાજા ભીમદેવ અને રાજા સોમસિંહ પરમારની આજ્ઞા મેળવી આબૂ ઉપર દેલવાડામાં વિમલવસહિ પાસેના ભૂભાગમાં લૂણિગવસહિ નામે વિશાળ જિનપ્રાસાદ રચાવ્યો.

તેમાં વિમલવસહિના ધોરણે મોટું દેરાસર, નાનું શિખર, ભમતીમાં ૪૮ દેરીઓ, છતમાં આરસનું કોરણીશિલ્પ, હસ્તિશાલા, હસ્તિશાલામાં હાથીઓ, હાથીઓની પાસેના દીવાલના આરસમાં આ. વિજયસેનસૂરિ, આ. ઉદયપ્રભસૂરિ અને પોતાના પૂર્વજોની મૂર્તિઓ વગેરેની ગોઠવણી કરી છે.

વિમલવસહિમાં જે જે ઘટનાઓ કોતરી છે તે તે અહીં પણ આરસમાં ઉતારી છે, આ ઉપરાંત ભ. નેમિનાથજી તથા કૃષ્ણ વાસુદેવના જીવનની વિશેષ ઘટનાઓ પણ દાખલ કરી છે.

દેરાસર માટેના પત્થર વગેરે ગોરિયા તરફને રસ્તે ઉપર ચડાવ્યા હતા. દરેક કોશ પર પાણી, ભોજન અને દુકાનોની વ્યવસ્થા રાખી હતી. એથી મજૂરોને પૂરી અનુકૂલતા રહેતી હતી. દેરાસરનું કામ થયા બાદ શત્રુઓ પણ આ રસ્તેથી ચડી ન આવે એ અગમચેતી દાખવી આ રસ્તાને સંતર બંધ કરી દીધો છે, પહાડી વિભાગને વિષમ બનાવી દીધો છે. આબૂમાં ઠંડી ઘણી રહે છે. કારીગરોને એ ઠંડી ન નડે તે માટે સગડીઓની પાકી વ્યવસ્થા હતી. પાસે આગ તપતી રહે અને કારીગર તેની ઠંડમાં મસ્ત રહી આરસને કોરે.

મંત્રીઓએ દેરાસરને સર્વાંગસુંદર બનાવવા માટે કલાધરોને ઉત્તરોત્તર ચાર વાર સક્રિય પ્રોત્સાહન આપ્યું છે. દેરાસર પૂરું બની રહ્યું, ભાવવાહી કોરણી તૈયાર બની એટલે બીજીવાર તેમાં નવી કોરણી કરનારને કોરણી કરતા નીકળેલા ચૂરાની બરાબર ચાંદી આપી, ત્રીજીવાર કોરણીના ચૂરાની ભારોભાર સોનું અને ચોથીવાર મોતીઓ આપી આ ભારકર્મકરણને છેલ્લી ટોચે પહોંચાડી છે.

મંત્રીઓ રાજકાર્યમાંથી ફુરસદ મેળવી શકે તેમ હતું જ નહીં. તેઓ અવારનવાર આવી તપાસ કરી યોગ્ય સલાહ-સૂચના આપતા હતા; બાકી આ કામની સંપૂર્ણ જવાબદારી મંત્રી તેજપાલની પત્ની અનુપમાદેવીને શિરે હતી. મહં. અનુપમાદેવીએ પોતાના ભાઈ

ઉદયને સાથે રાખી આ જવાબદારીને ઘણી સફલતાપૂર્વક પાર પહોંચાડી છે.

આ લૂણિગવસહિ તે મોટા ભાઈ લૂણિગ, મહં૦ અનુપમા દેવી અને તેના પુત્ર શુભુમિંહના શ્રેય માટે બનાવી છે અને તેમા બે ગોખલા તેજપાલની બીજી પત્ની સુહડ દેવીનાં શ્રેય માટે બનાવ્યા છે, જે પણ અદ્ભુત ભાસ્કર્ય કલાના નમૂના છે.

મંત્રીઓએ નાગેન્દ્ર ગચ્છના આ. વિજયસેનસૂરિના હાથે સં. ૧૨૮૭ ફા. વ. ૩ (હિંદી ચૈ. વ. ૩) રવિવારે લૂણિગવસહિમા ભ. નેમિનાથજી વગેરે પ્રતિમાઓની મોટા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી છે.

આ ઉત્સવમા આબૂનો રાજા સોમસિંહ પરમાર, અમલદારો, પંચ, ચાર મહાવરો, ૧૨ માંડલિકો, ૮૪ રાણા, ૮૪ જ્ઞાતિના મહાજનો અને દૂર દૂરના જૈનો જૈનેતરો વગેરે આવ્યા હતા. સૌએ એક અવાજે લૂણિગવસહિની પ્રશંસા કરી.

જાલોરના દિવાન યશોવીરે મંત્રી વસ્તુપાલના આમંત્રણથી અહીં આવી જિનપ્રાસાદ તપાસી મંત્રી શોભનની પ્રશંસા કરી. અને સાથોસાથ જૈનો પરિણામે મંત્રી કુટુંબને કે લૂણિગવસહિને નુકસાન થાય એવી નાની મોટી ભૂલો કરી હતી તે મંત્રીને વિગતવાર સમજાવી, આવા ધર્મસ્થાન વસાવવા માટે મંત્રી તેજપાલની અત્યંત પ્રશંસા કરી હતી +

મંત્રીઓએ એ જ ઉત્સવમા રાજા પ્રજા જૈન અજૈનોની હાજરીમા પોતાના કુટુંબની તથા ચંદ્રાવતીના જૈન સંઘની અમુક વ્યક્તિઓની વ્યવસ્થા સમિતિ બનાવી આ લૂણિગવસહિનો વહિવટ સોંપ્યો. અને એ પણ નક્કી કરવામા આવ્યુ કે-દેલવાડાનો સંઘ લૂણિગવસહિની સારસંભાળ રાખે અને ચંદ્રાવતી, ઉમરણી, કિસરઉનિ, કાસહ્રદ, વરમાણ, ધડેની, મહાતીર્થ મુંગસ્થલ, હંડાકડા, ડમાણી, મડાહડ તથા સાદિવાડાનો જૈન સંઘ દરસાલ પ્રતિષ્ઠાની માલગિરિ ઉપર આવી એકેક દિવસ વહેંચી અઠ્ઠાઈ મહોત્સવ કરે.

રાજા સોમસિંહ પરમારે ભગવાનની પૂજા માટે ઠબાણી ગામ ભેટ આપ્યું અને વિમલવસહિ તથા લૂણિગવસહિને કરમુક્ત જાહેર કર્યાં. આ રીતે તીર્થની રક્ષાનો પ્રબંધ કરવામાં આવ્યો.

લૂણિગવસહિનો સં. ૧૨૭૭માં પ્રારંભ, ૧૨૮૭માં પ્રતિષ્ઠા, સં. ૧૨૮૭ થી ૯૩ સુધીમાં દેરીઓની પ્રતિષ્ઠા અને સં. ૧૨૯૭માં પ્રસિદ્ધ ગોખલાની પ્રતિષ્ઠા થયેલ છે. લૂણિગવસહિના નિર્માણ અને ઉત્સવમાં ૧૨,૫૩૦૦૦૦ દ્રવ્ય ખરચાયું છે.

લૂણિગવસહિ ભાસ્કર્ય કળાનું ઘર છે. વિમલવસહિની કોટિનું બીજું મંદિર છે. પ્રેક્ષકો, સ્થાપત્યરસિકો, ચિત્રકારો અને કલાધરો તેને ફરી ફરીવાર જુએ તો પણ ધરાતા નથી.

લૂણિગવસહિના જીર્ણોદ્ધાર ઘણા થયા છે.

અલ્લાવદીન ખીલજીએ સં. ૧૩૬૮મા જાલોરથી આબૂ આવી વિમલવસહિ તથા લૂણિગવસહિના મંદિરો તોડ્યા, જિનપ્રતિમાઓને ખંડિત કરી, ઘણી કોરણીઓનો વિનાશ કર્યો અને હસ્તિશાળાના હાથીઓને પણ ખંડિત કર્યા હતા.

આથી ચંડસિંહ પોરવાડના પુત્ર સં. પેથડશાહે ૧૩૭૮મા ઘણું સમારકામ કરાવ્યુ. અને મોટા મંદિરનો પુરો જીર્ણોદ્ધાર કરી ભ. નેમિનાથજીની નવી પ્રતિષ્ઠા કરાવી છે.

બેજુપ બંદરના શેઠ જગદેવના પુત્ર સોમચંદ્ર તથા ગુણભદ્ર વિજાપુર જઈ વસ્યા હતા. તેઓએ પણ લૂણિગવસહિના આ જીર્ણોદ્ધારમાં મોટો સહયોગ આપ્યો છે.*

+ રાજપુરોહિત સોમેશ્વર કવિએ મંત્રી વસ્તુપાલ તથા મંત્રી યશોવીરને સરસ્વતીના પુત્રો તરીકે ઓળખાવ્યા છે

* બેજુપ બંદરના શેઠ જગદેવ રાજા સાથે જગાવનો ઝઘડો, પકડાયો. ૧૮ લાખ દ્રવ્ય, ખંડણી, બંદરનો, ૯ ગાઉનો, કિનારો પત્થર તથા કચરો ભરી પુરાણી દીધો. એટલે ત્યારથી બેજુપનું બંદર બંધ પડ્યુ. વ્યાપારી વહાણો આવતા બંધ થયાં, નગર પણ ઉજડ થવા લાગ્યુ અને સ્થાનિક વ્યાપારીઓ પણ બેજુપ છોડી ચાલ્યા ગયા આ સમયે શેઠ જગદેવના પુત્રો સોમચંદ્ર અને ગુણભદ્ર વિજાપુર જઈ વસ્યા હતા. તેઓએ લૂણિગવસહિનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો

યુગચેતનાની ઝાલરી

શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

આપણા સમાજમાં આજ પણ અનેક પ્રકારનો દાનપ્રવાહ વહી રહ્યો છે... અને આ દાનપ્રવાહ અસ્ખલિત વહેતો હોવા છતાં જૈનોની એક ઉદાસીન વૃત્તિ ભારે અમંગળ ભાવીના એંધાણ દર્શાવી રહી હોય એમ લાગે છે.

આજે આપણા બાળકોને જે સાંસારિક જ્ઞાન અપાય છે તે એટલું રેઢિયાળ અને વિચિત્ર છે કે એ જ્ઞાન-કેળવણી પામ્યા પછી એનામાં જૈનત્વનાં આદર્શો ભાગ્યે જ દેખાય છે. આજની કેળવણી માત્ર ઉદર-પોષણ આપવા જેટલી પણ સમર્થ રહી નથી, કારણ કે ભણેલા બેકારોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય અને સાથેસાથ સંસ્કારવિહીન પ્રજાનું વિચિત્ર ઘડતર પણ થતું જાય છે.

આ પ્રશ્ન પરત્વે જૈનો ઉદાસીન રહ્યા કરશે અને પોતાના દાનપ્રવાહના પરિણામ સામે દૃષ્ટિ અથવા વિવેક નહિ રાખે તો વધારે નહિ પણ કેવળ બે દાકા પછી સાચો જૈન શોધવા માટે પ્રયત્ન કરવો પડશે અર્થાત્ નામના જૈનો સિવાય ભાગ્યે જ કોઇ દેખાતા હશે.

આપણે કેટલીક તપની, જ્ઞાનની કે દર્શનની ક્રિયાઓ પાછળ પુષ્કળ દાન કરીએ છીએ અને ઘણી વાર એમ પણ લાગે છે કે દાનના આ પ્રવાહ વચ્ચે

અમદાવાદની આણંદજી કલ્યાણજીની જૈન પેઢી તરફથી સં. ... થી લૂણિગવસહિનો છેલ્લો જીર્ણોદ્ધાર ચાલુ છે.

લૂણિગવસહિમાં ઘણી જિનપ્રતિમાઓ વિરાજમાન છે. નાગેંદ્રગચ્છના આ. વિજયસેનસૂરિ, આ. ઉદયપ્રભસૂરિની મૂર્તિઓ છે. મંત્રીના પૂર્વજોની મૂર્તિઓ છે. આરાસણના આસપાલ પોરવાડે સં. ૧૩૩૮માં ૧૯મી દેરીમાં અશ્વાવબોધ **સમલીવિહાર**નો પટ સ્થાપ્યો છે. ગૂઢમંડપમાં સં. ૧૫૧૫ની સતી **રાજેમતીની** કલાપૂર્ણ પ્રતિમા છે અને છતમાં સુંદર કોરણી ભારકર્ષ છે. સ્થાને સ્થાને ઐતિહાસિક શિલાલેખો પણ લાગેલા છે.+

+ વિમલવસહિમાં વિક્રમની બીજી શતાબ્દીના ઐતિહાસિક ઘણા શિલાલેખો છે, પ્રતિમાલેખો છે.

ઉજ્જયંતાવતાર-લૂણિગવસહિના મોટા દરવાજા પાસે ઉત્તર તરફ નાનો દરવાજો છે. ત્યાં આગળ જતાં ઊંચા ભાગ પર ગિરનાર તીર્થની ૪ ટૂંકોની સ્થાપનાની ચાર દેરીઓ છે. (ચાલુ)

ભમતીની ૧૦મી દેરીની બહાર ડાબી તરફમાં કલ્યાણકપટ્ટ છે. જેમાં વડગચ્છની સવિગ્નવિહારી શાખાના આ. વર્ધમાનસૂરિની પરંપરાના આ. નેમિચંદ્ર શિષ્ય પ. જયાનન્દગણીએ સં. ૧૨૦૧માં ગદ્યપદ્ય પ્રાકૃતમાં તૈયાર કરી દાખલ કરાવ્યો છે. તેમાં અરસપરસ ૨૪ તીર્થંકરોનાં ૧૨૦ કલ્યાણક, દેહવર્ણ, દીક્ષાતપ, કેવલિતપ, નિર્વાણતપ અને દેહમાન ઓદેલા છે. તેમાં ભગવાન મહાવીરસ્વામીનાં પાંચ કલ્યાણક બતાવ્યાં છે.

આ પટ્ટથી અચૂક રીતે સિદ્ધ થાય છે કે ત્યાં સુધી સમસ્ત જૈન સંઘ વડગચ્છ અને આ. વર્ધમાનસૂરિના મુનિઓ ભગવાન મહાવીરસ્વામીનાં શાસ્ત્રોક્ત પાંચ કલ્યાણકો માનતા હતા.

જો વિવેકદૃષ્ટિનો યોગ હોય અને આવતી કાલના જૈનોના હૃદયમા સરકાર તથા જૈનત્વ રેડવાની ભાવનાનો એકાદ ધબકાર હોય તો કેવુ ઉત્તમ !

પણ એમ બનતુ નથી

ખર્ચ કરીએ છીએ આપણા સમાજમા એની વાહ વાહ પણ થતી હોય છે અર્થાત્ અનુમોદના પણ મળતી હોય છે, પરતુ આવતી કાલની પેઢીનો પાયો મજબૂત કરવાની કોઇ શક્યતા એમા દેખાતી નથી જે કંઇ થાય છે તે કેવળ આજની દૃષ્ટિએ થતુ હોય તેમ લાગે છે

દાખલા તરીકે મોટા મોટા શહેરો કે મધ્યમ નગરોમા જૈનોની સારી એવી વસ્તી હોવા છતા એના બાળકોને ધાર્મિક શિક્ષણ મળી શકે, સદાચાર અને સરકારનો વારસો મળી શકે એવી પ્રવૃત્તિ અતિ મંદ હોય છે અથવા તો રમકીન બની ગયેલી હોય છે એક શહેરમા પાંચથી દસ હજાર જૈન પરિવારો રહેતા હોય છે ત્યારે ત્યા ચાલતી એકાદ જૈનશાળામા ભાગ્યે જ બરસો બાલક બાલિકાઓ જતા હોય છે અને તે પણ ઉમગથી નહીં પરાણે

આમ શા માટે ?

જો આપણે આપણા બાળકોને જૈનત્વના પાયા પૂરતુ યે શિક્ષણ નહીં આપી શકીએ તો આજની બગાર કેળવણીથી વિકૃત બનીને આવતી કાલે તેઓ પોતાને કયા અર્થથી જૈન તરીકે ઓળખાવી શકશે ?

આપણે લાખો રૂપિયા પ્રતિવર્ષ ખર્ચીએ છીએ અનેક પ્રકારના ઉત્સવ મહોત્સવ રચીને પુણ્યોપાર્જન કરીએ છીએ પણ આવતીકાલની પેઢીને ઘડવાનુ એમાથી બની શકે છે કે નહીં ! એ પ્રશ્નનો વિચાર નથી આપણે કરતા, નથી આપણા આગેવાનો કરતા કે નથી આપણા પૂજ્ય મુનિમહારાજાઓ કરતા

ખર્ચ કરવાની ભાવના છે, શક્તિ છે અને આવા ધાર્મિક કાર્યોમા વપરાતી લક્ષ્મી સુયોગ્ય માર્ગે જાય છે એવો વિશ્વાસ પણ છે. આમ છતા દૃષ્ટિનો અભાવ આપણા હાથે થતા અનેકવિધ ખર્ચના પરિણામો વિચારી શકતો નથી

એક પારિવારક જીવનમા થતા નાના મોટા તમામ પ્રકારના ખર્ચનુ પરિણામ જોવામા આવે છે, પૃથક્કરણ કરવામા આવે છે અને જો કોઇ નકામો ખર્ચ થયો હોય તો તેવો ખર્ચ ફરી ન થાય એની ચિંતા અને કાળજી રાખવામા પણ આવે છે

કુટુબજીવનમા આ પ્રકારની જો કાળજી સ્વાભાવિક હોય તો જૈનસમાજ એ કંઇ કુટુબથી પર વસ્તુ નથી એ તો મહાપરિવાર છે આવા મહાપરિવારમા જો તેના મોવડીઓ જાગૃત ન રહે તો એ મહાપરિવારનુ પરિણામ શુ આવે ?

જેમ કુટુબમા જાગૃતિનો અભાવ હોય અને પરિણામે કલહ જન્મે છે, અવિભક્તમાથી વિભક્ત ભાવ ઊભો થાય છે તેમ આપણા મહાપરિવારમા પણ જો જાગૃતિનો અભાવ હોય અર્થાત્ વિવેક દૃષ્ટિનો ઉપયોગ ન થતો હોય તો એના પરિણામો છિન્નભિન્નતામા જ આવે, જે આજે આપણે એક આબાહીસ્વરૂપે નિહાળી રહ્યા છીએ

નાના નાના સાવક્ષુદ્ર ગણાતા અને જેમા ધાર્મિક દૃષ્ટિએ પણ કશુ તથ્ય ન હોય એના ઝઘડાઓ પાછળ આજે આપણી શક્તિ કેટલી છિન્નભિન્ન થઇ રહી છે ?

સમગ્ર વિશ્વમા આજે પણ ત્યાગના માપદંડવડે માપવામા આવે તો શ્રમણ સસ્કૃતિના વાહક ગણાતા આપણા પૂજ્ય મુનિમહારાજાઓ સર્વોચ્ચ કક્ષામા આવી શકે છે તેઓની પાસે જ્ઞાન છે, શક્તિ છે, સમય છે, ત્યાગ છે, તપ છે અને જૈન સમાજના શુ, સમગ્ર વિશ્વના જીવોના કલ્યાણનો એક આદર્શ પણ છે 'સવિ જીવ કરુ શાસનરસી' જેવો ઉદાત્ત આદર્શ આપણા મુનિવરોના મસ્તક પર દિવ્ય મણિની માફક ઝળહળી રહ્યો છે પરિણામની દૃષ્ટિએ વિચાર કરીએ તો જૈન શ્રમણો સર્વથા અનોખા તરી શકે એમ છે. આ

રીતે દરેક દૃષ્ટિએ તેઓ સર્વોચ્ચ હોવા છતાં આજે નાના નાના અને સાત નિર્માલ્ય ફલકોનાં કારણે તેઓની એકતા અને શક્તિ કેટલાં વેડફાઈ રહેલ છે!

આમ શા માટે?

એનો એક જ જવાબ છે... આપણી પાસે બધું છે... માત્ર વિવેકદૃષ્ટિ નથી.

અને એથી જ આજે આવતી કાલની જૈન પેઢીની ઈમારત સંસ્કાર અને સદાચારવિહોણી સર્જાઈ રહી છે.

જો આપણે સવેળા નહિં ચેતીએ તો મેં અગાઉ કહ્યું તેમ જૈન સમાજમાંથી સાચો જૈન શોધવો બારે કલ્પ થઈ પડશે.

અને સાચા જૈનો ઉત્પન્ન કરી શકાય છે... માત્ર જન્મે જૈન હોય એથી કશું વળવાનું નથી. સાચા જૈનો કરવા માટે શું કરવું જોઇએ? એ એક મહત્ત્વનો સવાલ આપણી સામે ઊભો છે.

આ સવાલની સાચી જવાબદારી ખરી રીતે શ્રાવક શ્રાવિકા પર છે એમ નથી પણ સાધુ સાધ્વી પર પણ તેટલી જ છે; બલ્કે વધુ પ્રમાણમાં છે.

અને આ સવાલનો હકેલ લાવવા માટે આપણો, ઠરાવો, ચર્ચાઓ કે સંમેલનોની કોઇ જરૂર નથી. એ તો ભૂતકાળમાં ઘણા થઈ ગયાં છે. જરૂર છે નિષ્ઠાપૂર્વક કામ કરવાની...કર્તવ્યને પ્રથમ સ્થાન આપીને અહાલેક જગાડવાની.

વાતો ઘણી થઇ ગઇ છે. એટલી બધી થઇ ગઇ છે કે આપણો સમાજ આજે વાતોથી છાઇ ગયો છે...વાતોથી રૂંધાઇ ચૂક્યો છે!

એક પણ જૈન બાળક જૈનત્વના આદર્શથી અજાણ્યુ ન હોવું જોઈએ એવી દૃઢ ભાવના જ્યાં સુધી આપણામાં નહિ પ્રગટે ત્યાં સુધી વાતોના ઢગલાઓ થયા જ કરશે અને સમાજ એ ઢગલાઓ તળે ચગદાયા કરશે.

અને આપણા બાળકોમાં જૈનત્વની કોઇ ખુમારી નહીં હોય અને જૈન ધર્મના પાયાના જ્ઞાનના સંસ્કાર નહીં હોય તો એ ઘડીક પછી ધર્મનો પ્રકાશ આપણા જ હાથે અસ્ત થયો ગણાશે.

સાચા જૈનો હશે તો જીવવા ટકી શકશે.

સાચાં જૈનો હશે તો સાધુ-સંસ્થા જીવી શકશે.

સાચા જૈનો હશે તો આપણા મંદિરો ઝળહળતાં રહેશે.

સાચા જૈનો હશે તો અહિંસા અને અપરિગ્રહ, ત્યાગ અને તપ પોતાનું સ્થાન અડોલ રાખી શકશે.

પણ મુશ્કેલી છે કે 'આજ'ની પાછળ આપણે એટલા પાગલ બની ગયા છીએ કે આવતી કાલની કોઈ ચિંતા કરતા નથી.

પરિણામ ખતરનાક આવે તે પહેલાં વિવેકદૃષ્ટિને જાગૃત કરવી જ પડશે...

ઝઘડાઓ દફનાવીને, નાના મોટા ક્ષુદ્ર પ્રશ્નોને પાતાળમાં ચાંપી દઈને અને એકતાના અમૃત કુંભની સ્થાપના કરીને આવતીકાલની જૈન પેઢીની ઈમારત મજબૂત બનાવવા ખાતર કટિબદ્ધ થવું જ પડશે... થવું જ પડશે.

યુગચેતનાની ઝાલરીનો આ નાદ જો આપણે નહિં સાંભળીએ તો!

એનો જવાબ અતિ કરુણ હશે...અતિ વેદનાભર્યો હશે.

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત નમિ વિહરમાન જિન સ્તવન—સાર્થ

સં. ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી

નમિ નમી નમિ નમી વિનવું,
સ્વામી સુગુણ જિણંદનાથ રે;
જ્ઞેય સકલ જાણંગ તુમે,
પ્રભુજી જ્ઞાન દિણંદ નાથ રે. (૧)

ભાવાર્થઃ—વિનયથી, નમ્રતાથી, ભક્તિભાવથી, હે નમિનાથ, હે સ્વામી, પરમાર્થ—માર્ગપોષક એવા શ્રેષ્ઠ ગુણોવાળા જિનેશ્વર દેવ ! હું આપને નમ્રભાવે વિનંતિ કરું છું, કારણ કે આપ જ્ઞાનરૂપી સૂર્યવડે કરીને સર્વ જ્ઞેય (જાણવા યોગ્ય) પદાર્થોના જ્ઞાતા છો, (સ્વપરપ્રકાશક છો) જેથી અબંધક છો, જે કર્તા હોય તે જ પરવસ્તુ પર અહંભાવ લાવીને બંધાય છે. પણ જે જ્ઞાતા-દ્રષ્ટા હોય તે અહંકારથી મુક્ત થઇને આત્મોપયોગપૂર્વક સમ પરિણામે જ્ઞેયને વેદીને બંધન-મુક્ત થાય છે.

વર્તમાન જે જીવની,
એવી પરિણતિ કેમ નાથ રે ?
જાણું હેય વિભાવને,
પણ નવિ છૂટે પ્રેમ નાથ રે. (૨)

ભાવાર્થઃ—હે નાથ, જ્યારે આપની અબંધકભાવે દ્રષ્ટાભાવની પરિણતિ છે ત્યારે આ જીવની બંધન-ભાવવર્ધક કર્તા ભાવના પરિણતિ કેમ થઇ છે ? પરભાવને હેય(ત્યાજ્ય)પણે જાણ્યા છતા પરવસ્તુ તરફનું આકર્ષણ, રાગ અને આસક્તિ વિગેરે કેમ છૂટતા નથી ?

આનો જવાબ તો એ છે કે જેમ એક શેરીમાં ચોર ચોરી કરવા આવ્યો હોય, તેને એક કૂતરાએ જોયો અને ભસવા માડ્યું, તેમનું ભસવું સાભળી આસપાસ રહેતા બીજા કૂતરા ભસવા માડ્યાં; તેમનું સાચું નથી પણ દેખાદેખીથી થાય છે, તેમ સંસાર અસાર છે, એમ અનિત્ય છે, કષાયો રાગ-દ્વેષ-દુઃખદાયક છે, એમ એક જ્ઞાની મહાત્માએ અનુભવથી યથાર્થ જાણ્યું જાણીને શાસ્ત્રમાં લખ્યું તેથી તેમનું કહેવું સાભળીને આપણે કહેવા લાગ્યાં કે કષાય દુઃખદાયક છે પણ અંતરના જ્ઞાનપૂર્વક સમજ્યા નથી. જેથી કષાયો દુઃખદાયક છે એમ નિરંતર બોલ્યા કરીએ છીએ છતાં જરા પણ કષાયો મંદ કે ક્ષીણ થતા જ નથી...જેમ ઝેર ખાવાથી મરાય છે, અગ્નિને અડવાથી બળાય છે, સર્પને અડકવાથી કરડાય છે એ વાત સાભળેલી છે છતા એવી સુદૃઢ થઇ ગઈ છે કે જરા પણ તેમા શંકા કે વિકલ્પ થતાં જ નથી. તેનું નામ સાચું સમજ્યો એમ કહેવાય છે.

પરપરિણતિ રસરંગતા,
પરગ્રાહકતા ભાવ નાથ રે;
પરકર્તા, પરભોક્તા,
શો થયો એહ સ્વભાવ નાથ રે ? (૩)

ભાવાર્થઃ—હે નાથ, પરપરિણતિમાં રસપણું, રંગ એટલે આનંદપણું, પરભાવનું ગ્રહણપણું, પરમાં કર્તાપણું, ભોક્તાપણું એ આદિ વિભાવદશાનો સ્વભાવ કેમ થઇ ગયો ? અનાદિકાળના અભ્યાસને લઇને વિભાવદશા થઈ જાય છે.

વિષય કષાય અશુદ્ધતા,
ન ઘટે એહ નિરાધાર નાથ રે;
તો પણ વાધું તેહને,
કેમ તરાયે સંસાર નાથ રે. (૪)

ભાવાર્થઃ—હે નાથ ! વિષય, કષાયતા અને અશુદ્ધતા એ આદિ અંતરદોષો આત્મામા ઘટે જ નહી એમ નિર્ણય થયો છે, છતા તેના તરફ આકર્ષણ, ચાહના અને આસક્તિ રહે છે તો સસારથી કેમ તરાશે ?

મિથ્યાત્વ, અવિરતિ પ્રમુખને,
નિયમા જાણું દોષ નાથ રે,
નિંદું, ગર્હું, વળી વળી,
પણ ન પામે સંતોષ નાથ રે. (૫)

ભાવાર્થઃ—મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિને નિયમ દોષરૂપે જાણું છું જેથી તેને નિંદું છું, ગર્હું છું, વારંવાર ગર્હું છું, છતાં મન સંતોષ પામતું નથી.

અંતરંગ પરરમણતા,
ટળશે કેસે ઉપાય નાથ રે ?

આજ્ઞા-આરાધના વિના,
કેમ શુદ્ધસિદ્ધિ થાય નાથ રે? (૬)

ભાવાર્થ:-હે નાથ, આંતરિક પરભાવની રમણતા કેમ નાશ પામશે? તેના ઉત્તરમાં કર્તા પોતે જ જણાવે છે કે-સદ્ગુરુની આજ્ઞા અને તેમણે બતાવેલા સન્માર્ગની આરાધના વિના ગુણની સિદ્ધિ થતી જ નથી.

હવે જિનચંદ્રપ્રસંગથી,
જાણી સાધકરીતિ નાથ રે;
શુદ્ધ સાધ્યરૂચિપણે,
કરીએ સાધન રીતિ નાથ રે. (૭)

ભાવાર્થ:-હે નાથ, હવે સદ્ગુરુના સત્સમાગમથી સાધ્યની પ્રાપ્તિ માટે, મેં સાધના જાણી છે કે જે શુદ્ધ સ્વરૂપને સાધ્યમાં [લક્ષમાં] રાખીને સન્માર્ગની આરાધના કરવાથી સિદ્ધ થાય છે.

ભાવન-રમણ પ્રભુગુણે,
જોગ ગુણી આધીન નાથ રે;
રાગ તે જિનગુણ રંગમેં,
પ્રભુ દીઠા રતિ પીન નાથ રે. (૮)

ભાવાર્થ:-પ્રભુના અંતર ગુણોમાં જેને રમણતા છે તેવા મુમુક્ષુના યોગ ગુણોને આધીન હોય છે. જેને જિનના ગુણોના રંગમાં રાગ એટલે તન્મયતા છે તેણે પ્રભુને માટે પ્રીતિથી અંતરથી જોયા છે.

હેતુ પલટાવી સવી જોઇ,
ગુણી-ગુણ-ભક્તિ નાથ રે;
તેહ પ્રશસ્ત ભાવે રમ્યા,
સાધે આતમશક્તિ નાથ રે. (૯)

ભાવાર્થ:-હે નાથ, તારી કૃપાદૃષ્ટિથી, પૂર્વ સંસ્કારની જાગૃતિ થવાથી, અંતર્દૃષ્ટિ થતાં જે હેતુઓ બહિર્દૃષ્ટિમાં સંસારભ્રમણ કરાવનાર હતા તે અંતર દૃષ્ટિથી આશ્રવ તે પરિશ્રવરૂપ થાય તેમ ગુણી પ્રત્યે ભક્તિભાવને લઈને સર્વ ગુણોને જોડી દીધાં છે, જેથી પ્રશસ્તભાવે રમણ કરતાં અંતરગુણોના પ્રગટપણાથી આત્મા સન્માર્ગને સાધીને, ઉપાસીને કૃતાર્થ બને છે.

ધન્ય, તન મન વચન સર્વે,
જોડ્યા સ્વામી પાય નાથ રે;
બાધક કારણ વારતાં,
સાધક કારણ થાય નાથ રે. (૧૦)

ભાવાર્થ:-હે નાથ, જે મન, વચન, કાયાના ત્રણે યોગ સંસારભાવે જોડાયા હતા તેને સદ્ગુરુના સદ્બોધથી વારીને આત્મભાવમાં લીન કરતાં તે ધન્ય છે કારણકે બાધક કારણો રોકવાથી તે જ યોગો સાધકસહાયક થાય છે.

આતમ તાપ ટળાવતાં,
પ્રગટે સંવર રૂપ નાથ રે;
સ્વસ્વરૂપ રસીયા કરે,
પૂર્ણાનંદ અનુપ નાથ રે. (૧૧)

ભાવાર્થ:-હે નાથ, આત્માના કષાયજન્ય તાપને ઉપશમ વૈરાગ્ય આદિ ગુણોથી ટાળતાં-નાશ કરતાં કર્મના અનાગમન(અટકાવ)રૂપ સંવર પ્રગટે છે જેથી સ્વસ્વરૂપ, સમ્યગ્જ્ઞાન, દર્શનની પ્રાપ્તિ થતાં, આત્મા પરમાનંદી બનતાં પૂર્ણ અનુપ થાય છે.

વિષય, કષાય ઝેર ટળી,
અમૃત થાયે એમ નાથ રે;
જો પ્રસિદ્ધરૂચી હુવે,
તો પ્રભુસેવા ધરી પ્રેમ નાથ રે. (૧૨)

ભાવાર્થ:-હે નાથ, આપની કૃપાથી વિષય કષાયરૂપ જે ઝેર હતું તે ઉપશમરૂપ થવાથી અમૃતરૂપ બન્યું છે, જો અંતર જિજ્ઞાસા સાચી અને સબળ હોય તો પ્રભુસેવા તરફ અનન્ય ભક્તિ, વિશુદ્ધ પ્રેમ અને અટલ શ્રદ્ધા હોય તો જ અમૃતરૂપ થાય છે.

કારણ રંગી કાર્યને,
સાધે અવસર પામ નાથ રે;
દેવચંદ્ર જિનરાજની,
સેવા શિવસુખધામ નાથ રે. (૧૩)

ભાવાર્થ:-હે નાથ, મિથ્યાત્વજન્ય દૃષ્ટિથી સ્વચ્છંદવા અસદ્ગુરુની નિશ્રાથી, મનોકલ્પિત કાલ્પનિકાભાસને છોડીને સત્સાધનની ઉપાસના કરનાર કારણનો જે રંગી-પ્રેમી તે અવસર કાર્યને અવસર પામીને સાધી લે છે; માટે શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે-શ્રી વીતરાગ દેવની નિષ્કામભક્તિથી કરેલી સેવા એ પરમપદનું ધામ છે.

તીર્થંકર પરમાત્માના ૩૪ અતિશયોની વિશિષ્ટતા

પન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણી

'સવિ જીવ કરું શાસનરસી' એ મહાઅહિંસક અને વિશ્વવત્સલ એવી ઉદાર ભાવનાના પ્રતાપે તીર્થંકર ગોત્ર બાંધી ત્રીજે ભવે વીશ સ્થાનક તપાદિ દ્વારા નિકાચિત કરી તીર્થંકર થનાર પરમાત્મામા, જન્મથી, કર્મના ક્ષયથી અને દેવોએ કરેલા અતિશયો વર્તે છે, તેવા સર્વસ્વ અતિશયો તીર્થંકર સિવાય વિશ્વની કોઇ પણ વ્યક્તિમા વર્તતા નથી.

પછી ભલેને એ વ્યક્તિ જગતમા દેવ કે દેવેન્દ્ર તરીકે કહેવાતી હોય, રાજા મહારાજા, દેશનેતા કે ચક્રવર્તી તરીકે કહેવાતી હોય, ધર્મના મહાન્ ધુરંધર શીરસ્તા કે ધર્મગુરુ તરીકે કહેવાતી હોય, અજબ જાદુગર ઇન્દ્રજાળીયા કે માયાવી આદિ તરીકે કોઇ પણ કહેવાતી હોય.

એ સર્વસ્વ માન અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણીમા થયેલા તીર્થંકરોની જેમ, આજથી ૨૪૮૩ વર્ષ પૂર્વે થયેલ ચોવીશમા ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્મા જ કેવલ ખાટી જાય છે એ એમના અઠિતીય અને વિશુદ્ધ સાધન્ત જીવનના ઇતિહાસ પરથી જોઈ શકાય છે. આજે પણ ભારત અને ભારતની બહારની જનતા, તેમના નિર્મળ ને નિરુપમ જીવનની મુક્તકંઠે પ્રશંસા કરી રહેલ છે. અને એમને દુનિયાની એક અજોડ દેવમૂર્તિ, દયાવારિધિ, મહાન્ તપસ્વી અને સર્વજ્ઞ વિભૂતિ વગેરે તરીકે સમ્બોધી રહી છે.

હવે એ પ્રભુના અનુપમ ચોત્રીશ અતિશયોની વિશિષ્ટતાનુ જ માત્ર અત્ર દિગ્દર્શન કરાવાય છે.

જન્મથી ચાર અતિશય–

[૧] એ તીર્થંકર પરમાત્માનો દેહ જન્મથી જ વિશ્વના સર્વ લોકો કરતા લોકોત્તર અને અત્યંત અદ્ભુત સ્વરૂપવાન હોય છે. જેમને કોઇ પણ પ્રકારનો વ્યાધિ હોતો નથી અર્થાત્ સર્વથા વ્યાધિ રહિત હોય છે.

જેમને કોઇ પણ ત્વિસ પરસેવો થતો નથી અર્થાત્ સર્વથા પરસેવાથી રહિત હોય છે.

જેમનો દેહ કોઈ પણ પ્રકારની મલિનતાવાળો–મેલવાળો હોતો નથી અર્થાત્ સર્વથા મેલરહિત હોય છે.

[૨] એ તીર્થંકર પરમાત્માનો શ્વાસોશ્વાસ કમળની સુગંધ જેવો સુગન્ધી હોય છે.

[૩] એ તીર્થંકર પરમાત્માના દેહનું માંસ અને રુધિર (લોહી) ગાયના દૂધ જેવું શ્વેત–ઉજ્વલ હોય છે.

[૪] એ તીર્થંકર પરમાત્માનો આહાર અને નિહાર ચર્મચક્ષુવાળા જીવોને (મનુષ્યો વગેરેને) અદૃશ્ય હોય છે.

કેવલ, અવધિ વગેરે જ્ઞાનવાળી વિશિષ્ટ વ્યક્તિઓ જોઇ શકે છે, અન્ય નહિં.

આ ચારે અતિશયો પ્રત્યેક તીર્થંકર પરમાત્માને જન્મથી જ હોય છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે પણ સ્વરચિત અભિધાનચિન્તામણિમાં એ ચારે અતિશયોનો ઉલ્લેખ કરેલો છે. જુઓ—

'तेषां च देहोऽद्भुतरूपगन्धो,
निरामयः स्वेदमलोज्झितश्च ।
श्वासोऽब्जगन्धो रुधिरामिषं तु,
गोक्षीरधाराधवलं ह्यविस्रम् ॥ ५७ ॥
आहारनीहारविधिस्त्वदृश्य–
श्चत्वार एतेऽतिशयाः सहोत्थाः ।'
[अभिधानचिन्तामणौ १ देवाधिदेवकाण्डे]

પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ પણ શ્રી આદિનાથ જિનેન્દ્રના સ્તવનમાં કહે છે કે—

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ ઇન્દ્રાણી, નયન જે
ભૃંગ પરે લપટાય. (૧)

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ માનું કોઇ નવિ કરે,
જગમાં તુમશું રે વાદ. (૨)

વગર ધોઇ તુજ નિર્મલી, કાયા કંચનવાન;
નહિ પસ્વેદ લગાર તારે તું તેહને,
જે ધરે તાહરું ધ્યાન. (૩)

રાગ ગયો તુજ મનથકી, તેહમાં ચિત્ત ન કોય;
રુધિર આમિષથી રાગ ગયો તુજ જન્મથી,
દૂધ સહોદર હોય. (૪)

શ્વાસોચ્છ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાદ;
દેખે ન આહાર નીહાર ચરમ ચક્ષુધણી,
એહવા તુજ અવદાત. (૫)

કર્મના ક્ષયથી અગિયાર અતિશય—

આઠ કર્મ પૈકી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મના ક્ષયથી લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાનાદિ પ્રગટ થતાંની સાથે જ તીર્થંકર પરમાત્માને ૧૧ અતિશયો પણ ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે—

[૧] એ તીર્થંકર પરમાત્માને દેશના આપવા માટે દેવોએ એક યોજન વિસ્તારવાળી ભૂમિમાં રચેલા દિવ્ય સમવસરણમાં કરોડો દેવો, મનુષ્યો અને તિર્યંચોનો સમાવેશ થાય છે, અને પરસ્પર સંકોચની બાધા વિના સૌ સુખપૂર્વક બેસે છે; એ જ એ તીર્થંકર પરમાત્માનો ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો પ્રથમ અતિશય છે.

[૨] એ તીર્થંકર પરમાત્માએ ત્રણ ભુવનની અગણ્ય જનતા સમક્ષ, પાંત્રીશ ગુણ યુક્ત અર્ધમાગધી ભાષામાં આપેલી દેશના, એક યોજનના (ચાર ગાઉના) સમવસરણમાં રહેલા સર્વ પ્રાણીઓને લાઉડસ્પીકર વિના એક જ સરખીરીતે સૌને પોતપોતાની ભાષામાં (દેવોને દેવી ભાષામાં, મનુષ્યોને માનુષી ભાષામાં, ભિલ્લ લોકોને પોતાની ભાષામાં અને તિર્યંચોને પણ પોતપોતાની પશુ-પક્ષીની ભાષામાં) સંભળાય અને સમજાય તથા ધર્મનો અવબોધ કરનારી થાય; એ જ તીર્થંકર પરમાત્માનો ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો બીજો અતિશય છે.

[૩] એ તીર્થંકર પરમાત્માના મસ્તકની (માથાની) પાછળ બાર સૂર્યબિંબની તેજસ્વી કાન્તિથી પણ અધિક તેજસ્વી અને મનુષ્યોને પણ મનોહર લાગે તેવું ભામંડળ હોય છે. એટલે કાન્તિના સમૂહનો ઉદ્યોત પ્રસરેલો હોય છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો ત્રીજો અતિશય છે.

[આ અતિશયને લઇને જ સુખપૂર્વક એ તીર્થંકર પરમાત્માની સન્મુખ જોઇ શકાય છે; નહિતર પ્રેક્ષકોને સામુ જોવું પણ અત્યંત દુર્લભ થઇ પડે કારણ કે અતિશય તેજસ્વીપણું હોય છે.]

[૪] એ તીર્થંકર પરમાત્મા મહીતલ ઉપર જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ ચાર દિશામાં પચીશ પચીશ યોજન (સો સો ગાઉ), તથા ઊર્ધ્વ (ઊંચે) ને અધો (નીચે) એ બન્ને દિશામાં સાડા બાર-સાડા બાર યોજન (પચાસ પચાસ ગાઉ) સુધીમાં એટલે કુલ સવાસો યોજન (પાંચસો ગાઉ) સુધીમાં, પ્રથમ ઉત્પન્ન થયેલા જ્વરાદિક રોગો નાશ પામે છે અને નવા રોગો ઉત્પન્ન થતા નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો ચોથો અતિશય છે.

१—देवा देवीं नरा नारीं, शबरश्चापि शाबरीम् ।
तिर्यञ्चोऽपि हि तैरश्चीं, मेनिरे भगवद्गिरम् ॥१॥

[उपदेशप्रासाद स्तंभ—१, व्याख्यान—१]

[૫] એ તીર્થંકર પરમાત્મા જ્યા હોય ત્યાથી પૂર્વની જેમ સવાસો યોજન (પાચસો ગાઉ) સુધીમા, પ્રાણીઓને પૂર્વભવમા બાધેલાં અને જાતિથી ઉત્પન્ન થયેલાં સ્વાભાવિક વૈરભાવ એકબીજાને પરસ્પર પીડા કરી શકતાં નથી અર્થાત્ વૈરભાવની પણ પરસ્પર પરમ શાન્તિ રહે છે. એજ એ તીર્થંકર પરમાત્માનો પાચમો અતિશય કહેવાય છે.

[૬] એ તીર્થંકર પરમાત્મા જ્યા હોય ત્યાથી પૂર્વની માફક સવાસો યોજન (પાચસો ગાઉ)સુધીમા ઈતિ ધાન્ય વગેરેને નાશ કરનારા તીડો, સડા અને ઉંદર આદિ જીવજંતુઓ ઉત્પન્ન થતા નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો છઠ્ઠો અતિશય કહેવાય છે.

[૭] એ તીર્થંકર પરમાત્મા જ્યા હોય ત્યાથી પૂર્વની જેમ સવાસો યોજન (પાચસો ગાઉ) સુધીમા, મારી (મરકી), દુષ્ટ દેવો વગેરેએ કરેલ ઉત્પાત (ઉપદ્રવ) અને અકાલ મૃત્યુ એમાથી એક પણ થતા નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો સાતમો અતિશય કહેવાય છે.

[૮] એ તીર્થંકર પરમાત્મા જ્યા હોય ત્યાથી પૂર્વની માફક સવાસો યોજન (પાચસો ગાઉ) સુધીમા, અતિવૃષ્ટિ થતી નથી. અર્થાત્ ઉપરાઉપર નિરન્તર વરસાદ થતો નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો અતિશય કહેવાય છે.

[૯] એ તીર્થંકર પરમાત્મા જ્યા હોય ત્યાથી પૂર્વની જેમ સવાસો યોજન (પાચસો ગાઉ) સુધીમાં, અનાવૃષ્ટિ થતી નથી અર્થાત્ સર્વથા જળનો અભાવ થતો નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો નવમો અતિશય કહેવાય છે.

[૧૦] એ તીર્થંકર પરમાત્મા જ્યા હોય ત્યાથી પૂર્વની માફક સવાસો યોજન (પાચસો ગાઉ) સુધીમા દુર્ભિક્ષ-દુકાળ પડતો નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો દશમો અતિશય કહેવાય છે.

[૧૧] એ તીર્થંકર પરમાત્મા જ્યા હોય ત્યાંથી પૂર્વની જેમ સવાસો યોજન (પાચસો ગાઉ) સુધીમાં, સ્વરાષ્ટ્રનો (પોતાના રાજ્યના લશ્કરનો) ભય અને પરરાષ્ટ્રનો (બીજા રાજ્ય સાથે સંગ્રામ વગેરે થવાનો) ભય ઉત્પન્ન થતો નથી એ જ એ તીર્થંકર પરમાત્માનો અગિયારમો અતિશય કહેવાય છે

એ અગિયારે અતિશયો પ્રત્યેક તીર્થંકર પરમાત્માને ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા હોય છે.

જુઓ-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ ભગવંતે અભિધાનચિન્તામણિમા કરેલો ઉલ્લેખ -

अथ कर्मक्षयजानतिशयानाह-

क्षेत्रे स्थितिर्योजनमात्रकेऽपि,
नृदेवतिर्यग्जनकोटिकोटेः ॥५८॥

वाणी नृतिर्यक्सुरलोकभाषा-,
संवादिनी योजनगामिनी च ।
भामण्डलं चारु च मौलिपृष्ठे,
विडम्बिताहर्पतिमण्डलश्रि ॥५९॥

साम्रे च गव्यूतिशतद्वये रुजा
वैरेतयो मार्यातिवृष्टयवृष्टयः ।
दुर्भिक्षमन्यस्वकचक्रतो भयं
स्यान्नैत एकादश कर्मघातजाः ॥६०॥

अभिधानचिन्तामणौ, १ देवाधिदेवकाण्डे
(ચાલુ)

अनुक्रम

૧.	ધર્મ અને અમરતા		૩૩
૨.	સમર્પણા	(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર')	૩૪
૩.	ન્યાયાચાર્યની અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ	(પ્રો. હીરાલાલ ર. કાપડિયા)	૩૬
૪.	મહાન ઉદ્ધારી મનિકાચાર્ય	(શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી)	૩૯
૫.	સ્વાશ્રયી બનો : ૭	(અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ)	૪૨
૬.	સત્તરભેદી પૂજા-સાર્થ	(પં. શ્રી રામવિજયજી ગણિ)	૪૪
૭.	ધર્મ-કૌશલ્ય	(સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા)	૪૬
૮	સ્વીકાર		૪૮

નવા સભ્યો

૧. શેઠ મોનાભાચંદ નવલચંદ મુંબઇ — લાઇફ મેમ્બર
૨ શ્રી ગુજરાતી જૈન શ્વે. ત જૈન જ્ઞાનભંડાર હ' વોરા દેવશીભાઈ માણેકચંદ ઝરીયા. લાઇફ મેમ્બર
૩ દોશી કાંતિલાલ જગજીવન-ભાવનગર — વાર્ષિક મેમ્બર

સભાની સાહિત્ય પ્રવૃત્તિ

પોતાની લાક્ષણિક શૈલી અને સુપ્રસિદ્ધ લેખક મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજીના હસ્તે લખાએલ "સંસ્કાર-સંભાર"ની યોગ્ય સુધારા-વધારા સાથે નવી આવૃત્તિ તૈયાર થઇ ગઇ છે જે આ સભા તરફથી ટૂંક સમયમાં પ્રગટ થશે

સંસ્કારપ્રેમી જનતામાં આ ગ્રંથ ખૂબ આદર પામેલ છે જૈનેતર વર્ગે પણ તેને અપનાવેલ છે. આપે આ ગ્રંથ ન વસાવેલ હોય તો તુરત આપના ઓર્ડર નોંધાવવા વિનંતિ છે.

ધર્મકૌશલ્ય સ્વ મોતીચંદ ગિરધર કાપડિયાનું સાહિત્ય સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીએ લખેલ "વ્યવહાર કૌશલ્ય" અને "વ્યાપાર કૌશલ્ય" ગ્રંથરત્ન પ્રગટ થતા વાચકોએ તેનો ખૂબ સત્કાર કર્યો છે. આ શૈલિએ જ તેઓશ્રી "ધર્મ-કૌશલ્ય"ની લેખમાળા શ્રી આત્માનંદ પ્રકાશમાં લખી રહ્યા હતા અને તેમના બાકી રહેલ લખો હજુ પણ શ્રી આત્માનંદ પ્રકાશમાં પ્રગટ થઇ રહ્યા છે

આ લેખમાળાને પુસ્તકરૂપે પ્રગટ કરવાની માગણી આવતા તે ગ્રંથ છપાવવો શરૂ થયો છે અને એકાદ માસમાં તે પણ પ્રગટ કરવામાં આવશે

સંસ્કાર અને સંસ્કૃતિના ઘડતર માટે આ ગ્રંથ આબાલવૃદ્ધ સૌએ વાંચવા-મનન કરવા યોગ્ય છે. આપને ત્યાં આ ગ્રંથ વસાવી લેવા ખાસ વિનંતી છે.

અવસાન-નોંધ

આ સભાના આજીવન સભ્યશ્રી ગુલાબચંદ વાલજી વકીલ, વઢવાણનિવાસીના મં. ૨૦૧૪ના માગશર વદ ૫ બુધવારના રોજ સુરેન્દ્રનગરખાતે થએલ અવસાનની નોંધ લેતા અમો અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ

સદ્‌ગત વઢવાણ સંઘના એક ઉત્સાહવાન મૂંગા સેવક હતા, તેમજ આ સભાના ઉત્કર્ષ માટે તેઓશ્રી પોતાનો બનતો સાથ આપી રહ્યા હતા. અમો સદ્‌ગતના આત્માની શાન્તિ પ્રાર્થીએ છીએ

શ્રી જૈનધર્મપ્રકાશ

વર્ષ ૫૧ મું] સં. ૨૦૧૪ પોષ [અંક ૩

ધર્મ અને અમરતા

પૂ. ઉ. શ્રી મેઘવિજય મહારાજ પોતાની અર્હદ્ગીતામાં છઠ્ઠા અધ્યાયના પંદરમા શ્લોકમાં કહે છે કે—

> वातं विजयते ज्ञानं दर्शनं पित्तवारणम् ।
> कफनाशाय चरणं धर्मस्तेनामृतायते ॥

જ્ઞાન વાતદોષને જીતે છે, દર્શન પિત્તદોષનું નિવારણ કરે છે અને ચારિત્ર કફદોષનો નાશ કરે છે એટલે ધર્મ અમૃતસ્વરૂપ છે.

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ ધર્મનું સ્વરૂપ છે. સામાન્ય રીતે વાતદોષવાળા ઓછી બુદ્ધિવાળા હોય છે. સમ્યગ્જ્ઞાનથી બુદ્ધિમંદતાનો એટલે વાતનો નાશ થાય છે. પિત્તદોષવાળા ક્રોધ આદિથી ભરેલા હોય છે. સમ્યગ્દર્શનથી ક્રોધ આદિ કષાયોનો એટલે પિત્તનો નાશ થાય છે. કફદોષવાળા ઓછા કાર્યરત હોય છે. સમ્યક્ચારિત્રમાં ક્રિયાત્મક પ્રવૃત્તિઓ હોય છે એટલે તેનાથી કાર્યમંદતા અર્થાત્ કફનો નાશ થાય છે. આમ જ્ઞાનદર્શનચારિત્રથી ત્રણે દોષોનો નાશ થતાં ધર્મ અમરતા આપનાર બને છે.

સમર્પણા

(કવિ-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ)

(પૂજા તો આપણે કરીએ છીએ, પણ તેમાં સમર્પણા કયાં છે? એ સમર્પણા તો ધૂપ દીપ જ કરે છે.)

મારી કેવી સમર્પણા એ સ્વાર્થમિશ્રિતા સુખોતણી
જેમાં નહીં તનુકષ્ટ જરાએ અહંકારની જેહ બની
સેવાનું ઉપમાન ન છાજે સ્વાર્થલંપટા કૃતિ ખરી
હું પણ ભરિયું ઠાસી એમા સંશય એમાં નહીં જરી

ધૂપ બાળતો નિજ તનુ એમાં પૂર્ણ સમર્પણ જુઓ કરે
હું તો ગંધથકી આનંદિત દિલરંજનમાં મસ્ત ખરે
ઘ્રાણેંદ્રિયની મુગ્ધ વાસના એમાં મારી દિસે ગણો
મારી નહીં એ પૂજા દિસે ધૂપ સ્વયં પૂજક જાણો

પોતાના તનની એ કરતો રાખ પ્રભુપૂજન કાજે
હું તો સાક્ષી દૂર રહીને ગંમત દેખું મન લાજે
મારા જેવો લોલુપ સ્વાર્થી નીચ નહીં અર્પણ એમાં
ધૂપ કર્યો મેં પણ મારાથી ધૂપ વધ્યો સ્વાર્પણ જેમાં

વાંછા ધરતો ધનમિલકતની પુત્રપૌત્રના સુખકેરી
સમર્પણા એ ક્રીમ લેખાએ ન્યાયતણા દરબાર ભરી
ધૂપ કરું પણ એમા મારી મોટાઈની ગંધ ભરી
એ દુર્ગંધે કલુષિત કીધી પુણ્યતણી વાંછા મારી

વાણી ઉચરે શબ્દાડંબર સંત મહોદયતણી મુખે
મન વિલસે કેઈ ઇંદ્રિયકેરી કુવાસનામાં રમે સુખે
કૃતિ થાએ હાથે કોઈ જુદી મેળ ન એનો મળે કદી
સમર્પણા નહીં સ્વપ્નસૃષ્ટિ એ મન તનુ વચનો મેળ નથી

બાળી નિજ તનુ દીપક પ્રગટે અજવાળું નિજ તનકેરું
કુસુમ સમર્પે પ્રભુચરણોમાં જાણે પૂજન હું જ કરું
એવી સુંદર સમર્પણા ને સ્વાર્થી પૂજા કયા મારી?
અહંકાર છોડયાવિણ પૂજન વ્યર્થ ગણો ખટપટ સારી

સમર્પણાની પૂજા કરતા મુનિજન સંત નિજાત્માથી
ત્રિકરણયોગે આત્મસમર્પણ પ્રભુચરણે નિજ ચિત્તથકી
સ્વાર્થતણી કોઈ ગંધ ન એમાં પ્રભુગુણમાં જસ ચિત્ત રમે
પૂજા કાજે મમતા છોડે નિજ તનમનને નિત્ય દમે

ગૌતમઋષિએ પૂજા કીધી વીર વીર નિજ ચિત્ત ધરી
આત્મસિદ્ધિ સાધી સર્વોશે આત્મ સમર્પી સિદ્ધિ વરી
ધન્ય એહ જે પૂજા મુનિની પ્રભુચરણે નિજ દેહ ધરે
સમર્પણાની પૂજા સાધી સંતતણા ત્યાં ચિત્ત ઠરે

ઉદય આવજો પૂજા એવી સંતતણું અનુકરણ થજો
તમ અજ્ઞાનતણો જઈ મનનભ જ્ઞાનસૂર્યનો ઉદય થજો
મનતનુવચની એકરૂપતા આત્મસમર્પણ ચિત્ત વધો
બાલેન્દુને સમર્પણાના પૂજનથી આનંદ થજો.

यथा खरश्चंदनभारवाही
भारस्य वेत्ता न तु चंदनस्य ।
एवं हि शास्त्राणि बहून्यधीत्य
चार्थेषु मूढाः खरवद् वहन्ति ॥

વસંતતિલકા

વહેતા ખરો સતત ચંદનકાષ્ઠભાર,
જાણે જ ભાર, નહિ ચંદનને લગાર;
એવી રીતે મનુજ શાસ્ત્ર ભણી અનેક,
જાણે ન અર્થ કદી તો ખરતુલ્ય છેક.

ન્યાયાચાર્યની અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ.)

'ન્યાયાચાર્ય' તે કોણ એવો પ્રશ્ન કોઇ સાહિત્યરસિક જૈન તો હવે ભાગ્યે જ ઉઠાવે, પરંતુ કેટલા યે અજૈનોને એની ખબર ન હોય એથી હું એ વાત સ્પષ્ટ કરું છું કે 'ન્યાયાચાર્ય' એટલે વિ. સં. ૧૬૫૦ની આસપાસમાં ગુજરાતમાં જન્મેલા અને વિ. સ. ૧૭૪૫ના અરસામાં ગુજરાતમાંથી જ સ્વર્ગે સિધારેલા અને એ દરમ્યાન જૈન જનતાને ન્યાય, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન ઇત્યાદિ વિષયોનું આકંઠ રસપાન કરાવનારા, આડંબરો અને દંભોની ખબર લેનારા, 'તપા'ગચ્છની પ્રતિષ્ઠા અને શોભા વધારનારા તેમજ ન્યાયવિશારદાદિ બિરુદોથી પ્રસિદ્ધિ પામેલા મહોપાધ્યાય યશોવિજય ગણિ.

આ ગણિવર્યે કેટલી કૃતિ રચી હતી એનો કોઇ લેખ મળતો નથી તો પછી એમણે જે જે કૃતિ રચી તેનું નામ કોણ દર્શાવી શકે? તેમ છતાં જે કૃતિઓ એમણે રચેલી મનાય છે તેને અનુલક્ષીને અહીં હું વિચાર કરીશ

એમ લાગે છે કે યશોવિજય ગણિની વિદ્વત્તાથી એમના સમકાલીન તેમજ ઉત્તરકાલીન કેટલાક વિદ્વાનો તો આકર્ષાયા હતા, પરંતુ સામાન્ય જનતા સુધી એ વિદ્વત્તાની ગંગાનો પ્રવાહ પ્રસરાવવાનું કાર્ય તો આજે લગભગ પચાસ વર્ષથી જ હાથ ધરાયું છે. આના પ્રતાપે એમના ગ્રંથો શોધી કાઢવાના કાર્યને વેગ મળ્યો છે અને ઉપલબ્ધ ગ્રંથોને મુદ્રિત કરાવવામાં તેમજ વૃત્તિથી વિભૂષિત કરવામાં તીર્થોદ્ધારક શ્રી વિજયનેમિસૂરિજીએ અને એમના શિષ્યાદિરૂપ પરિવારે મહત્ત્વનો *ફાળો આપ્યો છે.

નિમ્નલિખિત ગ્રંથો યશોવિજય ગણિએ રચ્યા છે અને તે હજી સુધી મળી આવ્યા નથી એમ મનાય છે :—

(૧) અધ્યાત્મબિન્દુ
(૨) અનેકાન્તવાદપ્રવેશ
(૩) અવકારચૂડામણિની વૃત્તિ
(૪) આકરગ્રંથ
(૫) આત્મખ્યાતિ
(૬) આનંદઘનચોવીસીનો બાલાવબોધ
(૭) આપત્રશિક પ્રબન્ધ×
(૮) આલોકહેતુતાવાદ
(૯) એક સો એક બોલ સઝ્ઝાય
(૧૦) છન્દશ્ચૂડામણિની ટીકા
(૧૧) ×ચિત્રરૂપપ્રકાશ
(૧૨) જૈન તર્ક ભાષાનો બાલાવબોધ
(૧૩) જ્ઞાનસારની અવચૂર્ણિ
(૧૪) તત્ત્વાર્થોકનું વિવરણ
(૧૫) ત્રિસૂત્રાર્થોકનું વિવરણ
(૧૬-૧૭) દ્રવ્યાર્થોક અને એની ટીકા
(૧૮) ન્યાયબિન્દુ
(૧૯) ન્યાયવાદાર્થ
(૨૦) પ્રમાણરહસ્ય
(૨૧) મગનવાદ
(૨૨) લતા
(૨૩) વાદરહસ્ય
(૨૪) વાદાર્ણવ
(૨૫) વિધિવાદ
(૨૬) વેદાંતનિર્ણય

---

* આનો સંપૂર્ણ ખ્યાલ આપવા માટે મારા પાસે પૂરતાં સાધન નથી એટલે એ કાર્ય આ. શ્રી વિજયનેમિસૂરિજીના કોઈ સતાનીય કરી શકે

× શું આ કૃતિ ચોરાસી દિક્પટ બોલ પ્રત્યુક્તિથી ભિન્ન છે? જો એમ ન જ હોય તો એ અનુપલબ્ધ તો શું પણ અમુદ્રિત યે ન ગણાય?

+ શું આ કોઇ વાદમાલાનો ભાગ છે?

(૨૭) વેદાન્તવિવેકસર્વસ્વ
(૨૮) શઠ પ્રકરણ
(૨૯) સપ્તભંગીતરંગિણી
(૩૦) સિદ્ધાન્તતર્કપરિષ્કાર
(૩૧) સિરિપુજ્જલેહ (શ્રીપૂજ્યલેખ)
(૩૨) હરિયાળીનો ટબ્બો

આ ગ્રંથો પૈકી કેટલાક યશોવિજય ગણિના જ છે કે કેમ તે વિષે મને શંકા છે. કેમકે અમુક ગ્રંથ એમનો જ લખેલો છે એમ નિશ્ચિતરૂપે માનવા માટે કાં તો એ ગ્રંથ વિષે પોતે રચ્યાનો ઉલ્લેખ એ ગણિએ જાતે પોતાના કોઇ ગ્રંથમાં કરેલો હોવો જોઇએ અગર તો અન્ય કોઇના વિશ્વસનીય ગ્રંથમાં એ ગ્રંથ યશોવિજય ગણિએ રચ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઇએ. ગમે તેમ અત્યારે તો ઉપર્યુક્ત લગભગ અર્ધા ગ્રંથો અમુદ્રિત છે એ વાત તો ખરી છે.

ઉપલબ્ધ ગ્રંથોનો વિચાર કરીશું તો જણાશે કે કોઈ કોઇ ગ્રંથ તો હજી પૂરેપૂરો મળ્યો નથી. તેમ છતાં અહીં તો ખંડિત તેમજ અખંડિત એમ બંને પ્રકારના ઉપલબ્ધ ગ્રંથો અભિપ્રેત છે. ન્યાયાચાર્યે સંસ્કૃત, પાઇય (પ્રાકૃત), ગુજરાતી અને હિન્દી એમ ચાર ભાષાઓમાં ગ્રન્થો રચ્યા છે. એ પૈકી કઈ ભાષામાં કયા કયા ગ્રંથ અમુદ્રિત જણાય છે તે હવે હું દર્શાવું છું :—

(અ) સંસ્કૃત [૨૦]

(૧) આધ્યાત્મિકમતખંડનની ટીકા
(૨) આર્યબીજ ચરિત (મહાકાવ્ય)
(૩) કર્પૂરપ્રકરની ટીકા
(૪) કાવ્યકલ્પલતાની ટીકા
(૫) કાવ્યપ્રકાશની ટીકા
(૬) જ્ઞાનાર્ણવની ટીકા
(૭) તિ્ન્યોક્તિ
(૮) પ્રમેયમાલા
(૯) યોગદૃષ્ટિસમુચ્ચયની અવચૂરિ
(૧૦) યોગબિન્દુની અવચૂરિ
(૧૧) વાદમાલા [બીજી]
(૧૨) ,, [ત્રીજી]
(૧૩) વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય વિજ્ઞપ્તિપત્ર
(૧૪) વિષયતાવાદ
(૧૫) વૈરાગ્યરતિ
(૧૬) સિદ્ધાન્તમંજરીની ટીકા
(૧૭) સ્યાદ્વાદરહસ્ય [લઘુ]
(૧૮) ,, [મધ્યમ]
(૧૯) ,, [બૃહત્]
(૨૦) સ્યાદ્વાદમંજરીની ટીકા

આ પૈકી કર્પૂરપ્રકરની તેમજ કાવ્યકલ્પલતાની ટીકા રચનાર પ્રસ્તુત યશોવિજય ગણિ છે કે કેમ તેની તપાસ કરવી બાકી છે.

(આ) પાઇય [૦]

યશોવિજયજી ગણિનો કોઇ પાઇયમાં રચાયેલો ગ્રંથ ઉપલબ્ધ હોવા છતાં અમુદ્રિત હોય એમ જણાતું નથી.

(ઇ) ગુજરાતી [૧૨]

(૧) અજ્ઝપ્પમયપરિક્ખાનો બાલાવબોધ
(૨) કાયસ્થિતિ સ્તવન
(૩) જૈન તર્કભાષાનો બાલાવબોધ
(૪) તત્ત્વાર્થાધિગમસૂત્રનો બાલાવબોધ
(૫) તેર કાઠિયાનો નિબંધ
(૬) પંચનિયંઠસંગહણીનો બાલાવબોધ
(૭) વિચારબિન્દુ યાને ધર્મપરિક્ષાનું વાર્તિક
(૮) સંયમશ્રેણિ વિચાર સજ્ઝાયનો ટબ્બો
(૯) દોઢસો ગાથાના સ્તવનનો બાલાવબોધ
(૧૦) સમકિતનાં છ સ્થાનને અંગેની ચોપાઇનો ટબ્બો
(૧૧) સવાસો ગાથાના સ્તવનનો બાલાવબોધ
(૧૨) સાડી ત્રણસો ગાથાના સ્તવનનો બાલાવબોધ

સાધ્વીઓને અહીં બોલાવી લાવ્યા. એ પ્રકારે એ ૬૬ સાધિ સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં આવ્યા. ત્યાર પછી તેમના દ્વારા ગર્દભિલ્લનો ઉચ્છેદ કરાયો. આવી નોંધ 'નિશિથચૂર્ણિ' 'કાલકપ્રબંધ' આદિમાં છે.

(૩) ભ. વર્ધમાનસ્વામી પછી પાંચમની સંવત્સરીને ચોથના દિને મનાવનાર કાલકાચાર્ય થયા. સાતવાહન રાજાના આગ્રહથી એ ફેરફાર કરી, સભા સમક્ષ સૌ પ્રથમ કલ્પસૂત્ર વાંચવામાં આવ્યું

(૪) શ્રી વીરજિનેન્દ્ર પછી ૩૨૦ વર્ષે કાલકાચાર્ય થયા, જેમણે ઇન્દ્રની આગળ નિગોદનું સ્વરૂપ વર્ણવી, તેને પ્રતિબોધ પમાડયો. (વિચારશ્રેણી)

(૫) ઉજ્જયિની નગરીમાં સૂત્રાર્થના જ્ઞાતા આર્ય કાલક નામના આચાર્ય પોતાના પરિવાર સહિત પધાર્યા હતા. તેમના પ્રશિષ્ય સાગરમુનિ નામના વિદ્વાન્ શ્રમણ સુવર્ણભૂમિ તરફ વિહાર કરી ગયા હતા બાકી જે શિષ્યો આર્ય કાલક પાસે રહ્યા હતા, તેઓ પાછળથી પ્રમાદમાં પડયા, અને ગુરુમહારાજ એવા આર્ય કાલકને લાગ્યું કે જ્યારે આ શિષ્યો અનુયોગ શ્રવણ કરવામાં મંદ છે, ત્યારે તાથી તેમને ખબર આપ્યા વગર પોતે પોતાના પ્રશિષ્ય સાગર મુનિ પાસે સુવર્ણ ભૂમિ તરફ વિહાર કરી ગયા પેલા શિષ્યો પાછળથી ત્યાં પહોંચી જાય છે. ત્યાર જ તેમનાં પૂર્વે આવેલ અને સાગર મુનિને પોતાની જાત ઓળખાવ્યા વગર, તેમની જ વસ્તીમાં રહેલ-એવા દાદાગુરુ આર્ય કાલકના આગમન ઉપરનો પડદો દૂર થાય છે. ગુરુમહારાજ નજરે નિહાળતાંની સાથે મુનિની ઉપદેશશક્તિથી પ્રસન્ન થાય છે. અને ધૂળીપુંજનું દૃષ્ટાન્ત આપી એ વિનીત શિષ્યને ગર્વ ન કરવાની શિખામણ આપે છે એ દૃષ્ટાન્ત આ પ્રમાણે છે –

આચાર્યશ્રી હાથથી ધૂળનો ખોબો ભરી, પ્રથમ એક સ્થાને મૂકે છે, તાથી ઉઠાવી, બીજે સ્થાને, ફરીથી ઉઠાવી ત્રીજે સ્થાને, એમ પાંચેક સ્થળે એ ફેરવે છે. શિષ્યોને બતાવે છે કે પ્રથમ સ્થાને જેટલો પુંજ હતો તેટલો બીજે સ્થાને નથી આવતો, થોડી ધૂળ પહેલા સ્થાને રહી ગઇ છે અને એ પ્રમાણે આગળના સ્થાને એ પુંજ ઓછો થઈ ગયો છે. એ માફક પૂજ્ય એવા તીર્થંકરો, તેમની પાસેથી ગણધર મહારાજાઓ, અને એ પછી આચાર્યો તેમજ ઉપાધ્યાયોની પરંપરામાં આવેલ શ્રુતજ્ઞાનમાં કોણ કહી શકે તેમ છે કે એ રીતે આવતાં વચમાં કેટલું છૂટી ગયું છે. એ કારણે સર્વજ્ઞતા માને શ્રુતના પૂર્ણજ્ઞાતા હોવાનો મર્મ કદી પણ ન કરવો. સાગર મુનિ પોતાની ભૂલ બદલ મિથ્યા દુષ્કૃત દે છે અને આર્ય કાલક સર્વ શિષ્યોને અનુયોગજ્ઞાન આપે છે.

ઉપર પ્રમાણે પાંચ મુખ્ય બાબતોમાં આર્ય કાલકનું નામ આવે છે. એમાં એ મહાત્માએ જે ભાગ ભજવ્યો છે એ અત્યારના સમયમાં ખાસ વિચારણીય છે. તેઓશ્રીએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવરૂપ પ્રભુઆજ્ઞાને ધ્યાનમાં રાખી કામ ન લીધું હોત તો આજે જે લાભ મળી રહ્યો છે એ મળત નહીં-સભા સમક્ષ બારસાસૂત્ર આવ્યું જ ન હોત

રાજસત્તાથી મહાજન ને પ્રજા દબાઇ ગઇ હતી અને એક પવિત્ર સાધ્વીના શીલખંડનનો પ્રશ્ન નેત્ર સામે ડોકિયાં કરી રહ્યો હતો એનો સામનો ન થતે તો રાજવીનો અનાચાર મર્યાદા ઓળંગી જતે અને પ્રજાભાવ ખાયલી બની જતે. આપદ્ધર્મ વિચારી આ ગીતાર્થ સૂરિએ જે પગલું ભર્યું તે અજોડ છે. ચારિત્રધર્મના માપે દોષિત પણ છે, છતાં સંઘની એક જવાબદાર વ્યક્તિને છાજે તેવું છે. અને વિષમ સંયોગો ઉપસ્થિત થયા હોય તો અવશ્ય આદરણીય છે. વર્તમાન મુનિરાજોની આખ ઉઘાડનારું છે. ભારે મૂકીને કહીએ તો તળાજાના પ્રસંગ ટાણે કિંવા આજના રેતવાસ પ્રકરણે અંગે આચરણમાં મૂકી બતાવવા જેવું છે. એવું ખમીર દાખવનાર સંતની માફક અમલી કાર્યવાહી વગર આજનો સુષુપ્ત સમાજ જાગૃત થવાનો નથી જ. આજની દશા તો હંસવિહૂણા પિંજર જેવી છે! આત્માનું અમરત્વ કેવળ શબ્દમાં

જ સ્વભાવ છે અને સંસારની અસારતાનો સાદ માત્ર હવામાં ગાજતો હોય ત્યાં સુધી જ સારો લાગે છે! ઉપરની નોંધો પરથી જ પુરવાર થાય છે કે ભારતની બહારના પ્રદેશોમાં પણ આર્ય કાલક વિચર્યા હતા. સુવર્ણદ્વીપની બાબ્યામાં વર્તમાન જાવા, બાલી અને સુમાત્રા જેવા પ્રદેશો સમાય છે. પારસકૂલની મર્યાદા વિચારતાં આજનું ઇરાન એમાં આવે છે આજે તો ભારતના અમુક પ્રદેશો વર્ષો સુધી શ્રમણોના પાદવિહારથી અલિપ્ત રહ્યાની નોંધ છે. મર્યાદિત ક્ષેત્રોમાં જ મોટો સમુદાય વિચરી ભરતામાં ભરી કરી હવે તો અજ્ઞ-ર્ણની સ્થિતિ જન્માવી રહ્યો છે! આચારના નામે વિહાર અંગે બચાવ થાય છે, પણ જરા શાંતિથી વિચારાય તો સૌપ્રથમ એ નવીન પ્રદેશમાં પગ મૂકનારને એ મુશ્કેલીઓ નડીજ હશે ને! આજની માફક સાથે સપરિવાર લઈ વિચરનાર એ કાલના સંતો નહોતા જ. વિશિષ્ટ પ્રકારનું ભવિષ્ય કથન કરવાની શક્તિવાળું જ્ઞાન મેળવવામાં પરિશ્રમ ઓછો નહીં પડ્યો હોય; અને સામે મરણભય ઊભિયા કરતો હોવા છતાં નિતરું સત્ય વદવામાં હિંમતની પૂરી કસોટી થઇ હશે. શાસનપ્રભાવક અને દીર્ઘદર્શી સૂરિપુંગવને અમારા ભૂરિ ભૂરિ વંદન હો.

હિંદી લેખના વિદ્વાન્ લેખકના શબ્દો ટાંકી આ મહત્ત્વના લેખની પૂર્ણાહુતિ કરતાં વર્તમાનકાળના વિદ્વાન્ સાધુમહારાજોને વિનવીએ કે-શોધખોળની પદ્ધતિનો અભ્યાસ કરી આપ નિશ્ચિત કરો કે આર્ય કાલક ઉપરાંત બીજા કોઈ ઐતિહાસિક વ્યક્તિ માટે શંકાના વમળમાં અટવાવું એ આજના યુગને બંધ-બેસતું નથી. આપણી પાસે આગમ-સાહિત્યમાં જે નોંધો સંગ્રહિત છે એ ઉપરથી અભ્યાસપદ્ધતિને કેળ-વાય તો ઘણો ઘણો પ્રકાશ પડી શકે તેમ છે અને જૈનધર્મની તેમજ પૂર્વાચાર્યોની મહત્તા ને દીર્ઘદર્શિતાના મૂલ્યાંકન થઇ શકે છે.

"इस समीक्षा से हम निश्चितरूपसे कह सकते है कि कालक ऐतिहासिक व्यक्ति थे. एक तो उन्होंने अनुयोगादि ग्रन्थों का निर्माण किया और दूसरा इन्हीं ग्रन्थों में से प्रव्रज्या विषयक कालकरचित गाथायें मिली है. निगोद-व्याख्यानकार, सुवर्णभूमिका जाने-वाले, आर्य समुद्र (सागर मुनि) के दादागुरु, और अनुयोगनिर्माता, आजीविका से निमित्त पढनेवाले और जिन्होंने सातवाहन राजा को मथुरा का भविष्य कहा था वह कालक आर्यश्याम ही है. इतना तो निश्चित ही है."

"अब हमें यह सोचना चाहिये कि कालका-चार्य कब सुवर्णभूमि में गये. कालकाचार्य के बारे में विद्वानोंने खूब चर्चा की है. जैन सम्प्रदाय में अनेक कालकाचार्य-कथानक मिलते हैं डॉ. डब्ल्यु. नोर्मन ब्राउनने आपने 'Story of Kalak' नामक ग्रन्थमें ऐसे कई कथानकों, और कहावलि अन्तर्गत कालक कथानक और चूर्णिग्रन्थों में से भी कितनेक उल्लेख किये है. डो ब्राउनने इस विषय में पूर्व में हुई चर्चाकी सूची भी दी है. मुनिश्री कल्याणविजयजीने प्रभावक-चरित्र के गुजराती भाषा-न्तर की प्रस्तावना में कालकाचार्य के विषयमें चर्चा की है. श्री साराभाई नवाब प्रकाशित कालकाचार्य कथा में इन सब कथानकों-चूर्णियों के पाठ दिये है किन्तु चूर्णियोंके कुछ संदर्भ संक्षिप्त है...आशा है कि इन प्रकाशनोंको सामने रखकर विद्वद्गण आगे की चर्चा को पढेंगे.

સ્વાશ્રયી બનો

(૭)

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

(ગતાંક પૃષ્ઠ ૧૧ થી શરૂ)

જે મનુષ્યો પોતાના લક્ષસ્થાન તરફ હમેશા દૃષ્ટિ રાખે છે અને ત્યાં પહોંચવાની પોતાની શક્તિમા જેઓની શ્રદ્ધા વધારે અને વધારે દૃઢમૂળ થતી જાય છે, તેઓ જ સ્વીકૃત કાર્યો સિધ્ધ કરવા સમર્થ બની શકે છે વિજયના અથવા કાર્યસિદ્ધિની ધોરણે વળગી રહેવામા અને અંગીકૃત કાર્ય સાધવાની પોતાની શક્તિમા શ્રધ્ધાને સંપૂર્ણ રીતે ટકાવી રાખવામાં જ સર્વસ્વ રહેલુ છે. હજારો માણસો પોતાના કાર્યોમા નિષ્ફળ થાય છે કેમકે નિષ્ફળતા પ્રાપ્ત થશે એવા વિચારથી નિરાશ થઇ કાર્ય અધવચથી તજી દે છે. તેઓ એવા નિશ્ચય પર આવે છે કે ભાગ્ય વિરુદ્ધ હોવાથી યત્ન નિરુપયોગી છે.

તમને અનુભવ હશે કે જ્યારે કોઇ પણ માણસ પોતાની મિલકત ગુમાવે છે અથવા વેપારમા તેને મોટી ખોટ જાય છે ત્યારે પણ જો તે હિમ્મત અને નિશ્ચયને ગુમાવતો નથી તો તે ઘણી જ ત્વરાથી પુનઃ પોતાના પગ ઉપર ઊભો રહી શકે છે વસ્તુત હકીકત એમ છે કે જે મનુષ્ય હિમતવાન નથી હે તો તેનુ ભાગ્ય અત્યત ઉગ્ર હોતુ નથી એવો એક નિયમ છે કે હિમતના નાશની સાથે ઉચ્ચગામી થવાના ગુણોનો સદંતર નાશ થાય છે મૃત્યુવશ થયેલી અથવા નબળી માછલી પ્રવાહની સાથે વહે છે, પરતુ પ્રબળ પ્રવાહની સામે તો ચપળ અને ચાલાક માછલી જ તરી શકે છે. નિષ્ફળતાના કારણોનુ જો આપણે પૃથક્કરણ કરીએ તો આપણને જણાશે કે માલ મિલકતના નુકશાન કરતા આત્મશ્રધ્ધાના નુકશાનથી મનુષ્યો મોટા પ્રમાણમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે ચારિત્રને એક બાજુ રાખીને કહીએ કે આત્મશ્રધ્ધાના નુકશાન સમાન કોઇ પણ નુકશાન નથી તો તે અયથાર્થ નથી, કેમકે આત્મશ્રધ્ધારૂપી પાયો જર્જરિત અને નષ્ટ થાય છે તો તેના ઉપર કશી ઇમારત બાંધી શકાતી નથી. પૃષ્ઠવંશ વગર સીધા ઊભા રહેવાનુ મનુષ્યને માટે અશક્ય છે. જ્યા સુધી મનુષ્યમા અવિચળ ધૈર્ય અને નિશ્ચય છે ત્યા સુધી કોઈ પણ વસ્તુ તેને અધિગત કરવા સમર્થ નથી. નિશ્ચયબળવાળા માણસને કારાગૃહમા પૂરવામા આવે તો પણ તે બનીયનની માફક 'પિલ્ગ્રીમ્સ પ્રોગ્રેસ' જેવું અપ્રતિમ પુસ્તક રચી શકે. કદાચ આ પ્રકારના મનુષ્યને દૃષ્ટિથી વંચિત કરવામા આવે તો પણ તે મિલ્ટનની માફક 'પેરેડાઇઝ લોસ્ટ' અને 'પેરેડાઇઝ રીગેઇન્ડ' જેવા ઉચ્ચ કક્ષાના કાવ્યો જનસમાજ પાસે રજૂ કરી શકે જેવી રીતે વરાળને એક શીશીમા ભરી રાખવાનુ કાર્ય અસંભવિત છે તેવી રીતે શક્તિઓને કારાગૃહમા પૂરી રાખવાનુ–દબાવી રાખવાનુ કાર્ય અશક્ય છે આત્મશ્રધ્ધા મનુષ્યને દેવ સમાન બનાવે છે, જેની ઈચ્છાઓને તો કોઈ સ્વભાવતઃ આધીન થાય છે

•

આ જીવન–નાટકમા જે ભૂમિકા ભજવવાની તમને ઇચ્છા હોય તે ધારણ કરવામા જ સર્વસ્વ રહેલુ છે. તમારે વિજયી મનુષ્યની ભૂમિકા ભજવવી હોય તો તમારે એક વિજયી પુરુષની માનસિક વૃત્તિ, મુખાકૃતિ આદિ ધારણ કરવા જોઇએ.

જે રીતે એક વિજયી પુરુષ પોતાનું જીવન વહન કરે છે તે પરથી સૂક્ષ્મ અવલોકન કરનાર માણસ તેને ત્વરાથી ઓળખી શકે છે. જો તે નેતા હોય છે તો તેનું નેતૃત્વ તેના દરેક પદમાં અને દરેક હિલચાલમાં દૃષ્ટિગોચર થાય છે. તેના વર્તનમાં સર્વત્ર નિશ્ચયબળ દેખાય છે, જાણે કે કાર્યો સાધવાની તેની શક્તિમાં તેને અવિચળ શ્રદ્ધા હોય તેમ તેની ગતિ પરથી વ્યક્ત થાય છે. આત્મશ્રધ્ધાથી ઓતપ્રોત થયેલો તેનો બાહ્ય દેખાવ જ તેણે મેળવેલા વિજયનો સૂચક છે. એથી ઉલટું, દરેક કાર્યમાં નિષ્ફલ થતાં માણસને ચૂંટી કાઢવાનું કામ સહેલું છે. તેની ગતિમાં કોઇ જાતનો નિશ્ચય હોતો નથી, તેનામાં આત્મશ્રદ્ધાનો અભાવ છે એમ તેની ગતિ પરથી સૂચન થાય છે. તે અસમર્થ છે એમ જ તેના પોશાક અને વર્તન પરથી સ્પષ્ટ પ્રતીત થાય છે. તેનું દૌર્બલ્ય તેની પ્રત્યેક હિલચાલમાં પ્રસરી રહેલું જણાય છે. વિજયી મનુષ્યના બંધારણમાં કશું સંદિગ્ધ હોતું જ નથી. તેનામાં સર્વત્ર નિશ્ચય જ જોવામાં આવે છે, તેને કોઈ પણ પ્રોત્સાહનની અપેક્ષા હોતી નથી. તે એકલો પોતાના પગ ઉપર ઊભો રહેવા શક્તિમાન છે. તે આપણી તરફ દૃષ્ટિ ફેરવે છે તે જ ક્ષણે તે વિજયશ્રીથી શોભાયમાન થયેલો જણાય છે. કહેવા કરતાં કરી બતાવવું તેને વધારે પસંદ હોય છે, તેનાં મૌનમાં અદ્ભુત બળ રહેલું હોય છે, અને આપણને પ્રતીત થાય છે કે તે જે કંઇ બોલે છે અથવા કરે છે તેની પાછળ એક પ્રકારની મહાન શક્તિ રહેલી છે. આથી ઊલટું જે માણસ કંઇ પણ કાર્ય કદાપિ સાધી શકતો નથી અને જેનામાં શ્રધ્ધાનો કેવળ અભાવ છે એવા માણસમાં કશું સામર્થ્ય હોતું નથી, તેમજ તે અન્ય લોકો પર સચોટ છાપ પાડી શકતો નથી.

સર્વ શક્તિઓને એકત્ર કરી વિશેષ બળવાન બનાવવાનો અદ્ભુત શક્તિ આત્મશ્રધ્ધામાં રહેલી છે. કોઈ માણસ ગમે તેટલો પ્રતિભાશાળી હોય તો પણ જો તેનામાં આત્મશ્રધ્ધાનો અભાવ હોય છે તો તે તેની પ્રતિભાનો સારામાં સારો ઉપયોગ કદિ કરી શકતો નથી, કારણ કે તે શક્તિ અને કાર્યનું ઐક્ય સાધી શકતો નથી, જેની વિજય પ્રાપ્ત કરવામાં અનિવાર્ય અગત્ય રહેલી છે. જીવનમાં ફતેહમંદ થવા માટે શક્તિની જેટલી જરૂર છે તેટલી જ આત્મશ્રધ્ધાની છે. જો તમારામાં આત્મશ્રધ્ધાનો અભાવ હોય તો તેની પ્રાપ્તિનો સૌથી સહેલો અને સરસ ઉપાય એ છે તે તમારામાં છે એમ તમારે ખાતરીપૂર્વક માનવું. આત્મશ્રધ્ધાથી ભરેલા બાહ્ય દેખાવ સહિત રહેવાનો આરંભ કરો. આમ કરવાથી તમે સ્વશક્તિમાં શ્રધ્ધાવાળા બનશો, એટલું નહિ પણ તમારી શક્તિમાં શ્રધ્ધા રાખવાની તમે અન્ય લોકોને પ્રેરણા કરશો.

જ્યારે ગ્રાહકો આવતા નથી અને એક પણ વસ્તુનું વેચાણ થતું નથી, જ્યારે નોકરો કામકાજ વગર નવરા બેસી રહેતા હોય છે, જ્યારે દુકાન ભાડું, નોકરોના પગાર વગેરે ખર્ચ ચડતા હોય છે ત્યારે એક વેપારીના સ્વભાવની અને શક્તિની ખરેખરી કસોટી થાય છે; તે કયી કોટિનો મનુષ્ય છે અને તેનામાં કેટલું સત્ત્વ છે એ આપણે ત્યારે જ જોઇ શકીએ છીએ. જો તે નબળી બાજુમાં ચીડાય છે, જો તે દરેક માણસને તથા દરેક વસ્તુને દોષપાત્ર ગણે છે અને જો તેના દરેક કાર્ય અને શબ્દથી એમ સૂચવે છે કે આવા કઠિન સમય માટે તેના નોકરો જ જવાબદાર છે તો એમ જાણવું કે એ હજુ જિંદગીના આત્મસંયમ આદિ ઉત્તમ પાઠો શીખ્યો નથી. જ્યારે ધંધો રોજગાર પૂરજોશમાં ચાલતો હોય છે અને પ્રત્યેક વસ્તુ અનુકૂળ હોય છે ત્યારે આનંદી રહેવું સહેલું છે; પરંતુ જ્યારે રોજગાર મંદ ચાલતો હોય છે, જ્યારે જમા બાજુ કરતાં ઉધાર બાજુ વધતી જતી હોય છે, જ્યારે મુશ્કેલીઓ એક પછી એક આવ્યા કરતી હોય છે ત્યારે આનંદી રહેવામાં અખૂટ ધૈર્ય અને હિંમતની મહાન અપેક્ષા છે. મુશ્કેલીઓ દૂર કરવાનો સતત પ્રયાસ કરવામાં

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

પંદરમી ગીત પૂજા

દુહા

ગ્રામ ભલે આલાપીને ગાવે જિનગુણ ગીત;
ભાવે શુદ્ધ જ આતમા જાચે પરમ પુનીત ૧

ફળ અનંત પંચાસકે ભાખે શ્રી જગદીશ;
ગીત નૃત્ય શુદ્ધ નાદસે જો પૂજે જિન ઈશ.....૨

તીન ગ્રામ સ્વર સાતસેં મૂર્ચ્છના એકવીશ;
જિનગુણ ગાવે ભક્તિશું તાર તીસ ઓગણીશ ૩

ભાવાર્થ –આ પદરમી ગીત પૂજા છે સંગીતશાસ્ત્રના અનુભવીઓને માટે આ અતિ આ સ્વાધ વિષય છે. આ ગીતમા સંગીત વિષયિક ગ્રામને સારી રીતે આલાપે–(સ્વરગોચર કરે)–જિનગુણના ગીત ગાવ અને પરમ પવિત્ર એવા શુદ્ધ આતમા મારો મને એવી ભાવનાનો યાચના (માગણી) કરે. શ્રી પંચાશક ગ્રંથમા કહ્યું છે કે–જે ભવ્ય પુરુષ 'ગીત' 'નૃત્ય' શુદ્ધનાદપૂર્વક કરી જિનેશ્વર પ્રભુને પૂજે તેને અનંત ફળ મળે એમ જિનેશ્વર પ્રભુએ ભાખેલુ છે હવે ગાનના ભેદો બતાવે છે. તે આ પ્રમાણે–ત્રણ ગ્રામ–સાતસો સ્વર–એકવીસ મૂર્ચ્છના અને ઓગણપચાસ તાન એવા પ્રકારોપૂર્વક લક્ષ્ય રાખી –જિન ગુણ ગાય...૧–૩.

ઢાળ પંદરમી

રાગ સોરઠી–ઠેકો પંજાબી

જિન ગુણ ગાવત સુરસુંદરી એ આંકણી–
ચંપક વરણી સુર મનહરણી ચંદ્રમુખી શૃંગાર ધરી...જિન–૧
તાલ મૃદંગ બંસરી મંગલ બરોડ ઉપાંગ ધૂની મધૂરી . જિન–૨

આવતા હોય છતા પણ જ્યારે વેપારમા દરેક વસ્તુ પ્રતિકૂળ સ્વરૂપ ધારણ કરે છે, વેપારમા જે પ્રતિષ્ઠા જમાવતા અનેક વર્ષો વ્યતીત થયા હોય છે તે પ્રતિષ્ઠા તમને તજી દેતી હોય છે ત્યારે જગતની વસ્તુઓને તત્ત્વદૃષ્ટિએ જોનાર માણસને માટે પણ પોતાના કુટુંબીઓની સાથે પ્રસન્ન વદન અને અનુકૂળ રહી વર્તવાનું અત્યત મુશ્કેલ છે, પરંતુ આવા વિકટ સમયમા જ ખરેખરા વેપારકુશળ માણસે સંપૂર્ણ શાંતિ રાખવી જોઇએ

(ચાલુ)

દેવ કુમાર કુમારી આલાપે જિન ગુણ ગાવે ભક્તિ ભરી...જિન—૩
નકુલ મુકુંદ વીણા અતિચંગી તાલ છંદ અયતિ સમરી...જિન—૪
અલખ નિરંજન જ્યોતિ પ્રકાશી ચિદાનંદ સતરૂપ ધરી...જિન—૫
અજર અમર પ્રભુ ઇશ શિવંકર સર્વ ભયંકર દૂર હરી...જિન—૬
આતમ રૂપ આનંદઘન સંગી રંગી નિજ ગુણ ગીત કરી...જિન—૭

અર્થ—શ્રી જિનેશ્વર પ્રભુના ગુણો દેવ દેવીઓ મળીને ગાય છે. આ દેવ દેવીની મંડળી ચંપકવરણી છે, દેવના મનને હરણ કરનારી છે, ચંદ્ર જેવા મુખવાળી છે, અને શૃંગારને ધારણ કરીને જિન ગુણના ગીતો ગાય છે. આ ગીતમાં તાલ, મૃદંગ, બંસી, મંગળવાજિંત્રો, બરોડ, ઉપાંગ એવા વાજિંત્રોની સુંદર મધુરી ધ્વનિ ગર્જના કરે છે. આ ગીતમાં દેવ-દેવી સુંદર સ્વરો આલાપે છે. (ગાય છે) એવી રીતે ભક્તિપૂજનથી જિનગુણોનું ગાન કરે છે. વાજિંત્રોની સાથે નકુલ, મુકુંદ, વીણા અતિ મનોહર તાલછંદ તેનો પણ સાથ લઇ ગાયન કરે છે. આ ગાનતાન કરતાં અલખ નિરંજન એવી આત્માની જ્યોતિ પ્રગટે છે. જ્ઞાનાનંદરૂપ સત્ય સ્વરૂપ ધારણ કરાય છે. વળી અજર-અમર પ્રભુ ઐશ્વર્યવાન અને કલ્યાણ કરનાર એવી જિનેશ્વર પ્રભુને ઉપમાઓ ઘટે છે. તેમની ગીત પૂજા સર્વ ભયને દૂર કરનારી થાય છે. વળી આ પૂજા 'આત્માનું સ્વરૂપ' 'આનંદનો સમૂહ' તેની સંગી બને છે. એટલે આત્મિક ગુણોની સોબત કરનારી થાય છે. આત્માના ગુણોમાં આ પૂજા રંગની પુરવણી કરનારી થાય છે. વળી આ પૂજા સ્વયમેવ પોતાના આત્મ ગુણને ગાનારી થાય છે એટલે પ્રભુના ગુણ પણ ગવાય છે અને સ્વઆત્માના ગુણ પણ ગવાય છે, 'સ્યાં જિનેશ્વર પ્રભુનો આત્મા' અને ગાનારનો આત્મા અભેદભાવે એક જ રૂપવાળો બની જાય છે. એ બધી કલા-ચતુરતા અભેદભાવની જ્યોતિ પ્રભુની પંદરમી ઢાળરૂપે ગવાતી ગીત પૂજામાં સંક્રમણ કરે છે. એવી સર્વ ગુણોને ખુલ્લી કરનારી અર્થથી આ ગીત પૂજા પંદરમી પૂર્ણ થઈ.

आहारनिद्राभयमैथुनं च
सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषो
धर्मेण हीनाः पशुभिः समानाः ॥

(દોહરા)

નિદ્રા ભય મૈથુન ને, ચોથો વળી આહાર;
પશુજનમાં સામાન્ય એ, ચારે છે નિરધાર.
ધર્મ માત્ર એક મનુજમાં, મનાય છે જ વિશેષ;
ધર્મ વગર નર પશુ સમા, સંશય ધરો ન લેશ.

લેખક સ્વ૦ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

માત્ર ધનના હોલહવાલ

Money isn't everything

ધન-પૈસા ઘણાએ ફોતરાં ખરીદી શકે પણ ખરો માન ન મળે

એ તમને ખોરાક આણી આપે પણ ખાવાની રુચિ નહિ

એ તમને દવા આણી આપે પણ તંદુરસ્તી નહિ

એ તમને ઓળખીતા મેળવી આપે પણ દોસ્તદારો નહિ

એ તમને નોકરો જમાવી આપે પણ વફાદારી નહિ

એ તમને આનંદના ઠહાડા લાવી આપે પણ શાંતિના કે સુખના નહિ

વેપારીનું ધ્યાન પૈસા ઉપર હોય છે એ વેપારની ફતેહનો ખ્યાલ કે લી ધનપ્રાપ્તિ થઇ છે તેના હિસાબ પર કરે એ વેપાર કરતો જાય અને મનમાં આકડા ગણતો જાય એ કોઇ વાર નફો ન થતો હોય તો રાશ કરે, કોઇ વાર વધારે લાભ કરવા થોડું નુકસાન પણ કરે એ ઘરાકને રીઝવવા ગમે તેવી ખુશામત પણ કરે અને જો એ ગોટાળીઓ હોય તો પૈસા મેળવવા ખાતર સાચા-ખોટા પણ કરે માનની ફેરમાની કરે અને કાળા બજાર પણ કરે એ પૈસા ખાતર ઉજાગરા કરે એ અક્કલ વગરના પણ માલદાર ઘરાકની પગશી પણ કરે અને એ કમાણી કરવા ખાતર પરદેશ ખેડે ખડે પગે ઊભો રહે અને રાતદિવસ ન ગણતાં ભૂખ તરસ વેઠે કમાડા કરે અને લુખનુસ ખાઇને પાછો દુકાને ફરે પૈસા મેળવવામાં એ જીવન સર્વસ્વનો ભોગ આપે નજીવી બાબતમાં આકરા સોગન પણ ખાઇ બેસે અને સાચાખોટા નામા નાંખે, નવા હસ્તાવેજો બનાવી ઇન્કમટેક્સ બચાવવા કે ઓળવવા ખોટા હવાલા પણ માંડે ધનને એ જીવનનું રહસ્ય સમજે અને ધન ખાતર ન કરવાનું કરી બેસે

પણ એણે ધ્યાન રાખવું ઘટે કે ધન તો સાધન માત્ર છે એનાથી ખરું જીવનસુખ કે આંતરિક આનંદ માણી ન શકાય ધન ઉપર ઉપરની સાહ્યબી ખરીદી શકે પણ એના એકનાથી હાશ કરવાનો વારો ન આવે ધન નોકર ખરીદી કે રાખી શકે પણ આંતર તેજ કે ચારિત્ર વગર નોકરો પાસેથી નિમકહલાલી એ ન મેળવી શકે અને ધનથી ખોરાકી મળે પણ પોતે રોગી થઇ જાય, અન્ન પર અરુચિ થાય તો ધન રુચિ ન ખરીદી શકે ધનવાન પાસે અનેક સગા થતા આવે, ધનવાનના સાળા થવા કઇક આવે પણ એને જીગરનો દોસ્ત માત્ર ધનના જોરે ન મળે ધનના જોરથી એ વરઘોડા ચડાવે પણ સુખશાંતિનું સ્વપ્નું એને ધનના જોરમાત્રથી ન મળે

માટે ધનને માત્ર જીવનનું ધ્યેય ન માનવું. ધનમાં ઐહિક સગવડ ખરીદવાની તાકાત હોય છે પણ આંતરિક આનંદ, આત્માનો આનંદ આત્મિક એકરૂપતા નિર્વિકાર ચિદ્રૂપતા અનંત આનંદ ધન ન લાવી શકે ધન સાથે ચારિત્ર હોય ધન સાથે પૃથક્કરણ પ્રવીણતા હોય, ધન સાથે અંતરસંસ્કૃતા

હોય, ધન સાથે સદ્ગુણનો સંચય હોય તો જુદી વાત છે માત્ર 'ધન ધન' કરી ધનના રાગડા તાણવા અને ધન ખાતર ગમે તેવાં ભવાડાં થવા દેવા એમાં વેપારની કુશળતા નથી. ધન સાથે આંતરવિકાસ અને સદ્ગુણની આંતરસમૃદ્ધિ જમાવવી એ ખૂબ અગત્યની બાબત છે. કુશળ વેપારી માત્ર સ્થૂળમાં રાચી ન જાય. એ અંતરને પણ કેળવે.

Money can buy the husk of many things, but not the hernel: It brings you food, but not appetite, medicine but not health, acquaintances but not friends, servants but not faith fulness, days of joy but not peace or happiness.

—Henrik Ibsen

Wants

જરૂરિયાતો

મિલકત થોડી મોટી વસ્તુના કબજામાં રહેલી નથી; અને તેટલી ઓછી જરૂરિયાતમાં છે.

મિલકતનો લોકોનો ભિન્ન ભિન્ન પ્રકારનો ખ્યાલ હોય છે; કેટલાક ઘણી જમીનને મિલકત માને છે, કેટલાક બેન્ક બેલેન્સ વારંવાર તપાસી તેને પોતાની મિલકત માને છે, કેટલાક ઢોરોને પોતાની મિલકત માને છે, કેટલાક વ્યાપારને પોતાની મિલકત માને છે, અને કેટલાક રોકડ પોતાની પાસે હોય તેને જ મિલકત માને છે. આ સર્વ ખોટાં છે એમ ઓપીક્યુરસનું કહેવું છે, અને તેનું શાસ્ત્ર સમજવા જેવું છે. આપણે ખરી મિલકત શું છે તેનો વિચાર કરીએ તો આંખેથી વિચારમાં નાંખી દે તેવી બાબત છે. એમાં મોટાં મકાનની કે કબાટની વાત નહિ; એમાં બેન્ક બેલેન્સની કે રોકડ રકમની વાત ન હોય સારે શું હોય તે અત્ર સમજાવવામાં આવ્યું છે. તેની દૃષ્ટિમાં થોડી મિલકતોનો વારસો મળવાનો હોય કે બેન્કમાં લાખો રૂપિયા જમે હોય અથવા રોકડ મૂડી હોય તે મિલકતમાં નથી, પણ તદ્દન જુદી જ વસ્તુ મિલકતમાં છે. તે કહે છે કે બેન્ક બેલેન્સથી રાજી ન થાઓ, પણ તમારી જરૂરિયાતને જેમ બને તેમ ઓછી કરો અને આખરે કાંઇ જોઇતું નથી, એવી વૃત્તિ રાખો, એ તમારી ખરી મિલકત છે, બીજાં ફોકાં છે. આ વાત કેમ બને તે સંબંધમાં આપણે મિલકતનું સૂત્ર વિચારીએ તો આપણને જણાશે કે સોવાળાને હજારની આશા, હજારવાળાને લાખની આશા, લાખવાળાને કરોડની આશા અનેક રોડોવાળાને રાજરાજેશ્વર થવાની અને રાજરાજેશ્વરને ઇન્દ્રપતિ થવાની હોંશ હોય છે અને એટલા માટે આશા તૃષ્ણાને આકાશ સાથે સરખાવવામાં આવેલ છે. પણ એનું માપ કોઇથી થઈ શકતું નથી અને મૂળ આશા તો નિરંતર વધતી જાય છે. આકાશ કેટલા ફુટ લાંબું છે અને કેટલું પહોળું છે તેનું જો કોઇ માપ કરી શકે તો ઇચ્છાનું માપ થાય, પણ તે શક્ય નથી એટલે આશા-તૃષ્ણાને આકાશ સાથે સરખાવવામા આવેલ છે. આકાશનું માપ શક્ય હોય તો તૃષ્ણા અથવા ઇચ્છાનું માપ શક્ય છે. આકાશને માપી ન શકાય તો તૃષ્ણાને માપી ન જ શકાય. આવો અભિપ્રાય વિદ્વાનોનો છે. તેઓ જણાવે છે કે તૃષ્ણાની ખાતર પોતાનો તપ કે પોતાનું જ્ઞાન જે ખોઇ બેસે છે તે મૂર્ખ છે, અને કાગડાને ઉડાડવા માટે ચિંતામણિરત્નનો ઉપયોગ કરનાર જેવા છે. પણ જેને કાંઇ જોઇતું નથી, જેની જરૂરિયાતો મર્યાદિત છે તે ખરા ધનવાળા છે, તેને વારંવાર નમન કરવામાં આવે તો તે યોગ્ય છે, તેના ગુણો દેવલોકમાં પણ ગવાય છે અને તે ખરા તાત્ત્વિક છે. એટલે પોતાની ઇચ્છાઓને મર્યાદિત કરવી એ અતિ મહત્વનું કામ છે, અને તે જ ખરેખરા ધનવાળા છે એમ સમજવું. જે માણસો પોતાની જાતને થોડાં વીઘાં જમીન અથવા રોકડથી પૈસાદાર માને છે તે આ દૃષ્ટિએ વિચારતાં બાપ ખાતાં માણસ પડે છે; તાત્ત્વિકતયાં થોડી વસ્તુ, ફરનીચર કે જમીન અથવા

સ્વીકાર

વર્ધમાન તપ માહાત્મ્ય સંપાદકો, પ. શ્રી કનકવિજયજી ગણિવર્ય તથા પ. શ્રી કાન્તિવિજયજી ગણિવર પ્રકાશક કલ્યાણ પ્રકાશન મંદિર-પાલીતાણા ક્રાઉન ૧૬ પેજી, પૃષ્ઠ ૩૫૦, મૂલ્ય રૂ. ત્રણ

મહામંગલકારી શ્રી વર્ધમાન તપનો મહિમા દિવસાનુદિવસ વધતો જાય છે તેના આરાધકોની સંખ્યામાં પણ વધારો થતો આવે છે. સાત વરસના બાળકોથી માંડીને સીત્તેર વરસના વૃદ્ધ પુણ્યાત્માઓ આજે આ તપનું આરાધન પ્રેમપૂર્વક કરી રહ્યા છે. આમ વર્ધમાન તપનો પ્રચાર વધતો જાય છે તેમ તેનું માહાત્મ્ય પણ તપસ્વીઓ સમજે તો તપનું ફળ વિશેષ પ્રકારે મળે તે સ્વાભાવિક છે.

આજે વર્ધમાન તપના આરાધકો કેટલા છે અને તેનો મહિમા કેવો છે તે અંગેની બધી તેવી હકીકત એકત્ર કરીને એક ખાસ અંક 'કલ્યાણ' કાર્યાલય તરફથી પ્રગટ કરવામાં આવેલ અને ભાવિકોના દુનિયામાં તેનો આદર સારા પ્રમાણમાં થયો.

આ અંકમાંની વધુ ઉપયોગી સામગ્રી ચૂંટીને તેમ જ બીજી કેટલીક વધુ ઉપયોગી સામગ્રી એકત્ર કરીને આ ગ્રંથમાં રજૂ કરવામાં આવેલ છે.

આ અંકમાં તપ તપનો મહિમા, તપના આરાધકોનો અનુભવ, તપનું માહાત્મ્ય, અને તપના આરાધકોની હકીકત ખૂબ શ્રમ લઇને રજૂ કરવામાં આવી છે અને વધુમાં વર્ધમાન તપની વિધિ પણ તેમાં દાખલ કરવામાં આવેલ છે.

ટૂંકામાં આયંબિલની તપશ્ચર્યાને અંગે ઘણું જાણવા જેવું સાહિત્ય આમાં રજૂ કરવામાં આવેલ છે જે તપના આરાધકોને તપનું હાર્દ સમજવા માટે અને અન્યને તપની આરાધના કરવા માટેની પ્રેરણા કરવા માટે ખૂબ ઉપયોગી છે.

જ્ઞાન અને ક્રિયાની એકવાક્યતા જાળવવા માટે આવું સાહિત્ય ખરેખર આવકારદાયક છે.

કલ્યાણ કાર્યાલયના આ પ્રયાસને અમો આવકારીએ છીએ અને આવા ઉપયોગી સાહિત્યનો વધુ ને વધુ પ્રચાર થાય તેમ ઇચ્છીએ છીએ.

આંતર જ્યોતિ—(દ્વિતીય ભાગ). લેખક આચાર્ય મહારાજ શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી પ્રકાશક અધ્યાત્મ જ્ઞાનપ્રકાશક મંડળ-૩૪૭, કાલબાદેવી રોડ મુંબઇ ૨. ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૫૬૦, મૂલ્ય રૂ. પાંચ

આત્મ-જાગૃતિની પ્રેરણા પાતું ઘણું મૂલ્યવાન સાહિત્ય આધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળે પ્રગટ કર્યું છે તે ગ્રંથમાળાના ૧૧૪ મા મણકા તરીકે આ અંક વધુ અમૂલ્ય ગ્રંથનો ઉમેરો થાય છે.

આત્માને ઉન્નત કરતી નાની નાની ઉપદેશમાળાઓ તત્વચિન્તક આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજીએ લખી છે. અને તેમાંનો એક સંગ્રહ આંતર જ્યોતિના પ્રથમ ભાગ તરીકે પ્રગટ કરવામાં આવેલ. અધ્યાત્મ પ્રેમી જનતાએ તેનો સુંદર સત્કાર કર્યો એ શૈલીની વિચારધારા રજૂ કરતો આ બીજો ભાગ પ્રગટ કરવામાં આવ્યો છે.

રોકડમાં નથી, પણ તેના ત્યાગમાં છે. મારે કાંઇ જોઇએ નહિ એ એનો મુદ્દાલેખ હોય છે.

ધર્મિષ્ટ માણસની જરૂરિયાતો ઘણી રીતે મર્યાદિત હોય છે, અને એવા જ માણસો સાચા ધર્મપ્રિય હોઇ શકે છે, જો કે વ્યાખ્યાનમાં એનું સ્થાન છે તું હોય તો તેથી તે ગભરાય નહિ, પણ પોતાને કાંઇ જોઇતું નથી એવા નિર્જનદને તે સાચી રીતે ધનવાન હોવાપણું માને અને તેમાં સત્ય છે.

Wealth consists not in having great possessions but in having few wants. Epicurus

અનુક્રમણિકા

૧	પ્રજ્ઞાયોગ	(શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી)	૪૯
૨	દાની મેઘ	(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર')	૫૦
૩	વાચક જયનાં નિશ્ચય અને વ્યવહારને અંગેનાં સ્તવનો	(શ્રી હીરાલાલ ર. કાપડિયા M. A.)	૫૨
૪	સ્વાશ્રયી બનો : ૮	(અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ)	૫૮
૫	સાચી વિદ્યા	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૬૦
૬	સત્તરભેદી પૂજા-સાર્થ (સંપૂર્ણ)	(પ. શ્રી રામવિજયજી ગણિવર્ય)	૬૨
૭	શ્રી જૈન આત્માનંદ સભાનો ૬૦ મો વાર્ષિક રિપોર્ટ		

સ્વીકાર

काव्यानुशासनम् : પ્રકાશક શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર-બોટાદ (સૌરાષ્ટ્ર) કા. ૧૬ પેજી પૃષ્ઠ ૧૧૬, મૂલ્ય રૂ. ૨-૮-૦.

કાવ્યશાસ્ત્રના જુદા જુદા અંગો ઉપર કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે 'કાવ્યાનુશાસન' લખીને ગુજરાતને ભાગ્યશાળી બનાવ્યું છે. તેઓશ્રીનો આ ગ્રંથ સાહિત્યપ્રેમી જનતામાં સુપ્રસિદ્ધ છે.

આ ગ્રંથ ઉપર આચાર્ય વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજે 'પ્રકાશ' નામની વિશદ ટીકા રચી છે, જેનો પ્રથમ ભાગ પ્રગટ થઈ ગયો છે. વિદ્યાર્થીઓને સાહિત્યમાં પ્રવેશ કરવાની સુગમતા રહે તે દૃષ્ટિએ આચાર્ય વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પં. સુશીલવિજયજી ગણિવર્યે 'કાવ્યાનુશાસન' ઉપર 'અવચુરિ' નામની ટીકા લખી છે. તે આ ગ્રંથમાં રજૂ કરવામાં આવેલ છે.

પ્રયાસ ઘણો સુંદર છે.

ગ્રંથ પ્રકાશન અંગે એક ગૃહસ્થ તરફથી મદદ મળી છે. એમ છતાં આ ગ્રંથની કીંમત રૂ. ૨-૮-૦ રાખવામાં આવેલ છે તે પ્રમાણમાં વધારે ગણાય.

શ્રી નવતત્ત્વ પ્રકરણ : (પ્રથમ ભાગ) પદ્યાનુવાદક અને વિવેચનકાર: આ. શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પં. મુનિશ્રી દક્ષવિજયજી ગણિવર્ય મહારાજ, પ્રકાશક શ્રી લાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર-બોટાદ (સૌરાષ્ટ્ર)

'નવતત્ત્વ' એ જૈન દર્શનનું મૌલિક પ્રતીક છે. આપણા પાઠ્ય-પ્રકરણો પૈકીનું એ એક મહત્ત્વનું અંગ છે.

આ પ્રકરણનો પં. શ્રી દક્ષવિજયજી મહારાજે પદ્યાનુવાદ આજથી પંદર વરસ પૂર્વે કરેલ અને તે કાવ્યાનુવાદ 'આત્માનંદ પ્રકાશ'માં ક્રમશઃ પ્રગટ કરવામાં આવેલ.

તમામ પદાર્થોને વધુ સ્પષ્ટ કરતું તેમજ વિજ્ઞાનની દૃષ્ટિએ તેની તુલના કરતું સરળ વિવેચન પણ પં. શ્રીએ લખ્યું છે જે આ ગ્રંથમાં રજૂ કરવામાં આવેલ છે.

આમ તો પ્રકાશક કહે છે તેમ આ ગ્રંથ ઘણો લાંબો ગાળે પ્રગટ થાય છે અને તે પણ સભાના અભાવે અપૂરો રાખવામાં આવેલ છે. એટલે આ ગ્રંથમાં નવતત્ત્વ મૂળ તેનો કાવ્યાનુવાદ અને અજીવતત્ત્વ સુધીનું વિવેચન રજૂ કરવામાં આવેલ છે. એટલે હજુ બાકીના સાત તત્ત્વોનું વિવેચન અપ્રગટ રહે છે.

પૂ. પં. શ્રીએ નવતત્ત્વના કાણુ વિષયને સરળ બનાવવાનો સારો પ્રયાસ કર્યો છે, તેનો બાકીનો ભાગ હવે સત્વર પ્રગટ કરવામાં આવે તેમ ઇચ્છીએ છીએ.

અભ્યાસના ગ્રંથમાં જે અશુદ્ધિઓ રહેવા પામી છે તે જરૂર સાલે તેમ છે. હવેના પ્રકાશનો વધુ શુદ્ધ બને તેની કાળજી રાખવા પ્રકાશકને વિનંતિ.

શ્રી સાત્ત્વિક પ્રકાશ

વર્ષ ૫૫ મું] સં. ૨૦૧૪ માહ [અંક ૪

પ્રજ્ઞાયોગ

આયુર્વેદમાં ચરકે ચાર પ્રકારના યોગ–વ્યવહાર ગણાવ્યા છે. હીનયોગ, અતિયોગ, મિથ્યાયોગ અને પ્રજ્ઞાયોગ. દેહના પોષણમાં જરૂરી પ્રમાણની કમી રહે તે પ્રકારનો વ્યવહાર તે હીનયોગ–ગળા ઉપરાંતનો ઉપભોગ કરવો તે અતિયોગ. ઋતુ, સમય, દેશ, સ્થળ, વય અનુસાર વિપરીત હોય તે પ્રકારનો વ્યવહાર તે મિથ્યાયોગ. આરોગ્ય અને દીર્ઘઆયુષ્ય ઇચ્છનારે આ ત્રણે પ્રકારના યોગોથી દૂર રહી દેહના પોષણ પરત્વે પ્રમાણસર વ્યવહાર રાખવાનો પ્રજ્ઞાયોગ કેળવવાની ભલામણ કરવામાં આવી છે.

આ સિદ્ધાંત જીવનના સર્વવિધ વ્યવહારને લાગુ પડે છે. સમય અને સ્થળ, શરીર અને બુદ્ધિ, કુટુંબ અને સમાજ, આદર્શ અને વ્યવહાર,–એ સર્વ સ્થિતિને ધ્યાનમાં રાખી જે પોતાની તમામ પ્રકારની રહેણીકરણીમાં હીનયોગ, અતિયોગ કે મિથ્યાયોગને વશ થયા વિના પ્રજ્ઞાયોગથી વર્તે છે તે જીવનમાં લાંબો વખત પરમ આનંદની અનુભૂતિ પામે છે. ગીતામાં પણ અકર્મ તેમજ વિકર્મ તજીને કર્મપરાયણ રહેવાનો બોધ આપેલો છે. અહિં અકર્મની સાથે અતિકર્મનો સમાવેશ ગણી શકાય. ધર્મશાસ્ત્રમાં ય ધર્મ, અર્થ અને કામમાં કોઇ એકના અલ્પસેવન કે અતિસેવનને તજી ત્રણે પુરૂષાર્થોનું પ્રમાણસર સેવન કરી મોક્ષના અધિકારી બનવાનું વિહિત કર્યું છે. ભગવાન બુધ્ધે પણ દેહદમન તેમજ વિષયભોગ, એ બંને છેડા છોડી મધ્યમ માર્ગના આદર્શનો સાક્ષાત્કાર કરેલો આ સંમત્યયોગ એ પ્રજ્ઞાનું પરમ લક્ષણ છે. આ પ્રજ્ઞાયોગ એ સપ્રમાણ જીવનવ્યવહારનું પરમ લક્ષણ છે. આ યોગદ્વારા દેહ, મન અને આત્મા સત્, ચિત્ અને આનંદના અમૃતપદને પામે છે.

શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી

દાની મેઘ

[વસંતતિલકા છંદ]

આકાશમાં વિમલ ઉજ્વલ મેઘપંક્તિ
ધારે ઘણા વિવિધ રૂપ વિચિત્ર કાંતિ
દોડે ભુઓ સમરમાં જિમ ઇંદ્રસેના
હુંકાર ઉગ્ર ધરતી ધરી રૂપ નાના. ૧

એ ગર્જના મફતની નહીં કાર્યકારી
આપે ન તોય જગને ફલ શાંતિકારી
ગર્જે ન વર્ષતુ કરે અવનિ ન લાધે
આપે ન બિંદુ જલનું ધન અન્ન કાજે ૨

એવા ઘણા કુપલ છે ધનિકો ધરામાં
છોડી ગયા ધન બધું નિજના ઘરોમાં
ગાજ્યા ઘણા ચણ કદી નહીં એહ વર્ષ્યા
આપ્યું ન કંઇ પણ કાંનવની જ ચર્ચા ૩

બીજો ઘનો પણ દિસે બહુ શ્યામ વર્ણ
ધૂમાકૃતિ પ્રચૂર મંગલ તોયપૂર્ણ
એ નમ્રભાવ ધરતા અવનિ સમીપ
રાત્રિ કરે દિન છતા થઇ ઇંદ્રરૂપ ૪.

બળે કરે જનતણે બહુ હર્ષઘેલા
વિ ચિત્રમકૃતિ સુ મંગલ મેઘમાલા
વર્ષે ધરાધર સુમોકૃતિ તોયમાલા
હર્ષે ભર્યા જન સહુ કૃષિ પુત્ર બાલા ૫.

એ દાનવીર જગમાં સહુ લોકમાન્ય
ને વંદ્ય પૂજ્ય ગમતા જગમાંહી ધન્ય

લક્ષ્મી શ્રેષ્ઠ ક્ષણિક ચંચલ ને અસાર
તેથી સુયોગ્ય વિનિયોગ કરે અપાર ૬.

દાને વધે બહુલ એ કમલા નિતાંત
વાધે સુપુણ્ય જગમાં વધતું અનંત
ત્યાગે બને જિમ જગપ્રિય મેઘરાજ
દાતા બને જગતમાં પ્રિય સૌખ્યભાજ ૭.

નિષ્કામ દાન જગમાં વખણાય નિત્ય
જે મેઘ તુલ્ય ગણવું બહુમાન્ય સત્ય
એ કીર્તિ ને ઉચિત તા અનુકંપતાથી
ધર્માર્થ તે અભયરૂપ સુદાન તેથી ૮.

માટે કરો પ્રચુર દાન જ મુક્ત હાથે
તે પુણ્ય કાયમ રહેશે નિજ આત્મ સાથે
તે મેઘ સદ્ગુરુ બનો મમ દાન કાજે
ભાલેન્દુ દાનમહિમા સ્વમુખે વિરાજે ૯.

સાહિત્યચંદ્ર બાલચંદ્ર હીરાચંદ્ર-માલેગામ

સમાન દૃષ્ટિ

સર્વ જગત કર્મને જ આધીન છે એમ જાણીને ઉત્તમ પુરુષો સુખમાં હર્ષ પામતા નથી તેમ દુઃખથી ખીજાતા નથી. કારણકે એમનો કોપાગ્નિ પર્વત સરખાનો પણ ક્ષણમાત્રમાં નાશ કરવાને શક્તિમાન છે એવા રાજાઓને પણ કર્મની વિચિત્રતાને લીધે અનેક વખત ભિક્ષાના ટુકડા માંસાં પડ્યા સાંભળ્યા છે. શુભ કર્મોનો ઉદય થયે છતે, કુળ કે જાતિ વગરનો પુરુષ પણ ક્ષણવારમાં મહાન રાજ્યસમૃદ્ધિને પામે છે. આમ કર્મસૃષ્ટિની વિષમતાને લીધે મહાત્મા પુરુષોનો તેના તરફ અનાદર હોય છે. પ્રથમ શ્રેણી પર ચડેલા ક્ષપકશ્રેણી પણ અશુભ કર્મના ઉદયથી બહુલ સંસારી થાય છે. ત્યારે બીજાનું તો શું જ કહેવું ? સર્વ સામગ્રી નજીક જ પડી રહે છે અને કર્મવિપાક કાર્યના અંત સુધી પહોંચે છે. માટે કર્મવિપાકનું ધ્યાન કરતાં જે મહાત્માઓ સમાન દૃષ્ટિ ધારણ કરે છે તેઓ જ સચ્ચિદાનંદના ભોક્તા થાય છે.

ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ

વાચક જશનાં[1] નિશ્ચય અને વ્યવહારને અંગેનાં સ્તવનો

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

સ્તવનનાં વર્ગ–વાચક યશોવિજય ગણિએ જેટલા સ્તવનો રચ્યા હશે એ બધા સચવાઇ રહ્યાં છે કે નહિ એ પ્રશ્ન બાજુ ઉપર રાખીએ તો એમ કહી શકાય કે ગુજરાતીમાં અને હિન્દીમાં રચાએલી જે કૃતિઓને 'સ્તવન' તરીકે ઓળખાવાય છે તેની સંખ્યા ૧૬૦ની છે. એમાંના ઘણાખરાં સ્તવનો તો ભક્તિ-પ્રધાન છે જ્યારે દાર્શનિક બાબતોને રજૂ કરનારા સ્તવનો ગણ્યાગાંઠ્યાં છે. એમાં નિશ્ચય–નય અને વ્યવહાર–નય વિષે મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડનારા બે સ્તવનો છે. એ બંનેને ગૂર્જર સાહિત્યસંગ્રહ–(વિભાગ ૧)માં નિમ્ન લિખિત નામે સ્થાન અપાયું છે:–

(૧) નિશ્ચય વ્યવહારગર્ભિત શ્રી **શાંતિ-જિન-સ્તવન** (પૃ. ૧૯૭–૨૦૫)

(૨) નિશ્ચય વ્યવહારગર્ભિત શ્રી **સીમંધર-સ્વામી સ્તવન** (પૃ. ૨૦૬–૨૧૧)

પરિમાણ–આ પૈકી પ્રથમ સ્તવનમાં ૭ ઢાળ છે અને અંતે એક પદ્યનો 'કળશ' છે, જ્યારે બીજા સ્તવનમાં ચાર ઢાળ છે અને અંતે એક પદ્યનો 'કળશ' છે. પ્રથમ સ્તવનની ઢાળોની કડીઓની સંખ્યા નીચે મુજબ છે:—

૫, ૬, ૯, ૭, ૧૦ અને ૯

દ્વિતીય સ્તવનની ઢાળોની કડીઓની સંખ્યા નીચે પ્રમાણે છે:—

૧૨, ૧૨, ૧૦ અને ૬.

આમ પ્રથમ સ્તવનમાં ઢાળ પૂરતી ૪૬ કડી છે, જ્યારે દ્વિતીયમાં ૪૦ કડી છે. આ બંને સ્તવનના ગ્રંથાગ્ર કોઇ સ્થળે નોંધાયેલા હશે. એ ઉપરથી બેમાં કયું મોટું છે તે જેમ ઝટ કહી શકાય તેમ બંને સ્તવનનાં પૃષ્ઠો વીગેરે જોતાં પણ કહી શકાય તેમ છે અને એ હિસાબે પ્રથમ સ્તવન દ્વિતીય કરતાં પરિમાણમાં મોટું છે, જો કે મારા નમ્ર મત પ્રમાણે મહત્તામાં તો દ્વિતીય સ્તવન ચડિયાતું છે.

દેશી અને રાગ–પ્રથમ સ્તવનની ૭ યે ઢાળ ભિન્ન ભિન્ન દેશીમાં રચાયેલી છે. પહેલી ઢાળ માટે કોઇ દેશી કે રાગના નામનો પણ ઉલ્લેખ નથી. દ્વિતીય સ્તવનની ઢાળ પણ ભિન્ન ભિન્ન દેશીમાં રચાયેલી છે. બીજી અને ત્રીજી ઢાળ માટે દેશીનો ઉલ્લેખ છે, જ્યારે પહેલી માટે "મારૂણી" નામના રાગનો ઉલ્લેખ છે. ચોથી ઢાળ માટે નથી દેશીનો ઉલ્લેખ કે નથી રાગનો.

ન્યૂનતા–આમ જો બંને સ્તવનોમાં ન્યૂનતા છે તે આ વિષયના નિષ્ણાતને હાથે દૂર થવી ઘટે આ બંને સ્તવનની હાથપોથીઓ તપાસાય તો એ દ્વારા પણ ખૂટતી માહિતી મળી રહેવા સંભવ છે.

કર્તા—આ લેખના શીર્ષકમાં સુચવાયા મુજબ બંને સ્તવનોના કર્તા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજય ગણિ છે.

ભાષા અને શૈલી—બંને સ્તવનોની ભાષા 'ગુજરાતી' છે અને શૈલી રોચક છે.

રચના–સ્થલ—બેમાંથી એક સ્તવન ક્યાં રચાયું તે વિષે કર્તાએ મૌન સેવ્યું છે.

[1]રચના–સમય—બંને સ્તવનો એના કળશ માના ઉલ્લેખ અનુસાર કર્તા વાચક બન્યા ત્યારપછી

---

૧ "નિશ્ચય–નય અને વ્યવહાર–નય પરત્વે વાચક યશોવિજય ગણિનું વક્તવ્ય" નામનો મારો જે લેખ "આત્માનંદ-પ્રકાશ" (પુ. ૪૪, અ. ૫-૬)માં છપાયો છે તે આ બે નયને અંગે વિશેષ માહિતી પૂરી પાડે છે.

૧ સુજસવેલિ (ઢાલ ૩, કડી ૧૨) પ્રમાણે યશોવિજય ગણિને 'વાચક' પદવી વિ. સ. ૧૭૧૮માં અપાઇ હતી.

પરંતુ [1]વિજયપ્રભસૂરિના રાજ્યમાં એટલે કે વિ. સં. ૧૭૧૦ થી ૧૭૪૭ના[2] ગાળામાં રચાયાં છે. વિશેષમાં પ્રથમ સ્તવન માટે તો કર્તાએ નીચે મુજબના શબ્દાંક દ્વારા રચનાવર્ષનો ઉલ્લેખ કર્યો છે :—

યુગ–ભુવન–સંયમ.

'યુગ'થી 'બે' તેમજ 'ચાર' ગ્રહણ કરાય છે. 'ભુવન' ત્રણ ગણાય છે અને સંયમના ૧૭ પ્રકાર હોઇ એનાથી ૧૭નો આંક દર્શાવાય છે. આ ત્રણે શબ્દોનો "अङ्कानां वामतो गतिः" એ ન્યાયે વિચાર કરતાં પ્રથમ સ્તવનનું રચના–વર્ષ ૧૭૩૨ કે ૧૭૩૪ ફલિત થાય છે.

દ્વિતીય સ્તવન માટે રચના–વર્ષનો ઉપર્યુક્ત રીતે કે અન્ય[2]કોઇ રીતે સ્પષ્ટ ઉલ્લેખ કરાયો નથી. આથી બે સ્તવનોમાં પહેલું કયું રચાયું હશે તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

આ પ્રમાણેનું બંને સ્તવનોનું બહિરંગ સ્વરૂપ દર્શાવી હું હવે એના અંતરંગ સ્વરૂપ વિષે થોડું કહીશ.

વિષય—વિ. સં. ૧૭૩૨ કે ૧૭૩૪માં રચાયેલા પ્રથમ સ્તવનમાં જે રીતે નિશ્ચય–નય અને વ્યવહાર–નય વચ્ચે સંવાદ રજૂ કરાયો છે તે જ રીતે વિ. સં. ૧૭૪૫ પહેલાં અને વિ. સં. ૧૭૧૮ પછી રચાયેલા દ્વિતીય સ્તવનમાં આ બે નયો વચ્ચેનો સંવાદ આલેખાયો નથી, છતાં એ દ્વિતીય સ્તવનમાં સંવાદનાં તત્ત્વો તો જોવાય છે. આમ આ બંને સ્તવનોમાં વિષયની દૃષ્ટિએ સમાનતા છે; બાકી વિગતોમાં ભિન્નતા છે. એથી કરીને તો બંને સ્તવનો એકબીજાનાં પૂરક ગણાય. બંને સ્તવનમાંની વિગતો અત્યારે તો હું સંક્ષેપમાં દર્શાવું છું; કેમકે ખરી રીતે તો એ વિગતોની સંવાદરૂપે વિસ્તૃત અને સચોટ રજૂઆત થવી ઘટે.

પ્રથમ સ્તવનના પ્રારંભમાં અને અંતમાં શાન્તિનાથનું ગુણોત્કીર્તન છે. દ્વિતીય સ્તવનની શરૂઆત સીમંધરસ્વામીને લગતી વિગતિથી કરાઇ છે અને એના અંતમાં કર્તાએ એ તીર્થંકર પ્રતે પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો છે.

પ્રથમ સ્તવનની બીજીથી પાંચમી ઢાલો પૈકી પ્રત્યેક ઢાલમાં નિશ્ચય–નયવાદી પોતાનો પક્ષ રજૂ કરે છે અને વ્યવહાર–નયવાદી એનો ઉત્તર આપે છે. પછી બંને જણ શાન્તિનાથના સમવસરણમાં જાય છે અને ત્યાં એ તીર્થંકર દ્વારા બંનેના ઝગડાનો અંત આવતાં બન્ને વચ્ચે સુમેળ સધાય છે.

પ્રથમ સ્તવનમાંનો સંવાદ નીચે મુજબ છે :—

નિશ્ચય૦—ભાવ એ જ સાચું પ્રમાણ છે. જે ક્રિયા અનંત વાર મળી તેથી સાધ્ય ન થાઓ, ભરત ભૂપતિ તેમજ મરુદેવા ભાવથી ભવસાગર તરી ગયા. વળી દ્રવ્યક્રિયા ગ્રૈવેયકથી આગળ ફળે નહિ–એનાથી મોક્ષ ન મળે.

વ્યવ૦—ક્રિયા વિના ભાવ ક્યાંથી આવે? રત્નને શુદ્ધ કરનાર ખારના સો પુટ કરે એટલે એ શુદ્ધ થાય[3]. એવી રીતે ક્રિયાને સાચી માનો.

ફળ બે રીતે ઉદ્ભવે : (૧) સહેજે અને (૨) પ્રયત્ન કરવાથી. તેમ ક્રિયાથી અને પરિણામવાથી ભિન્ન ભિન્ન ફળ આવે. અમને સહેજે–વગર મહેનતે ફળ મળશે એમ માની જે ગળિયા બળદ થાય તે સહેજે તૃપ્ત થશે તો તેઓ અન્ન કોળિયા કરીને કેમ ખાય છે?

વ્યવહાર વિના ભાવ તે ક્ષણમાં તોલો અને ક્ષણમાં માસો છે. અને એથી હાંસી ઉત્પન્ન થાય અને લોક તમાસો જુએ. જે ગુરુકુલમાં રહે, ગુણનો ભંડાર (?) હોય અને વ્યવહારમાં સ્થિર પરિણામવાળો હોય તે ત્રણ પ્રકારના 'અવંચક' યોગથી મહોલવનો કામી બને.

નિશ્ચય૦—કોણ ગુરુ છે અને કોણ ચેલો છે?

૧. એમણે વિજયસિંહસૂરિના શિષ્ય સત્યવિજયને વિ. સં. ૧૭૨૬માં 'પંન્યાસ' પદવી આપી હતી. જુઓ જે.સા. સં.ઇ. (પૃ. ૬૫૧)

૨. જુઓ જે. સા. સં. ઇ. (પૃ. ૬૫૮)

૩. જુઓ આ લેખગત બીજું સ્તવન (ઢાલ ૨, કડી ૩)

આત્મા એકલો પોતે જ સ્વભાવમાં રમે છે. એના પ્રકાશથી સમસ્ત વિશ્વ જણાય તેમજ નવ નિધિ અને આઠ મહાસિદ્ધિ પમાય. જે કર્મની વિભાવ-શક્તિને તોડે તે આત્માને સ્વભાવ-શક્તિમાં જોડે.

ભ્રમ ભાગ્યો, સર્વ મર્મ મળ્યો અને આત્માનું પૂર્ણજ્ઞાની એવું સ્વરૂપ જાણ્યું.

જાર્ત થનાર હાથીની પેરે[1] ઝૂઝે જ્યારે સાક્ષી બનનાર નિજ ગુણમાં સલુઝે[2] (રમે) કર્તાને ક્રિયાનું દુઃખ ભોગવવું પડે, જ્યારે સાક્ષી ભવરૂપ વૃક્ષના કંદનો ઉચ્છેદ કરે-મોક્ષ મેળવે.

જ્ઞાનીને ક્રિયા ન હોય. એ કર્મસ્થિતિ પાકવાથી નરમ થયો છે. (કંઠમાં) માળાને જોયા વિના જે ભમતો હોય તે એને જોઇને પોતાના ગુણમાં રમે.

પુદ્ગલના જે અશુદ્ધ ભાવો છે તે મર્મ આત્માથી ભિન્ન છે.

અમે મોક્ષરૂપ નિજ ગુણને વર્યા છીએ એટલે મોક્ષ માટે કોણ ક્રિયા કરે ?

વ્યવહાર-તમારા એ ભોળ મીઠા છે.

પોતાને મુક્ત માનવા છતા તીર્થંકર અને ગણધર ક્રિયા કરતા થાકયા નહિ, એમણે ક્રિયા કરી.[3]

વચન વીર્ય કરી તમે વિચારો. જે અભિમાનથી રહિત તે 'સાક્ષી છે

સમગ્ર શક્તિ ક્રિયામાં રહેલી છે, જે શુભ યોગપૂર્વક ક્રિયા શરૂ કરે, તે ખેદ વગેરે સર્વ દૂષણોને લજે. ભોજન જોવા માત્રથી કંઇ ભૂખ ન ભાગે, ડાંગરની છોતર ખાધા વિના ન નીકળે, અને પાત્રને માંજ્યા વિના એ ઊજળું ન બને. તેમ સાધન ક્રિયા વિના કામ ન આપે સાધનસામગ્રી હોય પણ ક્રિયા ન કરે તો કંઇ નહિ વળે.

નિશ્ચય-ભાવ વિનાની ક્રિયા કંઇ કામમાં ન આવે. ભાવ આવ્યો તો ક્રિયાથી સર્યું. ધરાયેલી વ્યક્તિને ભોજન ન ભાવે. તમે અમારી વાત માનો અને ખેચતાણ ન કરો. શ્રમણ હોઇ ગણધર દીક્ષા મળે તે ભાવને લઇને છે. લિંગનું પ્રયોજન મનુષ્યના મનનું રંજન કરવું એ છે એમ ઉત્તરાધ્યયનમાં કહ્યું છે. વળી ઓઘનિર્યુક્તિમાં પોતાના પરિણામને જ 'ભાવ' ગણ્યો છે અને ભગવઇ(ભગવતી)માં આત્માને 'સામાયિક' કહ્યું છે.

વ્યવહાર૦—સર્વ શ્રુતમાં-આગમમા ભાવની વાત કહી છે તે વાત સાચી છે, પણ એ ભાવ ક્રિયાથી જાત્ય (ઉત્તમ) બને અને ક્રિયા વિના એ કાચો રહે, વળી નવો ભાવ ક્રિયા કરવાથી આવે અને આવેલો ભાવ ક્રિયાથી વધે ગુણશ્રેણિએ ચઢાય અને પડાય નહિ એ માટે મુનિ ક્રિયા કરે છે. જેણે ક્રિયા પાળી નથી તેણે ખરી રીતે નિશ્ચયને જાણ્યો નથી. વચનમાત્ર નિશ્ચય વિચારે, એ માટે ઓઘનિર્યુક્તિ જોઇ લો.

દૂધમા જેમ સાકર ભળે તેમ જેમ જેમ ભાવ ક્રિયામાં ભળશે તેમ તેમ અધિક સ્વાદ આવશે

નિશ્ચય૦—'સમતા' એ છ દર્શનોના સારરૂપ છે, અને એ સમતા મોક્ષનું સાધન છે, સિદ્ધના જે પદર ભેદ છે તેમા ભાવ-લિંગ એક જ છે અને એ 'સમતા' છે દ્રવ્યલિંગથી મોક્ષ મળે એ ખરો અને ન પણ મળે. મોક્ષનુ સાધન 'સમતા' છે. એમા સમસ્ત વિવેક રહેલો છે અને મારુ મન એમા લાગ્યું છે અને સમતા સિવાય બીજા બધા ભાવો છે—દ્વારા છે. ત્યા સમતા એ યોગનાવિકા છે ડાડો તત્કાલ દેખાડે છે.[1] વચમા યોગ અને અયોગ છે. પાંચ લઘુ અક્ષરનો ઉચ્ચારણ કરતાં જેટલો વખત લાગે એટલા વખતમાં મુક્તિ મળે.

---

૧ જોરથી લડે અને મચ્યા રહે એમ બે અર્થ થાય છે

૨ આનો અર્થ સમજતો નથી.

૩ બતમા કર્તા કહે છે કે જે ક્રિયા અને જ્ઞાનને અનુક્રમે સેવન કરે તેને પ્રભુ સુયશનો રંગ અર્પે ઃ

૧ આનો અર્થ સમજતો નથી.

સ્થવિર-કલ્પ અને જિનકલ્પની ક્રિયા અનેક જાતની છે. સામાચારી ભિન્ન ભિન્ન છે. એમાં એકે એક જ સ્વરૂપવાળી નથી. ત્યાં-ક્રિયામાં હઠરૂપી ઊંડો કૂવો છે અને ત્યાં મોહરાજા ફાંસો દે છે. એ વિષમ અને વિરૂપ છે.

વ્યવહાર૦—આહ ! જેમ તમને સમતા વહાલી છે તેમ અમને પણ છે. અમે પણ સમતાને દરરોજ યાદ કરીએ છીએ અને સમતાની ખાતર તો ક્રિયા કરીએ છીએ. સિદ્ધના જે પંદર ભેદ છે તેમાં જે (ભાવલિંગરૂપ) રાજમાર્ગ છે તે માર્ગને અનુસરનારી ક્રિયા પ્રત્યે સ્નેહ રાખો, એક ક્ષણમાં એને છોડી ન દો અને આળસ તજી દો, કેમકે આળસુ મનુષ્યને ઘણા સંદેહ હોય છે.

ભરત વગેરેના દૃષ્ટાંત દ્વારા જેઓ ભાવને જ મહત્ત્વ તેમને આવશ્યકમાં એકાંતે 'પાસત્થા' કહ્યા છે, તેઓ પ્રવચનના નાશક છે અને એમનું મુખ સંતો ન જુઓ એમ પ્રભુ કહે છે.

ક્રિયા અનેક પ્રકારની કહી છે તે કર્મના પ્રતિકાર રૂપ છે. રોગ ઘણા હોય એટલે ઔષધ ઘણા હોય. કોઈને કોઈ ઔષધથી ફાયદો થાય. તીર્થંકરરૂપી વૈદ્યે આમ કહ્યું છે. જુઓ આચાર.

રાજમાર્ગ ભાગે નહિ...

વિનયાદિક મુક્તાવિધિ અનેક પ્રકારની છે, પણ એ કંઈ પરસ્પર વિરુદ્ધ નથી. જે મૂઢ હોય તે મુંઝવણમાં પડે અને જે ન મુંઝાય તે 'પ્રતિબુદ્ધ' છે.

આ સ્તવનના ઉપસંહારરૂપે કવિએ કહ્યું છે કે હે શાંતિનાથ ! તમે જેમ આ બે વાદીઓ વચ્ચેની પ્રીતિને સ્થિર કરી આપી તેમ મને 'અનુભવ' મિત્ર સાથે મેળ કરી આપો. એ મિત્ર મને મમતા સાથે વાત કહે છે, પણ એ મારાથી બનવું મુશ્કેલ છે. ચરણધર્મરૂપ નૃપતિ તમારે વશ છે. એને 'સમતા' નામે પુત્રી છે. એ મને મેળવી આપો કે જેથી મમતા જાય. કવિ અંતમાં કહે છે કે શાન્તિનાથે મારી વિનતિ સ્વીકારી અને મને 'અનુભવ' મિત્ર મળ્યો.

હવે આપણે બીજા સ્તવનનો વિચાર કરીશું :

આ બીજા સ્તવનની પહેલી ઢાળમાં કર્તાએ કહ્યું છે કે જેમણે એક જ નયને સ્વીકાર્યો તેઓ ભવમાં રખડ્યા છે. મેં પણ પહેલાં કેવળ નિશ્ચય-નય કે કેવળ વ્યવહાર નયનો આદર કર્યો હતો, પણ હે સિમન્ધર-સ્વામી ! તમારી કરુણાથી બંનેને સેવા એળખ્યા છે.

આ બે નયો મળે તો જ ઉપકારી બને. જેમ શિબિકા યાને પાલખી ઊંચકનારા બેગા મળી એ ઊંચકે તો એ ઊંચકાય.

કોઈ એમ કહે કે નિશ્ચય-નય પરિણામની અપેક્ષા-એ વ્યવહાર-નય કરતાં મોટો છે તો એ વાત ખોટી છે.

રત્ન ઘણાં હોય પણ જ્યાં સુધી એક જ દોરામાં એ સાંકળી ન લેવાય ત્યાં સુધી એ 'માળા' ન કહેવાય-એ સંકળાય તો જ માળા બને. એવી રીતે સર્વે નય એકલા એકલા હોય ત્યારે એ 'મિથ્યાત્વ' છે એટલે એ મળે તો 'સમ્યક્ત્વ' બને એમ[1] સન્મતિમાં કહ્યું છે.

જેમ પંખી બે પાંખ વિના ઊડી ન શકે અને રથ બે ચક્ર વિના ચાલે નહિ તેમ જૈન શાસન નિશ્ચય વ્યવહાર એ બે નય વિના હોય નહિ.

આ બંને નયમાં શુદ્ધતા અને અશુદ્ધતા સરખી છે. બંને નય પોતપોતાને વિષે શુદ્ધ છે પણ અન્યને વિષે અશુદ્ધ છે.

જે કારણથી નિશ્ચય-નય કાર્ય છે અને વ્યવહાર-નય કારણ છે તેને લઈને કાર્ય સાધ્યું છે.

નિશ્ચય-નય પ્રમાણે કોઈ ગુરુ નથી કે કોઈ શિષ્ય નથી, કોઈ કર્તા નથી કે કોઈ ભોક્તા નથી. એને લઈને નય અનુસારની દેશના તે ઉન્માર્ગ છે, જ્યારે વ્યવહાર-નય પ્રમાણે ગુરુ, શિષ્ય વગેરે સંભવે છે

૧. સરખાવો સન્મતિપ્રકરણ (કાંડ ૧, ગા. ૨૮) તેમજ જ્ઞાનસાર (અષ્ટક ૧૬, શ્લો. ૩)

એટલે એ સાચો ઉપદેશ છે-સાચી દેશના છે એમ વ્યવહાર-ભાષ્યમાં કહ્યું છે.

બીજી ઢાલનો સારાંશ નીચે મુજબ છે:-

કોઇક વિધિને જોઇને સમસ્ત વ્યવહાર ત્યજી દે છે, પણ હે સીમન્ધરસ્વામી ! દ્રવ્યાદિક અનુસાર વિધિ હોય એ તમારી વાત એ ભૂલી જાય છે.

પાઠ, ગીત અને નૃત્યની કળા શરૂઆતમા અશુદ્ધ હોય છે પણ અભ્યાસથી એ સાચી બને તેમ ક્રિયા અવિશુદ્ધ છે.

મણિનો શોધક ખારના સો પુટ આપે એ સર્વ પુટ સાચા છે તેમ સર્વ ક્રિયા યોગ માટે છે પંચવસ્તુમાં કહ્યું છે.

પ્રીતિ-યોગથી અને ભક્તિ-યોગથી કરાયેલો ઇચ્છાદિક વ્યવહાર જો કે હીન છે, પણ જેને ગુરુનો આધાર છે તેને તો એ વ્યવહાર મોક્ષનો હેતુ છે-એ વ્યવહારથી મોક્ષ મળે

વિષ, ગરલ, અન્યોન્ય, (તદ્) હેતુ અને અમૃત એમ ક્રિયાના પાંચ પ્રકારો છે. તેમા વિષ-ક્રિયા અને ગરલ-ક્રિયા એ બે અનુક્રમે આ લોકના અને પરલોકના પ્રપંચ અર્થે-ભોગાદિ માટે છે. અન્યોન્ય-ક્રિયા સાચા હૃદય વગરની હોવાથી તે સમૂર્છિમના જેવી પ્રવૃત્તિ ગણાય છે. હેતુ-ક્રિયા વિધિના રાગથી કરાય. (જો કે એમા વિધિની ન્યૂનતા રહેલી છે). અમૃત-ક્રિયામા જરા યે દોષ નથી. પહેલી ત્રણ ક્રિયા. ત્યજવા લાયક છે અને છેલ્લી બે આદરવા યોગ્ય છે, એમ યોગબિન્દુમા કહ્યું છે.

ક્રિયા તરફની ભક્તિ હોય તો એ ભક્તિ અવિધિના દોષના અનુબંધ-પરંપરાને દૂર કરી શકે. એ માટે ક્રિયા જે મોક્ષનુ કારણ છે એમ ધર્મ-સંગ્રહણીમા કહ્યું છે.

ચક્રવર્તીનું ભોજન મળે નહિ ત્યા સુધી પોતાના ઘરનું ભોજન સારું છે અને એ ત્યજવું ન જોઇએ તેમ નિશ્ચય-નયના ફળરૂપ કેવળજ્ઞાન મળે નહિ ત્યાં વ્યવહાર-નયને જતો ન કરવો.

પુણ્યરૂપ અગ્નિ પાપને બાળે અને જ્ઞાન સહેજે ઓળખાય. વ્યવહાર એ પુણ્યનો હેતુ છે. એથી એ મોક્ષનો ઉપાય છે. એક પુદ્ગલ પરાવર્તમા જેમ ક્રિયાવાદી ભવ્ય જીવ મુક્ત બને .તેમ બીજો નહિ બને એમ દશાચૂર્ણિમા કહ્યું છે.

આ જાણીને મુનિ તમારા શાસનના રાગી બને અને તેઓ નિશ્ચયરૂપ પરિણતિને ભજતાં વ્યવહારનું સેવન કરે.

ત્રીજી ઢાલમા નીચે મુજબ નિરૂપણ છે:—

કોઇ સમ્યકત્વનો જ પક્ષ આદરે ક્રિયાને વિષે મંદ અને અણજાણ મનુષ્ય શ્રેણિક વગેરેના દૃષ્ટાંતને આગળ કરે છે અને ગુરુની આજ્ઞાને માનતો નથી. એ કહે છે કે શ્રેણિક કંઇ જ્ઞાની અને ચારિત્રશાળી થયો નથી. એ તો સમ્યકત્વરૂપ ગુણને લઇને મોક્ષે જશે માટે સમ્યકત્વ એજ મુક્તિનું નિદાન છે, કારણ છે પણ એ મનુષ્ય એ વાત જાણતો નથી કે આવશ્યક ભાષ્યમા કહ્યું છે કે ક્રિયા કર્યા વિના એનો સમ્યકત્વ-ગુણ નરક-ગતિ છેદી ન શકયો.

ઉપદેશમાલામા કહ્યું છે કે જેમ પટ યાને કપડાનો તાણો ઉજ્જવળ હોય પણ વાણો મેલો હોય તો એ શોભે નહિ તેમ અવિરતિપૂર્વકનું સમ્યકત્વ શોભે નહિ.

જો કોઇમાં સમ્યકત્વરૂપ ગુણ હોય તો એ બેથી નવ પલ્યોપમ જેટલા વખતમા વિરતિમા વિઘ્નરૂપ કર્મને છેદે એમ આનંદ વગેરે જેવા છો સમ્યકત્વની સાથે સાથે જ વિરતિને પ્રાપ્ત કરે.

શ્રેણિકના જેવા અવિરત જીવ થોડા છે. કે જેઓ વિરચિત કર્મને લઇને વિરતિને પામ્યા નહિ.

સમ્યકત્વ વિરતિને ખેંચી લાવે એ જૈન શાસનનો મર્મ છે.

બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા વિનાના 'લવસપ્તમ' દેવો વ્રતી (વિરતિવંત) ન કહેવાય, જો કે એઓ અબ્રહ્મનું સેવન કરતા નથી–અબ્રહ્મચારી છે.

અવિરત દશા હોય તો પાપ ન કર્યાં હોય તોયે સઘળાં લાગે. એ જાણીને વ્રત સેવો.

અંધ આગળ આરસી ધરવી, બહેરાને ગીત સંભળાવવું અને મૂર્ખ આગળ પરમાર્થ–કથા કરવી એ બધું સરખું છે. એ જાણીને સીમન્ધરસ્વામી ! હું તમને વિનવું છું કે મને ક્રિયા અને સમ્યક્ત્વની જોડી આપજો.

ચોથી ઢાલમાં કહ્યું છે કે હે સીમન્ધરસ્વામી ! તમે પ્રભુ છો–સ્વામી છો અને હું તમારો સેવક છું એ તો વ્યવહાર-નય પ્રમાણેની વાત છે; બાકી નિશ્ચય–નય પ્રમાણે તો આપણા બે વચ્ચે કશું અંતર નથી કેમકે શુદ્ધ આત્માના ગુણ એક જ છે.

જેમ સર્વે નદીનું જળ સમુદ્રના જળમાં ભળી જાય તેમ અખંડ બ્રહ્મ અને સખંડ બ્રહ્મ ધ્યાનમાં ભેગાં ભળી જાય.

જેણે તમારું આરાધન કર્યું એને બીજા સાધનની જરૂર નથી.

જેના ઘરમાં સુરભિ હોય તે દેશાંતરે ભમે નહિ.

નયની વાત અગમ્ય અને અગોચર છે. એનો પાર પમાય નહિ. એથી તમારા શાસનમાં કહ્યું છે કે બહુશ્રુતના વચનને અનુસરવું.

દુર્ગમ સ્થળ–આ પ્રમાણે બંને સ્તવનનો સારાંશ મેં આપ્યો છે, પરંતુ બંને સ્તવનોની એકે એક કડી પૂરેપૂરી સમજાઈ નથી, દા.ત. નિમ્નલિખિત પંક્તિનો અર્થ બરાબર બેસતો નથી તો કોઈ તજ્જ્ઞ એ દર્શાવવા કૃપા કરે.

"રાજ પંથ ભાગે નહીં રે,
ભાજે તે નાહના સેર;
એ પણ મનમાં ધારજો,
એ એક ગાંઠો સો પેર રે."

સ્પષ્ટીકરણ–ઉપર્યુક્ત બંને સ્તવન પૈકી એકેના ઉપર જ્ઞાનવિમલસૂરિ કે પદ્મવિજય જેવાએ ભાવાર્થ સ્પષ્ટ કર્યાનું જાણવામાં નથી એટલું જ નહિ પણ ઇસુની આ વીસમી સદીમાં કોઈએ અભ્યાસપૂર્વક સ્પષ્ટીકરણ પણ પૂરું પાડ્યું જણાતું નથી. જો એમ જ હો તો આ કાર્ય કરવામાં કુશળ એવા જે કોઈ સહૃદય સાક્ષર હોય તેમને આવું કાર્ય કરવા હું સાદર વિનવું છું

क्वचिद्विद्वद्गोष्ठि क्वचिदपि सुरामत्तकलहः
क्वचिद्वीणावाद्यं क्वचिदपि च हाहेति रुदितं ।
क्वचिद्रम्या रामा क्वचिदपि जराजर्जरतनु-
र्न जाणे संसारः किममृतमयः किं विषमयः ? ॥

(મનહર)

વિદ્વાનો વિનોદ થાય વિદ્વાનોની વચ્ચે ક્યાંક,
ક્યાંક દારૂ પીધેલાની મત્ત મસ્તી થાય છે;
વીણાનો મધુર સ્વર ક્યાંક સંભળાય કાન,
ક્યાંક "હાય હાય" કરી રૂદન કરાય છે.
મોહને પમાડનારી નારી લટકાળી ક્યાંક,
ક્યાંક જરાથકી તન જીર્ણ તો જણાય છે;
શું આ તે સંસાર હશે વિષ કે અમૃતમય ?
આ બધું નિહાળતાં એ જાણી ન શકાય છે.

સ્વાશ્રયી બનો

(૮)

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

(ગતાંક પૃષ્ઠ ૪૪ થી પૂર્ણ)

ઉલ્લાસિત આકૃતિ, આશાવંત અને શ્રદ્ધાજનક દેખાવ અને અડગ નિશ્ચય ધારણ કરવાથી ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાંથી બહાર નીકળવું સુલભ છે, અને ચિંતા, શંકા અથવા ઔદાસીન્યના સહજ પણ આવિર્ભાવથી પામાની અને પતન નિષ્પન્ન થાય છે મેનકો પોતાના માલીકમાં શંકા, ચિંતા અથવા ભય વગેરે લાગણીઓનો આવિર્ભાવ તત્કાળ શોધી શકે છે જો માલીક હતાશ અને ઉત્સાહ રહિત બને છે તો સેવકોમાં પણ નિરાશા અને નિરુત્સાહ પ્રસરી રહે છે ગ્રાહકો પર તે દુકાનના ઉદાસ વાતાવરણની અસર થશે અને તેથી તેઓ અન્યત્ર જવા લલચાશે વેપારની મંદતા અને મુશ્કેલીના સમયમાં અનેક વેપારીઓનો અધઃપાત થયેલા જોવામાં આવે છે કમનસીબ પોતાની જાત પર અંકુશ કેમ રાખવો અને પોતાના ધંધાની સ્થિતિના સંબંધમાં શંકા અને ભય કેમ છુપાવવા તેનું વેપારીઓને જ્ઞાન હોતું નથી નિરાશા અને નિરુત્સાહ મહત્વાકાંક્ષાના મહાન વિઘાતકો છે નિરાશા અને નિરુત્સાહનું ચેપી રોગની માફક જડમૂળથી ઉન્મૂલન થવું જોઇએ પોતાનો ધંધો ઘણો ખરાબ ચાલે છે એવી નિરંતર વાતો કરનાર માણસ કદિ પણ વિજયી નીવડયો હોય તેવું આપણા જાણવામાં નથી કોઇપણ વસ્તુની કાળી બાજુનો કદિ પણ વિચાર ન કરો નરમ બજાર અથવા વિકટ સમયની વાતો કરવાનું બંધ કરો ઊર્ધ્વગામી થવાની વાતો કરો ઘણા માણસો દોષદર્શી હોય છે અને વારંવાર અસંતોષના ઉદ્ગારો ઉચ્ચારે છે આવા માણસોની દૃષ્ટિએ ગમે તેવો સારો વખત પણ કઠિન ભાસે છે કેટલાક મનુષ્યો નિરાશાવાદી બન્યા હોય છે જેને પરિણામે તેઓ કોઇ પણ વસ્તુમાં પ્રકાશ કે વિજય જોઇ શકતા નથી આવા લોકો સંપત્તિવાન થવાની આશા રાખતા હોય તો તે નિરર્થક છે વિજય તો એક કોમળ લતા છે જેને ઉત્તેજનરૂપી પ્રકાશના પોષણની પૂરેપૂર જરૂર છે,

"જે અનર્થકારક ઉપાધિઓથી તમે પરિવૃત થયા હો તે સર્વને પહોંચી વળવા તમે સમર્થ છો એમ માનો, તમારા સંયોગો પર આધિપત્ય પ્રાપ્ત કરતા શીખો આશાવંત અને ઉત્સાહી મનુષ્યોની જ જગતમાં જરૂર છે જે ભવિષ્યવેત્તાઓ સર્વત્ર સંકટ અને નિષ્ફળતા જુએ છે તેઓની તેશ પણ જરૂર નથી જે આશાવંત અને ઉત્સાહી સ્ત્રીપુરુષો પોતાના કાર્યોમાં વિજય અને સફલતા જુએ છે તેઓના સહવાસમાં આવવા સૌ કોઇ તલસે છે મેલાચ્છાદિત વાતાવરણ કરતાં સૂર્યના પ્રકાશથી તેજસ્વી થયેલા વાતાવરણમાં જવાની આપણને સ્વાભાવિક ઇચ્છા થાય છે, તેવી જ રીતે વક્રપ્રકૃતિ અને ઉદાસીન વૃત્તિવાળા લોકોનો સહવાસ તજી દઇ સરલ પ્રકૃતિ અને પ્રસન્ન ચિત્તવાળા લોકોના સહવાસમાં આવવાની ઇચ્છાનો પ્રત્યેક વ્યક્તિમાં સ્વાભાવિક ઉદ્ભવ થાય છે

જે લોકોને ફતેહ મેળવવાની અભિલાષા હોય છે તેઓની આકૃતિમાં એક વિજેતાની નિશ્ચિતતાનો દેખાવ હોવો જોઇએ લોકો આત્મશ્રદ્ધાથી સમન્વિત થયેલા મનુષ્યોની મુક્તકંઠે પ્રશંસા કરે છે, અને તેઓ લોકોના વિશ્વાસપાત્ર બને છે લોકોને શંકા અને અસ્થિરતા

પર સ્વાભાવિક તિરસ્કાર હોય છે. જેની માનસિક વૃત્તિ સમતોલ અને સ્થિર હોય છે તે માણસ જ સર્વત્ર સર્વથા વિજયી નીવડે છે. અશ્રદ્ધાથી જે માણસ કાર્યનો આરંભ કરે છે તે કદિ પણ વિજયી થતો નથી. મજબૂત મનવાળા મનુષ્યો ઉત્સાહ અને વિશ્વાસની પ્રભા સર્વત્ર પ્રસારે છે. આ જીવનસંગ્રામમાં જીતનાર મનુષ્યની બાહ્યાકૃતિમાં શ્રદ્ધા સર્વત્ર પ્રસરી રહેલી જોવામાં આવે છે, જે તેની શ્રેષ્ઠતાનું સૂચન કરે છે. તેનું વર્તન સામા માણસમાં એક પ્રકારનું બળ પ્રેરે છે, બીજી બાજુએ પરાજિત મનુષ્યની બાહ્યાકૃતિમાં સંદિગ્ધતા અને વિશ્વાસના અભાવનું જ ભાન થાય છે. તેના મુખ પર કે તેની ગતિમાં કોઈપણ પ્રકારની નિશ્ચિતતા જણાતી નથી.

જ્યારે તમને સમજાય કે તમે તમારી ઉચ્ચ શક્તિઓને અનુસરીને કાર્ય કરો છો ત્યારે તમારા હેતુમાંથી ચલાયમાન કરનારી કોઇ સત્તાને આધીન ન થાઓ. ગમે તેટલી મુશ્કેલીઓ આવે, તમે ધાર્યું હોય તે કરતાં તમારું કાર્ય વધારે કઠિન જણાય તો પણ અસ્થિર ચિત્ત બની પાછા ન હઠો. સ્વીકૃત કાર્યને અથવા હેતુને દૃઢતાથી વળગી રહો. જીવનમાં અનેક પ્રસંગો આવે છે કે જ્યારે ગુલાબ કરતાં કાંટા પુષ્કળ હોય છે. તે વાત સ્મરણમાં રાખો. એવા પ્રસંગે જ તમારા બળની અને તમારા મનુષ્યત્વની કસોટી થાય છે. સંયોગો ગમે તેવા નિરુત્સાહજનક હોય તો પણ પરાજય સંભાવિત છે એવું કદાપિ કબૂલ ન કરો; તમારી દૃષ્ટિને તમારા અંતિમ લક્ષસ્થાન તરફ નિરંતર ચોંટાડી રાખો, અને વિજય પ્રાપ્ત કરવાની તમારી શક્તિમાં તમારી શ્રદ્ધાને દૃઢીભૂત બનાવો. વિજયનાં ધોરણને વળગી રહેવાથી અને સ્વીકૃત કાર્ય સાધવાની પોતાની શક્તિને ટકાવી રાખવાથી મનુષ્ય પોતામાં મહાન બળ રહેલું છે એમ સિદ્ધ કરી શકે છે.

કોઈ પણ મનુષ્ય તમારી આત્મશ્રદ્ધા ડાબી ન દે એ ખાસ ધ્યાનમાં રાખો. સ્વપ્નામાં પણ ન ધારો કે નિષ્ફળતા અથવા પરાજય અસ્તિત્વ ધરાવે છે.

અનેક લોકો પોતાના કાર્યોમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે, કેમકે તેઓની આત્મશ્રદ્ધા અસ્થિર અને અદ્ધર હોય છે. જ્યાં સુધી તેઓ પોતાની શક્તિ વિષે અનિશ્ચિત બને છે અને છેવટે વિજયી થવાની શક્તિ કે જેના વગર કોઇ પણ મહાન કાર્ય સાધી શકાતું નથી તેમાં તેઓની શ્રદ્ધા લુપ્ત થાય છે ત્યાં સુધી અન્ય લોકો તેઓના મન શંકાશીલ અને ભયયુક્ત વિચારોથી ભર્યાં કરે છે તે તરફ તેઓનું દુર્લક્ષ રહે છે.

તમે ગરીબાઈના ચક્ર તળે દબાયલા હો, તમારી આસપાસના સંયોગો પ્રતિકૂળ હોય તો પણ તે વિશે લેશ પણ ચિંતા ન કરો, કેમકે એનાથી તમને વિશેષ પ્રયાસ કરવાનું પ્રોત્સાહન મળશે. દુઃખ અથવા ગરીબાઇની શક્તિની સામે થાઓ છો, તમે તમારા સંયોગોને પહોંચી વળવા સમર્થ છો એમ દૃઢતાપૂર્વક માનો. તમારા સંયોગોના તમે માલીક છો એમ ખાતરીપૂર્વક માનો. એટલે પરિસ્થિતિ તરત જ સુધરવા લાગશે. શક્તિની આ માન્યતાથી વિજય પ્રાપ્ત કરવાની પોતાની શક્તિમાં શ્રદ્ધાની આ દૃઢતાથી જે ઉચ્ચતમ કોટિના વિજયને અવિચ્છેદ્ય જન્માધિકાર તરીકે ગણે છે તેવી ચિત્તવૃત્તિથી પ્રકૃતિ બળવાન બનશે અને જે શક્તિઓના સમૂહનો શંકા, ભય અને અશ્રદ્ધા નાશ કરે છે, તેને અપૂર્વ અને અદ્ભુત બળ મળશે. આ પ્રમાણે વિજય પ્રાપ્ત કરવાની પોતાની શક્તિમાં શ્રદ્ધાને નિશ્ચયપૂર્વક વળગી રહેવાથી અનેક વ્યક્તિઓએ મહાન કાર્યો સાધ્યા છે. જેમ આપણે સ્વમાન અથવા સ્વપ્રતિષ્ઠાને વળગી રહેવા યત્ન કરીએ છીએ તેમ આ અમૂલ્ય જન્માધિકારને દૃઢતાપૂર્વક વળગી રહેવાનો યત્ન કરવા સૌ પ્રેરાય એ જ અંતિમ શુભેચ્છા.

સાચી વિદ્યા

લેખક : મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

વિદ્યા તે જ હોવી જોઇએ કે જે ખાસ કરીને મુક્તિને માટે હોવી જોઇએ અને તેવા હેતુથી જ વિદ્યા મેળવવી એ દરેક મનુષ્યની ફરજ છે. પૂર્વ પ્રણાલિકા અને આધુનિક પ્રણાલિકા ઉપર વિચાર કરતાં વિદ્યાભ્યાસનો બોજો તેટલા જ પ્રમાણમાં છે અગર વધુ છે, છતાં પૂર્વ પ્રણાલકાથી જે વિદ્યા ગૌરવયુક્ત સંપાદન થતી હતી અને રૂઢ સંસ્કારવાળી જાની ઐહિક અને પારલૌકિક સુખદાતા કહેવાતી હતી તે અત્યારના જમાનામાં ઘણે ઓછે અંશે જોવામાં આવે છે. **વિદ્યા** એ એક અખૂટ ખજાનો છે, કહ્યું છે કે:—

पूर्वदत्तेषु या विद्या, पूर्वदत्तेषु यद्धनम् ।
पूर्वदत्तेषु या नारी, अग्रे तिष्ठति तिष्ठति ॥

એટલે કે વિદ્યા, ધન, સ્ત્રી વિગેરે પૂર્વકર્મના પુણ્ય-કર્માનુસાર મળી શકે છે, એ વાસ્તવિક છતા અત્યારના જમાનાને અનુસરી આ બાબતમાં માતાપિતાને વિદ્યા ભણાવવામાં મુખ્ય કારણભૂત ગણીએ તો તેમાં નવાઇ જેવું નથી. કેમકે—

माता शत्रुः पिता वैरी ये न बाला न पाठिताः।
न शोभंते सभामध्ये हंसमध्ये बको यथा ॥

મતલબ કે બાલકોને ઘરમાં સારા સંસ્કાર આપી અભ્યાસમાં ઉત્સાહવંત બનાવવા એ પહેલી ફરજ તો માતાપિતાની છે. અને જો એમ ન થાય તો માતા શત્રુ અને પિતા વૈરી ગણાય છે. વળી જ્યારે પોતાના પુત્રો તથા બાલિકાઓને ધાર્મિક કેળવણી રહિત રાખવાથી તેમની યોગ્ય વય થતાં પ્રસંગોપાત હંસની સભામાં જેમ બગલો શોભે નહીં, તદનુસાર તેમની પણ સ્થિતિ બને છે. વિદ્યારૂપી ધન તે જ ખરું હિતકારક ધન છે. કહ્યું છે કે—

न चोरचौर्यं न च राजहार्यं,
न भ्रातृभाज्यं न च भारकारी ।
व्यये कृत वर्धत एव नित्यं,
विद्याधनं सर्वधनप्रधानम् ॥

સારાંશમાં કહેવાનું એટલું જ છે કે વિદ્યારૂપી ધન એ પેટીમાંનું ધન નથી કારણ કે સંચય કરેલું ધન ક્રમે ક્રમે વાપરતા ઓછું જ થાય છે પણ આ વિદ્યારૂપી ધન એવું નથી. પેટીનું ધન ચોર પણ કોઇક દિવસ ચોરી શકે છે પણ આ ધન એવું છે કે ચોરવડે ચોરાતું નથી, રાજકારણમાં હરી જવાતું નથી, ભાઇઓ પણ જે ધનમાં ભાગ પડાવી શકતા નથી અને જે ધનનો બોજો પણ ઉપાડવો પડતો નથી તેમજ વાપરવાથી વધતું જ રહે છે. આવું વિદ્યારૂપી ધન તે જ ખરેખર ધન છે વિદ્યા એ કોઇ અદ્ભુત વસ્તુ છે, કેમકે વિદ્વાન્ માણસ રાજાથી પણ શ્રેષ્ઠ છે. કહ્યું છે કે—

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ॥

વિદ્વાનપણું અને રાજાપણું કદી પણ સરખાં નથી, કેમકે રાજા પોતાના દેશમાં પૂજાય છે, પરંતુ વિદ્વાન

માણસ તો બધી જગ્યાએ પૂજાય છે, માટે વિદ્યા કેવી સંપાદન કરવી તે બાબત ઉપર હવે આવીએ. પ્રથમ તો દરેક મનુષ્યે ધાર્મિક કેળવણી લેવી જોઇએ.

धर्मस्य हि सहायेन तमस्तरति दुस्तरम्

ધર્મની સહાયતાવડે ઘોર અંધકાર (એટલે બુદ્ધિમાં રહેલ જડતા) ઓળંગી શકાય છે અને તેથી જ બુદ્ધિની નિર્મલતા પ્રાપ્ત થાય છે. આ રહસ્ય ભક્તામર સ્તોત્રનું એક પદ મૂકીશ તો તે આસ્થાને નહીં ગણાય. શ્રી માનતુંગસૂરિ મહારાજે વર્ણવ્યું છે કે—

बुध्या विनाऽपि विबुधार्चितपादपीठ,
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ।

મતલબ કે બુદ્ધિ વગરનો છું, છતાં પણ લજ્જા રહિતપણે આપની સ્તુતિ કરવા પ્રેરાયો છું. આ ઉદ્ગાર એ ધર્મની સહાયતાનું ભાન કરાવે છે. આથી માનતુંગસૂરિ મહારાજ વિદ્વાન ન હતા એમ સમજવું નહિ પણ એમની ધર્મપ્રત્યેની અડગ શ્રદ્ધા હતી. સ્તોત્ર બનાવવામાં પ્રભુની સહાયતા માંગી બુદ્ધિનું સર્વોત્કૃષ્ટપણું ચાહતા હતા તેમજ પોતાની કૃતિમાં દિવ્યતત્ત્વ દાખલ કરવા માટે આ પ્રકારની તેમની વાણી હતી આ બધી બાબતનો વિચાર કરતાં પ્રથમ ધાર્મિક વિદ્યા ગ્રહણ કરવી એ મુખ્ય છે અને ત્યારબાદ સામાજિક અને નૈતિક એમ ત્રણ પ્રકારના વિદ્યાભ્યાસની મનુષ્યને જરૂર છે. ધાર્મિક, સામાજિક અને નૈતિક આમ ત્રણ પ્રકારનો વિદ્યાભ્યાસ એ જ વાસ્તવિક છે. હવે સામાજિક, નૈતિક બાબત પર થોડું કહું છું કે સમાજમાં સમય પરત્વે સુધારા કરી કુરિવાજો ન પેસે અને સમાજની ઘોંસરી કલેશ અને ઝઘડાના વેગથી ધસાઇ નાશવંત ન બને તે માટે સદા કોશીશ કરવી એ જ મોટામાં મોટી સામાજિક વિદ્યા મેળવી ગણાય. તેમાં પણ ખાસ નૈતિક વિદ્યાનું અવલંબન કરવામાં આવે તો જ સામાજિક વિદ્યાનો અભ્યાસ સ્થીભૂત બને; ખાડી નીતિને એક બાજુ મૂકી આપખુદી પ્રમાણે વર્તન ચલાવવાની જો બુદ્ધિ-માન પણ હોય તો તેથી જ સામાજિક કેળવણીમાં મોટું વિઘ્ન નડવા સંભવ છે, તેથી ત્રણ પ્રકારની વિદ્યા જો યથાર્થ સંપાદન થાય તો જ **सा विद्या या विमुक्तये**—એ પદની સમાલોચના યથાર્થ થઇ ગણાય. વળી વિદ્યા એ એક ઉત્તમ આભૂષણ બની પહેરનારને સારી રીતે શોભાવે. કહ્યું છે કે—

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्वलाः ।
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृतीर्धमूर्धजाः ।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते ।
क्षीयन्ते खलु भूषणानि सतत वाग्भूषणं भूषणम् ॥

સોનાના ઘરેણાં, હાર, માળા વિગેરે કાળે કરી ઘસાઈ જાય છે, પણ વિદ્યારૂપી જે ઘરેણું તે કદી ઘસાઇ જશે નહિ તેથી વિદ્યા એ જ સાચું ભૂષણ છે.

વિદ્યા એ પુરુષનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રૂપ છે, ઢંકેલું ગુપ્ત ધન છે. વિદ્યા એ સુખ અને વૈભવને આપનારી છે. વિદ્યા એ ગુરુનો પણ ગુરુ છે. વિદેશગમનમાં વિદ્યા વધે છે. એ બાઇની ગરજ સારે છે. વિદ્યા એ ઉત્તમમાં ઉત્તમ દેવ છે. વિદ્યા રાજામાં પૂજાએલ છે. ધન પૂજાએલું નથી માટે વિદ્યા વગરનો માણસ એક પશુ જેવો જ છે, જેથી વહાલા વાચકો ! સુવિદ્યા પ્રાપ્ત કરી ઐહિક અને પારલૌકિક સુખને મેળવો અને હંમેશા વિદ્યા ભણવામાં ઉત્સાહી બની તમારી જિન્દગી સાર્થક કરો ને સાચી વિદ્યા પ્રાપ્ત કરો. અસ્તુ !

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

સોળમી નાટક પૂજા

દુહા

નાટક પૂજા સોળમી સજી સોળે શણગાર;
નાચે પ્રભુની આગળે ભવ નાટક સબ ટાર—(૧)

દેવ કુમર કુમરી મલી નાચે એકશત આઠ;
રચે સંગીત સુહાવના બત્તીસ વિધિકા નાટ—(૨)

રાવણ ને મંદોદરી પ્રભાવતી સુરીયાભ;
દ્રોપદી જ્ઞાતા અગમેં લીઓ જન્મકો લાભ—(૩)

ટાળો ભવ નાટક સવી હે જિન દીનદયાલ;
મિલકર સુર નાટક કરે સુધર બજાવે તાલ—(૪)

આ સોળમી પૂજા નાટક સંબંધી છે. તેની વિધિ આ પ્રમાણે છે–ગીત કરનારી "દેવી અથવા માનુષી સ્ત્રી" સોળ શણગારને ધારણ કરે. પછી જિનેશ્વર પ્રભુની પાસે નાચે. પછી પ્રભુને વિનંતિ કરે કે–હે વીતરાગ પ્રભુ! અમારા સંસારી નાટકો દૂર કરાવી આપો. એવી રીતે એકસો ને આઠ દેવ દેવી અથવા માનુષ–માનુષી અથવા બન્ને મંડલીઓ સંગીતના તાનપૂર્વક બત્રીસ બદ્ધ નાટક કરે. એવા નાટકો કરી ક્યા ક્યા જીવોએ જન્મનો લ્હાવો લીધો તેના નામો આ પ્રમાણે–"રાવણ અને મંદોદરી રાણી" "પ્રભાવતી રાણી" "સૂરિયાભ દેવ" (પરદેશી રાજાનો જીવ). જ્ઞાતાસૂત્રમાં વર્ણન કરાયેલી "દ્રોપદી" વિગેરે હે દીનદયાલ વીતરાગ પ્રભુ! મારા સર્વ ભવનાટક દૂર કરાવી આપો. એવી રીતે દેવદેવીઓ વાજિંત્રના ગાનતાનપૂર્વક પ્રભુ પાસે નાટક કરે છે.

ઢાળ

રાગ ગ્લાણ તાલ દાદરો

નાચત સુર વૃંદ છંદ મંગલ ગુનગારી—એ આંકણી.

કુમર કુમરી કર સંકેત આઠ શત મીલ ભમરી દેત;
મંદ તાર રણુરણાટ ઘુઘરૂ પગધારી—નાચત૦ (૧)

બાજત જિહાં મૃંગતાલ ધપમપ ઘુઘુમ કટધમાલ;
રંગ ચંદ ક્રંગ ક્રંગ ત્રોં ત્રો ત્રિકતારી—નાચત૦ (૨)

તાતા થેઈ થેઈ તાન લેત મુરજ રાગ રંગ દેત;
તાન માન ગાન . જાન કિટ નટ ધુનીધારી—નાચત૦ (૩)

તું જિણંદ શિશિર ચંદ મુનિજન સબ તારે વૃંદ;
મંગલ આનંદ કંદ જય જય શિવચારી—નાચત૦ (૪)

રાવણ અષ્ટાપદ ગિરીંદ નાચ્યો સબ સાજ સંગ;
બાંધ્યો જિનપદ ઉતંગ આતમ હિતકારી—નાચત૦ (૫)

અર્થ—હવે નાટકપૂજાનો ભાવાર્થ દર્શાવાય છે, તે આ પ્રમાણે:—દેવદેવી વૃંદ (દેવદેવીઓના સમુદાય) મંગલભૂત એવા છંદો-ગીતો શ્લોકોવડે કરીને તીર્થંકર પ્રભુના ગુણો ગાય છે. "એકસો ને આઠ દેવકુમારીઓ" એકાંતથી જિનેશ્વરના ગુણ જ ગાવા એવો એક સંકેત જ કરીને મળીને ભમતી દેવ પૂર્વક-પ્રદક્ષિણાપૂર્વક પગે ઘુઘરા બાંધીને વાજિંત્રના મંદ સ્વર-અતિમંદ-મંદતર, તીવ્ર-તીવ્રતર એમ ઉચિત લાગે તેમ રણરણાટ એવા અવાજપૂર્વક મૃદંગ તાલના અવાજપૂર્વક ધપમપ ધુધુમ એવી વિવિધ પ્રકારી સારીગમ સહિત કિટધમાલ રંગ રંગ દંગ દંગ ત્રોં ત્રોં ના ત્રિકઓટ તે ત્રણ ત્રણ પ્રકારપૂર્વક એ નાટક એટલે નૃત્ય તાતા થઇ તાતા થઇ એવા શબ્દોની ઉદ્દીપણાપૂર્વક તાન લેતા લેતા અને મુરજ (ઢોલ) તેના રાગ શબ્દ અને અવાજપૂર્વક રંગ દેતા તાન-માન-ગાન-કિટ નટ તેની ધ્વનિયુક્ત તીર્થંકર પ્રભુના ગુણ ગાય છે. વિગેરે વિગેરે હે તીર્થંકરદેવ પ્રભુ આપ શિશિર ઋતુના પૂર્ણ ચંદ્ર સમાન શીતળ છો અને બીજા મુનિજન સામાન્ય સાધુઓ તારાના, ગ્રહના, નક્ષત્રના, સમુદાયરૂપ છે. વળી આપ મંગલ અને આનંદના મૂળરૂપ છો. આપ મોક્ષ ગતિના સંચાલક છો. આપ બીજાને પણ સંચાલક શિવ એટલે મોક્ષના બનાવો છો. આપ જય પામો-જય પામો એવા શબ્દોથી પ્રભુના ગુણો આ પૂજામાં ગવાય છે-ગવાયા છે-ગવાશે. આ પૂજામાં એક રસિક ગાયકનું અનુપમ દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે-રાવણ પ્રતિવાસુદેવ મંદોદરી રાણી સાથે અષ્ટાપદ ગિરિ ઉપર સર્વ પ્રકારના નૃત્ય-વાજિંત્રયુક્ત નાચ્યો અને ઉત્તમોત્તમ તીર્થંકરનામકર્મનો બંધ કર્યો. એવા બધથી ભવિષ્યમાં મહાવિદેહ ક્ષેત્રે તીર્થંકર થશે અને આ પદ તેમના આત્માને તેમજ બીજા આત્માઓને પણ હિતકારી થશે.

સત્તરમી વાજિંત્ર પૂજા

(દુહા)

તત, વીતત ઘન જુસરે વાદ્ય ભેદ એ ચાર;
વિવિધ ધ્વનિ કર શોભતો પૂજા સત્તરમી સાર....(૧)

સમવસરણ મેં વાજીયા નાદ તણા ઝંકાર;
ઢોલ . દદામા દુંદુભી ભેરી પણવ ઉદાર....(૨)

વેણુ વીણા કિંકણી ષડ્ જમરી મૃદંગ;
ઝલરી ભંભા નાદ શું શરણાઇ મુરજંગ...(૩)

પંચ શબ્દ વાજે કરી પૂજે શ્રી અરિહંત;
મનવાંછિત ફળ પામીએ લહીએ લાભ અનંત....(૪)

અર્થ—હવે સત્તરમી વાજિંત્ર પૂજા કહેવાય છે. તેમા પ્રથમ વાદ્યના (વાજિંત્રના) ચાર ભેદ છે. પ્રથમ તત્ત, બીજો વિનત, ત્રીજો ઘનં, ચોથો જુસર એ ચાર પ્રકારનો વાદ્ય સંબંધી ભેદ અનેક પ્રકારની ધ્વનિ ઉત્પન્ન કરીને સત્તરમી સારભૂત એવી વાજિંત્ર પૂજામાં શોભતો છે. શ્રી તીર્થંકર દેવ પ્રભુના સમવસરણમાં નાના ઝકારો વાગેલા છે. વાગે છે અને વાગશે. એ વાજિંત્રોના નામો કહે છે.—વેણુ-વીણા-કિંકિણી-ઘંટ-ભમરી-મૃદંગ-ઝલરી-ભંભા-શરણાઇ-સુરજંગ વિગેરે વાજિંત્રોના નાદો સમવસરણમાં ગાજે છે. એવી રીતે પંચ શબ્દના અવાજે કરી જે ભવ્યો શ્રી અરિહંત પૂજે છે તે ભવ્યો મનવાંછિત ફળ પામીને અનંતા આત્મગુણના લાભો મેળવે છે.

ઢાળ રાગ જંગલો, તાલ ઠુમરીકી-મન મોહ્યા
જંગલ કી હરણી-એ દેશી

ભવિ નંદો જિનંદ જસ વરણીને—
વીણા કહે જગ તું ચિર નંદ ધન ધન જગ તુમ કરણીને-ભવિ૦ ૧
તું જગનંદી આનંદકંદી તપલી કહે ગુણ વરણીને-ભવિ૦ ૨
નિર્મલ જ્ઞાન વચન મુખ સાચે તૂણ કહે દુઃખ હરણીને-ભવિ૦ ૩
કુમતિ પંથ સબ છિનમેં નાસે જિનશાસન ઉદે ધરણીને-ભવિ૦ ૪
મંગલ દીપક આરતી કરતાં આતમ ચિત શુભ ભરણીને-ભવિ૦ ૫

હે ભવ્ય જીવો! તમે જિનેશ્વર પ્રભુના યશ ગાઇને વૃદ્ધિ પામો. અત્રે વાજિંત્ર જાણે આપણી સાથે વાત કરતા હોય એવા ભાવદર્શક શબ્દો કવિ નરરત્ન કહે છે. તેમા પ્રથમ વીણા વાગે છે. તે વીણા પ્રભુના પૂજકોને કહેવા લાગી છે કે, હવે પૂજા કરનારાઓ તમે લાંબા કાળ સુધી (અનંતકાળ સુધી) સમૃદ્ધિને પામો અને ધન્ય ધન્ય તમારી કરણીને એવી અનુમોદના કરવા લાગી. ત્યાર બાદ તાલી (તબલું) બોલે છે કે, હે ભવ્યો! પ્રભુના ગુણનુ વર્ણન કરીને તમે જગતમા સમૃદ્ધિ (દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ) પામો અને આનંદના મૂળરૂપ બનો. ત્યાર બાદ "તૂણ" નામનું વાજિંત્ર દુઃખ દૂર કરીને કહેવા લાગ્યું કે તમે નિર્મળ જ્ઞાનના વચન સાચા મુખથી બોલી પ્રભુના ગુણ ગાવો. વળી કહે છે કે જિનશાસન જો હૃદયમાં ધારણ કરશો તો કુમતિરૂપ કુપથ ક્ષણમા નાશ પામશે. એવી રીતે મંગલ દીપક અને આરતી કરતાં ભવ્ય જીવોનું ચિત્ત અનેક શુભ ગુણથી ભરાશે. હે ભવ્ય જીવ! પ્રભુના યશ સંબંધી અનેક ગુણ ગાઇ સમૃદ્ધિ પામ

છેલ્લા મંગલરૂપ કળશ

રેખતા

જિનેંદ્ર યશ આજ મેં ગાયો ગયો અઘ દૂર મો મનકો;
શત આઠ કાવ્ય હું કરકે થુણ્યો સબ દેવ દેવનકો....જિ૦-૧

(અનુસંધાન ટા. પેજ ત્રીજા પર)

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

૬૦મા વર્ષનો રિપોર્ટ

[સં. ૨૦૧૨ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી]

આ સભાનો ૬૦મા વર્ષનો રિપોર્ટ તથા સરવૈયું આપની સમક્ષ રજૂ કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

આજથી સાઠ વરસ પહેલાં જ્યારે આપણી સમાજમાં આપણા સાહિત્યના પ્રકાશન અને પ્રચાર માટે ખાસ સંસ્થાઓ ન હતી, તે સમયે એટલે પ્રાતઃસ્મરણિય આચાર્યશ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ પછી માત્ર પચ્ચીસમા દિવસે, એટલે વિ. સં. ૧૯૫૨ના દ્વિતીય જેઠ સુદી ૨ના રોજ સ્વર્ગસ્થ આચાર્યદેવની પુણ્યસ્મૃતિ સાથે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી.

આવી સંસ્થાઓના સંચાલનનો એ સમયે ખાસ કોઇને અભ્યાસ ન હતો, પરંતુ ગુરુદેવની કૃપાથી સભા દિનભરદિન પ્રગતિ સાધતી આવી. કલ્પના ન હતી કે ભાવનાનું એક નાનું સરખું બી સમય જતાં આટલું વિશાળ વડવૃક્ષ બની રહેશે, અને જૈન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં આટલી સુંદર પ્રગતિ સાધી શકશે.

પોતાના કર્તવ્ય ક્ષેત્રે યશસ્વી મંજલ કાપતી સભા સાઠ વરસનું લાંબું આયુષ્ય ભોગવવા ભાગ્યશાળી થાય, એ સભાને મન ગૌરવવંતો પ્રસંગ છે. અને તેનો યશ પરમકૃપાળુ ગુરુદેવ, સંસ્થાના ભૂતપૂર્વ ઉત્સાહી કાર્યકરો અને તેને સાથ આપનાર ભારતભરના સાહિત્યપ્રેમી સભાસદોને ફાળે જાય છે.

વિ. સં. ૨૦૧૨ની સભાની કાર્યવાહી નીચે મુજબ છે:—

ઉદ્દેશ—જૈનશાસ્ત્રો અને સાહિત્યનો ફેલાવો, જૈન તેમજ જૈનેતરોમાં, ભારત તેમજ પરદેશમાં થાય તથા સમાજમાં જ્ઞાન તથા ધાર્મિક અને વ્યાવહારિક કેળવણી વધે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ સફળ કરવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી તે આ સંસ્થાનું કાર્યક્ષેત્ર છે.

સભ્યોના પ્રકારો—

એકવીશ વર્ષની ઉમર પૂરી કરી હોય તેવી કોઇ પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વ્યક્તિ (પુરુષ અથવા સ્ત્રી) અથવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર નીચે મુજબ આ સંસ્થાના સભ્ય થઇ શકશે.

(૧) આ સંસ્થાને એકી સાથે રૂ. ૫૦૧) કે તેથી વધારે રકમ આપનાર આ સંસ્થાના આશ્રયદાતા (Patron) ગણાશે.

નોંધ—સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર આશ્રયદાતા થઇ શકશે નહીં.

(૨) આ સંસ્થાને એકી સાથે રૂ. ૧૦૧) થી ૫૦૦) સુધીની રકમ આપનાર આ સંસ્થાના આજીવન સભ્ય (Life member) ગણાશે.

નોંધ:—કોઇ પણ સંઘ આજીવન સભ્ય થઇ શકશે નહીં. જાહેર જ્ઞાનભંડારને કે સંસ્થાને વ્યવસ્થાપક સમિતિની મંજૂરી લઇને આજીવન સભ્ય કરી શકાશે.

(૩) આ સંસ્થાને વાર્ષિક રૂ. ૫) નું લવાજમ ભરનાર સામાન્ય સભ્ય (Ordinary member) ગણાશે.

સભાના સભાસદો—

સં. ૨૦૧૨ની આખર સુધીમાં નોંધાએલ સભાના સભ્યોનો વિચાર કરતા અમારે કહેવું જોઇએ કે સભા તરફથી ઉચ્ચ કોટીનું જે સાહિત્ય-પ્રકાશન થઇ રહ્યું છે અને તે કાર્યમાં આપણા પૂજ્યપાદ વિદ્વાન મુનિવર્યો તેમજ વિદ્વાન્ ગૃહસ્થોનો જે સાથ મળી રહ્યો છે તેના પરિણામે સભા તરફ સૌનો સદ્ભાવ વધતો રહ્યો છે અને સભાના સભ્યગણમાં પણ સારો ઉમેરો થઈ રહ્યો છે. આપણે વધુ ખુશી થવા જેવું તો એ છે કે સભાના માનનીય પેટ્રનો, પ્રથમ વર્ગના આજીવન સભ્યો વગેરે જે આજ સુધીમાં નોંધાયા છે તે હિન્દભરના જુદા જુદા સ્થળોમાંથી નોંધાયા છે, એટલે આ સંસ્થાને સારાએ ભારતવર્ષે પોતાની માની લીધી છે. શિક્ષિત બ્હેનોએ પણ આ સભાના સભાસદ બની પોતાનો સાથ નોંધાવ્યો છે. આ દરેક હકીકત સભા માટે આનંદ અને ગૌરવના પ્રસંગ સમાન ગણાય. સં. ૨૦૧૨ની આખરે આ સભામાં નીચે પ્રમાણે સભ્યો નોંધાએલ છે:—

પેટ્રનો	૬૫	પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો	૫૬૧
બીજા વર્ગના લાઇફ મેમ્બરો	૧૦૩	ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો	૫
વાર્ષિક સભાસદો	૧૧	કુલ સભાસદો	૭૪૫

નોંધ-આમાંથી બીજા તથા ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરોનો વર્ગ કમી કરવામાં આવ્યો છે.

સાહિત્ય વિષયક પ્રવૃત્તિ—

સભાની મુખ્ય પ્રવૃત્તિ જૈન શાસ્ત્રો અને સાહિત્યના પ્રચારની છે, અને આ પ્રવૃત્તિને (૧ આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા (૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા અને (૩) શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ સીરીઝ આમ ત્રણ વિભાગમા વહેંચવામાં આવેલ છે, તેના પ્રકાશનની વિગત નીચે પ્રમાણે છે.

૧. આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા:—પૂર્વાચાર્યોકૃત તાત્ત્વિક સાહિત્યના પ્રકાશન અર્થે સં. ૧૯૬૬ મા આ ગ્રંથમાળા શરૂ કરવામા આવી અને જુદા જુદા વિષયોને લગતા આજ સુધીમાં ૯૧ કીંમતી ગ્રંથો પ્રગટ કરવામા આવ્યા છે અને પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ, જૈન-જૈનેતર વિદ્વાનો, જ્ઞાનભંડારો તેમજ અમેરિકા, બ્રિટન, ચીન, જાપાન અને ટિબેટના સરકારી નામાંકિત ગ્રંથાલયોને રૂ. ૩૪૪૨૫)ની કિંમતના ગ્રંથો ભેટ તરીકે આપવામા આવ્યા છે. તત્ત્વપ્રેમીઓની દુનિયામાં આ સાહિત્ય ઘણું ઉપયોગી અને પ્રશંસનીય લેખાયું છે.

હાલમાં આગમપ્રભાકર મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજની પ્રેરણા અને સહકારથી મુનિ મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિ મહારાજશ્રી જંબૂવિજયજી મહારાજ દશ વર્ષથી અવિરત શ્રમ લઇને દર્શનશાસ્ત્રનો મહાન્ ગ્રંથ 'નયચક્ર' તૈયાર કરી રહ્યા છે. ભારતીય દર્શનશાસ્ત્રના સાહિત્યમાં આ ગ્રંથ મહામૂલ્યવાન અને પ્રમાણભૂત ગણાય છે. ગ્રંથ

ઘણો મોટો હોવાથી તે ત્રણ ભાગમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે. તેનો પ્રથમ ભાગ તૈયાર થવા આવ્યો છે જે ટૂંક સમયમાં પ્રગટ કરવામાં આવશે. આ મૂલ્યવાન સાહિત્યસર્જન માટે સભા ઉભય પૂ. મુનિવર્યોની અત્યંત આભારી છે.

(૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા: પૂર્વાચાર્યોકૃત ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર, ઐતિહાસિક અને ધાર્મિક કથાનકો વગેરે વિવિધ-વિવિધ પ્રકારનું સાહિત્ય આ ગ્રંથમાળા દ્વારા સીરીઝ તરીકે તેમ જ સ્વતંત્ર પ્રકાશન તરીકે પ્રગટ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ ગ્રંથમાળામાં ૯૧ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે અને તે આ સભાના પેટ્રન તથા આજીવન સભ્યને ધોરણ મુજબ ભેટ આપવામાં આવે છે.

આ રીતે સભાસદ બન્ધુઓને અપાતા ભેટ પુસ્તકોથી તેઓને ત્યાં સંસ્કારી-સાહિત્યનું એક નાનું પુસ્તકાલય બની ગયું છે, જે ઘરના આબાલ-વૃદ્ધોને નિરંતર સંસ્કારી અને સંસ્કૃતિનું ઉચ્ચ પ્રેરણામૃત પાઇ રહેલ છે. આમ સભાના સભાસદો જ્ઞાનવૃદ્ધિનો આત્મિક લાભ મેળવી શકતા હોવાથી સભાના સભ્યોની સંખ્યા ક્રિપ્રતિક્રિ વધતી રહેલ છે.

રિપોર્ટવાળા વરસ દરમિયાન, શેઠ પરશોત્તમદાસ નાગરદાસના પુત્રી કમળાબેનના ટ્રસ્ટમાંથી શેઠ મનુભાઇ લાલભાઈ હસ્તક આર્થિક સહાય મળતાં "કથારત્નકોષ" ભાગ. ૨ જો પ્રગટ કરવામાં આવેલ છે. અને આ ગ્રંથ તેમજ દક્ષિણદીપક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-રત્ન કવિકુલતિલક મુનિશ્રી કીર્તિવિજયજી મહારાજશ્રીએ લખેલ "આર્હતધર્મપ્રકાશ" આમ બે પુસ્તકો સભાસદ બન્ધુઓને ભેટ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત સ્વ. આચાર્ય વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ, કે જેઓશ્રીનો આ સભા ઉપર અત્યંત ઉપકાર હતો, તેઓશ્રીએ લખેલ તાત્વિક લેખોનો એક મહાન ગ્રંથ 'જ્ઞાનપ્રદીપ' પ્રગટ કરવામાં આવેલ છે. આ ગ્રંથના પ્રકાશનમાં પાલનપુરના શ્રીસંઘે પૂરેપૂરી આર્થિક સહાય આપી છે તે બદલ તેમનો આ તકે આભાર માનવામાં આવે છે.

અમારી અભિલાષા તો બને તેટલું લોકભોગ્ય સાહિત્ય પ્રગટ કરવાની અને તેનો યોગ્ય પ્રચાર કરતા રહેવાની છે. ભાષાન્તરનાં મોટા ગ્રંથોની સાથોસાથ, લગભગ હજાર હજારના ખર્ચે નાના-નાના ગ્રંથો પ્રગટ કરવાની વિચારણા પણ સભાએ કરી છે. અને તેના ફલસ્વરૂપે સિદ્ધહસ્ત પ્રસિદ્ધ લેખક મુનિ મહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ લખેલ "જીવનસૌરભ" અને સુપ્રસિદ્ધ લેખક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાકૃત "ધર્મકૌશલ્ય" આમ બે નાના ગ્રંથો પ્રગટ કરવાનો સભાએ નિર્ણય કર્યો છે જે તરતમાં પ્રગટ કરવામાં આવશે.

આ ઉપરાંત આ સભાના માનનીય મંત્રી સ્વ. શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી, કે જેઓએ આ સભાની પ્રગતિમાં અપૂર્વ ભોગ આપ્યો છે તેમની સેવાના સ્મારકરૂપે એક ધાર્મિક સુંદર ગ્રંથ પ્રગટ કરવાનો સભાએ નિર્ણય કર્યો છે, જે હજુ અમો પ્રગટ કરી શકયા નથી. પરંતુ નજીકના ભવિષ્યમાં તે પ્રગટ કરવાની અમારી ભાવના છે. અને તે માટે યોગ્ય પ્રબંધ વિચારાઇ રહ્યો છે.

સાહિત્ય પ્રકાશનની દિશામાં જે નવો ઓપ લેવાતો આવે છે અને સભાએ આ દિશામાં જે પ્રવૃત્તિ કરવી જોઇએ, એ દિસાએ તો અમારે કહેવું જોઇએ કે હાલ અમો ખાસ કંઇ કરી શકયા નથી. સમય

અને સંજોગો મુજબ પ્રકાશન પ્રવૃત્તિ જરા મંદ પડી છે. ગુરુદેવની કૃપા અને વિદ્વાન તથા શ્રીમંતોના સહકારથી અમો આ દિશામાં કાર્ય કરી શકીએ તેમ પ્રાર્થીએ છીએ

(૩) **જૈન આત્માનંદ શતાબ્દિ સિરીઝ** આ ગ્રંથમાળાના 'શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર' ના મૂળ ચાર પર્વો પ્રતાકારે તથા પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યા છે પાંચમા પર્વથી પ્રગટ કરવાની વિચારણા ચાલે છે યોગ્ય સહાય મળ્યે તે શરૂ કરવામાં આવશે

અન્ય પ્રવૃત્તિ

શ્રી આત્માનંદજી ફ્રી લાઇબ્રેરી: સભા હસ્તક એક વિશાળ લાયબ્રેરી સ્થાપવામાં આવેલ છે તેમાં જૈનધર્મ અને નીતિ તથા અભ્યાસને અંગે રૂા. ૧૯૧૩૭ની કીંમતના કુલ ૧૧૮૬૨ પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે તેમજ શ્રી ભક્તિવિજયજી મહારાજ, શ્રી લબ્ધિવિજયજી મહારાજનો સભા હસ્તક પ્રાપ્ત થએલ પ્રાચીન હસ્તલિખિત મૂલ્યવાન પ્રતોને એક અમૂલ્ય સંગ્રહ ખાસ સુરક્ષિત જ્ઞાન-મંદિર બંધાવી લોખંડના કબાટોમાં વ્યવસ્થિત રીતે રાખવામાં આવ્યો છે. આ સંગ્રહનો યોગ્ય ઉપયોગ પણ થઈ રહ્યો છે

જૈન-જૈનેતર સામયિકો ધરાવતું એક વાચનાલય સભાના વિશાળ ખંડમાં ચાલુ છે

શ્રી આત્માનંદ પ્રકાશ સભાના મુખપત્ર તરીકે ૫૪ વરસથી આ માસિક પ્રગટ કરવામાં આવે છે જે સભાના સભાસદોને ભેટ અને વાર્ષિક ગ્રાહકોને માત્ર રૂા. ત્રણના લવાજમથી આપવામાં આવે છે તે ઉપરાંત ગ્રાહકોને એક ભેટ પુસ્તક પણ આપવામાં આવે છે

માસિકને અંગે અમારે કહેવું જોઇએ કે તેની ગ્રાહકસંખ્યા જોઇએ તેટલી મોટી ન હોવાથી તેમજ મુદ્રણ-કાગળ વગેરેની મોંઘવારીને અંગે આજે તો ખોટમાં ચાલે છે

માસિકને વધુ સમૃદ્ધ બનાવવા માટે યોગ્ય વિચારણા કરવામાં આવેલ છે તેમજ વધુ ઉપયોગી અને અભ્યાસપૂર્ણ સાહિત્ય મેળવવા માટે લેખકોને યોગ્ય પુરસ્કાર આપવાનું ધોરણ પણ અખત્યાર કરવામાં આવેલ છે અને ધીમે ધીમે અમોને ઉચ્ચ કોટીના લેખકોનો સહકાર મળતો રહે છે પરંતુ માસિકને અંગેની મોટી ખોટ આવે છે તેનો યોગ્ય તોડ લાવવાની ચિંતા સભાને સેવવાની રહે છે

માસિકના સુજ્ઞ વાચકો અને માનનીય સભાસદ બંધુઓ આ પ્રશ્ન વિચારે, માસિકનો ગ્રાહકસંખ્યા વધારવામાં સહાયભૂત બને અને માસિકની લેખસામગ્રી વધુ રસપ્રદ બનાવવામાં વિદ્વાન લેખકોનો વધુ ને વધુ સહકાર મળતો રહે તેમ આ તકે પ્રાર્થીએ છીએ

શિક્ષણ અને રાહતના ખાતાઓ સભા સાહિત્યોદ્ધાર ઉપરાંત શિક્ષણપ્રચાર અને રાહત કાર્યને અંગે પણ રસ ધરાવે છે અને હાલમાં સભા હસ્તક નીચેના ખાતાઓ ચાલુ છે

આ સભાએ સભાસદો દ્વારા ઉદ્ભવિત કરેલું પાંતરમરણીય પ્રવર્તક મુનિરાજશ્રી **કાંતિવિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડ**ના વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેમજ સભાને સ્વ. શેઠ દેવચંદ દામજીએ સુપ્રત કરેલ રકમના વ્યાજમાંથી ભાવનગરમાં મેટ્રિકમાં પ્રથમ તેમજ દ્વિતીય નંબરે પાસ થનાર બંને મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને પ્રવર્તકશ્રીની સ્વર્ગવાસ તિથી અષાડ શુદ ૧૦ના રોજ જાહેર

મેળાવડો ગોઠીને ચંદ્રકો આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તેની વ્યવસ્થા આ વરસથીજ શરૂ કરવાની ભાવના અમોએ વ્યક્ત કરી હતી પરંતુ હજુ અમો કંઇ કરી શક્યા નથી તે બદલ દિલગીર છીએ. હવે તરતમાં આ અંગે યોગ્ય કરવામાં આવશે.

તદુપરાંત શ્રી મૂળચંદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડના વ્યાજમાંથી તેમજ સભા તરફથી બંને પ્રકારની કેળવણીના ઉત્તેજનાર્થે સ્કોલરશિપો, પુસ્તકો વગેરે જૈન વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ આપવામાં આવે છે.

તેમજ અત્રે ચાલતી શ્રી વૃદ્ધિચંદજી જૈન સામાયિકશાળાને રૂ. ૨૦) તથા શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને રૂ. ૧૨૫) પ્રતિવર્ષ ભેટ તરીકે આપવામાં આવે છે.

શ્રી ગોઠીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટેનું રાહત ફંડ તેમજ ભારત આઝાદ થયું તેની ખુશાલી નિમિત્તે આઝાદ દિને સભાએ અલગ મૂકેલ રૂ. ૧૦૦૦)ના વ્યાજમાંથી જરૂરિયાતવાળા જૈન બંધુઓને રાહત આપવામાં આવે છે. આજના યુગમાં "રાહત" કાર્ય જરૂરી અને આવશ્યક બન્યું છે તો આ ફંડ સધારી આપણા સ્વામીભાઇઓને વધુ રાહત કેમ આપી શકાય તેવી જાતનો સભાનો પ્રયાસ શરૂ છે. સખાવતી અને ઉદારદિલ જૈન બંધુઓનું અમે આ પ્રત્યે ધ્યાન ખેંચીએ છીએ.

દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ—પ્રાતઃસ્મરણીય શ્રીઆત્મારામજી મહારાજશ્રીની જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી તે દિવસે દરવર્ષે સભાસદ બંધુઓ પવિત્ર ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થે જઇ, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી આત્મારામજીની મૂર્તિ પાસે સિંહાસનમાં પ્રભુ પધરાવી તેમની પાસે પૂજા વગેરે ધાર્મિક કાર્યો કરી, સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. સભા માટે આ અપૂર્વ ભક્તિ-પ્રસંગ છે. ગુરુભક્તિના આ ઉત્તમ પ્રસંગ માટે ગુરુભક્ત ઉદારદિલ શેઠ સકરચંદ મોતીલાલ મૂળજીભાઇએ એક રકમ સભાને સુપ્રત કરી છે, તેના વ્યાજમાંથી ખર્ચ થાય છે.

દર વર્ષે માગસર વદિ છઠ્ઠના રોજ પ્રાતઃસ્મરણીય શ્રીમૂળચંદજી મહારાજની તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ આ. શ્રીવિજયકમલસૂરીશ્વરજી મહારાજશ્રીની સ્વર્ગવાસ જયંતિઓ માટે શ્રયેક્ષ ફંડના વ્યાજમાંથી ઉપરોક્ત દિવસોએ દેવગુરુની ભક્તિપૂર્વક જયંતિઓ ઉજવવામાં આવે છે.

સ્થાપના દિન ઉજવણી—

આ સભાનો વાર્ષિક સ્થાપનાદિન-જેઠ શુદિ ૨ ના શુભ દિનની ઉજવણી અંગે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે પોતાની હયાતિમાં સભાને આપેલ રૂ. ૧૦૦૦) રકમનું વ્યાજ અને પોતે કહી ગયેલ બાકીની રકમનું રૂ. ૧૫૦૦ નું વ્યાજ, જે તેમના ધર્મપત્ની શ્રી હેમકુંવર બહેન દરવર્ષે આપે છે તે, આ બંને વ્યાજની રકમવડે થોડા વર્ષોથી અદીને બદલે તળાજા તીર્થે જઇને સ્થાપના-મહોત્સવ ઉજવવામાં આવે છે. વોરા હઠીસંગભાઇએ બાકીની આપવા કહેલ રકમ તેઓશ્રીના ધર્મપત્નીએ સભાને હાલ આપી દેવા જણાવેલ છે. આ રકમથી તીર્થયાત્રા થવા સાથે દેવગુરુભક્તિ વગેરેનો પ્રભાવક બંધુઓને લાભ મળતો હોવાથી આત્મકલ્યાણમાં વૃદ્ધિ થાય છે.

આ મહોત્સવ ઉજવવામાં આજની મોઘવારીને અંગે ખર્ચમાં થોડી તૂટ પડે છે તો દાતાને વિનંતી કે તેઓ પોતે આપેલ રકમમાં યોગ્ય ઉમેરો કરી પરિપૂર્ણ વ્યવસ્થા થાય તેવો તોડ ઉતારે. શેઠ શ્રી હઠીસિંગભાઇના ધર્મપત્ની હેમકુંવરબેન શેઠશ્રીની પૂણ્ય સ્મૃતિ અંગે બોર્ડિંગ, મહોત્સવ, વગેરે શુભ કાર્યોમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી રહ્યા છે ત્યારે સાથોસાથ તેઓશ્રીની સ્મૃતિરૂપે ઉજવાઈ રહેલ આ મહોત્સવના ખર્ચને પહોંચી વળવા યોગ્ય રકમ તે અંગેના ફંડમાં ઉમેરશે તેવી આશા રાખીએ છીએ.

આવી જ એક વિનંતી પ્રાતઃસ્મરણીય મુનિ મહારાજ શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ જયન્તી અંગે તેઓશ્રીના શિષ્યમંડળને છે. આ જયન્તી અંગે સભા પાસે ફંડ તો પડ્યું છે અને પૂર્વે આ દિવસે સભાના સભાસદ બન્ધુઓને પ્રીતિભોજન આપવામાં આવતું પણ હતું, પરંતુ જો જમણ કરીએ તો તેમાં પણ મોઘવારીને અંગે તૂટ આવે તેમ છે. એટલે થોડી રકમ જો ફંડમાં ઉમેરવામાં આવે તો જયન્તી પ્રસંગે યોગ્ય કરવામાં આવે આચાર્યશ્રી વિજય કમળસૂરીશ્વરજી મહારાજનો મોટો શિષ્યસમુદાય આજે આપણા મુનિમંડળમાં સારુ સ્થાન ધરાવે છે. તેઓશ્રી જો યોગ્ય પ્રેરણા કરતા રહે તો આ કાર્ય સહજમાં કરી શકાય તેમ છે. આશા છે આ બાબત તેઓશ્રી યોગ્ય કરી આ સભાને આભારી કરશે.

આનંદ મેળાપ—દર બેમતા વર્ષે આ સભાના કાયમી પ્રમુખ શેઠ **શ્રીયુત ગુલાબચંદ ઝાબુંદજીએ** આપેલ રકમના વ્યાજમાંથી ઠરાવ મુજબ સભાસદોને દૂધપાટી આપવામાં આવે છે અને મેમ્બરો તરફથી જ્ઞાનપૂજન પણ થાય છે

જ્ઞાનપૂજન—દરવર્ષે કાર્તિક શુદ ૫ (જ્ઞાનપંચમી)ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પૂજન વગેરે કરી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

સેવાનું સ્મારક

આ સભાના આત્મા સમાન માનનીય મંત્રી ભાઇ સ્વ. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીની સેવાની સ્મૃતિ જાળવી રાખવા માટે સભાના હોલમાં તેઓશ્રીનું તૈલચિત્ર ખુલ્લું મૂકવાનો ઠરાવ સભાએ કર્યો હતો તે અનુસાર પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજની સાનિધ્યમાં એક મેળાવડો યોજીને ગાંધી હરખચંદ વીરચંદ મહુવાનિવાસીના હસ્તે શ્રીયુત વલ્લભદાસભાઈનું તૈલચિત્ર ખુલ્લું મૂકવામાં આવેલ છે.

આમ તેઓશ્રીનું તૈલચિત્ર ખુલ્લું મૂકવા ઉપરાંત, સદ્ગતની સાહિત્ય પ્રકાશનની ભાવનાને વ્યક્ત કરવા, તેઓશ્રીની સ્મૃતિરૂપે રૂ. પાંચેક હજારના ખરચે એક ધાર્મિક ગ્રંથ પ્રગટ કરવાનો નિર્ણય સભાએ કર્યો હતો, અને આ કાર્યના સમર્થનમાં, સદ્ગતના શુભેચ્છકોએ રૂ. ૨૪૭૯નું એક સ્મારક ફંડ એકત્ર કરી સભાને આપેલ છે. તે ગ્રંથ પ્રગટ કરવાની ભાવના ઉપર દર્શાવી તેમ સભા સેવી રહેલ છે અને તે કાર્ય હવે નજીકના ભવિષ્યમાં હાથ ધરવામાં આવશે

આભાર દર્શન

સભાનો વિકાસ તો અનેક વિદ્વાન મુનિવર્યો, વિદ્વાનો, શ્રીમંતો અને દાનવીરોના સહકારને આભારી છે. કોઇએ પોતાની વિદ્વત્તાનો સતત લાભ આપી સભાની સાહિત્ય-પ્રકાશન પ્રવૃત્તિને દીપાવી છે તો કોઇએ પોતાની સુકમાઇનો દાનપ્રવાહ સભા તરફ વહેતો રાખી સભાના કાર્યને વેગ આપ્યો છે. એ સૌનો વ્યક્તિગત જુદો જુદો આભાર ન માનતા સમગ્ર રીતે આ તકે આભાર માનીએ છીએ. એમ છતાં આ સભાના સાહિત્ય-પ્રકાશનના ગૌરવમાં ઓર વધારો કરી રહેલા અને સભાના અભ્યુદય માટે

સતત ચિંતન સેવી રહેલાં આગમ-પ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ, મુનિવર્ય શ્રી જંબૂવિજયજી મહારાજ આદિનો આભાર માન્યા વિના અમો રહી શકતા નથી. ઇચ્છીએ કે તેઓશ્રીના પ્રેરણા અને સહકારથી અનેક શુભ પ્રવૃત્તિઓ કરવા માટે સભા ભાગ્યશાળી બને.

અભિલાષા અને મનોરથો

જૈન સમાજના શ્રદ્ધાળુ શ્રીમંત બંધુઓ, સાહિત્યપ્રિય અને વિચારશીલ બંધુઓ આ રિપોર્ટ વાંચી સભાની ચાલતી વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થઇ કાર્યવાહકોની આ કલ્યાણકારી કાર્યવાહીમાં જોડાઇને ઉપર્યુક્ત રત્નત્રયીની ભક્તિ કરવાપૂર્વક જે જે અનુકરણીય અને આત્મહિતકર જણાય તે તે અહણ કરે તેમ અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ. ક્રમબદ્ધ વિકાસ સંધતી આ સભાને નજીકના જ ભવિષ્યમાં "હીરક મહોત્સવ" ઊજવવાની સુભાગી તક પ્રાપ્ત થશે, તે આપ સર્વની સ્નેહભરી અભીદૃષ્ટિનું જ પરિણામ અમો માનીએ છીએ અને આ સભાએ સાહિત્ય ક્ષેત્રમાં દેશ-પરદેશમાં જે કંઇ નામના પ્રાપ્ત કરી છે તેમાં પ્રતિદિન સવિશેષ પ્રગતિ થાય એમ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

સં. ૨૦૧૪, મહા શુક્લ ૧૫
તા. ૨૮-૧-૫૮

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ
જાદવજી ઝવેરભાઇ શાહ
માનદ મંત્રીઓ

अनुक्रमणिका

૧.	નહિ મળે નર દેહ ફરી ફરી	(અભ્યાસી)
૨.	પ્રવૃત્તિ અને નિવૃત્તિ	(શ્રી ખાનચંદ હીરાચંદ)
૩.	સતીમંડળ અને સતીત્વ	(શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી)
૪.	માનસિક મિત્રો અને શત્રુઓ	(અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ)
૫.	સ્વ. શેઠ ગુલાબચંદ બાબુંદજી	

રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે

૧ પ્રસિદ્ધિસ્થળ—ખારગેટ, ભાવનગર।

૨ પ્રસિદ્ધિક્રમ—દરેક મહિનાની પંદરમી તારીખ

૩ મુદ્રકનું નામ—હરિલાલ દેવચંદ શેઠ
ક્યા દેશના—ભારતીય
ઠેકાણું—આનંદ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર

૪ પ્રકાશકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર
ક્યા દેશના—ભારતીય
ઠેકાણું—ખારગેટ, ભાવનગર

૫ તંત્રીનું નામ—શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ
ક્યા દેશના—ભારતીય
ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

૬ સામયિકના માલિકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

અમે આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે. તા. ૧૫-૩-૫૮

સહીઓ
ખીમચંદ સી. શાહ
વિઠ્ઠલદાસ મૂ. શાહ
હરિલાલ દે. શેઠ

આ સભાના માનનીય પ્રમુખ
સ્વ. શેઠ ગુલાબચંદ આણંદજી કાપડિયા

શ્રી
આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૫ મું] સં. ૨૦૧૪ ફાગણ [અંક ૫

अनुकूले विधौ देयं यः पूरयिता हरिः ।
प्रतिकूले विधौ देयं यतः सर्वं हरिष्यति ॥

અનુકૂળ વિધિ ! આપો, પ્રભુ રહેશે દઇ બધું;
પ્રતિકૂળ વિધિ ! આપો, કાં તે લેશે લઇ બધું.

દાન તો શ્રીમંત જ કરે, બીજાનું તે ગજું નહિ એવી માન્યતાને સુભાષિતકારે અહિં યુક્ત દલીલથી નિરર્થક બનાવી છે. દૈવ જેને અનુકૂળ હોય, નસીબ જેને યારી આપતું હોય એવાએ તો આપવું જ જોઇએ. કેમકે તે ગમે તેટલું આપશે તો પણ પ્રભુ કે પ્રારબ્ધ તેને આપી જ રહેવાનો છે. અને વિધિ જેને વિપરીત બની બેઠો હોય તેણે પણ આપવું જ ઇષ્ટ છે. કેમકે વહેલી કે મોડી જે સંપત્તિ હરાવવાની છે તેને તો સદુપયોગે વાપરીને એટલું પુણ્ય-ભાથું બાંધવામાં જ અર્થ ડહાપણ છે.

ઉદારતા એ હૃદયને ઉન્નત બનાવનારો ગુણ છે અને દાન એ કોઇ મોટી રકમનું કે જરૂરવેરાતનું જ હોય એવું નથી. દળણાં પાણી કરીને દાડીયું કાઢતા ડોશીમા ભાવભર્યા ચિત્તે પોતાની ગાંઠડીમાંથી પૈસો કાઢી કોઇ અપંગને આપે તે પાંચસો રૂપિયાનું દાન કરનાર કોઈ ધનિકનાં દાન કરતાં પ્રમાણ અને ભાવનાની દૃષ્ટિએ વધુ મોટું અને ઉમદા છે. સ્વાર્થ કે સંકુચિતતાથી નહિ, પણ નિઃસ્વાર્થતા અને ઉદારતાથી જ મનુષ્ય પોતે સુખી થઇ શકે છે અને અન્યને સુખી કરી શકે છે.

'કુમાર' માસિકમાંથી

"નહિ મળે નર દેહ ફરી ફરી"

દ્રુતવિલંબિત

શિશુપણું રમતે ગમતે ગયું, ન નિજનું શુભ શ્રેય કશું થયું;
તરુણતા વળી છે બહુ આકરી, નહિ મળે નર દેહ ફરી ફરી

મદન તે સમયે તુજને દમે, મન સદા પરદાર વિશે રમે;
વિનય જા છ બધો જન વિસરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

ધન ઘરા પરના હરવા ગમે, વિષયભોગતણા સુખમાં રમે;
સુખદ શાંતિ કરી પર તેં મહી, નહિ મળે નર દેહ ફરી ફરી

ઘડપણે તન જીર્ણ બધું થયું, સકલ ઇન્દ્રિયનું બળ તો ગયું;
તદપિ આશ ન જીર્ણ જરા કરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

મરણ ત્યાં તુજને ઝડપી ગયું, અરર આમ વૃથા તન આ ગમું;
પ્રણયથી ન ભજ્યા ચહિ તેં પ્રભુ, નહિ મળે નર દેહ ફરી ફરી

કર થકી કરને શુભ કામને, નિશદિને રટને વીતરાગને;
કર વિચાર અરે જન તું જરી, નહિ મળે નર દેહ ફરી ફરી

વચન સત્ય સદા વદ તું મુખે, ન કર હર્ષ કદી પરને દુઃખે;
સુખ લહે પરનું શુભ તું કરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

હરખ શોક તજી સુખદુઃખનો, કર વિચાર અહોનિશ તત્ત્વનો;
ન કર તું મદ યૌવનનો જરી, નહી મળે નર દેહ ફરી ફરી

ધર ક્ષમા, નય, નીતિ અને દયા, નહિ મળે દિવસો કરથી ગયા;
દૂર રહે બહુ કુસંગતથી ઠરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

વરત સર્વ વિશે સમભાવથી, ભજ નિવૃત્તિ સદા બહુ ભાવથી;
ન કર દ્વેષ કદી પરનો જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
કર નિરોધ સદા મનનો કળે, તન તણા છ રિપુ હણને બળે;
શમ દમાદિક વસ્ત્ર કરે ધરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
વિષયને વિષ તુલ્ય પછી ગણી, ન ધર આશ કદી જન તે તણી;
કર પ્રયત્ન ભવાબ્ધિ જવા તરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
ક્ષણિક છે જનનું તન આ અરે, તદપિ કેમ વિચાર ન તું કરે;
પળ અમૂલ્ય ગઇ ન મળે ફરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
ન પડ તું કર દીપ લઇ કૂવે, નયન બાઇ ઉઘાડ જરા હવે;
લઇને ધ્યાન વિશે વિનતિ જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

અભ્યાસી

卐

कोऽर्थान् प्राप्य न गर्वितो विषयिणः कस्यापदोऽस्तं गताः
स्त्रीभिः कस्य न खंडितं भुवि मनः को नाम राज्ञां प्रियः ।
कः कालस्य न गोचरान्तरगतः कोऽर्थी गतो गौरवं
को वा दुर्जनवागुरासु पतितः क्षेमेण यातः पुमान् ॥

કોનું ચિત્ત થયું ન ખંડિત અરે આ વિશ્વમાં નારીથી ?
કોને ગર્વ થયો ન જાઇ, પલમાં પૈસાતણી પ્રાપ્તિથી ?
કાળે કયા જનનો ન ભક્ષ કરિયો આયુષ્ય પૂરું થતાં ?
કયા અર્થીજનને મહત્વ મળિયું સંસારમાં ભીખમાં ?
દ્વેષી દુષ્ટજનો તણા કપટની જાળે ફસાઇ પડી
ક્ષેમે મુક્ત થવા કયા સુજનને યુક્તિ પછીથી જડી ?
કયા સ્ત્રીલંપટને ન નિત્ય દમતી વેગે વડી આપદા ?
રાજાને પ્રિય કોણ છે વળી કહો આ વિશ્વમાં સર્વદા

પ્રવૃત્તિ અને નિવૃત્તિ

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ

जानामि धर्मं न च मे प्रवृत्तिः ।
जानाम्यधर्मं न च मे निवृत्तिः ॥

આપણે કોઇને સુખ આપવું એ ધર્મ છે. તેમ કોઇને દુઃખ આપવું એ પાપ છે, એ અધર્મ છે, એમ જાણતા નથી શું ? સાચું બોલવું એ ધર્મ છે. તેમ ખોટું બોલવું એ અધર્મ છે, પાપ છે, એ આપણે જાણીએ છીએ. ચોરી કરવી એ મહાપાપ છે, મહાન અધર્મ છે, એ આપણી નજર બહાર તો નથી જ. તેમ દાન આપી બીજાના આત્માને સંતોષવો એ પુણ્યનું કામ છે અને ધર્મ છે, એ આપણે જાણીએ છીએ. કામવાસનાનુ સેવન કરવું એ દોષાર્હ છે. અને આપણી વાસના ઉપર કાબુ મૂકી તેને બંધનમા મૂકવું એટલું જ્ઞાન આપણને નથી એમ તો કહી શકાય જ નહી. પરિગ્રહનું પરિમાણ કે મર્યાદા નહીં બાંધતા તે યથેચ્છ વધાર્યે જ જવુ એ અન્યાય છે. એથી અનેક જીવોના સુખની આપણે ચોરી જ કરીએ છીએ એ સમજાવવાની ખાસ જરૂર જણાતી નથી. છતા આપણે બધી ઉત્કૃષ્ટ જણાતી વસ્તુઓ તરફ પ્રવૃત્તિ કરતા નથી. ધર્માચરણ કરવ તો પ્રસંગ આવતા આખ આડા કાન કરીએ છીએ. અને અનેક કારણોની શોધમા પડી મનને મનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. અને આપણા આત્માને ઠગવાનો પ્રયત્ન કરીએ છીએ. આમ કરવા છતા આપણે વદિતાસૂત્ર ભણી પાપનું પ્રાયશ્ચિત મેળવવા પ્રયત્ન કરીએ છીએ. એનો અર્થ શું ! એનો અર્થ એટલો જ જણાય છે કે, પૂર્વોક્ત શ્લોકમા કહ્યા મુજબ હું ધર્મ જાણું છું, પણ તે આચરી શકતો નથી. તેમ હું અધર્મ કે પાપ શામા છે એ જાણવા છતા તે છોડી શકતો નથી. હું વિચારના નહીં પણ વિકારોના બંધનમાં ફસાએલો છું.

નદીનો પ્રવાહ ધોધમાર વહ્યા કરતો હોય, અને ચોમાસામા એકદમ પૂર આવે ત્યારે તે નદીનું પાણી પોતાનું પાત્ર વીંધી આડાઅવળા માર્ગે વહન કરવા માડે છે. અને આસપાસના પ્રદેશને સમૃદ્ધ કરવાને બદલે વેરાન કરી મૂકે છે. એટલું જ નહીં પણ ઉનાળો આવતા તે પાણી રહિત રેતની જ નદી રહી જાય છે. અને પાસે આવનારને જીવન એટલે પાણી નહી તાપ માત્ર આપે છે. અને લોકોને સુખને બદલે ગરમ તપેલી રેતના ચટકા આપે જાય છે. એવી જ સ્થિતિ આપણી બની જાય છે, એટલે આપણું વર્તન મર્યાદાનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાચારી બની જાય છે. અને આમ થતાં આપણે જગતની આગળ હલકા થઈ જઇએ છીએ. આપણું ઓજ, તેજ કે ચારિત્ર બલ નષ્ટ થઇ જતા લોકો આપણો સહવાસ કરતા અચકાય છે. આપણાથી કોઇને સુખ અપાતું નથી, પણ આપણે લોકોને ત્રાસદાયક નિવડીએ છીએ. આવી સ્થિતિમા ધર્મ અને અધર્મની ઓળખાણ કયાથી રહી શકે ? અને તેથી જ હું ધર્મ જાણું છું પણ આચરી શકતો નથી તેમ અધર્મ જાણું છુ પણ છોડી શકતો નથી એમ કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

નદીનો દાખલો જે આપણે જોઈ ગયા તેજ નદીને બંધ બાંધવામાં આવે અને તેનું પાણી સંગ્રહિત કરવામા આવે તો તેનું સ્વચ્છંદપણું મટી તે અપકારક નહીં રહેતા ઉપકારક થઈ શકે. આપણે આપણી ઇંદ્રિયોને વખતસર બંધમા નહીં બાંધીએ

તો તે આપણું વીર્ય, આપણું તેજ, આપણી આત્મિક શક્તિ વેરવિખેર કરી નાખે એમાં જરા પણ શંકા નથી.

કોઈ વસ્તુનું જ્ઞાન આપણને થાય એ જરૂરી છે ખરું પણ એ વસ્તુ મુખ્ય નથી. ધર્મનું આપણને જ્ઞાન હોય પણ આપણે તેનો સ્વીકાર અને આદર નહીં કરીએ ત્યાં સુધી એ જ્ઞાનનો ઉપયોગ શું? આપણે મુંબઇ જવાનું હોય અને ત્યાં જવાના માર્ગની આપણને ખબર હોય, તેમજ તેના સાધનોની અને સમયની પૂરેપૂરી ખબર હોય છતાં જ્યાં સુધી આપણે તે માર્ગે પગ મૂકતા નથી ત્યાં સુધી આપણું જ્ઞાન શા કામનું? અમુક દવા ખાવાથી આપણો રોગ ચોક્કસ મટી જવાનો છે. અને અમુક પદાર્થો નહીં ખાવાથી એ રોગ તરત નષ્ટ થશે એવી ખાતરી થઇ હોય છતાં આપણે પ્રત્યક્ષ તેનું સેવન કરતા નથી ત્યાં સુધી આપણું એ જ્ઞાન અજ્ઞાનસ્વરૂપ જ રહે એ નિર્વિવાદ છે. એટલે જ્ઞાન સાથે ક્રિયાનું જોડાણ થતું નથી ત્યાં સુધી તે જ્ઞાન પણ નકામું છે. એક ઘરમાં અનેક ઉપયોગી વસ્તુઓ ભરી રાખી હોય અને તેને તાળું વાસી દાબેલું હોય ત્યારે તે વસ્તુઓ હોવા છતાં કોઈ કામની ગણાતી નથી. તેમ કોઈના માથામાં ખૂબ જ્ઞાન ભરેલું હોય, ગમે તે પાઠ મુખેથી તે તરત બોલી જતો હોય પણ વખત આવતાં તેનો કાંઇ પણ ઉપયોગ નહીં કરતાં તે બેસી જ રહે તો તે જ્ઞાનનો ઉપયોગ શું? એ તો જ્ઞાનની વખાર જ ગણાવાની.

એક માણસ આંખેથી દેખી શકતો ન હોય અને અજાણતા ખાડામાં પડે એ બનવાજોગ છે, પણ જો પ્રત્યક્ષ આંખથી બધી વસ્તુઓ જોઈ શકતો હોય, આગળ ઊંડો ખાડો જણાતો હોય, અંદર પડવાથી હાથ પગ ભાંગી જશે એવી ખાતરી હોય, છતાં જો એ ઊંધાડી આંખે ખાડામાં પડે અને પરિણામે દુઃખ ભોગવે તો એ મનુષ્યને શું કહેવાય? થોડા જ પ્રયત્નથી આપણે ઘણો મોટો લાભ મેળવી શકીશું એવી ખાતરી હોય, એવું ચોક્કસ જ્ઞાન હોય છતાં એ મનુષ્ય આળસુ બની સૂઇ રહે અને દેખીતો લાભ ગુમાવી બેસે એવા માણસને આપણે કેવો મૂર્ખ ગણીએ? આપણી સ્થિતિ કાંઈક એવી જ બની ગએલી છે. ધર્મ શું છે એ જાણવા છતાં તે આચરતા નથી, અને અધર્મને ઓળખવા છતાં તેવું આચરણ આપણે છોડી શકતા નથી.

કોઇ વ્યસનાધીન મનુષ્ય હોય એના જેવી આપણી સ્થિતિ થઈ ગએલી છે. દારૂ, ભાંગ, ચા, બીડી, તમાકુ કે એવા કોઇ વ્યસનને આધીન કોઇ સપડાઈ જાય છે ત્યારે તેને ઘણી વખત પોતાની સ્થિતિનું ભાન થઈ આવે છે. આપણે કરીએ છીએ એ કોઇ પ્રશસ્ત વસ્તુ નથી એવું એને સમજાય છે. સામાન્ય પોતાના આરોગ્ય અને સુખને પણ એ વ્યસન હાનિકારક છે અને એ ધર્મ નહીં પણ ધર્મથી વિરુદ્ધ અધર્મ છે એવી એની ખાતરી થઇ ગએલી હોય છે છતાં એ હતાશ બની કહે છે કે: શું કરું આ ભૂંડું વ્યસન મને વળગેલું છે. છોડી દઉં એવું ઘણી વખત લાગે છે પણ છૂટતું નથી. અર્થાત્ ધર્મ શેમાં છે અને અધર્મ શેમાં છે એનું એને ભાન હોય છે, પણ છેવટ વ્યસનનું ભૂત એના મન ઉપર એવો તો પાકો સવાર થઈ બેઠું હોય છે કે, એની આગળ એ દાસ બની બેસે છે. ચોર પોતાનું ઘર લૂટે છે, એ પ્રત્યક્ષ નજરે જોવા છતા એ લુંટાવા દે છે. અને પોતે હાથ પગ જોડી બેસી રહી પોતાની હાનિ પોતાને હાથે થતી જોતો રહે છે. એની પાસેથી પુરુષાર્થ નામનો પદાર્થ ક્યાંય દૂર ભાગી ગએલો હોય છે. પોતે માથકાંગલો બની બે પગ વચ્ચે મ્હોં છુપાવી બેસે છે.

વ્યસની માણસની સ્થિતિ કોઈ વખત એવી પણ થઇ જાય છે કે, કોઇના ઉપદેશથી કે, પોતાના જ વ્યસનના કડવા પરિણામો એની નજરે સામે દેખાતા એ ગભરાય છે અને છેવટ જાણે ભીષ્મપ્રતિજ્ઞા કરતો હોય છે. અને કહે છે કે, હવેથી મારા વ્યસનની વસ્તુને હું અડીશ પણ નહીં. એવી એ પ્રતિજ્ઞા કેટલા કાળ નભે? વ્યસનસેવનનો સમય થાય ત્યાં સુધી એની એ પ્રતિજ્ઞા નભે જાય છે. પણ વખત આવતા અને એ પદાર્થ જણાતા એની પરાંતા બળવા વતેસ્થી આગળ આવી ઊભી રહે છે. અને ફરી પહેલાં જેવું

પ્રવૃત્તિ અને નિવૃત્તિ

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ

जानामि धर्मं न च मे प्रवृत्तिः ।
जानाम्यधर्मं न च मे निवृत्तिः ॥

આપણે કોઇને સુખ આપવું એ ધર્મ છે. તેમ કોઇને દુઃખ આપવું એ પાપ છે, એ અધર્મ છે, એમ જાણતા નથી શું ? સાચું બોલવું એ ધર્મ છે. તેમ ખોટું બોલવું એ અધર્મ છે, પાપ છે, એ આપણે જાણીએ છીએ. ચોરી કરવી એ મહાપાપ છે, મહાન અધર્મ છે, એ આપણી નજર બહાર તો નથી જ. તેમ દાન આપી બીજાના આત્માને સંતોષવો એ પુણ્યનું કામ છે અને ધર્મ છે, એ આપણે જાણીએ છીએ. કામવાસનાનું સેવન કરવું એ દોષાર્હ છે. અને આપણી વાસના ઉપર કાબૂ મૂકી તેને બંધનમાં મૂકવું એટલું જ્ઞાન આપણને નથી એમ તો કહી શકાય જ નહી. પરિગ્રહનું પરિમાણ કે મર્યાદા નહીં બાંધતા તે યથેચ્છ વધાર્યે જ જવું એ અન્યાય છે. એથી અનેક જીવોના સુખની આપણે ચોરી જ કરીએ છીએ એ સમજાવવાની ખાસ જરૂર જણાતી નથી. છતા આપણે બધી ઉત્કૃષ્ટ જણાતી વસ્તુઓ તરફ પ્રવૃત્તિ કરતા નથી. ધર્માચરણ કરવાનો પ્રસંગ આવતા આપ આડા કાન કરીએ છીએ. અને અનેક કારણોની શોધમાં પડી મનને મનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. અને આપણા આત્માને ઠગવાનો પ્રયત્ન કરીએ છીએ. આમ કરવા છતા આપણે વંદિત્તાસૂત્ર ભણી પાપનું પ્રાયશ્ચિત મેળવવા પ્રયત્ન કરીએ છીએ એનો અર્થ શું ? એનો અર્થ એટલો જ જણાય છે કે પૂર્વોક્ત શ્લોકમાં કહ્યા મુજબ હું ધર્મ જાણું છું. પણ તે આચરી શકતો નથી. તેમ હું અધર્મ કે પાપ શામાં છે એ જાણવા છતા તે છોડી શકતો નથી. હું વિચારના નહીં પણ વિકારોના બંધનમાં ફસાએલો છું.

નદીનો પ્રવાહ ધોધમાર વહ્યા કરતો હોય, અને ચોમાસામાં એકદમ પૂર આવે ત્યારે તે નદીનું પાણી પોતાનું પાત્ર છોડી આડાઅવળા માર્ગે વહન કરવા માંડે છે. અને આસપાસના પ્રદેશને સમૃદ્ધ કરવાને બદલે વેરાન કરી મૂકે છે. એટલું જ નહી પણ ઉનાળો આવતા તે પાણી રહિત રેતની જ નદી રહી જાય છે. અને પાસે આવનારને જીવન એટલે પાણી નહી તાપ માત્ર આપે છે. અને લોકોને સુખને બદલે ગરમ તપેલી રેતના ચટકા આપે જાય છે. એવી જ સ્થિતિ આપણી બની જાય છે, એટલે આપણું વર્તન મર્યાદાનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાચારી બની જાય છે. અને આમ થતાં આપણે જગતની આગળ હલકા થઈ જઇએ છીએ. આપણું ઓજ, તેજ કે ચારિત્ર બધ નષ્ટ થઇ જતા લોકો આપણો સહવાસ કરતા અચકાય છે. આપણાથી કોઇને સુખ અપાતું નથી, પણ આપણે લોકોને ત્રાસદાયક નિવડીએ છીએ. આવી સ્થિતિમાં ધર્મ અને અધર્મની ઓળખાણ ક્યાંથી રહી શકે ? અને તેથી જ હું ધર્મ જાણું છું પણ આચરી શકતો નથી તેમ અધર્મ જાણું છું પણ છોડી શકતો નથી એમ કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

નદીનો દાખલો જે આપણે જોઈ ગયા તે જ નદીને બંધ બાંધવામાં આવે અને તેનું પાણી સંગ્રહિત કરવામાં આવે તો તેનું સ્વચ્છંદપણું મટી તે અપકારક નહીં રહેતા ઉપકારક થઈ શકે. આપણે આપણી ઇંદ્રિયોને વખતસર બંધમાં નહીં બાંધીએ

તો તે આપણું વીર્ય, આપણું તેજ, આપણી આત્મિક શક્તિ વેરવિખેર કરી નાખે એમાં જરા પણ શંકા નથી.

કોઈ વસ્તુનું જ્ઞાન આપણને થાય એ જરૂરી છે ખરું પણ એ વસ્તુ મુખ્ય નથી. ધર્મનું આપણને જ્ઞાન હોય પણ આપણે તેનો સ્વીકાર અને આદર નહીં કરીએ ત્યાં સુધી એ જ્ઞાનનો ઉપયોગ શું? આપણે મુંબઇ જવાનું હોય અને ત્યાં જવાના માર્ગની આપણને ખબર હોય, તેમજ તેના સાધનોની અને સમયની પૂરેપૂરી ખબર હોય છતાં જ્યાં સુધી આપણે તે માર્ગે પગ મૂકતા નથી ત્યાં સુધી આપણું જ્ઞાન શા કામનું? અમુક દવા ખાવાથી આપણો રોગ ચોક્કસ મટી જવાનો છે. અને અમુક પદાર્થો નહીં ખાવાથી એ રોગ તરત નષ્ટ થશે એવી ખાતરી થઇ હોય છતાં આપણે પ્રત્યક્ષ તેનું સેવન કરતા નથી ત્યાં સુધી આપણું એ જ્ઞાન અજ્ઞાનસ્વરૂપ જ રહે એ નિર્વિવાદ છે. એટલે જ્ઞાન સાથે ક્રિયાનું જોડાણ થતું નથી ત્યાં સુધી તે જ્ઞાન પણ નકામું છે. એક ઘરમાં અનેક ઉપયોગી વસ્તુઓ ભરી રાખી હોય અને તેને તાળું વાસી દીધેલું હોય ત્યારે તે વસ્તુઓ હોવા છતાં કાંઈ કામની ગણાતી નથી. તેમ કોઈના માથામાં ખૂબ જ્ઞાન ભરેલું હોય, મમે તે પાઠ મુખેથી તે તરત બોલી જતો હોય પણ વખત આવતા તેનો કાંઇ પણ ઉપયોગ નહીં કરતાં તે બેસી જ રહે તો તે જ્ઞાનનો ઉપયોગ શું? એ તો જ્ઞાનની વખાર જ ગણાવાની.

એક માણસ આંખેથી દેખી શકતો ન હોય અને અજાણતા ખાડામાં પડે એ બનવાજોગ છે, પણ જો પ્રત્યક્ષ આંખથી બધી વસ્તુઓ જોઈ શકતો હોય, આગળ ઊંડો ખાડો જણાતો હોય, અંદર પડવાથી હાથ પગ ભાંગી જશે એવી ખાતરી હોય, છતાં જો એ ઊંધાડી આંખે ખાડામાં પડે અને પરિણામે દુઃખ ભોગવે તો એ મનુષ્યને શું કહેવાય? થોડા જ પ્રયત્નથી આપણે ઘણો મોટો લાભ મેળવી શકીશું એવી ખાતરી હોય, એવું ચોક્કસ જ્ઞાન હોય છતાં એ મનુષ્ય આળસુ બની સૂઇ રહે અને દેખીતો લાભ ગુમાવી બેસે એવા માણસને આપણે કેવો મૂઢ ગણીએ? આપણી સ્થિતિ કાંઈક એવી જ બની ગએલી છે. ધર્મ શું છે એ જાણવા છતાં તે આચરતા નથી, અને અધર્મને ઓળખવા છતાં તેનું આચરણ આપણે છોડી શકતા નથી.

કોઇ વ્યસનાધીન મનુષ્ય હોય એના જેવી આપણી સ્થિતિ થઈ ગએલી છે. દારૂ, ભાંગ, ચા, બીડી, તમાકુ કે એવા કોઇ વ્યસનને આધીન કોઇ મનુષ્ય જાય છે ત્યારે તેને ઘણી વખત પોતાની સ્થિતિનું ભાન થઈ આવે છે. આપણે કરીએ છીએ એ કોઇ પ્રશસ્ત વસ્તુ નથી એવું એને સમજાય છે. સામાન્ય પોતાના આરોગ્ય અને સુખને પણ એ વ્યસન હાનિકારક છે અને એ ધર્મ નહીં પણ ધર્મથી વિરુદ્ધ અધર્મ છે એવી એની ખાતરી થઇ ગએલી હોય છે છતાં એ હતાશ બની કહે છે કે: શું કરું આ ભૂંડું વ્યસન મને વળગેલું છે. છોડી દઉં એવું ઘણી વખત લાગે છે પણ છૂટતું નથી. અર્થાત્ ધર્મ શેમાં છે અને અધર્મ શેમાં છે એનું એને ભાન હોય છે, પણ છેવટ વ્યસનનું ભૂત એના મન ઉપર એવો તો પાકો સવાર થઈ બેઠું હોય છે કે, એની આગળ એ દાસ બની બેસે છે. ચોર પોતાનું ઘર લૂટે છે, એ પ્રત્યક્ષ નજરે જોવા છતા એ ઘુંટાવા દે છે. અને પોતે હાથ પગ જોડી બેસી રહી પોતાની હાનિ પોતાને હાથે થતી જોતો રહે છે. એની પાસેથી પુરુષાર્થ નામનો પદાર્થ ક્યાંય દૂર ભાગી ગએલો હોય છે. પોતે માથકાંગલો બની બે પગ વચ્ચે મ્હોં છુપાવી બેસે છે.

વ્યસની માણસની સ્થિતિ કોઈ વખત એવી પણ થઇ જાય છે કે, કોઇના ઉપદેશથી કે, પોતાના જ વ્યસનના કડવા પરિણામો એની નજર સામે દેખાતા એ ગભરાય છે અને છેવટ જાણે ભીષ્મપ્રતિજ્ઞા કરતો હોય છે. અને કહે છે કે, હવેથી મારા વ્યસનની વસ્તુને હું અડીશ પણ નહીં. એવી એ પ્રતિજ્ઞા કેટલા કાળ નભે? વ્યસનસેવનનો સમય થાય ત્યાં સુધી એની એ પ્રતિજ્ઞા નભે જાય છે, પણ વખત આવતા અને એ પદાર્થ જણાતા એની પણતા બમણા જોરથી આગળ આવી ઊભી રહે છે. અને ફરી પહેલાં જેવું

જ એ વ્યસન સેવન કરવા માંડે છે. ફરી જ્યાં ને ત્યાં જ એ આવી જાય છે. કેટલીએક વખતે એ વ્યસનનો ત્યાગ વધુ વખત સુધી નભાવ્યે જાય છે, પણ સમય સરે એવી પ્રતિજ્ઞા પણ તૂટી જાય છે. ગુરુ પાસે લોકોની સામે ગ્રહણ કરે છે, છતાં એ પ્રતિજ્ઞા કે દેવગુરુ અને આત્માની સાક્ષીએ લીધેલી પ્રતિજ્ઞા ફોક કરી ભયંકર દોષનો ભાગી બની બેસે છે.

પોતાનું વ્યસન છોડી પૂર્ણ નિર્વ્યસની બને એવા કોઇક જ ધીર અને વીર પુરુષ પાકે છે. બાકી હજારમાંથી નવસો નવાણું લોકો તો ધર્મ જાણું છું પણ આચરી શકતો નથી અને અધર્મ જાણું છું પણ છોડી શકતો નથી એવી કોટીના જ હોય છે. આપણે એવા વિરલ શૂરવીર બનવું હોય તો પોતામાં રહેલ સુપ્ત એવો પુરુષાર્થ જાગૃત કરવો પડશે. ઘોડા ઘણા કષ્ટ તો સહન કરવા જ પડશે. કારણ કષ્ટ વગર જગતમાં કાંઈપણ પ્રાપ્ત થતું જ નથી, એ નક્કર સત્ય છે.

પાપકાર્ય છોડતા પ્રારંભમાં કષ્ટ તો પડવાના જ, પણ એ કષ્ટ સહન કરતા અંતે સિદ્ધિ તો મળવાની જ છે. આપણાથી એ કેમ બનશે? આપણે કેમ થશે? એ વિચારો નિર્વીર્ય અને કાયર પુરુષોના હોય, શૂરાઓના નહીં. આત્માની શક્તિ મોટી નહીં પણ અનંતી છે. એવું શાસ્ત્રો પોકારી પોકારીને કહી રહેલ છે શું આપણી જ પાસે એવી શક્તિનો અભાવ હશે? જરા ધીર ધારણ કરો. ધર્મને જાણો છો તો તેનું આચરણ કરો અને અધર્મ જાણો છો તો તેનો ત્યાગ કરો!

★

माता निंदति नाभिनंदति पिता भ्राता न संभाषते
भृत्यः कुप्यति नानुगच्छति सुतः कान्ता न संरंभते।
अर्थप्रार्थनशंकया न कुरुतेऽप्यालापमात्रं सुहृद्
तस्मादर्थमुपार्जयस्व च सखे! ह्यर्थस्य सर्वे वशाः॥

નિંદા કરે માતા, પિતા પ્રીતે ન બોલાવે કદિ,
કાન્તા ન મનરંજન કરે મુખથી મધુર વાણી વદી;
ભાઈ ન પૂછે ભાવ સુત આજ્ઞા સહુ ઉથાપતા,
ધન માગશે એ ભયથકી મિત્રો ન મન મોં આપતા.

ધનહીન જનની જગતમાં આવી દશા દેખાય છે,
ધનવાનને સુત દાર માતા સર્વ આધીન થાય છે,
તે માટે શાણા સજ્જનો ધનકાજ યત્નો બહુ કરો,
યત્નો છતાં જો ના મળે તો દૈવનો દોષ જ ખરો

卐

સતીમંડળ અને સતીત્વ

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

બ્રહ્મચર્યનો મહિમા આમ તો સર્વત્ર ગવાયેલો દૃષ્ટિગોચર થાય છે, છતાં જૈનદર્શનમાં એનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે એટલું જ નહીં પણ એની મહત્તા વિશેષપણે સ્વીકારાયેલી છે અને તે યથાર્થ પણ છે જ. જૈન દર્શનને અનેકાંત દર્શન તરીકે પણ ઓળખવામાં આવે છે એનું કારણ એ કે સર્વદ્રવ્યો સંબંધી વિચારણા કરતાં તે કોઇ વાતમાં એકાંતનું નાડું પકડી ન રાખતાં જુદી જુદી દૃષ્ટિએ જુવે છે અપેક્ષાને આગળ કરી દરેક પ્રશ્નનું તોલન સ્યાદ્વાદની દૃષ્ટિથી કરે છે. એનું ધ્યેય સમન્વય સાધવા તરફ હોય છે અને એ પદ્ધતિ એવી સ્વસ્થભરી છે કે જ્યાં ઝઘડા-ટંટા કે મતફેર ટકી શકતા નથી, આમ છતાં એ દર્શનમાં પણ બ્રહ્મચર્યનો વિચાર ચલાવતી વેળા બાર મૂકીને કહેવાયું છે કે—આ પવિત્ર વ્રતનું જરા પણ ખંડન ઇષ્ટ નથી. એમાં ભિન્ન અપેક્ષાનો ઉપયોગ અસ્થાને છે. એકાંતપણે એ મહાવ્રતનું પાલન જ પ્રશંસનીય છે. એ કારણે ત્યાગપંચના પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્યવ્રત મુગટ સમાન છે.

આમ છતાં પ્રભાતકાળે જે સતીઓ સ્ત્રીપુરુષોનું સ્મરણ કરવામાં આવે છે તેમાં અખંડ બ્રહ્મચારીના નામ તો આંગળીના વેઢે ગણાય તેટલા પણ નથી ! વર્તમાન ચોવીશીના તીર્થંકરો પ્રતિ નજર નાખીશું તો જણાશે કે—'મલ્લિ, નેમ, પરણ્યા નહીં, બીજા પરણારી' એવા કવિ શ્રી વીરવિજયના ઉલ્લેખ મુજબ માત્ર બે જ તીર્થંકરો બાળબ્રહ્મચારી છે. આ ઉપરથી દીવા જેવું સ્પષ્ટ જણાય છે કે—कंदर्पदर्पदलने विरला मनुष्याः। એ વચન અનુભવસિદ્ધ છે. આંગ લેવાથી જેઓ સર્વથા કામને જીતી શકતા નથી, પણ એના ઉપર વિવિધ માર્ગો દ્વારા અંકુશ ધરાવે છે તે સર્વ શ્લાઘનીય ગણાય છે અને એવા સત્ત્વશાળી આત્માઓના નામસમરણ કરી ઇંદ્ર સભામાં બેસતા હોય કિંવા માનવો પ્રાતઃકાળે સ્મૃતિપંથમાં પ્રથમ સ્થાન આપતાં હોય તો તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી.

આ વિષયમાં જરા વધારે ઊંડા ઊતરીશું તો પુરુષ વર્ગ કરતાં સ્ત્રીવર્ગમાંથી વિશેષ સંખ્યા જનતાને મુખે ચઢેલી નયન-પથમાં આવશે. એમાં બાળબ્રહ્મચારી, પતિપરાયણાના નામો જોવાના મળે છે તેમ એક કરતાં અધિક પતિ ધરાવનાર પણ જોવાય છે ! એથી ઘડીભર આશ્ચર્ય સંભવે, પણ એ પાછળનું વૃત્તાંત બરાબર અવધારવામાં આવે, અને એને ધ્યાનમાં રાખી જ્ઞાની પુરુષોએ એ ઉપર સહીસીક્કા કરેલા છે તેનો વિચાર કરવામાં આવે, તો સંશય-જળમાં પડેલ સાકરના ગાંગડા માફક ઓગળી જાય છે. આત્મામાં રહેલું સત્ત્વ જ કસોટી પર ચઢે છે. ભલે નારી જાતિ માટે જૂદાજૂદા દર્શનકારોએ ભાતભાતના અને કેટલીકવાર સાવ વિચિત્ર લાગે તેવા ઉલ્લેખો કરેલા છે, છતાં પણ આત્મધર્મ પર મુસ્તાક રહેનાર અને અપેક્ષાના માપાયો માપનાર જૈનધર્મમાં એ જાતની નથી તો વિચિત્રતા કે નથી તો એકાંત. આત્મતત્ત્વની નજરે સ્ત્રી-પુરુષ વચ્ચે કોઇ પણ જાતનો ફરક ન જોનાર. દર્શનકારોએ યથાર્થ મૂલ્યાંકન કરેલ છે. માતૃપદ જેવું સ્થાન ધ્યાનમાં રાખી વખાણ કરતાં વિશિષ્ટતા પણ દાખવી છે. એ માટે લંબાણ ન કરતાં એટલું જ જણાવીએ કે—'નારી નરકની ખાણ' જેવું વાક્ય આંખે ઠેકે છે તેમ 'શ્રી સ્વર્ગની સીડી' કે 'રત્નાકરી' જેવા

વિશેષણો પણ અપાયેલ દૃષ્ટિગોચર થાય છે. સાતમી નરકનું દ્વાર સ્ત્રીજાતિને માટે કાયમનું બંધ કરી એનું ગૌરવ વધાર્યું છે અને આપણા આ અવસર્પિણી કાળમાં ચોવીશ તીર્થંકરોમાં શ્રી મલ્લિનાથ સ્ત્રી તીર્થંકર તરીકે થયા છે એ સ્ત્રી જાતિની મહત્તા ઓછી ન લેખાય અને એમાં પણ દીક્ષા લીધા બાદ કોઇ પણ જાતના ઉપસર્ગો સહ્યા વિના વહેલામાં વહેલું કેવળજ્ઞાન એમને જ થયું છે. સ્ત્રીત્વમાં અજોડ શક્તિના દર્શન તત્વચિંતકોએ કરેલા છે.

લંબાણ ભૂમિકાને સમેટી લેતા મથાળે ટાંકેલ વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે 'ચારુશીલા રમણીરત્નો'ના લેખમાળામાં આ માસિકના અગાઉના અંકોમાં સારા પ્રમાણમાં કેટલીક સતીઓ આશ્રી કહેવાયું છે, છતાં જેઓ પ્રખ્યાત છે છતા અહીં સ્થાન પામેલ નથી, વળી પ્રભાતકાળની સ્તવનામાં જેમના નામો સુચવતા સ્તવનોમાં ફેરફાર જણાય છે, અને કેટલીક તરતમતા જોડીને આખે વળગે છે એ સર્વનો યથાશક્તિ તાળો મેળવી, સરવાળે તો શિયળવ્રતના માહાત્મ્યની જ યશગાથા ગાવાની છે.

'પ્રભાતે ઉઠી મંગલિક કામે સોળ સતીના નામ લીજીએ' એ પ્રભાતીયું, 'બ્રાહ્મી ચન્દનબાળિકા, રાજીમતી દ્રોપદી' નામા 'જિનસ્તવન'માં આવતી લીટીઓ અને 'ભરહેસરબાહુબલિ' નામની સજ્ઝાયમાં બાદ કરાયેલ નારી જાતિની સારીયે નામાવલીરૂપ' ત્રિવેણીને નેત્ર સામે રાખી લેખિનીને ગતિ કરાવતા સૌ પ્રથમ નામફેરફારનું પ્રમાણ અવધારીએ.

સોળ સતીના છ જુના નામો આ પ્રમાણે ગણાવેલા છે ૧ બ્રાહ્મી, ૨ સુંદરી, ૩ ચંદનબાળા, ૪ રાજીમતી, ૫ દ્રોપદી, ૬ કોશલ્યા, ૭ મૃગાવતી, ૮ સુયમા, ૯ સીતા, ૧૦ સુભદ્રા, ૧૧ શીવા, ૧૨ કુંતી, ૧૩ શીલવતી, ૧૪ દમયંતી, ૧૫ પુષ્પચુલા અને પ્રભાવતી, ૧૬ પદ્માવતી. મુનિશ્રી ઉદયરત્ને છંદના ઉપર મુજબ નામો ગણાવ્યા છે અને એનો અંક સત્તર થતો હોવા છતાં 'સોળમી મતી પદ્માવતીએ' કહી પુષ્પચુલા ને પ્રભાવતીને સાથમાં મૂકેલ છે.

શ્રી ધર્મસૂરિએ 'નિત્યે શ્રી ભુવનાધિવાસ ભુવન ત્રિતિમલ્લિધોતિને...' નામા જે સ્તવન રચ્યું છે એના પ્રાંત ભાગે નિમ્ન નામો ગણાવ્યા છે. ૧ બ્રાહ્મી, ૨ ચંદનબાળા, ૩ રાજીમતી, ૪ દ્રોપદી, ૫ કોશલ્યા, ૬ મૃગાવતી, ૭ સુલસા, ૮ સીતા, ૯ સુભદ્રા, ૧૦ શિવા, ૧૧ કુન્તી, ૧૨ શીલવતી, ૧૩ નલદયિતા દમયંતી, ૧૪ ચૂલાપ્રભાવત્યો પ્રયોગથી ચૂલા ને પ્રભાવતી, ૧૫ પદ્માવતી, ૧૬ સુંદરી, 'દિનમુખે કુર્વન્તુ વો મંગલમ્' ઉલ્લેખી કડી પૂરી કરેલ છે. ઉપરના નામો માફક જ આ નામો છે; ફક્ત ક્રમમાં ફેરફાર કરેલ છે.

ભરહેસરની. સજ્ઝાયમાં શરૂઆત ૧ સુલસાથી કરી, ૨ ચંદનબાળા, ૩ મનોરમા, ૪ મદનરેખા, ૫ દમયંતી, ૬ નર્મદા, ૭ સીતા, ૮ નંદા, ૯ ભદ્રા, ૧૦ સુભદ્રા, ૧૧ રાજીમતી, ૧૨ ઋષિદત્તા, ૧૩ પદ્માવતી, ૧૪ અંજના, ૧૫ શ્રીદેવી, ૧૬ જ્યેષ્ઠા, ૧૭ સુજ્યેષ્ઠા, ૧૮ મૃગાવતી, ૧૯ પ્રભાવતી, ૨૦ ચેલણા, ૨૧ બ્રાહ્મી, ૨૨ સુંદરી, ૨૩ રૂપિણી, ૨૪ રેવતી, ૨૫ કુંતી, ૨૬ શીવા, ૨૭ જયંતી, ૨૮ દેવઇ–દેવકી, ૨૯ દોવઇ–દ્રોપદી, ૩૦ ધારણી, ૩૧ કલાવતી, ૩૨ પુષ્પચૂલા, ૩૩ પદ્માવતી, ૩૪ ગૌરી, ૩૫ ગંધારી. ૩૬ લક્ષ્મણા, ૩૭ સુસિમા, ૩૮ જાંબુવતી, ૩૯ સત્યભામા, ૪૦ રૂક્ષ્મણી. (એ આઠ કૃષ્ણ વાસુદેવની રાણીઓ) ૪૧ થી ૪૭ સુધીમાં શકડાલ મંત્રીશ્વરની કન્યાઓ યાને સ્થુલભદ્રની બ્હેનો જેમના નામ યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા, અને રેણા છે એ સર્વને ગણાવી ઇત્યાદિ બહાસતીઓ કહી પૂર્ણાહુતિ કરેલ છે.

ઉપરી શુદ્ધતાલીસવાળી ગણત્રીમાં સોળ સતીમાં આવતાં કોશલ્યા અને શિયળવતી કે શીલવતીરૂપ બે નામો જણાતા નથી. કૃષ્ણમહિષીઓ અને સ્થુલભદ્રની બ્હેનોને બાદ કરીએ તો પણ નવા સોળ નામો તેમજ ઉપર્યુક્ત એની અદલીમાં નવા બે ઉમે

રેતાં અઢારનો અંક થાય છે. આ સર્વનું સ્મરણ કરવા પાછળ પૂર્વે જોઈ ગયા તેમ આ નારીવૃંદમાં શિયળવ્રત માટે દૃઢીભૂત થયેલ અડગતા અગ્રપદે આવે છે. પતિપરાયણતાના નિતરાં દર્શન થાય છે. આ પ્રકારનો સત્ત્વગુણ પ્રબળ હોવાથી એ સર્વની ગણના સતીઓમાં કરાયેલી છે અને પ્રાતઃકાળની વંદનામાં અગ્રસ્થાન આપેલ છે. અપવાદરૂપે આમાં દ્રૌપદીનું જીવન જણાશે પણ એ પાછળ પાંડવમાતાવાળો પ્રસંગ ધ્યાનમાં લઇએ અને પૂર્વ ભવમાં એના જીવે કરેલ નિયાણાને વિચારીએ, તથા પાંચ ભરથાર હોવા છતાં તેણીએ જે-કડકાઇથી નિયમ મુજબ એકને સ્વામીરૂપે સ્વીકારી બાકીના ચાર પ્રત્યે સ્થિર જેવું શુદ્ધ વર્તન દાખવ્યું છે તે તરફ યથાર્થ લક્ષ્ય આપીએ તો એની ગણના સતીમંડળમાં થયેલી છે તે પાછળનો આશય સહજ સમજી શકાય.

બાળબ્રહ્મચારિણીના કારણે જેમ બ્રાહ્મી, સુંદરી અને ચંદનબાળાનો નંબર સતીઓમાં મુખ્યપણે નોંધાયો તેમ સ્થૂળભદ્રજીની ભગિનીઓ પણ એ જ કક્ષામાં હતી. એ સર્વ માટે પતિપરાયણતાને સ્થાને અંતરમાં રમતો શિયળવ્રત માટેનો દૃઢ પ્રેમ યાને સત્ત્વગુણ જ ગણનાપાત્ર લેખાયો છે. ભગવતી રાજીમતી પણ ગૃહસ્થ જીવનમાં રહ્યાં નથી. માત્ર વિવાહ સંબંધ જોડાયો હતો છતાં પાણિગ્રહણના અવસરને ઉદ્દેશી તેમણે ભગવંત શ્રી અરિષ્ટનેમીને જે રીતે યાદ કર્યા છે એમાં પતિ પ્રત્યેના અજોડ પ્રેમના દર્શન થાય છે. પૂર્વના આઠ ભવની પ્રીત તેમને સંયમમાર્ગ પ્રતિ ઉમળકાભેર ખેંચી જાય છે. ઘડીભર નાશીપાસી ઉપાલંભના વચનો ઉચ્ચરાવે છે છતાં સાચા હૃદયનું મિલન હોવાથી માર્ગ તો સ્વામીએ લીધો તે જ એ લે છે. અંતરની એ સચોટ દૃઢતા એકાંત ગુફા છતાં સ્થિર એવા રથનેમિને માર્ગ પર સ્થિર કરનાર બને છે.

ઉપરનું દૃષ્ટાંત જેમ અખંડ પ્રેમનું છે તેમ સુજ્યેષ્ઠાની કથા પ્રેમભંગના ઉદાહરણરૂપ છે. કોણિક-રાજા સહ ચેલણા ચાલી જતાં એના અંતરમાં ખળભળાટ મચે છે અને એનો અંત સંસારત્યાગમાં આવે છે. શ્રમણજીવનમાં આતાપના લેતાં બ્રહ્મચર્યની અખંડતા જળવાતી નથી પણ એ પાછળ માનસિક લાલસાનો અંશ ન હોવાથી વ્રતભંગ નથી લેખાતો અને ચેડા યાને ચેટક મહારાજાની સાતે સતી એવા ભગવંત શ્રી મહાવીર દેવના ટંકશાળી પ્રભાવે ૧ જ્યેષ્ઠા, ૨ શિવા, ૩ પ્રભાવતી, ૪ મૃગાવતી, ૫ પદ્માવતી, ૬ ચેલણા માફક આ સુજ્યેષ્ઠા પણ સતીમંડળમાં શોભી રહે છે. કૌશલ્યા, કુંતી, દેવકી જેવા કેટલાક નામો છે કે જેમને ઉપસર્ગનો પ્રસંગ આવ્યો નથી, કેવલ પતિભક્તિ જ ગણત્રીમાં લેવાઈ છે. કૃષ્ણ વાસુદેવની આઠ પટરાણીઓના જીવનમાં પણ કાંઇ ખાસ બનાવ નોંધાયો હોય એવું જણાતું નથી.

એ સિવાયના નામોમાં શિયળવ્રત કસોટીના બનાવો નોંધાયા છે. કેટલીક લલનાઓને પતિવિરહના દુઃખો વેઠવા પડ્યા છે. કોઇ કોઇને શિરે આળ ચઢયા છે. ગર્ભાવસ્થામાં રઝળવાટ કરવી પડી છે અને શરીરયાતના પણ વેઠવી પડી છે. (ક્રમશઃ)

માનસિક મિત્રો અને શત્રુઓ

અનુ-વિઠ્ઠલદાસ મૂ. શાહ

(૧)

"We can make our minds art galleries of beauty or chambers of horry we can furnish them with anything we please."

"આપણે આપણા મનને સૌંદર્યનું મંદિર અથવા શોભાભવાદિનું નિવાસસ્થાન બનાવી શકીએ. આપણે ગમે તે વસ્તુથી તેને ભરી શકીએ છીએ."

આપણા વિચારો માનસિક આકૃતિઓ જ છે, તે આકૃતિઓ સાકાર સત્યતાની પૂર્વે આવિર્ભૂત થાય છે. તે માનસિક આકૃતિઓ-ચિત્રોની જીવનમા તેમજ ચારિત્ર્ય ઉપર છાપ પડે છે. આપણા વિજયના તથા સુખના શત્રુઓ-અસ્વસ્થ વિચારો, વિષમ વિચારો, ઇર્ષ્યાના વિચારો આપણા મનોરાજ્યમાં દાખલ થઈ આપણી શાંતિ અને સ્વાસ્થ્ય કે જેના વગર જીવન એક જીવતી કબર સમાન છે તેને લૂટી લે તેના કરતા આપણા ઘરમા ચોરો દાખલ થઇને આપણા કિંમતી ખજાના, માલ-મિલકત લૂટી લે તે સહસ્રધા સારું છે.

જે કંઇ આપણે કરીએ અથવા ન કરીએ તે બધી બાબતમા કોઈ પણ પ્રકારના વિષમ વિચારોને *આપણા મનમા સ્થાન કરેલા ન દેવું એવો નિશ્ચય* કરવો-આપણી માનસિક શક્તિને શુદ્ધ અને પવિત્ર રાખવા પર જ દરેક વસ્તુનો આધાર છે. આપણા મનોમંદિરને દરેક પ્રકારના વિચારશત્રુઓથી મુક્ત અને પવિત્ર રાખવાનો યત્ન કરવાની આવશ્યકતા છે.

એક વિષમ વિચાર અથવા એક અસ્વસ્થ પ્રકૃતિને એક જ વખત પોષણ આપવાથી ઘણા વિષમ વિચારો બને અને અનેક અસ્વસ્થ પ્રકૃતિઓ ઉત્પન્ન થાય છે. જે-ક્ષણે આપણે એક અથવા બીજાને પોષણ આપશું તે જ ક્ષણે તે સહસ્રધા વધશે અને વધારે પ્રબળ અને ઉગ્ર થશે. આપણે વૈષમ્ય અને અસ્વસ્થ પ્રકૃતિની સાથે કોઇ પણ કામ છે જ નહિ, કેમકે તેઓ જેને સ્પર્શે છે તે વિષમ બની જાય છે. તેઓ તેના વિષમ સંસ્કાર પ્રત્યેક વસ્તુ પર મૂકે છે અને તેનાથી કોઇપણ મનુષ્ય આશા, સુખ અને હોશિયારી વગરનો થઇ જાય છે. આ સઘળી શ્યામ આકૃતિઓને અને ચિત્રોને તમારા મનમંદિરમાંથી હાકી કાઢો, કારણ કે તેઓ નિરાશા અને પરાભવને પેદા કરે છે.

આપણે આપણા વિચારોના દ્વાર પર બરાબર ચોકી રાખી આપણાં સુખ અને આકાંક્ષાના શત્રુઓને દૂર રાખવાની જરૂર છે. આપણા મનમંદિરમા વસનારા આ શત્રુઓ સિવાય આપણા કોઇ શત્રુ નથી, જે શત્રુઓને જન્મ દેનાર આપણા પોતાના વિકારો, વિક્રિયા અને સ્વાર્થાંધતા જ છે.

સ્વભાવથી જ આપણું એવું બંધારણ છે કે આપણે સાચું જ કહેવું જોઇએ, સીધા જ જવું જોઇએ, પવિત્ર, શુદ્ધ, નિઃસ્વાર્થ, સત્યગ્રાહી, ઉદાર અને પ્રેમાળ રહેવું જોઇએ; નહિતો આપણે વાસ્તવિક વિજય, સુખ અને આરામ પ્રાપ્ત કરી શકીએ જ નહિ. મન અને શરીરનું સંપૂર્ણ ઐક્ય એ જ ખરૂં માનસિકત્વ છે.

જો આપણે વિનાશક વિચારશત્રુઓના પ્રવેશને માટે આપણા મનમંદિરના દ્વાર બંધ રાખીએ અને જે વિચારો ઉન્નત કરે છે, સતેજ કરે છે, આનંદ અને આશા આપે છે, એવા વિચારોને જ આપણા મનમાં દાખલ કરીએ તો આપણે મહાન સંઘર્ષ અને પરિશ્રમને અટકાવવા શક્તિમાન થઇ શકીએ. એવા અનેક દાખલાઓ બને છે કે જેમાં દુઃખદ, ઉદાસી અને વિષમ વિચારો મનુષ્યનું જીવન-તેજ અલ્પ સમયમાં જ ચૂસી લે છે, જે દિવસોના દિવસો સુધી કરેલ સખત મજૂરીથી પણ બનવું અશક્ય છે.

કોઇ વખત એકાદ શોકજનક કે નિરાશાજનક ઘટના બનવાથી અને દ્રવ્યના ભારે નુકશાનથી માત્ર અલ્પ સમયમાં—માણસના બાહ્ય સ્વરૂપમા મહાન ફેરફાર થયેલો એટલે સુધી જોઇએ છીએ કે તેના પરિચિત માણસો પણ તેને ભાગ્યે જ ઓળખી શકે. સ્વપ્નમાં પણ આવેલો દુષ્ટ વિચાર કેશને શ્વેત કરી મૂકે છે, એવાં ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે. આ બધાથી વિચારનું પ્રાબલ્ય સાબિત થાય છે.

થોડા દિવસોમાં જ અથવા આવાડિયામાં ઇર્ષ્યા, અસૂયા માણસના જીવનમાં કેટલો ભયાનક ફેરફાર કરી મૂકે છે ! તે પાચનશક્તિનો નાશ કરે છે, જીવનપ્રવાહને સૂકવી નાખે છે, જીવનતત્ત્વને ક્ષીણ કરે છે અને વિવેકબુદ્ધિને સંકુચિત કરે છે, અને ખરેખર, સમસ્ત જીવનને વિષમય બનાવી મૂકે છે.

વિચાર કરવાની કળામાં બાળકોને યોગ્ય શિક્ષણ આપ્યું હોય તો આપણા આનંદના, સુખના અને સંતોષના વિચારથી કરાયેલા વિનાશને બદલે માનસિક સૌંદર્ય અને સ્વાસ્થ્યની પ્રાપ્તિ યોગ્ય વયે પહોંચેલા માણસને કેટલી સુગમ અને સુખકર થઇ શકે !

આપણે સત્વર સમજી શકીએ છીએ કે ગરમ વસ્તુ શરીરને બાળે છે, તીક્ષ્ણ હથિયાર કાપી નાખે છે, અને જે વસ્તુઓ પીડાકારક હોય છે તે તજી દેવાને અને જે શારીરિક સુખ અને આનંદ આપે તેનો અનુભવ કરવાને યત્ન કરીએ છીએ; જ્યારે આપણા મનોરાજ્યમાં આપણે હમેશાં આપણી જાતને નાશકારક અને ભયપ્રદ વિચારોથી બળીએ છીએ, અને આપણા રુધિરને અને મગજને વિષમય બનાવી મૂકીએ છીએ, આનું શું કારણ ? નિરંતર આપણે આ માનસિક ઘા અને દાહ સહન કરીએ છીએ, છતાં પણ આ દુઃખના કારણોને નિર્મૂળ કરવાનો વિચાર પણ કરતા નથી.

દુઃખ સહન કરવા માટે નહિ, પણ આનંદી, સુખી, ઉન્નત અને પ્રસન્ન રહેવા માટે જ પ્રત્યેક વ્યક્તિ નિર્માયેલ છે. વિચાર કરવાની કલુષિત ટેવને લઇને જ માનવજાતિનું અધઃપતન થયું છે. આખી જાતિ ક્ષીણતાને પામી છે, છતાં આપણે અનુભવ પરથી કહી શકીએ કે જેમ ઘડિયાળના બનાવનારે થોડી પણ અપૂર્ણતા રાખવાનો વિચાર રાખ્યો હોય અને યોજના કરી હોય તેમ કુદરત કે જેની સર્વ વસ્તુઓ સંપૂર્ણ રીતે સારી છે તેણે માણસોને વધારે ઓછા પ્રમાણમાં કર્મના કાયદા પ્રમાણે દુઃખ હોવું જોઇએ એવી પણ યોજના કદાચ કરી હોય.

આપણા વિચારશત્રુઓથી મુક્ત થવાને અવિચ્છિન્ન, આગ્રહયુક્ત, નિયમિત અને યથાક્રમ પ્રયત્નની અપેક્ષા છે. આપણે કોઇપણ નાનુંસૂનું કાર્ય ઉત્સાહ, શક્તિ અને અડગ નિશ્ચય વગર સાધી શકતા નથી; તો પછી પૂર્ણ ઉત્સાહથી સામા થઇ તેઓને હાંકી કાઢ્યા વગર અને મનમંદિરના દ્વાર પર તેઓને માટે તાળું લગાવ્યા વગર કેવી રીતે આપણા શાંતિ અને સુખના શત્રુઓને મનોરાજ્યમાંથી દૂર રાખવાની આશા રાખી શકીએ ?

જે લોકો તરફ આપણને અણગમો હોય, જેઓ આપણને હાનિકર્તા હોય તેઓને અથવા આપણા લૌકિક શત્રુઓને આપણા ઘરમાં આવતા અટકાવવાને આપણે કંઇ શ્રમ વેઠવો પડતો હોય તેમ લાગતું નથી; તો આપણા વિચારશત્રુઓને આપણા મનમાં પ્રવેશતા કેમ અટકાવી શકીએ નહિ ? આપણે મૂર્ખ

આ સભાના માનનીય પ્રમુખ

સ્વ૦ શેઠ ગુલાબચંદ આણંદજી

આજથી પોણી સદી પૂર્વે ભાવનગરને અમુક નરરત્નો સાપડ્યા, જેઓએ પોતાની સતત સેવા અને વ્યક્તિત્વથી ભાવનગરના જૈન સંઘનું ગૌરવ વધાર્યું. જૈન સાહિત્ય, શિક્ષણ અને વિચારશીલતાની દૃષ્ટિએ ભારતના જૈન સમાજમાં ભાવનગરનું સ્થાન અગ્રપદે આવ્યું.

આવા કર્તવ્યપરાયણ નરરત્નો, એ ભાવનગરની મહામૂડી બની રહી

ક્રમશઃ ભાવનગરના ગૌરવ સમા આ નરરત્નો એક પછી એક વિલીન થતા જાય છે, ભાવનગરનો સર્વ પ્રતિભાશાળી નરરત્નો વિહોણો થતો જાય છે

આ જૂની પેઢીના ગૌરવ સમા શેઠ ગુલાબચંદ આણંદજી કાપડિયાનું ૭૮ વરસની વૃદ્ધવયે ફાગણ શુદિ ૧૩ના રોજ અવસાન થયું.

જૂની હરોળના સતત સેવાભાવી સેવકો પૈકી તેઓશ્રી એકના એક હતા તે ભાવનગરે ગુમાવ્યા. ભાવનગરને મન એ દુઃખનો વિષય ગણાય

ખાસ કરીને સદ્ગતે આ સભાના ઉત્થાનને અંગે નોંધપાત્ર ભોગ આપ્યો હતો.

સભાના જન્મકાળથી જ તેઓશ્રી સભાની વિધવિધ પ્રવૃત્તિમાં રોકાયા હતા, અને છેલ્લા લગભગ પચીસ વરસથી તેઓશ્રી સભાના માનનીય પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળતા હતા. સભાને પગભર કરવામાં અને તેનું વહીવટી તંત્ર વ્યવસ્થિત રીતે ચલાવવામાં તેઓશ્રી હંમેશા તત્પર રહેતા, અને સભાની પ્રવૃત્તિમાં સૌને રસ લેતા રાખવા માટે તેઓશ્રી હંમેશા પ્રેરણા કરતા રહેતા હતા. આમ સભાના એક સ્થંભ–આત્મા તરીકે તેઓશ્રીએ વરસો સુધી સેવા સમર્પી.

ઉપર ઊભાડે પગે ચાલીએ તો આપણા પગને દુઃખ કરે તેવા અણીદાર પથ્થરો ઉપર નહિ ચાલતા તેને સહેલાઇથી દૂર જ રાખશું, તેવી રીતે જે તિરસ્કારના વિચારો, સ્વાર્થી વિચારો, ઈર્ષ્યાયુક્ત વિચારો આપણને નુકશાન કરે છે અને પીડા કરે છે તેવા વિચારોને દૂર રાખવા–હાંકી કાઢવા તે મુશ્કેલ નથી તે વિષય બહુ ગંભીર નથી માત્ર માનસિક શત્રુઓથી વિમુખ થવાનો અને માનસિક મિત્રોનું સન્માન કરવાનો જ પ્રશ્ન છે

કેટલાક વિચારો, આશા, આનંદ, પ્રસન્નતા અને પ્રોત્સાહન આપે છે જે આખા શરીરમાં વિસ્તરી રહે છે. કેટલાક વિચારો એવા હોય છે કે જે આશા, સંતોષ અને આનંદને દાબી દે છે. જો આપણે નિરંતર પ્રોત્સાહક અને પ્રબળ વિચારોનું મનમાં સેવન કરીએ તો સુખ સંપત્તિ, ઐશ્વર્ય અને દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ કેવી હરજાજે સંભવિત છે તેનો વિચાર કરો.

મનની અંદર સ્નેહ વિચારોનું મનન થતું હોય ત્યારે સ્નેહાભાવના વિચારોનો પ્રવેશ અશક્ય છે માનસિક અરીસામાં સૌંદર્યનું પ્રતિબિંબ પડેલું હોય ત્યારે વિરૂપતાની છાયા અશક્ય છે, આનંદનું પ્રાધાન્ય હોય ત્યારે શોક દબાઇ જાય છે, જ્યારે આનંદ અને આશાનો મનની અંદર વાસ હોય છે ત્યારે દુઃખ અને શોકની સત્તા શરીર પર ચાલી શકે જ નહિ. (ચાલુ)

આ ઉપરાંત શ્રીજૈન ધર્મ પ્રસારક સભા, જૈન બોર્ડીંગ, જૈન ભોજનશાળા, શેઠ જમનાદાસ ધર્માશાળા, યશોવિજય જૈન ગુરૂકુળ પાલીતાણા, ઘોઘારી જ્ઞાતિ, યશોવિજય જૈન ગ્રંથમાળા, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ અને જૈન સંઘની કાર્યવાહીના એક આગેવાન સભ્ય તરીકે તેઓશ્રીએ સમયે સમયે યોગ્ય સેવા સમર્પી છે.

તેઓશ્રીનું જાહેર જીવન પણ એટલું જ માનનીય અને સેવાભાવી હતું. ઓનરરી મેજીસ્ટ્રેટ, તખ્તસિંહજી ધર્મશાળા, પદણી શિષ્ય પદારોહણ ફંડ, રેડક્રોસ સોસાયટી, શ્રી કૃષ્ણકુમાર અંધ ઉદ્યોગશાળા, ભાવનગર વિધાન સભા વિગેરે ઘણા ક્ષેત્રોમાં તેઓશ્રીએ નોંધપાત્ર સેવા બજાવી ભાવનગરના એક અગ્રગણ્ય પ્રજાજન તરીકે સારી નામના મેળવી હતી.

ગત ચૈત્ર શુ. ૧૩ ના તેઓશ્રી દાદરથી પડી ગયા, અવસ્થાને અંગે આ પછાડની અસર ઘણો લાંબો કાળ ચાલી, અને આખરે આ માંદગી પ્રાણઘાતક નીવડી.

સેવાની જ્યોત ઝલતી રાખીને તેઓશ્રી ગયા હોય તેમ આજે તેઓશ્રીના જ્યેષ્ઠ પુત્ર શ્રી મનુભાઇ જૈન ગુરૂકુળ આદિ સંસ્થાઓની સુંદર સેવા બજાવી રહ્યા છે. તેમના લઘુપુત્રો શ્રી શાન્તિભાઇ, શ્રી ધીરૂભાઇમાં પણ સેવાના ગુણો અંકિત થયા છે.

તેઓશ્રીના અવસાનથી સદ્ગતના ધર્મપત્ની રંભાબેન, સુપુત્રો અને આપ્તજનો પર આવી પડેલ વિયોગના દુઃખ પ્રત્યે અમો અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ અને સદ્ગતના આત્માની ચિરશાંતિ પ્રાર્થીએ છીએ.

અંજલી

આ સભાના માનનીય પ્રમુખ શ્રી ગુલાબચંદભાઇ આણંદજીના અવસાનને અંગે સભાની કાર્યવાહી ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી હતી.

તા. ૫-૩-૫૮ મંગળવારે તેઓશ્રીને શોકાંજલિ અર્પવા સભાના હોલમાં બપોરના ચાર વાગે સભાની જનરલ મીટીંગ મેળવવામાં આવતા સભાનું પ્રમુખસ્થાન શ્રી ખીમચંદ ચાંપશી શાહને આપવામાં આવ્યું હતું.

પ્રારંભમાં સભાના મંત્રી શ્રી જાદવજીભાઇ ઝવેરભાઇએ આમંત્રણ પત્રિકા વાંચી, ત્યારબાદ સભાના મંત્રી શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહે સદ્ગતના જીવનનો પરિચય આપતાં સભાના ઉત્થાનમાં તેઓશ્રીએ જે અમૂલ્ય સેવા આપી છે તેના પ્રસંગો રજૂ કર્યા હતા. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે તેઓશ્રીના અવસાનથી સભાને કદી ન પુરાય તેવી ખોટ પડી છે.

ત્યારબાદ ડો. જસવંતરાય મ. શાહે જણાવ્યું કે સદ્ગતનો સ્વભાવ સેવાભાવી હતો. સભાના તેઓ પ્રાણ સમાન હતા, સભાના વિકાસને માટે તેઓ સતત કાળજી રાખતા હતા અને અન્ય સભ્યોને પણ તેઓ સભાના કાર્યમાં હંમેશા રસ લેતા રહે તે માટે પ્રેરણા આપતા રહેતા હતા. આ સભાના સ્વ. મંત્રીશ્રી વલ્લભદાસભાઇની હજુ આપણને તાજેતરમાં જ ખોટ પડી છે ત્યાં શ્રીયુત ગુલાબચંદભાઇના અવસાનથી આપણને મોટી ખોટ પડી છે, જે કદી ન પૂરી શકાય તેવી છે. હવે તો આપણે તેઓશ્રીના

જીવનમાં કર્તવ્યપરાયણતા અને સાદાઇનો જે ગુણ હતો તે આપણામાં કેળવીએ અને સભાને વિકસાવવામાં બનતી સેવા આપતા રહીએ તે બોધપાઠ સેવાનો રહે છે.

છેવટ શ્રીયુત ખીમચંદભાઇએ સદ્‌ગતના જીવનનો પરિચય આપતા તેઓશ્રીની સાદાઇ, સતત કાર્ય-શીલતા અને સભાના એક આત્મા તરીકે તેઓશ્રી જે પ્રેમપૂર્વક ઝઝૂમી રહ્યા હતા તેનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ તેઓશ્રીને અંજલિ અર્પતો નીચેનો ઠરાવ કરવામા આવ્યો હતો.

શોકનો ઠરાવ

આ સભાના માનનીય પ્રમુખશ્રી ગુલાબચંદ આણંદજી કાપડિયાના ફાગણ શુદ ૧૩ સોમવારે થયેલા દુઃખદ અવસાન અંગે આજરોજ ફાગણ શુદી ૧૪ મંગળવારે મળેલી સભાની આ જનરલ સભા શોકની ઊંડી લાગણી વ્યક્ત કરે છે.

સદ્‌ગતે ૫૦ વર્ષથી વધુ સમય સુધી આ સભામાં આગેવાન કાર્યકર તરીકે રહી તન, મન અને ધનનો ભોગ આપી સભાના ઉત્થાનમા નિસ્વાર્થભાવે જે સતત સેવા સમર્પી છે, તથા લગભગ ત્રીસ વર્ષ સુધી પ્રમુખ તરીકે રહી સભાના પ્રતિષ્ઠા અને ગૌરવમાં જે પ્રશંસનીય ઉમેરો કર્યો છે તે સભાના ઇતિહાસમા સદા ઉજ્જવળ અક્ષરે અંકિત રહે તેવા છે. આ ઉપરાંત શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ-પાલીતાણા, શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળા, શ્રી દાદાસાહેબ જૈન વિદ્યાર્થીગૃહ આદિ શિક્ષણ વિષયક સંસ્થાઓમા, શ્રી ડોસાભાઈ અભેચંદની કમિટીમા તેમજ ભાવનગર જૈન સંઘના પ્રતિનિધિ તરીકે શ્રી આણંદજી કલ્યાણજીની પ્રતિનિધિ કમિટીમા પણ તેઓશ્રીએ બોધપાત્ર સેવા બજાવી છે.

તેઓશ્રી ઓનરરી માજીસ્ટ્રેટ તથા ભાવનગર રાજ્યની ધારાસભાના સભ્ય તરીકે પણ કેટલાક સમય સુધી રહ્યા હતા. આ રીતે તેઓશ્રીએ ભાવનગર શહેરની સુંદર સેવા બજાવેલ છે. તેઓશ્રીના ગુરુભક્તિ, પૂજાપ્રેમ અને તીર્થભક્તિ પણ એટલા જ આદરણીય હતા.

તેઓશ્રીના અવસાનથી આ સભાને એક આત્મીય અને સતત જાગૃત પ્રમુખની કદી ન પુરાય તેવી ખોટ પડી છે તેમજ જૈન સમાજને એક પીઢ અને અનુભવી આગેવાનની તેમજ ભાવનગરની જનતાને એક સેવાભાવી શહેરીજનની મોટી ખોટ પડી છે.

સભા સદ્‌ગતના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ દુઃખ માટે પોતાની સમવેદના વ્યક્ત કરે છે અને તેઓશ્રીના આત્માને શાશ્વત શાંતિ મળે તે માટે પ્રાર્થના કરે છે.

ચૈત્ર શુદ ૧ના રોજ આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો જન્મ-દિન દર વરસે સભાના સભ્યો પાલીતાણા જઇને ઉજવે છે અને ત્યા શ્રી શત્રુંજય ઉપર જઈ પૂજા ભણાવવામા આવે છે તેમજ સભાના સભ્યો માટે સ્વામિવાત્સલ્ય યોજવામા આવે છે. આ વરસે આ સભાના માનનીય પ્રમુખશ્રી ગુલાબચંદ-ભાઇના દુઃખદ અવસાનને અંગે આ મહોત્સવ સાદાઇથી ઉજવવાનું નક્કી કરવામા આવતા ચૈત્ર શુદ ૧ના રોજ શત્રુંજય ઉપર પૂજા ભણાવવામાં આવી હતી અને આચાર્ય મહારાજની મૂર્તિને અગરચના કરવામાં આવી હતી.

ફાગણ વદ ૧ ગુરૂવારે રાત્રે શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહના પ્રમુખપણા નીચે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની કાર્યવાહક કમિટિની મીટીંગ શ્રી સભાના હોલમાં મળતા શોકશ્રીને અંજલિ અર્પતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ફાગણ વદ ૧ ગુરૂવારે રાત્રે શ્રી ગુલાબચંદ લલુભાઇના પ્રમુખપણા નીચે શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાની કાર્યવાહક કમિટિની મીટીંગ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં રાત્રે આઠ વાગે મળતાં સદ્‌ગતના અવસાન અંગે શોક વ્યક્ત કરતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ભાવનગરની સંસ્થાઓની એક સંયુક્ત બ્રાંચસભા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં ફાગણ વદ ૧ ગુરૂવારે રાત્રે સાડા આઠ વાગે શ્રી ગુલાબચંદ લલુભાઇના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી, જ્યારે શ્રી ભાઇચંદ અમરચંદ શાહ, ડો. જશવંતરાય શાહ આદિએ સમયોચિત વિવેચનો કરવા બાદ નીચેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

સંસ્થાઓનો સંયુક્ત ઠરાવ

શ્રીયુત ગુલાબચંદ આણંદજી કાપડિયા વહીવટી તંત્રના કુશળ નમૂનારૂપ હતા એટલું જ નહીં પરંતુ બારીક અવલોકન, કર્તવ્યપરાયણતા અને ધગશ એ તેઓશ્રીના અનુપમ સદ્‌ગુણો હતા.

ભાવનગરના જૈન સમાજની કોઇ સંસ્થા એવી નહીં હોય કે જેની સાથે તેઓશ્રી કોઇ ને કોઇ સ્વરૂપમાં સંલગ્ન ન હોય. તેમની વ્યવહારુ બુદ્ધિ તેમજ દીર્ઘદૃષ્ટિનો સંસ્થાઓને અવારનવાર લાભ મળ્યા કરતો.

ફાગણ શુદ તેરસ ને સોમવારના રોજ અઠોતેર વર્ષની વયે તેઓશ્રીના થયેલ સ્વર્ગવાસ અંગે, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, શ્રી ઇંદ્રસાહેબ જૈન બોર્ડિંગ, ઉજમબાઇ જૈન કન્યાશાળા અને શ્રી જૈન ભોજનશાળાના ઉપક્રમે મળેલ આ સભા ઊંડો શોક વ્યક્ત કરે છે અને સ્વર્ગસ્થના આત્માને પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છી આપ્તજનો પર આવી પડેલ દુઃખ અંગે દિલસોજી દર્શાવે છે.

શુભેચ્છકોની સમવેદના

શેઠ ગુલાબચંદ આણંદજી કાપડિયાના દુઃખદ અવસાનના સમાચાર મળતાં, શુભેચ્છકો અને સ્નેહીઓ તરફથી દિલસોજીના સંખ્યાબંધ તારો અને પત્રો તેઓશ્રીના કુટુંબીઓ ઉપર આવ્યા હતા.

જેમાં, શ્રીયુત જશવંતરાય ગોપાળજી મહેતા, શેઠ શ્રી ભોગીલાલ મગનલાલ શાહ, શ્રી મેનાબેન ન. શેઠ, શ્રી મહિપતરાય લાલજી શેઠ, શ્રી જૈન મહિલા સમાજ, મુંબઇ, શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા, શ્રી હેતચંદ ઝવેરભાઇ વગેરેના તારો-પત્રો પણ હતા.

એવી જ રીતે આ સભા ઉપર પણ ઠેઠલાક તારો અને પત્રો આવેલ છે તેમાંના કેટલાકનો સારભાગ અત્રે આપવામાં આવે છે.

બે પીઢ પુરુષોની ખામી

આત્માનંદ સભાની પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા કરનાર શેઠ ગુલાબચંદભાઇનો સ્વર્ગવાસ જાણી ઘણી દિલગીરી થઇ છે. ઘણા લાંબે ગાળે એમનો સહવાસ જાણે એ અતિ સ્પૃહા જેવી વસ્તુ અને ખૂબ

સંસારમાં સૌ પોતપોતાની ફરજો બજાવી લેણ-દેણના સબંધો પૂર્ણ થાય એટલે રવાના થાય છે. હવે તમો સૌ વિવેકપૂર્વક સભાનું સૂત્ર ચલાવજો અને એકદિલથી કાર્ય કરજો.

સભામાં બે પીઢ પુરુષોની ખામી પડી છે તે તમો સૌ પૂરશો જ એ ખાત્રી છે.

અમદાવાદ પુણ્યવિજયના ધર્મલાભ

સેવાનો વારસો સાચવજો

શ્રી ગુલાબચંદભાઇના એકાએક સ્વર્ગવાસના સમાચાર જાણી આઘાત થયો.

સમૃદ્ધ ભાવનગરની સમૃદ્ધિસ્વરૂપ, આત્માનંદ સભાના ભૂષણસ્વરૂપ, સૌરાષ્ટ્રની સેવામૂર્તિસ્વરૂપ, ગાંભીર્ય-મૌન સેવા, સચોટ ગણત્રી અને સભાના પ્રાણ સમા એ સમૃદ્ધિના અવશેષને સરી જતો જોઇ પારાવાર દુઃખ અનુભવાય છે

ભાવનગરને, સભાને, સમાજને, તેમના કુટુંબને તથા મિત્રોને તેમની ખોટ ખૂબ સાલશે. એમને ખોતા આપણે ઘણું ખોયું.

સ્વ. શ્રી વલ્લભદાસભાઇ અને સ્વ. શ્રી ગુલાબચંદભાઇ સભાની બે આંખો-એક પ્રાણ-પરવર્યા અને આપણને કર્તવ્યપાલનનો પાઠ દેતા ગયા

તેમણે સોંપેલ અણમૂલો સેવાનો વારસો સાચવજો.

મુંબઇ અંબિલાલ પાદરાકર

સભાને દીપાવજો

શ્રીયુત ગુલાબચંદભાઇના અવસાનના સમાચાર જાણી અત્યંત દીલગીર

તમારી સભાને આર્થિક સ્થિતિએ સદ્ધર કરવામાં તેમનો અથાક-અજોડ-પરિશ્રમ હતો

જેમ ગુલાબચંદભાઇ તથા વલ્લભદાસભાઇ બનેએ એકમત થઇને સભાને દીપાવી તેમ તમો બધા ટ્રસ્ટીઓ એકમત થઇને સભાને દીપાવજો.

ભુવનવિજય

પાલેરી જંબૂવિજય

પૂરી ખોટ પડી છે

આત્માનંદ સભાને પ્રગતિને પથે લઇ જવામાં મર્હુમનો પણ સંપૂર્ણ સહકાર હતો. અને સભાના સંચાલનમાં અને માર્ગદર્શનમાં તેમણે જે કર્તવ્યપરાયણતા, સહૃદયતા અને સેવાભાવ બતાવેલ તે અજોડ અને અનુપમ હતા.

સભાને તેમની પૂરી ખોટ પડી છે.

મોરબી ડા. વલ્લભદાસભાઇ

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKAS



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પ્રકાશક :-

अनुक्रमं

૧ સુભાષિત		૮૧
૨ આત્મિક ને સ્મરણાંજલિ	(શ્રી માનચંદ હીરાચંદ)	૮૨
૩ પૂર્ણાંક		૮૩
૪ જીવન અને આનંદ	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૮૪
૫ કષાયપાહુડની પદ્ય (પ્રાકૃત) કૃતિઓ	(હી ૨ કપડિયા)	૮૫
૬ આત્મિક મિત્રો અને શત્રુઓ	(અનુ વિઠ્ઠલ સ મૂ શાહ)	૯૦
૭ અકષતામાં જ પ્રભુતા વસે છે	(શ્રી માનચંદ હીરાચંદ)	૯૩
૮ ભ૦ મહાવીરનું અનંતવીર્ય–આત્મશ્રદ્ધા અને ઉપદેશ	(જિજ્ઞાસુ)	૯૫

પુસ્તક પરિચય

'Half hour with a Jain Muni by Prof A H A Baakza M A

ભારતવર્ષની જનતાને ગયા વરસ દરમ્યાન અનેક પ્રસંગે મીઠા સ્મરણો રહે એવો જૈનોનો પરિચય થયા હતો એ મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરની ટૂંકી જીવનકથા પ્રો બાકઝાએ અંગ્રેજી ભાષામાં પદ્યમોક્ષ પાનની પુસ્તિકામાં લખી રજૂ કરી જિજ્ઞાસુઓને માટે મુનિશ્રીના સંબંધી ઘણી હકીકત અને માહિતી પૂરી પાડી છે એ માટે લેખક મહાશયને અભિનંદન ઘટે છે પ્રો બાકઝાને ભવનારમાં મુનિશ્રીના ચાતુર્માસ નિવાસ દરમ્યાન હમેશા ઘડી બે ઘડી એમના સત્સંગનો લાભ મળ્યા કરતો અને એ સત્સમાગમ સમયે મુનિશ્રીના પૂર્વાશ્રમ સંબંધી ઘણી વાતો સાંભળવાનો ને નોંધ લેવાનો મોકો મળતો એ બધી નોંધ જીવનકથાના સ્વરૂપે ગૂથીને સરળ ઢાંચાર રેખીની શૈલીમાં પ્રો બાકઝાએ વાચકો માટે તૈયાર કરી આપી છે એક જૈન સાધુની જીવનકથા મુખ્ય લેખકની કલમ આલેખે એ બીના બહુ સામાન્ય નથી પણ આ સ્થળે લેખક અને એમની કલાનું પાત્ર બન્ને પોતાના ધર્મના સંકુચિત વાડાઓની મર્યાદામાં બંધાયેલા નથી એનું લક્ષણ પરથી સમજાય છે સર્વધર્મને સમન્વય માનવ ધર્મમાં થાય છે અને માનવધર્મને મીઠાશ પ્રભાવતા નથી તેથી આ ગ્રંથ જાગૃત વાચકોને એમાંના અનેક પ્રસંગો પ્રેરક અને ચમત્કારિક લાગશે આ પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ કરી પ્રકાશ કરવામાં આવે તો મુનિશ્રીના અસંખ્ય પૂજકો અને ભક્તોને લાભ થાય મુનિશ્રીને આ પ્રકાશ કયારે કેમ લાધ્યો એ સમજવામાં સરળતા થાય પુસ્તકની ટૂંકી પ્રસ્તાવના પ્રો દ્વિવેદીએ લખી છે જીસસ ક્રાઇસ્ટના કોઈ શિષ્યની યાદી આપે એવો મુનિશ્રીનો ફોટો–બ્લોક પુસ્તિકામાં સામેલ રાખવામાં આવ્યો છે

શ્રી સૌરાષ્ટ્ર પ્રકાશ

વર્ષ ૫૫ મું] સં. ૨૦૧૪ ચૈત્ર [અંક ૬

સુભાષિત

ऋणशेषोऽग्निशेषश्च व्याधिशेषस्तथैव च।
पुनश्च वर्धते यस्मात् तस्माच्छेषं न कारयेत् ॥

ઋણ, અગ્નિ તથા વ્યાધિ, લેશ માત્ર રહી જતાં;
વધે ફરી ફરી, તેથી કદી બાકી ન રાખવા.

ઉપરથી સાદા જણાતાં આ સુભાષિતમા માનુસે સદોદિત જીવનભર પાળવા લાયક શિખામણ આપી છે કે ન ચુકવાયેલું થોડું કે જ દેવું પણ અગર ન પડે તે રીતે વધી વધીને ઓરડું ને ખેતર વેચવા પડે તેટલું થઈ જાય છે. ઉપરછલ્લા ઉપચારો કરીને પોતાને નીરોગી થઈ ગયાનું માનનાર વ્યક્તિ એ જ રોગના ઘાતક ઉપલામાં સપડાઈ બેસે છે. ને ઉપેક્ષિત રહેલો આગનો નાનકડો તણખો પ્રજ્વળીને આગનું સ્વરૂપ પકડે છે, તેથી વ્યવહારદક્ષ તો એ જ માણસ ગણાય કે જે દેવું વહેલી તકે ચૂકતે કરી નાખે, અગ્નિને ઠારીને ઠીકરું કરી મૂકે અને દવાદારૂ ચીવટથી કરીને રોગના મૂળિયાં ઉખેડી નાખે.

'કુમાર'માંથી

અનામિકોને સ્મરણાંજલિ

(એવા અનેક કવિઓ, ગ્રંથકારો મૂર્તિકારો, શિલ્પકારો ચિત્રકારો અને લેખકો થઇ ગયા જેમની પ્રતિભાથી અનેક ભવ્યાત્માઓ તરી ગયા, પણ તેમનું નામ, સ્થાન કે વંશ કોઇ જાણતું નથી તેમના સ્મરણને અંજલી આપવામાં આવી છે)

(હરિગીત)

કેઇ ગ્રંથ રચિયા રૂચિર સુંદર મધુર ભાષી શોભિતા,
જે વિવિધ છંદ સુગંધ પસરે ભવિકજનમન ભાવતા,
ભાષા સુભાષિતરસ વહે છે જેહમાંથી કાવ્યનો,
પણ કોણ એ કથાનો કવિ જસ સુંદરા મધુ ભાવના ૧

પહેરાવિયા છે ભારતીને અલંકાર સુવર્ણના,
રત્ને જડયા બહુ વિવિધ રંગે શોભિતા સર્વાંગના,
પણ કોણ કવિ એ તત્વચિંતક કયા વસ્યા કુણ ગામમાં,
જાણે ન કોઇ નમન તેના એ અનામિક ચરણમાં. ૨

બોધ્યા ઘણા પ્રેમળ ગિરાથી તત્વ કાજ્યા અવનવા,
સિદ્ધાંત સમજાવ્યા મનોહર મધુર વાણીથી નવા,
પરમાત્મ સાથે જોડિયા કેઇ ભવિકજનને ભાવથી,
એ કોણ કથાના કોઇ ન જાણે નમન તસ પદ ભક્તિથી. ૩

સરજ્યા અલૌકિક દેવમંદિર ઓલતા પ્રસ્તર કર્યાં,
નિજ કવિકલાકૃતિ સમ કરીને નિર્મિતિ શાંતિ વર્યાં,
ચાપી જનોની ભાવનાને ભક્તિરસભર એ ગયા,
નામો ન જાણે કોઈ એના સર્વ નતમસ્તક થયા ૪

અણઘડ રહ્યો છે ખાણમાં પ્રસ્તર અમિત બહુ કાળથી,
ઉધૃત કર્યો કોઇ કલાધરએ પુણ્ય અવસર હાંથથી,
નિર્માણ કીધી ચતુર હસ્ત મૂર્તિ શ્રી જિનરાજની,
મનમોહિની ને પ્રશમરસની ભાવના મુક્તિતણી ૫

જસ દર્શને કેઇ ધર્મ પામ્યા આત્મદર્શન કેઇ વર્યાં,
કાર્યો સર્યાં કેઇ અમિત જનના અમૃતરસ કેઇ આદર્યાં,
સ્વર્ગે ગયા કેઈ સાધુમુનિવર મુક્તિમાં પણ કેઇ ગયા,
નિર્માણ કીધી કોણ સુજને મૂર્તિ સહુ ભૂલી ગયા. ૬

લીપી લખી જે ગ્રંથરૂપે કવિજનોની ભાવના,
કીધી અમર એ કલ્પના ચિત્રિત કરી મનરંજના;
મુક્તાફલાકૃતિ રૂચિર શોભિત વર્ણ લખિયા પ્રેમથી,
પણ કોઇ ન જાણે નામ એનું નમન તસ પદ ભાવથી. ૭

એવા કલાધર કવિજનો ને શોધકો અવનિ વિષે,
કર્યો કરી નિજ આત્મગુણના ગુણિજનો જગમાં દિસે;
કોઇ ન જાણે નામ એવા બુદ્ધિધનના લોકમાં,
બાલેન્દુ તસ ચરણે સમર્પે વર્ણકુસુમાંજલી સમા. ૮

'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ

—પૂર્ણાનન્દ—

(રાગ :— ઋષભ જિણંદશું પ્રીતડી)

પરમ પ્રભુતા ક્યારે મળે, ક્યારે થઈશું રે પ્રભુજીથી અભંગ,
નિજ રૂપ પ્રગટાવી ખરું, ક્યારે પામીશું સત્યપૂર્ણાનન્દજી—પરમ.

ધ્યાન સુરંગ અભેદથી, આત્મભાવે રે થઇ અભેદ નિઃસંગ,
છેદી વિભાગ અનાદિનો, અનુભવવો રે રૂડો રસસંવેદ—પરમ.

અનુભવ મિત્તને વિનવું, નવ કરવો ચાહ પરરસરંગ,
શુદ્ધાતમ રસ રંગથી, કર પ્રીતિ રે પૂર્ણશક્તિ અભંગ—પરમ.

પૂર્ણ પ્રેમી લાલન સખા, સત્તાએ હો સરખા તું જિણંદ,
પ્રભુ ધ્યાન રંગે રમો સદા, પામો સુખડા હો અબ્બાબાધ અનંત—પરમ.

નિજ શક્તિ પ્રભુ ગુણ રમે, તે પામે હો પરિપૂર્ણાનન્દ;
ગુણ ગુણી ભેદ અભેદથી, ઓલ્લા પીજીએ સત્ શમમકરંદ—પરમ.

સર્વ ગુણી સમરસ ભર્યા, જુવો જિનવર હો મુખ પુનમચંદ,
જાગૃત ઉજવળ જ્ઞાનની, ધ્યાન ધરજો હો પ્રભુના ધ્રુવરંગ—પરમ.

જીવન અને આનંદ

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી

જીવન અને આનંદ–તેમા આનંદ એ મનની એક પ્રકારની સ્થિતિ છે તેનો જીવનની સાથે કેવો અને કેટલો સંબંધ છે ? એટલે કે જીવનમા તેનું શું સ્થાન છે તે વિચારીએ

આપણે જોઇ શકીએ છીએ કે બાળક કે વૃદ્ધ, કેળવાયેલ કે અનકેળવાયેલ સંસારી કે ત્યાગી દરેકને આનંદની જરૂર છે આનંદ વગરનું જીવન શુષ્ક અને ભારરૂપ લાગે છે, બાલ્યાવસ્થામા બાળકો નિર્દોષ રમતો રમીને આનંદ કરે છે વિદ્યાર્થી અવસ્થામા કેટલાક સારામા સારો અભ્યાસ કરવામા આનંદ માને છે, જ્યારે કેટલાક તોફાનો તથા કુટેવોને પોષવામા આનંદ માને છે યુવાવસ્થામા દરેક પોતાની જુદીજુદી જાતની ઇચ્છાઓ તૃપ્ત કરવામા આનંદ માને છે, કોઇક પોતાની કીર્તિ અને આબરૂ વધે તેવા, કોઇક પરોપકારી કાર્યો કરી સંતોષ મેળવવામા તો કોઇક તુચ્છ કાર્યો કરવામા આનંદ માને છે કોઇક ગમે તે ભોગે (ગમે તેવા દયાહીન કાર્યોથી) પોતાની તિજોરીને છલોછલ ભરવામા આનંદ માને છે જ્યારે કોઇક વળી આવે છલોછલ ભરેલ તિજોરીનુ તળિયુ શોધવાના પ્રયોગમા આનંદ માને છે. વૃદ્ધાવસ્થામા કોઇક યમ નિયમન અને તપ ને જપ વિગેરે ધાર્મિક કાર્યો કરી નિવૃત્તિમય સરવૈયુ સરખુ બનાવવામા આનંદ માને છે જ્યારે કેટલાક કેવળ બાહ્યાડંબર તરીકે આચારવિચાર વગરના નિષ્પ્રાણ ક્રિયાકાંડો કરી સ્વર્ગનુ વિમાન તેમના માટે રીઝર્વ થશે જ તેવી આશાઓ બાંધવામા આનંદ માને છે

કોઇક ત્યાગી–વૈરાગી આત્માઓ–મહાત્માઓ સિદ્ધસેનદિવાકર, આનંદઘનજી ને ધર્મઘોષસૂરિજી ને ચિદાનંદ મહારાજ અને યુગપ્રધાન જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિજી ને કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ ને પંચમકાળમા ને વીસમીસદીના જમાનામા આત્મારામ મહારાજજી ને યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરિજી ને વિજયવલ્લભસૂરિ ને અજિત સા. સૂ. મ જેવા સમર્થ આચાર્યો જૈનસમાજમા તેમજ બીજા સંપ્રદાયમા થયા છે ને દેશનેતા તરીકે મહાત્મા ગાંધી, જવાહર વિ થયા છે ને જવાહર જેવા વિદ્યમાન છે પોતાના સર્વસ્વના ભોગે બીજાની સુખ, શાંતિ કે આનંદમા પોતાનો આનંદ માને છે, જ્યારે કેટલાક સર્વના ભોગે પોતાના આનંદમા સર્વનો આનંદ ગણી લે છે ધારો કે આપણે મુસાફરીએ નીકળ્યા ને વિવિધ દેશોમા વિચર્યા હોઇએ, તેમા આપણી જાણી સુખ–સગવડતાઓ સ્વીકાર્યા, તેમા આનંદ પડે કે અઝવડો અથવા મુશ્કેલીઓમા આપણા બુદ્ધિબળનો ઉપયોગ કરવામા ખરો આનંદ પડે ? સીધી સવાટ જમીન ઉપર વાહનોમા ને પગે ચાલવામા આનંદ પડે કે પર્વતો, ખીણો, વિગેરે ઠેકાણે પગે ચાલીને મુસાફરી કરવામા ખરો આનંદ પડે ? આ પ્રશ્નોના જવાબ આપણે સમજી શકીએ તેમ છીએ તો પછી આ જીવન પણ એક મુસાફરી નથી ? તેમા આવતી અગવડ સગવડોમા અગર મુશ્કેલીઓમા આપણે શા માટે આનંદ ન માની શકીએ ? આનંદ એ કોઇ નક્કર વસ્તુ નથી, પરંતુ મનની સ્થિતિ છે જો આપણે બુદ્ધિપૂર્વક વિચારીએ તો આપણે માની લીધેલી સગવડતાઓ અને મુશ્કેલીઓ જ આપણને ખરો

ઉપાધ્યાયજીની પાઇય (પ્રાકૃત) કૃતિઓ

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

"ઉપાધ્યાયજી" એટલે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિ (વિ. સં. ૧૬૫૦–વિ. સં. ૧૭૪૫). એમણે જે જે કૃતિ રચી તે બધી જ સંપ્રવાઈ રહી હોય એમ જણાતું નથી. આગળ વધીને કહું તો એ તમામ કૃતિનાં નામ પણ આજે આપણે જાણતા નથી અને ભવિષ્યમાં કોઈ વિશિષ્ટ સાધન ન મળે તો ક્રિયજ્ઞાનીની સહાયના વિના અલ્પજ્ઞોથી જાણી શકાવાનાં નથી. આ પરિસ્થિતિમાં હું ઉપાધ્યાયજીની એકે એક પાઇય કૃતિ મગાવી શકું તેમ નથી. એમની જે કૃતિઓ પાઇયમાં–એના એક પ્રકારરૂપ "જઇણ મરહટ્ઠી" (જૈન મહારાષ્ટ્રી)માં રચાયેલી મળે છે તેની તેમજ જે અનુપલબ્ધ હોવા છતાં જે રચાયાનો પ્રબળ પુરાવો મળે છે તેની સૂચી હું નીચે મુજબ આપું છું.

(૧) અજ્ઝપ્પમયપરિક્ખા (અધ્યાત્મમતપરીક્ષા)
(૨) ઉવએસરહસ્સ (ઉપદેશરહસ્ય)
(૩) કૂવદિટ્ઠન્તવિસઇકરણ (કૂપદૃષ્ટાન્તવિશદીકરણ)
(૪) ગુરુતત્તવિણિચ્છય (ગુરુતત્ત્વવિનિશ્ચય)
(૫) જઈલક્ખણસમુચ્ચય (યતિલક્ષણસમુચ્ચય)
(૬) ધમ્મપરિક્ખા (ધર્મપરીક્ષા)
(૭) ભાસરહસ્સ (ભાષારહસ્ય)
(૮) સામાયારીપયરણ (સામાચારીપ્રકરણ)
(૯) સિરિપુજ્જલેહ (શ્રી પૂજ્યલેખ)

આ પૈકી અંતિમ કૃતિ અત્યારે તો અનુપલબ્ધ છે એટલે એને અંગે મુદ્રણ–અમુદ્રણનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. બાકીની તમામ કૃતિઓ મુદ્રિત છે. એનો પણ પરિચય હું આપું તે પૂર્વે એક બાબતનો ઇસારો કરું છું: જે સંસ્કરણો આજે મળે છે તેમાં આધુનિક યુગના માનસની દૃષ્ટિએ કંઈ કંઈ ન્યૂનતા જણાય છે એનો હું આ લેખમાં અંગૂલીનિર્દેશ કરીશ, પરંતુ એનો અર્થ એ નથી કે હું કોઇને પણ ઉતારી પાડવા માંગું છું. મારો ઇરાદો તો હવે પછીનાં સંસ્કરણો વધારે સમૃદ્ધ અને સાંગોપાંગ કેમ બને તે દર્શાવવાનો છે.

(૧) અજ્ઝપ્પમયપરિક્ખા—આ ૧૯૪ પદ્યની 'આર્યા' છંદમાં રચાયેલી કૃતિ છે. એનો મુખ્ય વિષય કેવલીને ક્રણલાડાર હોય છે એ બાબત તેમજ સ્ત્રીની મુક્તિ સિદ્ધ કરવાનો અને એ દ્વારા દિગંબરોનાં એ વિરુદ્ધનાં મંતવ્યનું નિરસન કરવાનો છે.

સંસ્કૃત છાયા—પ્રસ્તુત કૃતિની સંસ્કૃતમાં છાયા કરાયેલી છે. તેમ કરનાર ન્યાયાચાર્ય હોય તો ના નહિ. છાયાવાળી પ્રાચીન હાથપોથીઓ તપાસાય તો અથવા

આનંદ આપે છે, માટે આપણે જીવનમાં મુશ્કેલીભર્યાં કાર્યોને મુશ્કેલ નહિ ગણતાં તેમાં બહાદુરીપૂર્વક સફળતા મેળવવામાં જ આનંદ માનવો જોઇએ. આપણે મહાન પુરુષોનાં જીવનચરિત્રોમાં જોઈ શકીએ છીએ ને ખૂબ વાંચન કરીએ છીએ. ત્યાગી, તપસ્વી ચોવીસમા શ્રી મહાવીરસ્વામી ભગવાન જેવા તેઓએ અનેક મુશ્કેલીઓમાં તેમના જીવનધ્યેયો પાર પાડવામાં જ આનંદ માનેલો છે. આનંદ નિર્દોષ ને પવિત્ર હોવો જોઇએ. તે સ્વાર્થી ન હોવો જોઇએ. આપણો આનંદ બધાને આનંદ પમાડનારો હોવો જોઇએ. જીવન એ એક આનંદ જ છે. જીવનની દરેક પ્રવૃત્તિ આનંદમય માનવી જોઇએ અને આનંદપૂર્વક જ કરવી જોઇએ. મહાત્માઓનાં જીવનચરિત્રો વાંચીને સાર લઇને જ્યારે આપણે ખરા હૃદયમાં ઉતારીએ ત્યારે ધન્ય જીવન અને આનંદમય હોય છે. ત્યારે જ પવિત્ર જીવન બને છે. એજ.

---

૧. અજૈન વિદ્વાનો તથા ન્યાયના શ્રી ગંગેશ માઝનારા ગંગેશને 'ઉપાધ્યાય' તરીકે સંબોધે છે, અને ઉદયનાચાર્યનો 'આચાર્ય' તરીકે નિર્દેશ કરે છે.

તો છાયા કરનાર કોણ છે એ વિષે પ્રામાણિક ઉલ્લેખ કોઈ સ્થળેથી મળી આવે તો આ બાબતનો અંતિમ નિર્ણય થઈ શકે.

સ્વોપજ્ઞ વૃત્તિ—ન્યાયાચાર્યે ગદ્યમાં સંસ્કૃતમાં આ વૃત્તિ રચી છે અને એમાં અનેક સલીપાઠો આપ્યા છે.

સ્વોપજ્ઞ બાલાવબોધ—કર્તાએ જાતે ગુજરાતીમાં બાલાવબોધ રચ્યો છે.

ગુજરાતી અનુવાદ-અજ્ઝપ્પમયપરિક્ખાઓ ભાવાનુવાદ થયેલો છે.

પ્રકાશન—મૂળ કૃતિ વિવિધ સ્થળેથી પ્રકાશિત થયેલી છે. એ તમામની નોંધ આ લેખની મર્યાદા જોતા અહીં ન લઈ શકાય. વિશેષમાં ન્યાયાચાર્યની તમામ મુદ્રિત કૃતિઓના, જોવાજાણવા મળી શક્યાં એટલા બધાયે પ્રકાશનોની નોંધ મેં એક સ્વતંત્ર લેખમાં લીધી છે. એથી પણ આ બાબત હું અહીં જતી કરું છું.

અજ્ઝપ્પમયપરિક્ખા સંસ્કૃત છાયા અને સ્વોપજ્ઞવૃત્તિ સહિત "દે લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઈ સ. ૧૯૧૧માં પ્રકાશિત કરાઈ છે. એમાં એકંદર ઋદ્ધિ તો સારા પ્રમાણમાં જળવાઈ છે, પરંતુ એમાં અવતરણોની તેમજ વિશેષ નામોની તથા ગાથાના આકારાદિક્રમપૂર્વકની સૂચી નથી, તો હવે પછીના સંસ્કરણમાં એને સ્થાન અપાય અને વિશિષ્ટ પ્રસ્તાવના પણ લખાય તેવો પ્રબંધ થવો ઘટે. અહીં હું એ ઉમેરીશ કે મૂળ કૃતિ છાયા, સ્વોપજ્ઞ વૃત્તિ તથા બાલાવબોધ તેમજ એની ગુજરાતી વિવેચન સહિત એક જ પુસ્તક રૂપે પ્રસિદ્ધ થવી ઘટે. અંતમાં પારિભાષિક શબ્દોની સૂચી અપાય અને પાલિ-સંસ્કૃત-ગુજરાતી-કોશની રચના માટે કામ લાગે એ હિસાબે પ્રસ્તુત કૃતિ પૂરતો એવો કોશ પણ તૈયાર કરાય તો એ એક ઉત્તમ અને સાંગોપાંગ પ્રકાશનની ગરજ સારે.

(૨) **ઉવએસરહસ્સ**—આમાં આર્યામાં રચાયેલા ૨૦૩ પદ્યો છે. આ ઔપદેશિક કૃતિમાં હિંસા, સ્યાદ્વાદ, સદ્ગુરુ ઈત્યાદિ વિષે નિરૂપણ છે.

સ્વોપજ્ઞ વિવરણ—આ વિવરણ સંસ્કૃતમાં ગદ્યમાં છે.

પ્રકાશન—મૂળ કૃતિ ઉપર્યુક્ત વિવરણ સહિત મનસુખભાઈ ભગુભાઈએ વિ. સં. ૧૯૬૭માં પ્રસિદ્ધ કરી છે. એમાં મૂળના પદ્યોની અનુક્રમણિકા, અવતરણોની સૂચી તેમજ સંસ્કૃતમાં વિષયસૂચી અપાય છે, પરંતુ કેટલીક વિશિષ્ટ સામગ્રીનો એમાં અભાવ છે. બાકી આ પ્રકાશન ઉપયોગી તો છે જ.

(૩) **કૂવદિટ્ઠન્તવિસઇકરણ**—આ આર્યામાં રચાયેલી કૃતિ આજથી પંદરેક વર્ષ ઉપર તો અપૂર્ણ જ-સાત ગાથા પૂરતી જ મળતી હતી, પરંતુ આજે કેટલોક વખત થયા એ સંપૂર્ણ મળે તો છે. પણ એ પૂરેપૂરી છપાવાઈ હોય એમ જણાતું નથી. એની હાથપોથી જેમની પાસે હોય તેમણે એ સત્વર પ્રસિદ્ધ થાય તેવો પ્રબંધ કરવો ઘટે. દરમ્યાનમાં આ કૃતિમાં એકંદરે કેટલા પદ્યો છે તે જણાવવા માટે તેઓ કૃપા કરે એમ હું ઈચ્છું છું.

આ કૃતિમાં દ્રવ્યસ્તવને અંગે કૂવાનું જે દૃષ્ટાંત અપાયું છે તેનું વિશદ નિરૂપણ છે-તેની તાર્કિક દૃષ્ટિએ વિચારણા કરાઈ છે.

તત્ત્વવિવેક—ઉપર્યુક્ત કૃતિ ઉપર કર્તાએ જાતે સંસ્કૃતમાં ગદ્યમાં આ નામથી વ્યાખ્યા રચી છે. મૂળ કૃતિના સાત પદ્યો પૂરતી આ વ્યાખ્યા એ પદ્યો સહિત "જૈન ગ્રન્થપ્રકાશક સભા" તરફથી વિ. સં. ૧૯૯૭ માં છપાવાઈ છે. સાથે સાથે સવિવરણ ભાસરહસ્ય વિગેરે કૃતિઓ પણ અપાઈ છે.

પ્રસ્તુત કૃતિને અંગે તત્ત્વવિવેક ઉપરાંત સંસ્કૃત કે ગુજરાતીમાં પૂરેપૂરા સ્પષ્ટીકરણરૂપે કોઈ લખાણ પ્રસિદ્ધ થયેલું જણાતું નથી-રચાયું હોય એમ પણ જાણવામાં નથી. આશા છે કે સંપૂર્ણ કૃતિ તત્ત્વવિવેક સંપૂર્ણ મળતો હોય તો તે સાથે જ્યારે પ્રસિદ્ધ કરાય ત્યારે એ સંસ્કરણને આદર્શીય બનાવવા માટે પૂરતો પ્રયાસ કરાશે.

(૪) **ગુરૂતત્ત્વવિનિશ્ચય**—આ આર્યામાં ૯૦૫ પદ્યોમાં રચાયેલી કૃતિ છે. એ સુગુરુ અને કુગુરુના સ્વરૂપ ઉપર વેધક પ્રકાશ પાડે છે. સાથે સાથે વ્યવહારનય અને નિશ્ચય-નય વિષે પણ મનનીય માહિતી પૂરી પાડે છે.

સ્વોપજ્ઞ વૃત્તિ—પ્રસ્તુત કૃતિ ઉપર સંસ્કૃતમાં ગદ્યમાં કર્તાએ પોતે વૃત્તિ રચી છે.

પ્રકાશન—સવૃત્તિક મૂળ કૃતિ "જૈન આત્માનંદ સભા" તરફથી ઈ. સ. ૧૯૨૫માં છપાવાયેલ છે. એમાં વિષયની ઝાંખી કરાવાઈ છે, પરંતુ પાર્શ્વ અને સંસ્કૃતના અલ્પ અભ્યાસીઓને તો ગુજરાતી કે હિન્દીમાં મૂળ કૃતિનું ભાષાંતર અને તે પણ યોગ્ય વિવેચનપૂર્વકનું મળે તો સંતોષ થાય, આથી આ સભાએ એ માટે ઘટતું કરવા મારી સાદર વિનંતિ છે.

આ સંસ્કરણમાં મૂળ કૃતિની ગાથાઓની અકારાદિ ક્રમે સૂચી, વૃત્તિગત ગાથાઓની અનુક્રમણિકા, વૃત્તિગત સાક્ષીરૂપ ગ્રંથોની સૂચી, વૃત્તિમાં નિર્દિષ્ટ આચાર્યોના નામો, ગુજરાતીમાં ગ્રંથ અને ગ્રન્થકર્તાનો પરિચય તેમજ ગુજરાતીમાં વિષયાનુક્રમ અપાયાં છે. એને લઈને આ સંસ્કરણ પ્રશંસાપાત્ર બન્યું છે. જો મૂળના નિર્દેશપૂર્વક અવતરણો અપાયાં હોત, પ્રસ્તાવના સંસ્કૃતમાં લખાઈ હોત અને પારિભાષિક શબ્દોની તેમજ ઉપર્યુક્ત પાર્શ્વ કોશ માટે ઉપયોગી સૂચી અપાઈ હોત તો આ સંસ્કરણના મહત્ત્વમાં નોંધપાત્ર વૃદ્ધિ થાત

(૫) **જઈલક્ખણસમુચ્ચય**—આ ૨૨૭ પદ્યોની કૃતિ આર્યામાં રચાયેલી છે. એમાં જૈન સાધુઓનાં માર્ગાનુસારી ક્રિયા ઇત્યાદિ સાત લક્ષણોનું નિરૂપણ છે.

વિવરણ—આ કૃતિ ઉપર કર્તાએ કે કોઇએ સંસ્કૃતમાં વિવરણ રચ્યાનું જણાતું નથી એટલું જ નહિ પણ આના ઉપર સ્વોપજ્ઞ કે અન્યકર્તૃક ભાષાટીકા કે ગુજરાતી જેવી ભાષામાં ભાષાન્તર પણ નથી. આથી પહેલી તકે એના ઉપર વિવરણ રચાવું જોઇએ અને તેમ ન જ બને તો ગુજરાતી ભાષાંતર તો થવું જ જોઇએ.

છાયા—પ્રસ્તુત કૃતિની સંસ્કૃતમાં છાયા રચાઈ છે અને એ છપાવાઈ છે.

પ્રકાશન—આ કૃતિ અન્ય નવ મૂળ કૃતિઓ સહિત "શ્રી જૈન ધર્મ પ્રસારક સભા" તરફથી વિ. સં. ૧૯૬૫માં પ્રકાશિત કરાઈ છે. એના ઉપર કોઈ વિશિષ્ટ સંસ્કાર કરાયો નથી કે એને અંગે કોઈ પરિશિષ્ટ રચાયું નથી. આમ હોઈ આ પ્રકાશન તો પ્રસ્તુત કૃતિ અમુદ્રિત દશામાંથી મુદ્રિત દશામાં લાવ્યા પૂરતું છે. જો કે એ એટલું પણ કાર્ય કેટલાએ અન્ય ગ્રંથો અમુદ્રિત અવસ્થામાં જ પડી રહ્યા છે તે દૃષ્ટિએ વિચારતાં અનુમોદનીય છે.

જઈલક્ખણસમુચ્ચય—સંસ્કૃત છાયા તેમજ ક્યા ક્યા ગ્રંથની કેટલામી કેટલામી ગાથા ઉપયુક્ત કરી મૂળ કૃતિ રચાઈ છે તેના નિર્દેશપૂર્વક "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી માર્ગપરિશુદ્ધિ ઇત્યાદિ સહિત વિ. સં. ૨૦૦૩માં છપાવાયો છે. એને લક્ષમાં આ દ્વિતીય પ્રકાશન પ્રથમ પ્રકાશન કરતાં ચડિયાતું બન્યું છે.

(૬) **ધમ્મપરિક્ખા**—આમાં ૧૦૪ પદ્યો છે અને એ બધાં આર્યામાં છે. આ કૃતિમાં ધર્મની પરીક્ષા, ધર્મના અધિકારી, કેટલીક સાંપ્રદાયિક માન્યતાઓનું નિરસન, ધર્મવાદની આકૃતા ઇત્યાદિ બાબતોને સ્થાન અપાયું છે.

સંસ્કૃતછાયા—આ છાયા સંપાદક મહાશયે તૈયાર કરી હશે એમ લાગે છે.

સ્વોપજ્ઞ વિવરણ—આ ગદ્યાત્મક સંસ્કૃત વિવરણના કર્તા ગ્રંથકાર પોતે જ છે. એમાં લગભગ સાડી પાંચ સો અવતરણો અપાયાં છે.

સંસ્કૃતટિપ્પણ—સ્વોપજ્ઞ વિવરણના ચારમાનના અંશ ઉપર મુનિશ્રી શિવાનંદવિજયજીએ સંસ્કૃતમાં ટિપ્પણ રચ્યું છે અને એ છપાવાયું છે.

વિચારબિન્દુ—આ ધમ્મપરિક્ખાનું ગુજરાતીમાં કર્તાએ જાતે રચેલું વાર્તિક છે, એની કર્તાએ તેમજ અન્ય કોઇએ લખેલી એકાદ હાથપોથી ત્રીસેક વર્ષથી મળે છે, આ વિચારબિન્દુ જલદી પ્રકાશિત થાય એવો પ્રબંધ થવો ઘટે.

પ્રકાશન—મૂળ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત "હેમચન્દ્રાચાર્ય સભા" તરફથી વિ. સં. ૧૯૭૮માં પ્રકાશિત કરાઈ છે. ત્યારબાદ વિ. સં. ૧૯૯૮માં આ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ, મૂળની ગાથાઓની તેમજ [1]પાઠ્ય અવતરણોની છાયા, શિવાનંદવિજયજીકૃત ટિપ્પણ, ગાથાઓની સૂચી તેમજ સાક્ષીરૂપ ગ્રંથોની [2]કામચલાઉ સૂચી સહિત "જૈ. ગ્રં. પ્ર. મ." તરફથી છપાવાય છે. દ્વિતીય પ્રકાશન પ્રથમ કરતા અનેક રીતે ઉપયોગી છે.

સ્વોપજ્ઞ વિવરણ આમ જો કે બે વાર પ્રસિદ્ધ થયું છે, છતા કર્તાએ[3] પૂર્તિરૂપે જે ઉમેરો કર્યો છે તેને લગતી હાથપોથીનો ઉપયોગ કરાવવો બાકી રહે છે, તો હવે પછીના પ્રકાશનમા એને સ્થાન અપાવું ઘટે.

(૭) **ભાસરહસ્ય**—આમાં જ. મ. મા રચાયેલાં ૧૦૧ પદ્યો છે. આ કૃતિ શ્રમણોની ભાષા કેવી હોવી જોઇએ એ વિષે પૂર્વાચાર્યોએ જે માહિતી આપી છે તેને અહીં સ્થાન અપાયું છે.

છાયા-સંસ્કૃતમા છાયા રચાઇ છે.

સ્વોપજ્ઞ વિવરણ—આ સંસ્કૃત રચનામા ભાવભાષાના નિરૂપણ પ્રસંગે બૌદ્ધ, વૈશેષિક અને ચાર્વાકના મતઓનું નિરસન કરાયું છે.

પ્રકાશન—મૂળકૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત મનસુખભાઈ ભણુભાઈ તરફથી છપાવાઇ. ત્યારબાદ વિ. સં. ૧૯૯૭મા "જૈ૦ ગ્ર૦ પ્ર૦ સ૦" તરફથી પણ આ મૂળકૃતિ સ્વોપજ્ઞ વિવરણ તેમજ મૂળકૃતિના પદ્યોની છાયા સહિત પ્રસિદ્ધ કરાઇ છે. છાયા સંપાદકે તૈયાર કરી હશે એમ લાગે છે.

(૮) **સામાચારી પયરણ**—આમા ૧૦૧ પદ્યો આર્યામા છે એ 'ઇચ્છાકાર' ઇત્યાદિ દસ પ્રકારની સામાચારી ઉપર નયપૂર્વકની વિચારણા દ્વારા વેધક પ્રકાશ પડે છે.

સ્વોપજ્ઞ વિવરણ—આ સંસ્કૃત વિવરણમાં ૧૮ પદ્યોની પ્રશસ્તિ છે.

પ્રકાશન-પ્રસ્તુત કૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત "જૈ૦ આ૦ સ૦" તરફથી વિ. સં.-૧૯૭૩મા પ્રકાશિત કરાઈ છે. સાથે સાથે એમા આરાધક વિરાધક ચભંગી અને એની સ્વોપજ્ઞ ટીકાને પણ સ્થાન અપાયું છે.

(૯) **સિરિપુજ્જલેહ**—આ કૃતિ હજુ સુધી તો પૂરેપૂરી મળી આવી નથી. 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **વીતરાગસ્તોત્ર** રચ્યું છે તેના આઠમા પ્રકાશ ઉપર ન્યાયાચાર્યે **સ્યાદ્વાદરહસ્ય** નામની ત્રણ વૃત્તિઓ રચી છે: (૧) લઘુ, (૨) મધ્યમ અને (૩) બૃહત્. આ પૈકી લઘુ તેમજ બૃહત્ (?) એ બે વૃત્તિમાં પ્રસ્તુત કૃતિની ભલામણ કરાઈ છે. વિશેષમાં એમાં નીચે મુજબનું અવતરણ પણ અપાયું છે.

"अण्णं घडाउ रूवं ण पुढो त्ति
विसारदा ण ववहारो ।
भेदो उण पुढत्तं भेज्जादि
ववहारबाधेणं ति ॥"

આ અવતરણનો વિચાર કરતા સિરિપુજ્જલેહ કોઇ દાર્શનિક કૃતિ છે એમ મારું માનવું થાય છે. વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીનો પણ એ જ મત છે એમ **શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થ**ના એમના આમુખ(પૃ ૭)માં નિમ્નલિખિત લખાણ જોતાં જણાય છે:-

"શ્રી પૂજ્ય લેખ એ કોઇ સામાન્ય વિજ્ઞપ્તિલેખ નથી, પરંતુ એ એક દાર્શનિક પદાર્થોની ચર્ચા કરતો પ્રાકૃત ભાષાનો પત્રરૂપ ગ્રંથ જ હતો."

પુણ્યવિજયજીએ આ પ્રમાણે મત તો દર્શાવ્યો છે, પરંતુ એ માટે કોઈ કારણ જણાવ્યું નથી તો હવે તેઓ તેમ કરવા કૃપા કરે.

સ્વોપજ્ઞ વિવરણ-પ્રસ્તુત કૃતિ ઉપર ન્યાયાચાર્યે વિવરણ રચ્યું હોય એમ જાણવામાં નથી.

---

૧ કેટલાક અવતરણો છાયા વિનાના જોવાય છે.

૨ 'કામચલાઉ' કહેવાનું કારણ એ છે કે એમા અકારાદિ ક્રમને સ્થાન અપાયુ નથી તેમજ પત્રાંકની નોંધ નથી

૩ જુઓ **શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થનું** અમુખ (પૃ ૮).

તારવણી—ઉપાધ્યાયજીની પાછિ કૃતિઓની ઝાંખી કરાવવા માટે મેં આ રૂપરેખા આલેખી છે[1] એ ઉપરથી હું નીચે પ્રમાણે મુદ્દાઓ તારવું છું:

(૧) ઉપાધ્યાયજીએ ઓછામાં ઓછી નવ કૃતિઓ જ૦ મ૦ માં રચી છે.

(૨) સિરિપુજ્જજલેહુ—સિવાયની આઠે કૃતિઓ પ્રકાશિત કરાયેલી છે, તેમાં કૂવદિટ્ઠન્તવિસઇકરણ્ણની તો સાત જ ગાથાઓ છપાયેલી જણાય છે.

(૩) પ્રકાશિત સાધનો જોતાં ગુરૂતત્તવિણિચ્છય એ સૌથી મોટી કૃતિ છે.

(૪) ઉપાધ્યાયજીએ પાછિ કૃતિઓ આર્યામાં રચી છે.

(૫) ઉપાધ્યાયજીની પાછિ રચનાઓનું પરિમાણ ઓછામાં ઓછી ૧૮૩૩ (૧૮૪+૨૦૩+૩+૯૦૫+૨૨૭ +૧૦૪+૧૦૧+૧૦૧+૧) ગાથા પૂરતું છે.

(૬) ઉપાધ્યાયજીની નવ પાછિ કૃતિઓ પૈકી જઇતકપ્પસમુચ્ચય અને સિરિપુજ્જજલેહુ એ બે જ કૃતિઓ સ્વોપજ્ઞ સંસ્કૃત વિવરણ વિનાની જણાય છે.

(૭) નવ પાછિ કૃતિઓ પૈકી અજઝપ્પમયપરિક્ખા અને ધમ્મપરિક્ખા, એ બે જ કૃતિઓ સ્વોપજ્ઞ ગુજરાતી બાલાવબોધથી વિભૂષિત છે. ધમ્મપરિક્ખાનો બાલાવબોધ અપ્રકાશિત છે.

(૮) સંસ્કૃત વિવરણો તેમજ ગુજરાતી બાલાવબોધો જે ઉપાધ્યાયજીએ રચ્યાં છે તે પૈકી તત્ત્વવિવેક એ સંસ્કૃત વિવરણોમાં અને વિચારબિન્દુ સ્વોપજ્ઞ બાલાવબોધોમાં વિશિષ્ટ નામને લઇને જુદી ભાત પાડે છે—આગળ તરી આવે છે.

(૯) નિમ્ન લિખિત ચાર જ કૃતિઓની છાયા રચાઇ છે અને એ છપાવાઇ પણ છે :—

(અ) અજઝપ્પમયપરિક્ખા

(આ) જઇતકપ્પસમુચ્ચય

(ઇ) ધમ્મપરિક્ખા

(ઉ) ભાસરહસ્સ

આથી જોઇ શકાય છે કે બીજી ચાર કૃતિઓ ઉપલબ્ધ હોવા છતાં એની છાયા રચાઇ નથી. જો તેમજ હોય તો કાર્ય હાથ ધરાવું જોઇએ. ખાસ કરીને ગુરૂતત્તવિણિચ્છયની તો સંસ્કૃત છાયા પહેલી તકે તૈયાર કરાવાય અને મૂળ સહિત એ છપાવાય એવો પ્રબંધ થવો ઘટે, તેમ થાય તો એને પાછિ પુસ્તક તરીકે સ્થાન મળે એવો સંભવ છે.

(૧૦) અજઝપ્પયમયપરિક્ખા સિવાયની એકે કૃતિનો ગુજરાતીમાં અનુવાદ થયો હોય અને એ છપાવાયો હોય એમ જોવા કે જાણવામાં નથી.

(૧૧) ઉપર્યુક્ત નવ કૃતિઓ પૈકી મોટા ભાગની કૃતિઓ જીવનશોધન માટે ઉપયોગી છે.

---

૧ વિશેષ માહિતી મેં યશોદોહનમાં આપી છે.

संत्यज्य शूर्पवत् दोषान् गुणान् गृह्णाति पंडिताः ।
दोषग्राही गुणत्यागी पछोलीव हि दुर्जनः ॥

(સોરઠો)

શોધી લે છે સાર, સુપડા સમ સજ્જન સદા;
મૂર્ખો ગ્રહે અસાર, સાર ત્યજી ચારણી પેઠે.

માનસિક મિત્રો અને શત્રુઓ

અનુ૦ ત્રિકલાલદાસ મૂ. શાહ

(ગતાંક પૃષ્ઠ ૭૬થી શરૂ)

જો તમે ભયના વિચારો ચિંતાના વિચારો અને માઠીના વિચારોરૂપી શત્રુઓને તમારા મન મંદિરમાંથી થોડો પણ સમય દૂર રાખશો તો તેઓ તમને સાને માટે તજી દેશે એ નિઃસંદેહ છે પણ જો તમે તેઓનું સેવન કરશો તેમને પોષણ આપશો તો તેઓ અધિક પોષણ અને ઉત્તેજનને માટે ફુલ આવશે તમારા મનમંદિરનું દ્વાર તેઓને માટે બંધ રાખવું એ જ તેઓથી વિમુખ થવાનો અમોઘ ઉપાય છે તેઓની સાથે કંઈ સંબંધ ન રાખો તેઓને ભૂલી જાઓ અને તેઓને દૂર કરો જ્યારે સંયોગો પ્રતિકૂળ હોય ત્યારે પોતાના વચન ન ઉચ્ચારો કે 'મારું ભાગ્ય જ એવું છે હંમેશા હું ઉપાધિમાં જ આવી પડું છું હું જાણતો હતો કે તે એમ જ બનશે અને એમ જ બન્યું ! આમ પોતાની શ્રદ્ધા ખોવી અને નબળું મન રાખવું એ ઘણી જોખમભરેલી ટેવ છે મનને કેવળ વિશુદ્ધ અને નિર્મળ રાખવાનું કાર્ય અતિ દુષ્કર નથી ભૂતકાળની દુઃખદ ઘટનાઓ અને શોકગ્રસ્ત અનુભવોને મનમાંથી ભૂંસી નાખવાનું કાર્ય તમે ધારો છો તેવું અતિ કઠિન નથી જે બાબતોએ તમને દુઃખી કર્યા છે તે બાબતોને વિસરી જવાનો તમે નિશ્ચય કરશો અને એ નિશ્ચય અમલમાં મૂકશો કે તરત જ જે શાંતિ અને સુખનો તમને અનુભવ થવાનો એ અત્યારે તમારા વિચારમર્યાદામાં પણ આવી શકે તેમ નથી. તમારા દોષો અને દુર્ગુણો ભૂંસી નાખો, ભૂંસી નાખો, ભૂલી જાઓ અને તેઓને ફરી કદિ પણ પોષવા નહિ એવો દૃઢ નિશ્ચય કરો

અલબત્ત એ ખરું છે કે આ વાત પહેલે જ વિચારે સિદ્ધ થઈ શકે તેવી નથી તો પણ આગ્રહ અને નિશ્ચયપૂર્વક સતત પ્રયાસ કરવાથી માણસ આત્માના ઘણાખરા શત્રુઓનો ઉચ્છેદ કરી શકે અને સદા સારા, આનંદી અને આશાના વિચારોથી ભરેલું તે કડવા અને દુઃખદાયી અનુભવોને મનમાંથી દૂર કરવાનો ઉત્તમોત્તમ ઉપાય છે

અન્ય વસ્તુઓની માફક વિચારો પણ સજાતીય વસ્તુઓને આકર્ષે છે જે વિચારો મનમાં પ્રધાનપણે પ્રવર્તે છે તે વિચારો પોતાના વિજાતીયને હાંકી કાઢે છે નિકૃષ્ટતાને ઉત્કૃષ્ટતા હાંકી કાઢે નિરાશાને આશા હાંકી શકશે મનને પ્રેમના પ્રકાશથી ભરો એટલે અસૂયા અને તિરસ્કાર આપોઆપ પલાયન થઈ જશે પ્રેમનો પ્રકાશ પ્રસરેલો હોય છે ત્યાં આ શ્યામ આકૃતિઓ એક ક્ષણવાર પણ ટકી શકશે નહિ સદ્વિચારો, ઉદાર વિચારો, દયાના વિચારો, પ્રેમના વિચારો અને આરોગ્યના વિચારોથી મનને સર્વદા ભરેલું રાખો એટલે સર્વ વિરોધી વિચારો સત્વર ચાલ્યા જશે. બે વિરુદ્ધ પક્ષના વિચારોનું અસ્તિત્વ એકી વખતે મનમાં હોઈ શકે નહિ અસદ્વિચારોનું ઔષધ સદ્વિચારો જ છે.

ભિન્ન ભિન્ન પ્રકારના વિચારોનું કેવું પ્રાબલ્ય છે તેની તુલના કરવાને ઘણાખરા લોકો અસમર્થ હોય છે એક આનંદી અને ઉત્કૃષ્ટ વિચાર આત્માને કેવા પ્રફુલ્લ અને સતેજ કરે છે તે સૌ કોઈ જાણે છે તે વિચારથી

આનંદ અને પ્રસન્નતા વિજળીની માફક સર્વત્ર વ્યાપી રહે છે. આવો વિચાર નવીન આશા, હિંમત અને જીવનનો નવીન પટ ઉત્પન્ન કરે છે.

જે માણસ સદ્વિચારોનું સેવન કરે છે તે નિરાશાને બદલે આશાનો અનુભવ કરે છે, ભીરુતાને બદલે હિંમતનો અનુભવ કરે છે અને શંકા કે અનિશ્ચિતતાને બદલે દૃઢતા અને નિશ્ચય જ અનુભવે છે. વળી જે માણસ આશાજનક, પ્રોત્સાહક, અને ઉત્કૃષ્ટ વિચારોરૂપી મિત્રોને મનમાં નિવાસ આપીને પોતાના વિજયના શત્રુઓને દૂર રાખી શકે છે તે શંકા અને નિરાશાના ગુલામ બનેલા પર અતુલ સત્તા ભોગવે છે. આવા માણસોને દરેક કાર્ય નિરંકુશ પ્રકૃતિવાળા માણસને સાધ્ય હોય તે કરતાં વધારે સહેલાઈથી સાધ્ય હોય છે. જે પ્રમાણમાં આ માનસિક શત્રુઓને મનમંદિરમાંથી દૂર રાખી શકીએ તેના પર આપણા જીવનના મૂલનો આધાર રહેલો છે.

તમે એમ ખાતરીપૂર્વક ન જ કહી શકો કે તમે પૂર્ણતા, પ્રેમ, સૌંદર્ય અને સત્યની મૂર્તિ છો અને તેથી તે તે ગુણો જ પ્રદર્શિત કરવાનું તમારે માટે નિયત કરવામાં આવ્યું છે, તેથી તમે પોતાની જાતને કહો કે "જ્યારે જ્યારે તિરસ્કાર, દ્વેષ, વેરભાવ, નિરુત્સાહ અને સ્વાર્થના વિચારો મારા મનમાં આવે છે ત્યારે ત્યારે હું મને પોતાને અત્યંત હાનિ પહોંચાડું છું. મેં મારા પોતાના પર એવો કારી ઘા માર્યો છે કે જે મારાં માનસિક શાંતિ, સુખ અને આનંદ નૈપુણ્યાદિનો વિનાશક છે. આ સઘળા વિચારશત્રુઓ મારી જીવનપ્રગતિને અટકાવી દે છે, તેમના વિરોધીઓથી મારે સત્વર તેનો નાશ કરવો જોઈએ."

તે વિચાર ભયનો હોય, ચિંતાનો હોય, ઈર્ષાનો હોય, સ્વાર્થનો હોય, ગમે તે હોય તો પણ જે કંઈ જીવનના સૌંદર્યને અને સૌષ્ઠવને દૂષિત કરે છે તેને નાશકારક શત્રુની માફક હાંકી કાઢવા જોઈએ. ઉપાધિ, ચિંતા, ક્રોધ અને ખરાબ સ્વભાવ—આ સર્વ રોગી મનનાં જ ચિહ્નો છે. કોઈ પણ પ્રકારનું દુઃખ અથવા વૈધર્મ્ય એમ સાબિત કરે છે કે તમારું મન દૂષિત છે.

યોગ્ય સમય આવશે ત્યારે આપણને પ્રત્યક્ષ થશે કે અલ્પ સમય સુધી પણ આવી ગયેલા પ્રત્યેક દોષના આવેશની, તિરસ્કાર અને વૈરના વિચારોના પ્રત્યેક સ્પર્શની તથા સ્વાર્થ, ભય, ઉપાધિ, ચિંતા, ચાલિત પ્રત્યેક આંદોલનની સચોટ છાપ જીવનમાં પડે છે અને પ્રાણઘાતક બને છે, જ્યારે તમે ઉપાધિ, ચિંતા, ક્રોધ, વૈર અથવા ઈર્ષાથી કલુષિત હશો ત્યારે તમારા જાણવામાં આવશે કે આ વસ્તુઓ તમારી શક્તિને હરી લે છે. અને તમારા જીવનતત્ત્વને નષ્ટ કરે છે. આ નાશથી કોઈ જાતનું સારું પરિણામ આવતું નથી, એટલું જ નહિ પણ એ નાજુક મનોયંત્રને અવ્યવસ્થિત કરી મૂકે છે, જેથી વૃદ્ધાવસ્થા વહેલી આવે છે અને જિંદગી ટૂંકી બને છે. ઉપાધિના વિચારો, ભયના વિચારો, સ્વાર્થી વિચારો લોહીને અને મગજને વિષમય કરે છે, 'નૈપુણ્યનો નાશ કરે છે.' આનાથી વિરુદ્ધ વિચારો એથી વિરુદ્ધ પરિણામ નીપજાવે છે. તેઓ શાંતિ આપે છે, નૈપુણ્ય વધારે છે, અને માનસિક પ્રતિભાશક્તિ ખીલવે છે. ફક્ત પાંચ મિનિટ પણ સેવેલા ક્રોધના વિચારથી શરીરના જુદા જુદા નાજુક ભાગો પર એટલી બધી ખરાબ અસર થાય છે કે જેને અસલ સ્થિતિમાં આવતા અઠવાડિયાં અથવા મહિનાઓ પસાર થઈ જાય છે. એકાદ ભયંકર ઘટના ઉપસ્થિત થવાથી વાળનો રંગ સદાને માટે સફેદ થઈ જાય છે અને ચહેરા ઉપર વૃદ્ધાવસ્થાના ચિહ્નો ઉત્પન્ન થાય છે, તેથી જ્યારે સંપૂર્ણ રીતે આપણા સમજવામાં આવે છે કે આ અધમવૃત્તિ અને આ વિકારો આપણને અશક્ત બનાવે છે, આપણને નીતિમાર્ગથી ચ્યુત કરે છે, આપણા મનોરાજ્યમાં મહાન ઉત્પાત અને અનર્થ કરે છે, અને શરીરમાં ભયંકર દુઃખ અને પીડા ઉપજાવે છે ત્યારે જેવી રીતે આપણે શારીરિક રોગથી બચવા પ્રયત્ન કરીએ છીએ તેવી રીતે તેનાથી બચવાનો પ્રયત્ન શરૂ કરવું.

જેમ અંધકાર કોઈ ભાવ વસ્તુ નથી, પરંતુ પ્રકાશનો-તેજનો અભાવ છે તેમ જે સઘળું આપણને વિષમ જણાય છે તે અલૌકિક ઐક્ય અથવા સાદૃશ્યનો અભાવ માત્ર છે.

બીજા માણસો તરફ રાખવામા આવતા સ્નેહ, દયા, અંમીદૃષ્ટિ આદિ સર્વ આપણા મનની અંદર ઉચ્ચતમ લાગણીઓને અને વૃત્તિઓને પેદા કરે છે. તેઓ આપણને આરામ, શક્તિ, ઉન્નતિ વગેરે બક્ષે છે અને આપણને અનંત શક્તિ સાથે તન્મય બનવાને શક્તિમાન કરે છે.

જો આપણે મનનું સમતોલપણું જાળવી રાખી અસદ્વિચારોરૂપી દુષ્ટ માનસિક શત્રુઓને દૂર રાખી શકીએ તો આપણે વૈજ્ઞાનિક નિયમ અનુસાર જીવન વહન કર્યું છે એમ કહી શકાય. સારી રીતે વિકાસ પામેલુ મન કોઈ પણ અવસ્થામા એકતાન ધ્વનિ ઉત્પન્ન કરવાને સમર્થ છે.

પ્રત્યેક મનુષ્ય પોતાની સૃષ્ટિ અને વાતાવરણ રચે છે. આ વાતાવરણને તે મુશ્કેલીઓથી, ભયથી, શંકાથી, નિરાશાથી કે ગ્લાનિથી ભરી શકે છે કે જેથી આખી જિંદગી દુઃખમાં અને દિલગીરીમાં જ વહી જાય, અથવા તો ગ્લાનિ, ઈર્ષા અને દ્વેષના વિચારોને દૂર રાખીને સ્વરચિત વાતાવરણને સ્વચ્છ અને સુખપ્રદ બનાવી શકે છે.

સદ્વિચારોનું જ નિરંતર સેવન કરો કે જેથી કરીને અસદ્વિચારો તત્કાળ અદૃશ્ય થઇ જાશે. સૂર્યનો પ્રકાશ જ્વલંત હોય ત્યારે અંધકાર સંભવે જ નહિ-ક્યાય પ્રવેશી શકે જ નહિ જો તમે આગ્રહપૂર્વક તમારા મનમંદિરમાં ઐક્યને સ્થાન આપશો તો ત્યા વૈષમ્ય પ્રવેશ કરે તે વાત અસંભવિત છે. અને જો તમે સદા સત્યનું જ અવલંબન રાખશો તો અસત્ય સ્વયં પલાયન થઈ જશે.

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो
यावच्चेंद्रियशक्तिरप्रतिहता यावत् क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
संदीप्ते भवने प्रकूपखननं प्रत्युद्यमः कीदृशः ॥

(છપ્પા)

જ્યા સુધી છે સ્વસ્થ શરીર યા સાજું તાજું,
જ્યા સુધી છે દૂર જરાનું બહુ દુઃખ આજું;
જ્યા સુધી છે સર્વ ઇન્દ્રિયો શક્તિવાળી,
ત્યા સુધી આયુષ્યતણી અવધિ નથી ભાળી,
આત્મકલ્યાણ સમજુ જનો ત્યાં સુધી સાધી લીયો,
આગ લાગે કૂપ ખોદવો-ઉદ્યમ અન્ય અવળો કીયો ?

અલ્પતામાં જ પ્રભુતા વસે છે

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

દરેક માનવે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે, પોતે અલ્પ છે, અત્યલ્પ છે અને નાનો છે. કારણ એને પૂર્ણતા મેળવવા માટે હજુ ઘણું મેળવવાનું છે. પૂર્ણતા આવતાં સુધી ઘણો પ્રવાસ ખેડવાનો છે. ઘણા નદી-નાલાઓ ઓળંગવાના છે. તેમ ઘણા ટેકરાઓ અને ઘણા પર્વતો વટાવવાના છે. ઘણા વાઘ, વરૂઓ રસ્તામાં આડા આવવાના છે અને ઘણા સાપ વીંછીઓનો પણ ભેટો થવાનો છે. ઘણા કાંટા રસ્તામાં પાથરેલા વટાવવા પડશે, તેમ દાવાનળોની અંદર થઇને રસ્તો શોધવો પડશે. ચોર ડાકુઓનો પણ સમાગમ થવાનો છે. એ બધું જ્યારે યથાસાંગ પૂરું થશે, ત્યારે જ પ્રભુતાનો માર્ગ સીધો જોવામાં આવશે. એ પૂરું ધ્યાનમાં રાખવું પડશે.

ઊંચા વૃક્ષોને જોરનો પવન સહન કરવો પડે છે ત્યારે વાંકા છોડવાઓ અને તણો સહેજે બચી જાય છે. તેમ આપણને ઝંઝાવાતથી બચવું હોય તો નમ્ર થવું પડશે. નાના થવું પડશે: એમ કરીને જ આપણે પ્રભુતા પામી શકીએ તેમ છીએ.

જરા જેવું જ્ઞાન પ્રાપ્ત થાય છે કે જરા જેવું ધન મળી જાય છે ત્યારે માણસ ફુલાય છે. પોતાની સાચી સ્થિતિનું એ ભાન ભૂલી બેસે છે, અને તેથી તેની શક્તિ રૂંધાઇ જાય છે. અને એની પ્રગતિ થંભી જાય છે. એ પોતાને મોટો માનવા લાગે છે અને સત્ય રીતે નાનો એટલે તુચ્છ થવા માંડે છે. નાનો છું એમ સાચા અંતઃકરણથી માને છે, તેને મોટાઇ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે. મોટાઈ કે પ્રતિષ્ઠા મેળવવા માટે ખાસ પ્રયત્ન કરવાની જરૂર હોતી નથી. જે પોતાને નાનો માને છે, તેની સામે મોટાઇ ચાલી આવે છે. પણ જે પોતાને ઊંચો, મોટો અને જ્ઞાની કે પંડિત માને છે તેને ઊંચે ચઢવાનું સૂઝતું જ નથી. તેની પ્રગતિનો અંત જ આવી જાય છે. જગતમાં જેટલા ધર્મજ્ઞાની થયા, જેટલા ધર્મપ્રવર્તકો થયા, શ્રીમાનો થયા કે રાજસત્તાધારીઓ થયા તેઓ પોતાની નમ્ર ભાવનાથી જ લોકનાયકો કે નામવંતો થયા. અને તેમની જ કીર્તિ ઇતિહાસ ઉચ્ચ સ્વરે ગાય છે. એમના જ આદર્શો જગતમાં આદરણીય ગણાયા છે. તેમના માર્ગે જ ચાલવાનું લોકો પસંદ કરે છે. જેઓ મોટાઇ મેળવીને પણ ઉદ્ધત રહ્યા, પોતાને ઊંચા અને મોટા માનતા રહ્યા તેમની કીર્તિ ઇતિહાસે ભૂંસી નાખી છે. અગર અપકીર્તિ-રૂપે જીવતી રાખી છે. રામાયણ રચાયું છે અને રામની યશોગાથા હજુ ગવાય છે. પણ રાવણાયન કોઈએ રચ્યું નથી. રાવણની નામના રહી પણ એ અપકીર્તિરૂપે જ રહી છે. પાંડવો સ્વયંને અનુસર્યા, દુઃખ ભોગવીને પણ પોતાની નમ્રતાને અને ધર્મપરાયણતાને વળગી રહ્યા તો તેમની યશોગાથા હજુ પણ ગવાય છે. કૌરવો સત્તાધારી અને પરાક્રમી પણ હતા. છતાં તેમની ઉદ્ધતાઇએ તેમની અપકીર્તિ હજુ સુધી ટકાવી રાખી છે. પ્રભુ મહાવીરના મૌલિક પ્રવચનો અને સત્યાર્થવાહી શબ્દસમુચ્ચયો હજુ લોકો સંભારે છે. એટલું જ નહીં પણ તેમાં રહેલું ગૂઢ

રહસ્ય હજુ પણ જાણવા માટે પોતાનું બુદ્ધિકૌશલ્ય બતાવે છે. તેમ જ તેમના શબ્દોની મૌલિકતા કાવ્યમાં ગૂંથી જનસમૂહ આગળ પીરસવામાં સંત મહાત્માઓને આનંદ આવે છે. તેમ જ કવિજનોને તેમની ભાવના કાવ્યમાં ગૂંથી લેવામાં પરમાનંદ મળે છે. એટલું જ નહીં પણ અનેક સહસ્ર વર્ષો વીતી ગયા છતાં તેમની સ્તુતિ કરવામા કવિજનો થાકતા નથી. ત્યારે મંખલીપુત્ર ગોશાલકનું નામ તુચ્છતાથી લેવામાં આવે છે. એ ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, લઘુતામાં જ પ્રભુતા છુપાઈ રહેલી છે, પ્રભુતાની પછવાડે દોડવાથી પ્રભુતા તો મળતી જ નથી પણ ઉલટી લઘુતા જ વધુ પ્રમાણમાં નજીક આવતી રહે છે.

સંસારમા આપણે જેટલી સિદ્ધિઓ મેળવેલી હોય છે તે કરતા અનંતગણી સિદ્ધિઓ આપણને મેળવવાની બાકી રહેલી છે. એક દૃષ્ટિથી જોતા એ બાબતમા આપણે તદ્દન બાલવર્ગમાં પણ ખપીશું કે નહીં તે પણ સંશયાસ્પદ છે. સંપૂર્ણ નિર્દોષ થઇશું ત્યારે જ આપણે પ્રભુતાની નજીકમા આવ્યા એમ ગણાશે. એ દૃષ્ટિથી જોતા આપણો અનુક્રમ ક્યાં છે તેનો આપણે વિચાર કરતા એમ સ્પષ્ટ અનુભવમા આવશે કે એક પર્વતની આગળ એક અણુ જેટલી પણ આપણી લાયકી હજુ થઇ નથી. ત્યારે આપણને વડાઇના વિચારો મનમા લાવવાનો શો અધિકાર છે? ઘણી વખત એમ પણ બની જાય છે કે, જેને આપણે તુચ્છ અને હલકા ગણતા હોઇએ છીએ તેઓ આપણા કરતા થોડા જ કાળમા ખૂબ વધી ગએલા જણાય છે. એ ઉપરથી આપણે કોઇને હલકા કે નાના ગણવાનો અધિકાર પહોંચતો નથી. ઊલટા આપણે જ ઘણી વખત નાના ગણાઇએ તેવા હોઇએ છીએ.

ઉપરનું વિવેચન સિદ્ધ કરવા માટે આપણે એક દૃષ્ટાંત આપણી નજર સામે મૂકવા જેવો છે. તે હવે વિચારીએ.

એક સાધુ હતા. તેમનો શિષ્ય ભિક્ષાર્થે નગરમાં જઇ રહેલો હતો. એની નજર સામે એક દૃશ્ય જોવામા આવ્યું. એક કસાઇની પાસે એક ગાય બાંધેલી હતી. અને કસાઇ છરી સરાણ ઉપર ઘસી રહેલો હતો અને વારંવાર છરીની ધાર તપાસી રહેલો હતો. શિષ્યની ખાત્રી થઇ કે એ કસાઇ શુક્રવારમાં એ ગાયને મારી નાખશે. કેવો દુષ્ટ એ ચાંડાલ છે! એ પાપીને પોતાના એ ક્રૂર કામ માટે જરા પણ દયા નથી. એ નારકીનું આયુષ્ય બાંધી રહ્યો છે. મહાપાપી અને ચાંડાલ છે. શિષ્યના રોમરોમમાં કમકમાટી ઊપજી. એ કસાઈ માટે એના મનમાં ભયંકર તિરસ્કાર અને ઘૃણાના વિચારો જાગ્યા. એ પોતાનુ ભિક્ષાનું કાર્ય ભૂલી ગયો અને પાછો ફરી ગુરુની પાસે પાછો આવ્યો. ભિક્ષાપાત્રો લઈ ગયો હતો તેવા જ ઠાલા ગુરુ પાસે મૂકી દીધા. ગુરુએ પૂછ્યું કેમ ભિક્ષા નં મળી? ત્યારે શિષ્યે પોતાનો પેલો કસાઈનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પેલા કસાઇની ખૂબ નિંદા કરી અને કહ્યું કે, એ દુષ્ટ પાપીના કૃત્યથી મને ખાવું અને પીવું ગમ્યું નહીં. ખૂબ દુઃખ થયું તેથી હું ભિક્ષા લેવા આગળ વધી શક્યો જ નહીં. એ ચાંડાલનું દુષ્ટ કૃત્ય મારી નજર સામેથી ખસતું જ નથી. આજે તો હું ઉપવાસ જ કરીશ. શિષ્યના આવા વિચારો સાભળી ગુરુએ જવાબ આપ્યો-ભો મહાનુભાવ! આપણાથી એમ બોલાય નહીં. એવો વિચાર પણ કરવો આપણા માટે ઉચિત નથી. કોઇની પણ નિંદા કે ઘૃણા કરવી એ આપણો ધર્મ નથી. આપણે તો સમાન ભાવના જ રાખવાની હોય. જરૂર પડે ત્યારે આપણે કારુણ્ય ભાવના જ ભાવવાની હોય. આપણે બીજાની મનોગત ભાવના પૂરી જાણી શકીએ તેમ ન હોવાથી આપણે એકાંતિક ભાવના રાખવી ઉચિત ન કહેવાય. વિશેષે કરીને સાધુએ તો પોતાના મન ઉપર અંકુશ મૂકી શાંતિ જ ધારણ કરવી રહી. કોઇના માટે આપણે દ્વેષ રાખી શકાય નહીં. આપણે જબરદસ્તી કરી અન્યને ધર્મ પમાડવા જઇએ ત્યારે આપણે જ મૂર્ખ બનીએ, માટે જ તમે જે વિચાર કર્યો છે તે યોગ્ય નથી. વિચારતરંગો ક્ષણે ક્ષણે પલટાતા જાય છે અને પાપ પુણ્યના બંધો વારંવાર પલટાતા જાય છે, માટે આપણાથી આવી ખોટી

શ્ર. મહાવીરનું અનંતવીર્ય—આત્મચર્યા અને ઉપદેશ

તે જિન-વર્ધમાનાદિ સત્પુરુષો કેવા મહાન મનોજયી હતા! તેને મૌન રહેવું અમૌન રહેવું બંને સુલભ હતું; તેને અનુકૂળ-પ્રતિકૂળ દિવસ સરખા હતા, તેને લાભ-હાનિ સરખી હતી, તેનો ક્રમ માત્ર આત્મસમતાયે હતો. કેવું આશ્ચર્યકારક કે, એક કલ્પનાનો જય એક ક્ષણે યત્નો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમાં ભાગે સમાવી દીધી! (પત્રાંક ૫૪)

હે-ગૌતમ! તે કાળ અને તે સમયમાં છદ્મસ્થ અવસ્થાએ હું એકાદશ વર્ષની પર્યાયે છઠ્ઠે છઠ્ઠે (અક્રમે) સાવધાનપણે, નિરંતર તપશ્ચર્યા અને સંયમથી આત્મભાવતાં પૂર્વાનુપૂર્વીએ ચાલતાં, એક ગામથી બીજે ગામ જતાં, જ્યાં સુષુમાપુરનગર, જ્યાં અશોક વનખંડ બાગ, જ્યાં અશોકવર પાદપ, જ્યાં પૃથ્વીશિલાપટ ત્યાં આવ્યો; આવીને અશોકવર પાદપની નીચે, પૃથ્વીશિલાપટ પર અષ્ટમભક્ત ગ્રહણ કરીને બંને પગ સંકોચીને, લાંબા કર કરીને એક પુદ્ગલમાં દૃષ્ટિ અડગ રાખીને, અનિમેષ નયનથી જરા નીચું આગળ મુખ રાખીને, યોગની સમાધિથી, સર્વ ઇંદ્રિયો ગુપ્ત કરીને, એક રાત્રિની મહાપ્રતિમા ધારણ કરીને વિચરતો હતો. (ચમર)

(પત્રાંક ૭૧)

શ્રી વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી, તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ

* સરખાવો-ધ્યાયેત્ શુક્લમથ શાન્તિ-
મૃદુત્વાર્જવમુક્તિભિઃ ।
છદ્મસ્થોઽપૌ મનો ધૃત્વા,
વપનીય મનો જિનઃ (પૂ. ઉ. અ-ચાર)

ભાવના એકાંતે કરવી ઉચિત નથી. ગુરુમહારાજ આમ શિષ્યને ઉપદેશ દેતા હતા એટલામાં ગુરુમહારાજને દેવદુંદુભીનો મધુર ધ્વનિ સંભળાયો. ગુરુમહારાજ જ્ઞાની હોવાથી તેમણે તરત જ જ્ઞાનનો ઉપયોગ મૂક્યો. તેઓએ જાણી લીધું કે પેલો ગાયને મારવા સજ્જ થયેલો કસાઇ સ્વર્ગમાં ગયો! ત્યારે તેમણે શિષ્યને સમજાવ્યું કે, જેને તેં જોની નિંદા કરી તે કસાઇનો જીવ દેવલોકમાં જઈ અવતર્યો છે. આ સાંભળી શિષ્ય તો આભો જ બની ગયો! શિષ્યે ગુરુમહારાજને પૂછ્યું. ગુરુમહારાજ! આ ઘટના કેવી રીતે બની તે મને સમજાવો. એ પાછળ રહેલું રહસ્ય જાણી લેવાની મને ઘણી જિજ્ઞાસા જાગી છે. ગુરુમહારાજે શાંતિથી એ ઘટનાનું રહસ્ય સમજાવ્યું. તેમણે કહ્યું જો! મહાનુભાવ! એ કસાઇની ભાવના એ જ્યારે છરી ઘસતો હતો ત્યારે જો એનું મૃત્યુ થાત તો એના માટે નરક સિવાય બીજું સ્થાન હતું નહીં. પણ વારંવાર છરીની ધાર એ તપાસતો હતો એવામાં એની આંગળીના સૂક્ષ્મ ભાગ ઉપર એ છરીએ ઘા કર્યો. લોહી વહેવા માંડ્યું, ભયંકર વેદના થવા માંડી. એ-સહન થાય તેવી હતી નહીં. કસાઇના મનમાં અકસ્માત એવો વિચાર જાગ્યો કે, મને શરીરના નાના ભાગમાં આઘાત થયો તેથી મને આટલું દુઃખ થાય છે, ત્યારે આ ગાયનું તો હું ગળું કાપીશ ત્યારે એને કેટલી વેદના થવાની! અહો! આ કેવું દુષ્કર્મ! આમ તો મેં કેટલાએ પ્રાણીઓની હત્યા કરી છે. કેટલાએ મૂંગા પ્રાણીઓના શાપ ભેગા કર્યા છે. મારું શું થવાનું છે! હું આટલું પાપ શી રીતે છોડાવી શકીશ? મારો ઉદ્ધાર કોણ કરશે? હું ક્યારે આ પાપથી મુક્ત થઇશ? ધિક્કાર હો મને. મારા જેવો પાપી આ દુનિયામાં બીજો નહીં જ હોય. આવા વિચાર ચાલતો હતો ત્યાં તે લોહી વહે જતું હતું એવામાં એને મૂર્છા આવી અને પ્રાણ શરીરથી છુટા થઈ નીકળી ગયા એના વિચાર પલટાયા, તેની પરિણતીમાં પલટો આવી ગયો અને એ નરકને બદલે દેવલોકમાં ગયો! માટે જ મેં કહ્યું કે, આપણે કોઇ જીવ માટે એકાંતે વિચાર બાંધી લેવા ઉચિત નથી.

આ દૃષ્ટાંતમાંથી જ્ઞાની તેમ જ અજ્ઞાનીઓને પણ ઘણું જાણવા જેવું મળી આવે તેમ છે. માટે જ અમો કહીએ છીએ કે. નમ્રતા અને લઘુપણામાં જ પ્રભુતા સમાયેલી છે, એકાંતે કોઇના માટે કોઇ પણ જાતનો પૂર્વગ્રહ નહીં બાંધી લેતાં સરળતા અને નમ્રતા ધારણ કરવી એ આપણા માટે ઉચિત છે.

છતાં, તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહિ.

જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિસ્પૃહ હતા અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને—નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે.
—પત્રાંક ૪૨૭

શ્રીમાન મહાવીરસ્વામી જેવાએ અપ્રસિદ્ધ પણે રાખી ગૃહવાસ વેઠી—ગૃહવાસથી નિવૃત્ત થયે પણ સાડાબાર વર્ષ જેવા દીર્ઘકાળ સુધી મૌન આચર્યું, નિદ્રા તજી, વિશ્રામ પરિષહ સહ્યા એનો હેતુ શો? અને આ જીવ આમ વર્તે છે, તથા આમ કહે છે એનો હેતુ શો?
(શ્રીમદ્‌રાજચંદ્ર અંગત હાયનોધ ૧ લી પૃ. ૮૭)

ભાવઅપ્રતિબંધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષોની આજ્ઞાની સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના તથા તેમાં અચળ સ્નેહ થયા વિના સત્સ્વરૂપના વિચારની યથાર્થ પ્રાપ્તિ થતી નથી.

સૂયગડાંગ સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણુ પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચડાવ્યા છે, ત્યાં આમ ઉપદેશ કર્યો છે:— હે આયુષ્મનો! આ જીવે સર્વ કર્યું છે એક આ વિના. તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેના ઉપદેશ તે સાભળ્યા નથી, અથવા રૂડે પ્રકારે કરીને ઉઠાવ્યા નથી; અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબૂસ્વામીને ઉપદેશે છે કે:—જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીર ભગવાન તેણે આમ અમને કહ્યું છે:—"ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા." એક આ સ્થળે જ નહિ પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

'आणाए धम्मो आणाए तवो'

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ; આજ્ઞાનું આરાધન એ જ તપ. (પત્રાંક ૧૬૭)

શ્રી તીર્થંકર વારંવાર નીચે કહ્યો છે તે ઉપદેશ કરતા હતા:—

संबुज्झहा जंतवो माणुसत्त, दुल्लजय वालिसेण मलंभो, एगतदुक्खे जरियव लोए, सकम्मणा विपरियासु विंति.

'હે જીવો! તમે બુઝો, સમ્યક્ પ્રકારે બુઝો. મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે, અને ચારે ગતિને વિશે ભય છે એમ જાણો. અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો. આખો લોક એકાંતે દુઃખેકરી બળે છે એમ જાણો, અને સર્વ જીવ પોતપોતાના કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો'— સૂયગડાંગ અધ્યયન ૭ મું.

સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ *અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો તેમજ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગ—સત્પુરુષની ×આજ્ઞાને ઉપાસવી. શ્રી તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.— દ્વાદશાંગીનું સળંગ સૂત્ર (પત્રાંક ૪૦૪)

(પરમતત્ત્વના બોધિપુરુષ શ્રીમદ્ રાજચંદ્રના ગ્રંથમાંથી) જિજ્ઞાસુ

---

* અત્ર યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન (ગૌણ) એટલા માટે કહ્યો કે જ્ઞાની પુરુષની આજ્ઞા આરાધનામાં જ સર્વ સાધનો સમાય છે.

× પણ એ આજ્ઞા કેવી છે તે જાણ્યા વિના સાધકને તે લાગુ પડતી નથી. અત્ર ઘણો વિચારસમાસ છે, પરંતુ આ સ્થાને તેનો અવકાશ નથી.

શ્રી આત્માનંદ પ્રકાશ





સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

विषयानुक्रम

૧.	સુભાષિત	('કુમાર'માંથી)	૯૭
૨.	ભગ્નમૂર્તિ	(શ્રી આલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર')	૯૯
૩	સુભાષિતરત્નમંજૂષા	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૧૦૦
૪.	શત્રુઓને કામે લગાડો	(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર')	૧૦૧
૫.	આભ્યંતર શાન્તિ	(અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ)	૧૦૪
૬.	ન્યાયાચાર્યકૃત સંસ્કૃત સ્તુતિ-સ્તોત્રો	(પ્રો હીરાલાલ ર. કાપડિયા M. A.)	૧૦૭
૭.	તેજદ્વેષ	(ભગવતીલાલ ડી. શાહ)	૧૧૨
૮.	સ્વીકાર		ટા. પે. ૨

સ્વીકાર

૧. પર્યુષણાષ્ટાહ્નિકાવ્યાખ્યાન (ભાષાંતર) પ્રતાકાર—ભાષાંતરકાર શ્રી મૂળચંદજી મહારાજશ્રીના શિષ્ય શ્રી ગુલાબવિજયજીના શિષ્ય વયોવૃદ્ધ મુનિરાજશ્રી મણિવિજયજી મહારાજ. પ્રકાશક—શા હીરાચંદ હરગોવન કાપડિયા—ભાવનગર. પ્રતાકાર પૃષ્ઠ ૬૮.

પર્વાધિરાજના પવિત્ર દિવસોમાં શરૂઆતના ત્રણ દિવસ આ વ્યાખ્યાન વંચવામાં આવે છે. ભાષાંતર સાથે હોવાથી નૂતન દીક્ષિત સાધુને તેમજ શ્રાવકવર્ગને વાંચવામાં સુગમ પડે છે આ પ્રતની પ્રગટ થયેની આવૃત્તિ ત્રીજી તે જ તેની ઉપયોગિતાની નિશાની છે મુનિરાજશ્રી મણિવિજયજી મહારાજ આવા લોકોપયોગી પ્રકાશનો અવારનવાર પ્રસિદ્ધ કરી સારી સાહિત્યસેવા બજાવી રહ્યા છે પ્રયાસ પ્રશંસનીય છે.

૨. શંખેશ્વર સ્તવનાવલિ—સંગ્રાહક મુનિરાજશ્રી વિશાળવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગર. પૃષ્ઠ ૧૨૨. મૂલ્ય બાર આના.

આ જ ગ્રંથમાળા તરફથી શંખેશ્વર મહાતીર્થનું સુંદર પુસ્તક પ્રસિદ્ધ થયેલ ઐતિહાસિક હકીકતો, શિલાલેખો તથા પ્રાચીન સ્તવનાદિથી તે ગ્રંથ અલંકૃત હતો. તે જ પુસ્તકમાંથી કેટલાક પ્રાચીન સ્તવનાદિ તેમજ બીજા પણ અપ્રકટ સ્તવનો વિગેરેનો આ પુસ્તિકામાં સંગ્રહ કરવામાં આવ્યો છે. શ્રી શંખેશ્વરજી તીર્થપરત્વે જનસમૂહનો સારા પ્રમાણમાં આદર વધતો આવે છે તેવા પ્રસંગે ભક્તવર્ગ માટે આ પ્રકાશન આવકારદાયક છે.

૩. શ્રી ઘોઘાતીર્થ—લેખક મુનિરાજશ્રી વિશાળવિજયજી મહારાજ. પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા-ભાવનગર. પૃષ્ઠ ૩૨, કીંમત છ આના.

પ્રાચીન તીર્થોના ભૂલાઈ જતા ઈતિહાસનું સંશોધન-પરિમાર્જન કરી તેને પુસ્તકાકારે જનતા સમક્ષ રજૂ કરવાનું આ ગ્રંથમાળા સારું કામ કરી રહી છે. આ પૂર્વે પાંચ-છ જૈન તીર્થોની માહિતી આપતી પુસ્તિકાઓ બહાર પાડવા પછી આ પુસ્તિકામાં પણ શ્રી નવખંડા પાર્શ્વનાથના આ પ્રાચીન તીર્થની માહિતી, ઐતિહાસિક હકીકત તથા શિલાલેખો આપી જરૂરી હકીકત દર્શાવવામાં આવી છે

શ્રી જૈનધર્મપ્રકાશ

વર્ષ ૫૫ મું] સં. ૨૦૧૪ વૈશાખ [અંક ૭

સુભાષિત

पूर्वजन्मकृतं कर्म तद्दैवमिति कथ्यते ।
तस्मात्पुरुषकारेण, यत्नं कुर्यादतन्द्रितः ॥

પૂર્વજન્મે કર્યું કર્મ, એ જ દૈવ ગણાય છે;
પ્રયત્ન પુરુષાર્થીએ, સતત કરવા ઘટે.

દૈવ મિથ્યા થતું નથી; આપણે ગમે તેટલાં ફાંફાં મારીએ પણ પ્રારબ્ધમાં લખ્યું હોય તે જ થાય એવી કપાળે હાથ દઈને બેસવાની નિરાશાભરી ને નિષ્ક્રિય વૃત્તિ આપણા મોટા ભાગના લોકોમાં જોવામાં આવે છે; પણ એ તો આપણી પૂર્વજન્મની ફિલસુફીનો અધૂરો ને અવળો અર્થ છે. સુભાષિતકાર આપણને સમજાવે છે કે 'દૈવ' અથવા 'પ્રારબ્ધ' એ બીજું કશું નહિ પણ આપણે પોતે જ પૂર્વજન્મમાં કરેલાં કર્મનું ફળ છે. એ સૂત્રને વધારે વિશદ કરીને સમજીએ તો પૂર્વજન્મ એટલે વર્તમાનના જન્મ પહેલાંનો સર્વ ભૂતકાળ; આ ચાલુ જીવન પહેલાંનો જન્મ તે જ પૂર્વજન્મ એમ નહિ, પરંતુ આ જીવનમાં પણ ક્ષણે ક્ષણે વર્તમાન વહી જઈને જે ભૂતકાળ બને છે તે પણ પૂર્વજન્મ જ છે. જીવન તો સદાને માટે સંયુક્ત અને શાશ્વત છે. કાળમાં કોઈ વચ્ચે દિવાલો ભરીને ખંડ કે વિભાગ પાડી શકાતા નથી. એટલે વર્તમાન જીવનની પણ જે ક્ષણો વહી જાય છે તે સમસ્ત વર્તમાનમાં પણ આપણે સતત કાર્યરત રહેવું ઘટે, તો જ તે ભૂતકાળનું 'દૈવ' બનીને ભવિષ્યનું ભાતું બનવાનું છે. વસ્તુતઃ દૈવ એ આપણા પુરુષાર્થનું ફળ છે અને એ સતત કાર્ય કરતા રહેવાથી [illegible]ને 'પ્રારબ્ધ'નો પુંજ વધતો જ રહેવાનો છે. આજનું કાર્ય એ જ આપણો આવતી કાલનો ભોગવટો છે.

ભસ્મમૂર્તિ

(ડહા)

(વસ્તુ ખંડિત થતાં તેનું ગૌરવ લુપ્ત છે.)

ભસ્મમૂર્તિ દીઠી મને, ખંડ ખંડ સહુ અંગ;
ભંગ અંગ અંગોતણો, છૂટા થયા પ્રત્યંગ. ૧

અખંડ મૂર્તિ એ હતી, બોધી ગઇ અનેક;
હાથ યુગલ નત મસ્તકે, સ્તુતિ ઉચારે લોક. ૨

પંચાગે પ્રણિપાતને, કરતા યતો પ્રમોદ;
એ મૂર્તિ આપી ગઇ, જન મનને બહુ બોધ ૩

વૈભવ સહુ એ આથમ્યું, ભસ્મ થતાં સહુ અંગ;
સ્મરણ તેહનું જાગતું, રહ્યું ચિત્તમાં ચંગ. ૪

મુદ્રા જે શમ બોધતી, ગ્લાન થઈ તે આજ;
આખયકી અમૃત ઝરે, તે પણ થઈ નિસ્તેજ. ૫

અનેક જન પૂજા કરી, ગંધ ધૂપ ને દીપ;
નિર્જીવ તે સહુ થઇ ગઇ, ભસ્મપણાથી દેખ. ૬

પ્રાણવાયુ નિકળી જતા, શૂન્યાકાર જણાય,
સાધો કાર્ય નિજાત્મનું, જ્યાલગી પ્રાણ ન જાય. ૭

દેવ સરીખા દેવને, પૂજે જ્યાં લગી પ્રાણ;
આત્મજ્યોત ઓલવાતા, તજે સહુ તસ આણ. ૮

કંપિત મન કવિનુ થયું, આંસુડા છલકાય;
દૈવ ન છોડે કોઇને, ન્યાય કર્મનો થાય. ૯

વૈભવ ધન જતા જગે, માનહાનિ બહુ થાય;
શબ્દ ઝીલતા જે જનો, ઉકેરાટા થઇ જાય. ૧૦

મુખ મરડે ધરી તુચ્છતા નિંદા કરતા લોક;
વાતો અવળી સહુ કરે, મળતા લોક અનેક. ૧૧

રાચો નહીં વૈભવથકી, ફૂલાવુ નહીં ખાસ;
દુઃખ સમયે રડવું નહીં, કર્મતણા જ વિલાસ. ૧૨

રાગ રોષ બેઉ સમ ગણો, કર્યા કર્મના ખેલ,
સમવૃત્તિ મનમાં ધરો, ટાળી મનનો મેલ. ૧૩

આજે જે વખણાય છે, કાલે એ નિંદાય;
મુનિજન સમતા ધારતા, પ્રસંગ સરીખા થાય. ૧૪

ઉન્નતિ અવનતિ કર્મથી, નવ નવ રંગ અનેક;
ધીરજથી સમતા વરો, કર્મ ચમત્કૃતિ છેક. ૧૫

ભગ્ન થતા સ્થિતિ પાલટે, સંધ્યા રાગ સમાન;
ગણવી નહીં હાનિ કદી, કર્મભોગ મન જાણ. ૧૬

પલટાતા સ્થિતિ પ્રસ્તુતા, નવ શુભ મંગલ થાય;
બાલેન્દુ સમતા વરે, દુઃખ જેથી સહુ જાય. ૧૭

'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ

अयि बत गुरुगर्वं मास्म कस्तूरि यासी-
रखिलपरिमलानां मौलिना सौरभेण ।
गिरिगहनगुहायां लीनमत्यंतदीनम्
स्वजनकममुनैव प्राणहीनं करोषि ॥

(માલિની)

સકલ પરિમલોમાં શ્રેષ્ઠ સૌગંધી તારો,
નિરખી ધર ન તું હે કસ્તુરિ ગર્વ ભારી;
ગિરિ વિપિન ગુહામાં રે' સદા દીનભાવે,
તદપિ નિજ પિતાનો ઘાત તું તો કરાવે.

કોનો સગો છે ? કે એનો દરજ્જો શું છે એનો વિચાર બાજુ ઉપર મૂકી તેને પકડી ન્યાયાસન સામે હાજર કરે. ઇંદ્રિયોનું કાર્ય કેટલેક અંશે એવું જ છે. એને તો સ્વતંત્ર વિચાર કરી બાર કે બમાર કાર્ય પારખી જોવાની છૂટ જ નથી. એ વિવેક કરવાનું સાચું કાર્ય આત્માનું છે પણ આત્મા પોતે શરીરનો રાજા છતાં અને નિગ્રહાનુગ્રહ કરવાનું કાર્ય એનું પોતાનું છતાં એણે પોતે આરામ જ લેવાનું પસંદ કરેલું છે. અને પોતાનું બધું કાર્ય કરવાનું મંત્રીને સોંપી દીધેલું છે. અને પોતે આળસુ થઇ બેઠેલો છે. એ મંત્રી જો જ્ઞાની, સુવિજ્ઞ અને માલેકનો સાચો હિતસ્વી હોય તો અનેક પ્રસંગે એ સાચા મિત્રનું કાર્ય કરે પણ એ નીચ, સ્વાર્થી, હલકા વિચારવાળો હશે તો એ માલેકના શત્રુનું જ કાર્ય કરે. આત્માએ પોતાનું હિત કરે એવો મંત્રી ચુંટવો જોઇએ. પણ આત્મા એવો મંત્રી ચુંટતો નથી. પણ મનસ્વી અને માલેકના હિતની વિરુદ્ધ જ વર્તન રાખવાની આજ્ઞા ઇંદ્રિયોને આપે જાય છે. અને પરિણામે આત્મા કસાઇ અનેક આપત્તિઓનો ભોગ બને છે. એવો મંત્રી આત્માએ ચુંટેલો હોય છે અને એ મંત્રી છે 'મન'.

મન એ આત્માનો મંત્રી હોવાને લીધે એ પોતાની ઇચ્છા મુજબ આત્માનો કાર્યભાર વહન કરે છે. મન જો સત્પ્રવૃત્ત હોય તો તે પોતાના તાબે સારા અને આત્માનું સાચું હિત સાધે એવા કાર્યકરો નીમી આત્માનું હિત સાધે છે પણ ઘણા ભાગે એમ બનતું નથી. મન ઘણા ભાગે ચંચલતા ધારણ કરે છે. અને પોતાને અનુકૂલ એવા કામ, ક્રોધ, લોભ, અહંકાર વિગેરે કાર્યકરો નીમે છે. અને ઇંદ્રિયો પાસે અવહિત કામો કરાવે જાય છે. ઇંદ્રિયોની શક્તિનો ઉપયોગ આત્માને ઉપયોગી અને પોષક કાર્યોમાં નહીં કરતાં તેના પતન તરફ જ કરે છે. આત્મા જો પોતે જાગૃત હોય તો તે એવા અણઆવડતવાળા મનરૂપી મંત્રીને તરત જ દૂર કરી તેને શિક્ષા આપે છે. અને તેની જગે બુદ્ધિની સાચી સલાહ મેળવી ઊંચા વિચારના અંતર્મનની નિમણૂક કરે છે. પણ આવો બનાવ કોઇક જ આત્માના સંબંધમાં બને છે. ઘણા ભાગે બાહ્ય કે દ્રવ્યમન જ પોતાની હુકમત ચલાવે જાય છે. અને આત્માને ચકાવામાં પાડે છે. અને એને અનેક ભમણોમાં પાડે છે. અને એવો તો પ્રકાર કરી નાખે છે કે, એ વ્યૂહમાંથી આત્માનો છૂટકારો અશક્ય જેવો બની બેસે છે.

આત્માને એવા નાલાયક મંત્રીથી છૂટકારો મેળવવો જ હોય, અને પોતાનું રાજ્ય સુખરૂપ રીતે ચલાવવું જ હોય તો તે મનરૂપી મંત્રી ઉપર પોતે જ દેખરેખ રાખવી પડશે. અને એ મનનો નિગ્રહ કરવો પડશે. બુદ્ધિની મદદ વાપરી વિવેકની એ મન-મંત્રી ઉપર દેખરેખ રાખી તેને સીધો કરવો પડશે. પણ મન એવો મંત્રી છે કે, તેને જરા પણ વિસામો ગમતો નથી. એ હમેશ કોઇ ને કોઇ કામમાં જોડાઇ રહેવા માગે છે. એને નવરાશ ગમતી જ નથી. જ્યારે એને કોઇ ઉપયોગી અને સારા કાર્યની સૂઝ પડતી નથી, ત્યારે તે પોતાના સેવકો એટલે ઇંદ્રિયોદ્વારા અનેક ઉધલપાથલ કર્યા કરે છે. જેમ એને સ્થિરતા ગમતી નથી તેમ તે ઇંદ્રિયોને પણ વિસામો લેવા દેતું નથી કદાચિત આત્માએ ઇંદ્રિયોને સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો તો એ અનેક કચનમથન કરે છે અને અનેક નવી નવી યોજનાઓ ઘડવામાં વળગી જાય છે. અને જરા જેવો અવકાશ મળતા ઇંદ્રિયોને ઉશ્કેરી મૂકે છે અને નહીં કરવાના કાર્યો એ ઇંદ્રિયોદ્વારા કરાવે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, મનરૂપી આત્માના મંત્રીને કોઇ ને કોઇ જાતના કામમાં રોકી રાખવું. જેથી એ અધટિત એવા આત્માના અહિતનું કાર્ય ન કરે હવે આમ જ કરવું હોય ત્યારે મનદ્વારા ઇંદ્રિયોનો નિગ્રહ શી રીતે બને અને આત્માને અનુકૂલ વર્તન એ શી રીતે કરે ? એનો આપણે વિચાર કરવો જોઇએ.

આંખને સુંદર અને મનોહર દેખાવો જોવા ગમે છે. અને એને લીધે મનુષ્ય નાટક, સિનેમા કે એવા ઉત્તેજક દૃશ્યો જોવા લલચાય છે. પ્રવાસે ફરી અનેક દૃશ્યો નજરે નિહાળે છે. અને એ રીતે મનને તૃપ્ત કરવા મથે છે, એ જ આંખને પોતાનો વિષય તૃપ્ત

કરવા માટે તીર્થભૂમિઓમાં રહેલા કલાપૂર્ણ અને લક્ષ્યગમ દૃશ્યો બતાવી સાથેસાથે પ્રભુદર્શન પ્રકટાવવામાં આવે તો અનાયાસે આંખની તૃપ્તિ થઇ શકે. એટલે જે આંખ નાટક કે એવા દેખાવ જોઈ વિકૃતિ ભોગવતી હતી, અને ખોટી રીતે સમાધાન માનતી હતી તે જ આંખને તેનો વિષય નહીં બદલાતા શુભ કામે લગાડવાથી આત્માને લાભકારક એવો માર્ગ શોધી શકાય છે. એ ઉપરથી સ્પષ્ટ દેખાય છે. કામ કરનાર પાસેથી કામ શી રીતે કરાવવું એમાં ચતુરાઇ વાપરવાની જરૂર છે. એ આત્માની પોતાની સત્તાનો વિષય છે. નાલાયક મંત્રીને કામ સોંપી પોતાનું કામ બગાડવું અને બગાડયા પછી તેના માટે પશ્ચાત્તાપ કરવો એ મૂર્ખાઇ નહીં તો બીજું શું હોઇ શકે ?

જેમ આંખનો વિષય શૃંગારપૂર્ણ મનોહર વસ્તુ જોવાનો અને સમાધાન માનવાનો છે, તેમ કાનનો વિષય કર્ણમધુર ભાષણ કે સંગીત સાંભળાનો છે. જીભનો વિષય રસાસ્વાદ લેવાનો છે. અને નાકનો વિષય સુરભિ કે દુર્ગંધ સુંઘવાનો છે. એ બધા ઇંદ્રિયોના વિષયોને જો તૃપ્ત કરવાના માર્ગમાં ફક્ત ફેરફાર કરવાથી જે ઇંદ્રિયો આત્માને અવળે માર્ગે દોરી પાપ કરાવે છે, તે જ ઇંદ્રિયો આત્માને સીધા અને સરળ માર્ગે દોરી શકે છે. જે ઇંદ્રિયો શત્રુ તરીકે કામ કરતી હતી તે જ ઇંદ્રિયોને પ્રમાણપ્રદ રીતે કાબૂમાં રાખી તેમના પાસે કામ કરાવવામાં આવે તો તે જ ઇંદ્રિયો મિત્રનું પણ કાર્ય કરી શકે એ સ્પષ્ટ છે.

આંખને બાહ્ય સૌંદર્ય કરતાં અંતરંગ સુંદરતા બતાવી બાહ્ય સૌંદર્યનું ક્ષણભંગુરપણું બતાવવાની ટેવ પાડવામાં આવે, કાનને પ્રભુગુણવર્ણન કરનારું અને આત્મવિકાસનું મનોરમ સંગીત સંભળાવવામાં આવે, નાકને પ્રભુપૂજનના ગંધમાલ્યનું દાન કરવામાં આવે, જીભને ફક્ત રસાસ્વાદનો મોહ છોડાવી આત્માને ગુણ આપે એટલો અને એવો જ ખોરાક આપી તૃપ્તિ પામવાની ટેવ પાડવામાં આવે, તો જે ઇંદ્રિયો મનની દોરવણી મુજબ યથેચ્છ દોડી આત્માને નુકસાન કરે છે, તે જ ઇંદ્રિયો સીધે માર્ગે ચાલી આત્માને સાચે માર્ગે સંચાર કરાવે એમાં શંકા નથી. એટલા માટે જ અમો કહીએ છીએ કે, આપણે ઇંદ્રિયોને શત્રુ મટાડી સાચા મિત્ર બનાવી યોગ્ય માર્ગે એને વાળીએ જેથી ઇંદ્રિયો આપણા માલેક નહીં બનતા નોકર તરીકે આપણે તાબે રહી આપણું કામ કરતા રહેશે.

પ્રથમ દૃષ્ટિને આ કેમ થાય અને ચંચલ મનને તાબે શી રીતે રખાય એ પ્રશ્ન ખૂંચે તેવો લાગે. અશક્ય જેવો લાગે, પણ જગતમાં અશક્ય જેવું કાંઇ નથી. આત્મા અનંત શક્તિનો ધણી છે. એની શક્તિની હજુ આપણને ખબર જ નથી, એ ભૂલવું નહીં જોઇએ. એ શક્તિ જેમ જેમ વિકસિત થતી જાય છે તેમ તેમ તે વધુ ને વધુ કાર્યક્ષમ થતી જ જાય છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. ઘણા ચોર, લૂંટારુ, વ્યસની આત્માએ મહાન સંત થએલા આપણે જોયા છે. તેમ ઘણા વર્ષો સુધી તપ, જપ, સંયમ પાળનારાઓ છેક છેલ્લે પગથિએ ગબડી પડેલા પણ આપણે જોઇએ છીએ. માટે નિરાશ થવાની બીલકુલ જરૂર નથી. સીધા જ રસ્તાર ઊભા થાઓ. અને મન ને ઇંદ્રિયો ઉપર પોતાને કોરડો ઉગામો અને ક્ષણવારમાં એ સીધા થઇ જશે એ ધ્યાનમા રાખો. બધાને એ સાચો માર્ગ સાંપડે એ જ અભ્યર્થના.

આભ્યંતર શાંતિ

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

મનુષ્ય જીવનમાં શાંતિ એક અમૂલ્ય વસ્તુ છે. શાંતિ એ સ્થાનમાં દૃષ્ટિગોચર થાય છે કે જ્યાં સ્વાધીન, સ્વાવલંબનશીલ અને સદાચારિત્રવાન મનુષ્યોનો નિવાસ હોય છે. દૃઢ પ્રતિજ્ઞા, ઉદ્દેશની સ્થિરતા, આત્મનિર્ભરતા અને આત્મબળને શાંતિ કહેવામાં આવે છે. શાંતિનો એ અર્થ નથી કે માણસે કેવળ આળસુ, નિરુદ્યમી અને સાહસહીન સ્થિતિમાં બેસી રહેવું. એ તો મૃત્યુની નિશાની છે. કારણ કે એ અવસ્થામાં તમામ શક્તિઓ નિષ્ક્રિય બની જાય છે અને જીવન તદ્દન નિરસ બની જાય છે. જેને શાંતિ પ્રાપ્ત થયેલ હોય છે તેનું જીવન તો સદા સરસ અને આનંદમય હોય છે

જે મનુષ્ય માત્ર દૈવ ઉપર વિશ્વાસ રાખીને બેસી રહે છે તેને કદિ પણ શાંતિ મળી શકતી નથી. આવો મનુષ્ય પોતાની વર્તમાન સ્થિતિથી બેગ પણ આગળ વધતો નથી અને ભવિષ્યની કોઈ પણ પ્રકારની ચિંતા કરતો નથી. આવો મનુષ્ય કાયર અને પુરુષાર્થહીન બની જાય છે. એના મુખમાં કોઇ ખાદ્ય પદાર્થ નાખી જાય છે તો તે ભોજન કરે છે, નહિ તો તે આળસુ સ્થિતિમાં પડ્યો રહે છે. તે પોતે કશું કામ કરવા શ્રમ લેતો નથી. આવા માણસની દશા નાવિક વગરના વહાણ જેવી હોય છે કે જેને અવસ્થા વગર સમુદ્રમાં તણ દેવામાં આવ્યું હોય છે. ક્યાં દિશામાં અને ક્યાં જવાનું છે તે તેને માલૂમ નથી હોતું. જે દિશા તરફ પવન લઇ જાય તે દિશા તરફ તે ખસાય છે. એ જ પ્રમાણે આળસુ મનુષ્યનું જીવન અત્યંત અનિયમિત હોય છે. તેને કોઇ જાતનો સંકલ્પ હોતો નથી, કોઇ ઉદ્દેશ હોતો નથી તેમજ તેની કોઇ પ્રકારની કાર્યપ્રણાલિકા પણ હોતી નથી. આ પ્રકારના મનુષ્યોને કદાપિ શાંતિ મળી શકતી નથી. આ સ્થિતિને કદિ પણ શાંતિનું નામ આપી શકાય નહિ.

આથી ઊલટું, જે માણસ પુરુષાર્થ પર વિશ્વાસ રાખે છે તેનું જીવન તપાસીએ તો આપણને ઘણું જ નિયમસર લાગશે. તેના જીવનનો ઉદ્દેશ પ્રથમથી જ નિર્દિષ્ટ કરેલ હોય છે અને તે હમેશાં નિશ્ચિત માર્ગ પર ગમન કરનાર હોય છે. એ માર્ગે ગમન કરવામાં તેને ક્યારે તેટલી આપત્તિઓ અથવા મુશ્કેલીઓ આવે, ક્યારે તેટલું નુકસાન સહન કરવું પડે તો પણ એ ધીર-વીર પુરુષ પોતાના નિર્દિષ્ટ ઉદ્દેશથી લેશ માત્ર ચલિત થતો નથી અને પોતાના માર્ગથી કદિ પણ પાછો હઠતો નથી એ તો નિર્ભય બનીને આગળ વધ્યે જાય છે; કેમકે એ તો જાણતો જ હોય છે કે માર્ગમાં અનેક વિઘ્નો આવ્યા કરે તો પણ તેનાથી તેણે ગભરાવું જોઇએ નહિ. વિકટ સમયમાં ધૈર્ય અને સાહસ ધારણ કરવા જોઇએ. તે સમજે છે કે મારે કોઇ બીજું કરવાનું જ નથી, પરંતુ જે કાંઈ કરવાનું છે તે યથાશક્તિ સારું કરવું જોઇએ અને સંભવિત છે કે તેને કારણવશાત પોતાના માર્ગથી સહેજસાજ પાછા હઠવું પડે, પરંતુ તે શિઘ્રતાથી પોતાના સ્થાન પર પહોંચી જાય છે. એવું નહિ કે જ્યાં પવન લઇ જાય ત્યાં ચાલ્યો જાય. 'હું મારા નિયત સ્થાન

પર ક્યારે પહોંચીશ; કેવી રીતે પહોંચીશ અથવા મારા ઉદ્દેશમાં ક્યારે સફળતા મેળવીશ ' એ સર્વ વાતની તે પરવા અથવા ચિંતા કરતો નથી: તે તો પોતાનું કાર્ય કર્યે જાય છે. આટલું બધું કરવા છતાં કદાચ તેને સફળતા નથી મળતી, તેનું કાર્ય સિદ્ધ નથી થતું તો તેથી તે નિરાશ અને અધીર બની જતો નથી.

શાંત મનુષ્ય પોતાનાં સર્વ કાર્યો અત્યંત ધીરજપૂર્વક કરે છે, કોઇને ખ્યાલ પણ નથી આવી શકતો કે ભવિષ્યમાં તેની કેવી સ્થિતિ થશે અને તેના કાર્યનું શું પરિણામ આવશે. મનુષ્યને હમેશાં નવા નવા પ્રસંગો અને નવી નવી બુદ્ધિની સંપ્રાપ્તિ થયા કરે છે અને તેથી માણસનું કર્તવ્ય છે કે તેણે એ સર્વનો યથાશક્તિ સદુપયોગ કરવો જોઇએ.

શાંતિ એ મનુષ્યની આંતરિક સ્થિતિ છે. તેનો સંબંધ હૃદયની સાથે રહેલો છે. હૃદયમાં શાંતિ હોવી જોઇએ. બાહ્ય શાંતિને શાંતિ કહી શકાતી નથી. આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થાય છે ત્યારે બહાર ગમે તે હોય તોપણ બહારની ગરબડથી આભ્યંતર શાંતિ ઉપર લેશ પણ અસર થતી નથી. જેવી રીતે પવનની અસર માત્ર સમુદ્રની સપાટી ઉપર અથવા વધારેમાં વધારે બસો ત્રણસો ફૂટ નીચે થાય છે અને તેની નીચે કોઇ પણ પ્રકારની અસર થતી નથી અને એક જ સ્થિતિ રહે છે તેવી રીતે આભ્યંતર શાંતિની સ્થિતિ હોય છે. આપણે જીવનના મહાન પ્રશ્નો ઉકેલતા હોઇએ છતાં પણ આપણા હંમેશનાં નાના નાના કાર્યોમાં અત્યંત શાંતિ ધારણ કરવી જોઇએ. જે મનુષ્ય પોતાની જાત પર અંકુશ રાખી શકે છે, પોતાની ઇંદ્રિયોનું દમન કરી શકે છે અને મનઃસંયમ રાખી શકે છે તે જ મનુષ્યને આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થાય છે. ઇંદ્રિયદમનનું બીજું નામ જ આભ્યંતર શાંતિ છે.

જ્યારે તમને શારીરિક ચિંતાઓ સતાવે અને તમે આપત્તિઓથી આશ્વત થઇ ગયા હો ત્યારે શાંતિના પવિત્ર મંદિરમાં પ્રવેશ કરો અને અલ્પ સમય સુધી સઘળું ભૂલી જઇ શાંતિદેવીની આરાધના કરવાનો ઉપક્રમ કરો. આ સમયે પણ જો સાંસારિક ચિંતાઓ અને પીડાઓ તમને દબાવી દે અને તમે એનાથી દબાઇ જાઓ તો સમજવું કે તમારાથી કોઇ પણ કાર્ય થઇ શકશે નહિ. તમે હંમેશા એનાથી દબાયેલા રહેશો અને એના પર કદિ પણ આધિપત્ય મેળવી શકશો નહિ. ચિંતા અને આપત્તિના સમયમાં શાંતિ પ્રાપ્ત કરવાનો અમોઘ ઉપાય એ છે કે જે જે વાતોથી તમને ગભરાટ ઉત્પન્ન થાય છે તે દરેકને પૃથક્ પૃથક્ સમજવા પ્રયત્ન કરો અને તમારી સંપૂર્ણ સંકલ્પશક્તિ એના પર લગાવી દો. આમ કરવાથી તમને પ્રતીતિ થશે કે જેવી રીતે સૂર્યનો ઉદય થવાથી સર્વ અંધકાર દૂર થઇ જાય છે તેવી રીતે તમારી સર્વ પ્રકારની મૂંઝવણનો શીઘ્ર અંત આવી જશે. તે પછી જો તમારા હૃદયમંદિરમાં શાંતિનો ચમત્કાર પ્રકાશિત થશે અને તમને નવીન શક્તિનું ભાન થવા લાગશે તો તમને સંપૂર્ણ આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થવા લાગશે; અને ત્યારે જ તમે મોટી મોટી આપત્તિઓ તથા કઠિણ પ્રસંગોની સામે વીરતાપૂર્વક નિર્ભયતાથી થઇ શકશો. કદાચ તમારી સર્વ આશાઓ અને તમારા સર્વ પ્રયાસો નિષ્ફળ જાય તો પણ તમને લેશ પણ ગભરાટ કે મૂંઝવણ થશે નહિ અને તમે એમ કહેશો કે કાંઇ હરકત નહિ. હમણાં સફળતા ન મળી તો ભવિષ્યમાં કોઇ દિવસ પણ મળશે—મળ્યા વગર રહેશે નહિ.

જ્યારે તમને જણાય કે બીજા માણસો ઇર્ષા અથવા દ્વેષભાવથી તમારી નિંદા કરે છે, તમારી ઉપર આક્ષેપો કરે છે અને તમને કોઇ પણ પ્રકારનું નુકશાન કરવા તત્પર બને છે અને એ વખતે તમને ક્રોધ વ્યાપી જાય છે ત્યારે તમારે શાંતિનો ઉપયોગ કરવો જોઇએ. તે સમયે તમારે સ્મરણમાં રાખવું જોઇએ કે જે માણસ બીજાને માટે ખાડો ખોદવા તત્પરતા બતાવે છે તેનાં પતન માટે કૂવો પોતે તૈયાર થાય છે. બીજા લોકોની સાથે નિષ્પ્રયોજન બુરાઇ કરવાવાળા મનુષ્યો પોતે જ તેનાં માઠાં ફળ ભોગવે છે. આવો

કુદરતનો નિયમ હોવાથી વેર વાળવાની અથવા બદલો લેવાની કશી જરૂર રહેતી નથી. અત્યાર સુધીના જગતમાં કોઈ પણ મનુષ્ય એવો નથી થયો કે જેણે અન્ય માણસોની સાથે બુરાઈ કરી અને કોઈ પણ રીતે કોઈ પણ સમયે તેને તેની બુરાઈના માઠાં ફળો ચાખવાં પડ્યાં ન હોય.

કોઈ માણસ એમ સમજતો હોય કે હું કોઈની સાથે બુરાઈ કરું તો તે મને શું કરવાનો છે? તો તેમ માનવામાં તેની મોટી ભૂલ છે. પ્રકૃતિમાં ઝીણામાં ઝીણી બાબતનો પણ નિયમસર અને ચોક્કસ ચાલ છે. દરેક વસ્તુનો જમા ઉધાર થાય છે અને છેવટે સરવૈયો દિવાળી થઈ જાય છે. પ્રકૃતિ પોતાના ખાતે લખવાના નામ દરમહિને કાઢી નાખતી નથી. જે માણસ શાંત હોય છે તેને બદલો લેવાનું કાર્ય એટલું બધું હલકું લાગે છે કે તે સ્વપ્નમાં પણ વેર લેવાનો વિચાર કરતો નથી. કોઈ તેને સતાવે છે તો પણ તે શાંતિનો જ આશરો લે છે. નહિ કે બુરાઈનો બદલો બુરાઈથી લેવાનો વિચાર કરે છે.

જ્યારે મનુષ્ય નાની નાની બાબતોમાં શાંતિનો આશરો લેતાં શીખે છે ત્યારે જ તે મોટા મોટા પ્રસંગે શાંતિ ધારણ કરી શકે છે. આવા માણસોનું કોઈ વહાલામાં વહાલું સ્વજન મૃત્યુ પામે અને એના મૃત્યુથી પોતાનું જીવન સર્વથા નિષ્ફળ થઈ ગયું જણાય તો પણ શાંતિ એ એક એવી વસ્તુ છે કે જેના આશ્રયથી તે સર્વ આપત્તિઓ ધૈર્યથી સહન કરી શકે છે.

સ્થૂલ દૃષ્ટિએ જોતાં ઘણે ભાગે દુષ્ટ અને નીચ મનુષ્યોનો આ સંસારમાં વિજય થતો દેખાય છે. જે લોકો અપરાધી કપટી અથવા દુરાચારી હોય છે તેઓ આબાદ આયુષ્યમય જીવન ભોગવતા દેખાય છે. આ પ્રકારનો દેખાવ લોકોને અવનત કરે છે અને સત્ય માર્ગથી વિચલિત કરીને અનીતિના માર્ગે ઘસડી જાય છે. પરંતુ આભ્યંતર શાંતિનો અનુભવ કરનાર માણસ પર એનો લેશ પણ પ્રભાવ પડતો નથી. જો કે તે પણ જુએ છે કે સત્યનિષ્ઠ લોકો મુશ્કેલીમાં છે અને અસત્યપરાયણ માણસો એશઆરામ ભોગવે છે, અનીતિમય જીવન વહન કરનાર લોકો નીતિમાન મનુષ્યથી આગળ વધી જાય છે. છળકપટ અને પાપાચારથી ઉન્નતિ થાય છે. મૂર્ખ અજ્ઞાનુ લોકો વિદ્વાનો કરતાં અધિક લાભ મેળવે છે તો પણ તે પોતાના માર્ગથી કદિ ચ્યુત થતો નથી. આવા પ્રકારની વાતોની તેના ઉપર બિલકુલ અસર થતી નથી. તે તો પોતાનું કર્તવ્ય ઉત્તમ રીતે કર્યે જાય છે અને બીજા લોકો શું કરે છે અને તેઓને તેનું શું ફળ મળે છે તેની તે લેશ પણ દરકાર કરતો નથી. એવી સર્વ વાતોને તે દૈવ પર છોડી દે છે.

જ્યારે મનુષ્યને એટલે બધે દરજ્જે શાંતિ પ્રાપ્ત થાય છે કે શાંતિ તેના એક અંગરૂપ બની જાય છે તે પોતે શાંતિમય બની જાય છે, અર્થાત્ તે જ્યાં જાય છે ત્યાં સર્વત્ર શાંતિના જ તેજસ્વી કિરણો પ્રસરે છે. ત્યારે એટલું કહેવું જોઈએ કે તે મનુષ્ય પોતાના જીવનમાં સફળતા પ્રાપ્ત કરી લીધી છે. આભ્યંતર શાંતિ એવી વસ્તુ નથી કે જે સ્વતઃ મળી જાય અથવા એકદમ પ્રાપ્ત થઈ જાય. એ પ્રાપ્ત કરવા માટે અનેક ગુણોની આવશ્યકતા છે. પ્રથમ તો આભ્યંતર શાંતિનું યથાર્થ સ્વરૂપ સમજવું જોઈએ.

જીવનનું તાત્પર્ય એ નથી કે ગમે તેવી રીતે તે વ્યતીત કરી દેવું. વસ્તુતઃ જીવન એક અતિ મહત્વની વસ્તુ છે, તેનો યોગ્ય આદર કરવો એ મુખ્ય કર્તવ્ય છે. આપણું જીવન આપણા માટે તેમજ બીજાના ખાતર કેવી રીતે ઉપયોગી બનાવી શકાય તે જાણવાની તેમજ શીખવાની ખાસ જરૂરિયાત છે. જ્યારે મનુષ્યમાં શાંતિનો સંચાર થઈ જાય છે ત્યારે એ દુનિયાના કલહથી દૂર થઈ સ્વકાર્યમાં મગ્ન બની જાય છે. દુનિયાના અવનવા પરિવર્તનોની અસર તેના ઉપર બિલકુલ થતી નથી. આ ઉપરથી એમ સમજવાનું નથી કે તે મનુષ્ય પોતાના સ્વાર્થ ખાતર દુનિયાથી દૂર રહેવા મથે છે. આવા શાંતિપ્રિય મનુષ્યો તો આવા જગતના પ્રાણીઓના આનંદ અને સુખમાં પોતાનો



ન્યાયાચાર્યકૃત સંસ્કૃત સ્તુતિ–સ્તોત્રો

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

ન્યાયાચાર્ય યશોવિજયગણિએ કેટલા ગ્રંથો રચ્યા હતા અને તેમાંના કેટલા કયા વિષયના અને કઇ ભાષાનો છે તે વિષે કોઇ ચોક્કસ આંકડો જોવાજાણવામાં નથી. આ પરિસ્થિતિમાં આ ઉપાધ્યાયજીએ કેટલી સ્તુતિ-સ્તોત્રો રચ્યાં હતાં તેની તપાસ કરવી બાકી રહે છે. બાકી અત્યારે તો નિમ્નલિખિત સ્તુતિ-સ્તોત્રો એમણે રચ્યાંનું જાણવામાં મળે છે:–

(૧) ઐન્દ્રસ્તુતિ યાને ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા
(૨) આદિજિન સ્તવન
(૩) પાર્શ્વજિન સ્તોત્ર
(૪) 'ગોડી' પાર્શ્વનાથ સ્તોત્ર
(૫) 'શંખેશ્વર' પાર્શ્વનાથ સ્તોત્ર
(૬) ,,
(૭) ,,
(૮) 'શમીન' પાર્શ્વનાથ સ્તોત્ર
(૯) 'સમીકા' પાર્શ્વ સ્તોત્ર
(૧૦) વીરસ્તોત્ર યાને ન્યાયખંડખાદ્ય
(૧૧) વીરસ્તવન
(૧૨) વિજયપ્રભસૂરિસ્તુતિ

ઐન્દ્રસ્તુતિ—'ઐન્દ્ર' થી શરૂ થતી આ ૯૬ પદ્યની કૃતિ છે કે ૯૮ કે ૯૯ની એ એક પ્રશ્ન છે. એને બાજુએ રાખતાં એમ કહી શકાય કે આ કૃતિ શોભનસ્તુતિનાં, છંદ, પ્રકાર, અને વિષયની દૃષ્ટિએ પ્રાયઃ સર્વાંગીણ અનુકરણરૂપ છે. આવું અનુકરણ કરનાર તરીકે યશોવિજયગણિ અત્યાર સુધી તો અદ્વિતીય સ્થાન ભોગવે છે.

સ્વોપજ્ઞ વિવરણ—૧૮ જાતના છંદમાં રચાયેલી આ ઐન્દ્રસ્તુતિ ઉપર કર્તાએ જાતે સંસ્કૃતમાં વિવરણ રચ્યું છે. એમાં કેટલીય ગહન બાબતોને સ્થાન અપાયું છે.

ત્રણ અવચૂરિ—ઐન્દ્રસ્તુતિ ઉપર ત્રણ અવચૂરિ રચાઇ છે એ પૈકી બે અવચૂરિ માટે તો સ્વોપજ્ઞ વિવરણનો ઉપયોગ કરાયો છે. આ બે અવચૂરિ પૈકી એકના રચનાર 'આગમોદ્ધારક' આનંદસાગરસૂરિજી છે, જ્યારે ત્રીજી અવચૂરિની જેમ બીજી અવચૂરિના કર્તાનું નામ જાણવામાં નથી.

ગુજરાતી અનુવાદ—ઐન્દ્રસ્તુતિનાં ૭૭ માંથી ૮૦મા પદ્ય એટલે કે ચાર પદ્યનો મેં કરેલો ગુજરાતી

આનંદ સમજે છે. તેની શાંતિ પરમ પવિત્ર હોય છે. તે કોટિના મનુષ્યો પોતાને સંસારમાં જીવન વહન કરવાની શક્તિની પ્રાપ્તિ થાય તેટલા માટે જ સંસારથી અલગ રહેવા મથન કરે છે. આવા શાંતિપ્રિય શાંત સ્વભાવના મનુષ્યો જગતમાં સર્વત્ર પ્રસરી રહેલ અશાંતિરૂપ અંધકારનો વિલય કરી શાંતિનો તેજસ્વી પ્રકાશ વિસ્તારે અને શાંતિદેવીનું ચિરસ્થાયી સામ્રાજ્ય સ્થાપે એ જ શુભેચ્છા સહિત અત્ર વિરમવામાં આવે છે.

અનુવાદ છપાયો છે[1] સાભળ્યા મુજબ ઐન્દ્રસ્તુતિના પહેલા ચાલીસ પદ્યોનો ગુજરાતી અનુવાદ મુનિશ્રી હેમચન્દ્રવિજયે કર્યો છે પણ એ અપ્રકાશિત છે

પ્રકાશનો—ઐન્દ્રસ્તુતિ મે સપાદિત કરેલ અને "આગમોદય સમિતિ દ્વારા ઇસ ૧૮૩૦મા સચિત્ર સ્વરૂપે પ્રકાશિત **સ્તુતિચતુર્વિંશતિકા**ની આવૃત્તિમા અન્યઆક અને છંદોના નામપૂર્વક છપાવાઇ છે વિશેષમા આ જ આવૃત્તિમા અજ્ઞાતકર્તૃક અને સ્વોપજ્ઞ વિવરણના આધાર વિના રચાયેલી અવચૂરિ પણ છપાયેલી છે સ્વોપજ્ઞ વિવરણ સહિત મૂળ કૃતિ "જૈન આત્માનંદ સભા તરફથી વિ સવત ૧૯૮૪મા છપાવાઇ છે એમા વિવરણને લગતા કેટલાક પાઠ ત્રુટક છે વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજી એ ખૂટતા પાઠ અન્ય હાથપોથીના આધારે યોજી, મુદ્રણાનન્તર પુસ્તિકા યાર કરી એક મહાનુભાવને પ્રકાશનાર્થે એ સસ્કરણ સોપ્યાનુ મને એમની તરફથી જાણવા મળ્યુ છે આમ જ્યારે વિવરણ સપૂર્ણ થયુ છે તો હવે એનુ સવર પ્રકાશન થવુ ઘટે 'ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાબર સસ્થા તરફથી[2] મૂળ કૃતિની સાથે સાથે આગમોદ્ધારકે રચેલી અવચૂરિ વિ સ ૧૮૮૦મ પ્રકાશિત કરાઇ છે તો એ બે અવચૂરિઓને તેમજ અપ્રસિદ્ધ અવચૂરિને પણ હવે પછીના પ્રકાશનમા સ્થાન અપાશે તો એ પ્રકાશનનુ મહત્ત્વ પ્રમાણમા વધશે વિવરણગત અવતરણોની સૂચી આપી એના મૂળ સ્થળનો ઉલ્લેખ તો નવીન સસ્કરણમા કરાશે એ તો સ્વાભાવિક વાત છે, પરતુ સસ્કરણ વધુ ઉપયોગી અને સમૃદ્ધ બનાવવુ હોય તે અન્વય શબ્દાર્થ ગુજરાતી અનુવા અને સ્પષ્ટીકરણ તેમજ વિશિષ્ટ પ્રસ્તાવનાને તથા [3]ચિત્રોને સ્થાન અપાવુ જોઇએ આ મારી સાદર સૂચનાનો અમલ થશે તો ઐન્દ્રસ્તુતિને અગે વિશેષ કરવાપણુ રહેશે નહિ અને એ અનુપમ સસ્કરણની ગરજ સારશે

(૨) **આદિજિન સ્તવન**—આ છ પદ્યની એક કૃતિ છે એ દ્વારા 'પુડરીક' ગિરિના અર્થાત્ શત્રુજયના જિનમદિરમાની આદ્ય તીર્થંકર ઋષભદેવની પ્રતિમાને ઉદ્દેશીને ઋષભદેવની સ્તુતિ કરાઇ છે આ શુખનાબધકથી અત કૃત કૃતિના પહેલા પાચે પદ્યોનાં પહેલા અને ત્રીજા ચરણોમા ૧૮ માત્રા અને બાકીના બેમા ૧૨ માત્રા છે આ ઉપરથી આના છદ ઉપર પ્રકાશ પડે છે અતિમ પદ્ય વસન્તતિલકામા છે

ગુજરાતી અનુવાદ—આ નાનકડી કૃતિનો મે ગુજરાતીમા અનુવાદ કર્યો છે અને એ છપાવાયો છે

પ્રકાશન—આ **આદિજિન સ્તવન** મારા ગુજરાતી અનુવાદ સહિત મે સપાદિત કરેલી અને "આગમોદય સમિતિ' તરફથી ઇ સ ૧૮૨૬મા પ્રકાશિત **ચતુર્વિંશતિકા**મા પૃ ૮૨–૮૩મા છપાવાયુ છે

મૂળ કૃતિ **ગુર્જરસાહિત્યસ ગ્રહ** (પ્રથમ વિભાગ પૃ ૪૨૭–૪૨૮)મા તેમજ **શ્રી [4]યશોવિજય વાચક ગ્રથસ ગ્રહ**મા પત્ર ૪૮અમા પણ છપાવાઇ છે

પ્રશ્ન—સ્તુત કૃતિના અતિમ પદ્યમા 'વાચકપુગવ' એવો ઉલ્લેખ છે આથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે ઉપાધ્યાયજી પોતાને માટે આવો પ્રયોગ કરે ખરા? જો તેમ ન જ હોય તો ઉપસહારરૂપ અતિમ પદ્ય એમના કોઈ ભક્ત શિષ્યે રચ્યુ હશે અને આગળ જતા એને મૂળ કૃતિમા કોઇકને હાથે સ્થાન મળી ગયુ હશે

(૩) **પાર્શ્વજિન સ્તોત્ર**—આ ૨૧ પદ્યનુ 'રથોદ્ધતા છદમા રચાયેલુ અને 'ઐન્દ્ર' શબ્દથી શરૂ થતુ સ્તોત્ર છે એમા પાર્શ્વનાથની સ્તુતિ કરાઇ છે,

---

૧ જુઓ મારો લેખ 'પ્રાચીન ભારતવર્ષના વિરલ અને વિશિષ્ટ છંદો (લેખાક ૨) આ લેખાક 'આત્માનંદ પ્રકાશ' (પૃ ૫૪, અ ૮)મા છપાયો છે

૨ મૂળ કૃતિ (૯૬ પદ્યો) **સ્તુતિતરગિણી** (ભા ૧ પૃ ૩૫૪–૩૭૨)મા પ્રસિદ્ધ કરાઇ છે

૩ શોભન-સ્તુતિ જે સચિત્ર છપાવાઈ છે તેમના ચિત્રોના બ્લોક મેળવાય તો સચિત્ર પ્રકાશન માટે વિશેષ ખર્ચ કરવાનો રહે નહિ.

૪. આ સગ્રહ 'જૈન ગ્રથ પ્રકાશક' તરફથી અમદાવાદથી વિ સ ૧૯૯૮મા પ્રકાશિત કરાયો છે

પ્રકાશન–આ સ્તોત્ર ઉપર્યુક્ત ય. વા. ગ્રં.માં પત્ર ૪૩ અ–૪૪ આમાં અપાયું છે. પત્ર ૪૩ અમાં આ સ્તોત્ર અંગે નીચે મુજબ ઉલ્લેખ છે–

"वाणारस्यां कृतम्"

આ ઉલ્લેખ શા આધારે કરાયો છે તે જાણવું બાકી રહે છે. જો આ સ્તોત્ર વાણારસીમાં જ રચાયું હોય તો એ ન્યાયાચાર્યના કાશીનિવાસ દરમ્યાન રચાયું હશે અને એ વાણારસીના કોઇ સુપ્રસિદ્ધ જિનમંદિરના મૂળનાયક પાર્શ્વનાથને ઉદ્દેશીને રચાયું હશે. ગમે તેમ પણ આ સ્તોત્રનો ઉલ્લેખ વારાણસી-પાર્શ્વનાથ-સ્તોત્ર તરીકે નિર્દેશ કરે છે.

(૪) **'ગોડી' પાર્શ્વ સ્તવન**–આ ૧૦૮ પદ્યનું *ભિન્ન ભિન્ન છંદમાં રચાયેલું સ્તોત્ર છે. એ 'ગોડી' પાર્શ્વનાથની સ્તુતિરૂપ છે.

પ્રકાશન અને ત્રુટી–આ કૃતિ **જૈન સ્તોત્ર સન્દોહ** (ભા. ૧, પૃ. ૩૯૩–૪૦૬)માં છપાયું છે, પરંતુ એ ત્રુટક છે. એમાં શરૂઆતનાં ૬ પદ્યો, ૫૮ આથી ૬૨ મા સુધીનાં એટલે કે ૫ પદ્યો તેમજ ૬૮ થી ૯૩ માં સુધીનાં અર્થાત્ ૨૬ પદ્યો એમ એકંદર કુલ (૬+૫+૨૬) પદ્યો ખૂટે છે. આ કૃતિની અન્ય કોઇ હાથપોથી મળે તેમ હોય તો તે મેળવી ખૂટતા અંશ પૂર્ણ કરાવા ઘટે.'

(૫) **'શંખેશ્વર' પાર્શ્વજિન સ્તોત્ર**–આ ૧૧૩ પદ્યોનું સ્તોત્ર જુદા જુદા આઠ છંદમાં રચાયેલું છે. આ સ્તોત્ર 'શંખેશ્વર' પાર્શ્વનાથના ગુણગાનરૂપ છે.

પ્રકાશન–આ સ્તોત્ર **જૈ. સ્તો. સં.** (ભા. ૧, પૃ. ૩૮૦–૩૯૨)માં છપાવાયું છે.

(૬) **'શંખેશ્વર' પાર્શ્વજિન સ્તોત્ર**–'ઐંકાર'થી શરૂ થતું આ ૯૮ પદ્યનું સ્તોત્ર 'શંખેશ્વર'-પાર્શ્વનાથની સ્તુતિરૂપ જ છે એમ નહિ, પરંતુ એમાં જગતકર્તૃત્વવાદનું નિરસન અને સ્યાદ્વાદનું સ્વરૂપ જેવા વિષયો પણ આલેખાયા છે. આ સ્તોત્રના છેલ્લાં બાર પદ્યો 'અક્ષરા'માં છે.

પ્રકાશન–આ સ્તોત્ર ય. વા. ગ્રં.માં પત્ર ૪૫ અ–૪૯ અમાં છપાવાયું છે.

(૭) **'શંખેશ્વર' પાર્શ્વજિન સ્તોત્ર**–'ઐંકાર' થી શરૂ થતાં આ સ્તોત્રમાં ૩૩ પદ્યો છે. એ શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિરૂપ છે. એ મોટે ભાગે 'ઉપજાતિ' છંદમાં રચાયું છે.

પ્રકાશન–આ સ્તોત્ર ય. વા. ગ્રં.માં પત્ર ૪૪ અ–૪૫ અમાં છપાવાયું છે.

(૮) **'શમીન' પાર્શ્વસ્તોત્ર**–આ નવ પદ્યનું સ્તોત્ર છે. એમાં 'શમીન' નામના પાર્શ્વનાથની સ્તુતિ કરાઇ છે એમ આનું અંતિમ પદ્ય જોતાં જણાય છે. **જૈન ગ્રંથાવલી** (પૃ. ૨૯૪)માં નવ પદ્યમાં રચાયેલા **'સમીન' પાર્શ્વસ્તોત્ર**નો ઉલ્લેખ છે. એ આ જ સ્તોત્ર હોવું જોઇએ. જો એમ જ હોય તો 'શમીન' નામ સાચું છે કે 'સમીન' એની તપાસ કરવી બાકી રહે છે. ઉદેપુરથી બે માઇલને અંતરે 'સમીના' ગામ છે.

કલ્પલતિકા—આ વૃત્તિ વિજયનેમિસૂરિજીના પટ્ટધર 'ન્યાયવાચસ્પતિ' વિજયદર્શનસૂરિજીની રચના છે. એ મૂળ કૃતિના સ્પષ્ટીકરણરૂપ છે.

પ્રકાશન—મૂળ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત મનસુખભાઇ ભગુભાઇ તરફથી (પ્રકાશનવર્ષના ઉલ્લેખ વિના) પ્રકાશિત કરાઇ છે. ત્યારબાદ ઇ. સ. ૧૯૨૮માં **ન્યાયપ્રભા** સાથે વિવરણપૂર્વકની મૂળ કૃતિ માણેકલાલ મનસુખભાઇએ પ્રસિદ્ધ કરી છે. આ બંને પ્રકાશનમાં સંસ્કૃતમાં વિષયાનુક્રમ છે, પણ અવતરણોની સૂચી વગેરે નથી. મૂળ કૃતિ **કલ્પલતિકા** સહિત બન્ને વિભાગવાળા બે ખંડમાં એક જ વર્ષમાં વિ. સં. ૧૯૯૩માં તારાચંદ મોતીજીએ જાવાલથી છપાવી છે.

ગુજરાતી અનુવાદ—પ્રસ્તુત **વીરસ્તોત્ર**નો ગુજરાતી અનુવાદ છપાયેલો હોય એમ જણાતું નથી. બાકી શ્રી મગનલાલ મોતીચંદ શાહે અનુવાદ કર્યો છે. એમ એમનો જે લેખ **શ્રી યશોવિજય સ્મૃતિ-ગ્રન્થ**—(પૃ. ૧૨૧–૧૨૩)માં છપાવાયો છે તે જોતાં જણાય છે. મેં કેટલાંક પદ્યોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે, પણ અત્યારે તો એ અપ્રકાશિત છે.

* ૧૦૫ મું પદ્ય 'દ્વિતાલીય' છંદમાં છે.

પ્રશ્ન—પ્રસ્તુત કૃતિનું નામ **ન્યાયખંડખાદ્ય** કે **ન્યાયખંડનખાદ્ય** કે **ખંડનખાદ્ય** શાને આધારે પ્રચલિત બન્યુ છે એવો પ્રશ્ન ઉપર્યુક્ત ત્રણ નામો પૈકી એકે નામ મૂળ કૃતિમા કે એના સ્વોપજ્ઞ વિવરણમા જણાતુ નહિ હોવાથી ઉપસ્થિત થયો છે. શ્રીહર્ષે ખંડનખાદ્ય રચ્યુ છે તુ એ ઉપરથી "ન્યાયખંડખાદ્ય" જેવુ નામ યોજાયુ હશે ?

પ્રકાશન અને ત્રુટિ—આ '**શમીન**' **પાર્શ્વસ્તોત્ર** **જૈ૦ સ્તો૦ સ૦** (પૃ ૩૯૨–૩૯૩) મા છપાવાયુ છે, પરતુ એમા આદ્ય પદ્ય ખૂટે છ એટલે અન્ય હાથપોથી મેળવી એ ત્રુટી દૂર કરાવી ઘટે. પ્રકાશિત ભાગ વિચારતા સમગ્ર સ્તોત્ર 'અનુષ્ટુભ' મા જ હશે એમ લાગે છે

(૯) '**સમીકા**' **પાર્શ્વસ્તોત્ર**—આ નવ પદ્યનું સ્તોત્ર છે એમ **જૈ૦ ગ્ર૦** (પૃ. ૧૦૬) જોતા જણાય છે. ઉપર્યુક્ત સ્તોત્રમા પણ નવ જ પદ્યો છે તો એ ઉપર્યુક્ત જ સ્તોત્ર હશે એવી કલ્પના સ્ફુરે છે. આ સ્તોત્ર આ નામથી તો અપ્રકાશિત છે એટલે એ વિષે હુ વિશેષ કહી શકતો નથી

(૧૦) **વીરસ્તોત્ર યાને ન્યાયખંડખાદ્ય**—'ઓંકારજાપ'થી શરૂ થતી આ ૧૧૦ પદ્યની મહામૂલ્યશાળી કૃતિ છે એ પાચ પ્રકારના છદમા રચાયેલી છે. તેમા વસતતિલકા છદ મુખ્ય છે, કેમકે પહેલા ૯૯ પદ્યો એ છદમા છે 'ઓંકાર'થી શરૂ થતા આ સ્તોત્રમા 'શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની વાણીની–સ્યાદ્વાદની સ્તુતિ કરાઇ છે આ સ્તોત્રમા આત્મા અને મુક્તિ સબધી અજૈન દર્શનોના મતોનુ નિરસન કરાયુ છે. આ માટે તાર્કિક શૈલી સ્વીકારાઇ છે.

સ્વોપજ્ઞ વિવરણ—આમા કેવાક [1]નવ નૈયાયિકોના મતોનુ ખડન કરાયુ છે

ન્યાયપ્રભા—આ મૂળ તેમજ સ્વોપજ્ઞ વિવરણ ના સ્પષ્ટીકરણરૂપે '**તીર્થોદ્ધાર**' **વિજયનેમિસૂરિજીએ** રચેલી મનાતી વિવૃત્તિ છે.

(૧૧) **વીરસ્તવન**—"ઐન્દ્રં જ્યોતિઃ"થી શરૂ થતી આ ૧૧ પદ્યની રચના ભક્તિભાવને પ્રદર્શિત કરે છે અને સાથે યોગને લગતી કેટલીક માહિતી પૂરી પાડે છે. પહેલા દસ પદ્યો 'મન્દાક્રાન્તા' છદમા અંતે અતિમ 'માલિની' છંદમા રચાયેલાં છે

અનુવાદ—પ્રસ્તુત સ્તવનનો મેં ગુજરાતીમાં અનુવાદ કર્યો છે એ હવે પછી છપાશે.

પ્રકાશન—મહાવીરસ્વામીની સ્તુતિરૂપ આ કૃતિ "જૈ. ગ્ર. પ્ર સ." તરફથી **માર્ગપરિશુદ્ધિ** વગેરે સહિત વિ સ. ૨૦૦૩મા છપાવાઇ છે.

આમ આ લેખના પ્રારંભમા નિર્દેશાયેલી અને તીર્થંકરની સ્તુતિરૂપ તમામ કૃતિનો સક્ષિપ્ત પરિચય પૂરો થાય છે એટલે હવે હુ એની તારવણીનો વિષય હાથ ધરુ છું, પરંતુ તેમ કરવા પૂર્વે ન્યાયાચાર્યે વિજયપ્રભસૂરિની સ્તુતિરૂપે જે સાત પદ્યની કૃતિ રચી છે તેની નોધ લઉ છું, કેમકે સામાન્ય રીતે જો કે સ્તુતિસ્તોત્રમા કોઈ મુનિવરની સ્તુતિને સ્થાન ન હોય, પરંતુ સ્તુતિ, સ્તોત્ર અને સ્તવન જેવા શબ્દોનો વ્યાપક અર્થ કરતા અને ન્યાયાચાર્યની આવી એક જ કૃતિ અત્યારે તો મળતી હોવાથી એને પણ સ્થાન હોઇ શકે

(૧૨) **વિજયપ્રભસૂરિસ્તુતિ**—આ સાત પદ્યની કૃતિને કેટલાક '**સ્વાધ્યાય**' તરીકે ઓળખાવે છે.

આ ગેય કૃતિ ભારતીય વિવિધ દર્શનોનાં કેટલાક મંતવ્યોની ઝાખી કરાવે છે. અને એ દૃષ્ટિએ એ મહત્ત્વની છ એ કૃતિ ઉપર વિસ્તૃત વિવેચન થઇ શકે તેમ છે, પરતુ અત્યાર સુધી કોઇએ એનો સામાન્ય ભાવાનુવાદ પણ કર્યો હોય અને એ પ્રસિદ્ધ થયો હોય એમ જાણવામા નથી. મે અનુવાદ કર્યો છે ખરો, પરતુ એ તો છપાય ત્યારે ખરો

પ્રકાશન—આ કૃતિ ત્રણ સ્થળેથી પ્રકાશિત થયેલી છે (૧) **સ્તુતિચતુર્વિંશતિકા**ની મારી સંસ્કૃત

---

[1] ગંગેશ વીરે પ્રચારેલ નવ નૈયાયિકો થયા છ. એ પૈકી ન્યાયાચાર્યે જે નવનો નિર્દેશ પોતાની કૃતિઓમા કર્યો છ એ તમામનો પરિચય મે યશોદોહનના ઉપોદઘાતમા આપ્યો છે

ભૂમિકા,(પૃ. ૧૭૫) માં, (૨) **જૈન સ્તોત્રસન્દોહ** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૮૮-૮૯)માં. અને (૩) **ગુ. સા. સં.** (વિભાગ ૧, પૃ. ૪૨૭-૪૨૮) માં.

તારવણી-'સમીકા' પાર્શ્વસ્તોત્ર તેજ 'શમીન' પાર્શ્વસ્તોત્ર છે કે નહિ એનો નિર્ણય કરવો બાકી રહે છે. એ પરિસ્થિતિમાં આ તારવણી પૂરતા કાર્ય માટે જો **સમીકા પાર્શ્વસ્તોત્રને 'શમીન' પાર્શ્વ-સ્તોત્રથી** ભિન્ન-સ્વતંત્ર ગણું હું નીચે મુજબના મુદ્દાઓ તારવું છું:-

(૧) ન્યાયાચાર્યે સંસ્કૃતમાં એકંદર [1]બાર સ્તુતિ-સ્તોત્રો રચ્યાં છે.

(૨) બાર સ્તુતિસ્તોત્રમાં **વિજયપ્રભસૂરિસ્તુતિ** સિવાયના અગિયાર તો તીર્થંકરને અંગેના છે અને એ રીતે એ સ્તુતિસ્તોત્રના પ્રચલિત અર્થને અનુરૂપ છે. **વિજયપ્રભસૂરિસ્તુતિ** એ ન્યાયાચાર્યે પોતાના ગચ્છનાયકના ગુણગાનરૂપે રચેલી કૃતિ છે. આમ આ ગુરુસ્તુતિ છે.

(૩) બારે કૃતિઓ ભક્તિભાવથી ઓતપ્રોત છે. એ હિસાબે એ ભક્તિસાહિત્ય ગણાય. એમાં **ઐન્દ્ર-સ્તુતિ** અને **ન્યાયખંડખાદ્ય** વિશેષતઃ આદરણીય છે.

(૪) બાર કૃતિઓ પૈકી ચાર કૃતિઓ દાર્શનિક સાહિત્યને લગતી છે. (અ) **વિજયપ્રભસૂરિસ્તુતિ**, (આ) **ઐન્દ્રસ્તુતિ** (ઇ) 'થંઐશ્વર' પાર્શ્વ જિનસ્તોત્ર અને (ઇ) **ન્યાયખંડખાદ્ય** આ ચારેમાં **ન્યાયખંડ-ખાદ્ય** આદ્ય સ્થાન ભોગવે છે.

(૫) બારે કૃતિઓ છંદોબદ્ધ હોવાથી, ઓછેવત્તે અંશે 'ગેય' હોય એ સ્વાભાવિક છે, પરંતુ ખાસ 'ગેય' કૃતિ તરીકે તો **આદિજિનસ્તવન** અને **વિજય-પ્રભસૂરિસ્તુતિ** એમ બેનો નિર્દેશ થઇ શકે તેમ છે.

(૬) બાર કૃતિઓ પૈકી **ઐન્દ્રસ્તુતિ** સ્વોપજ્ઞ તેમજ અન્યકર્તૃક સંસ્કૃત વિવરણોથી વિભૂષિત છે. આવી અન્ય કૃતિ તે **ન્યાયખંડખાદ્ય** છે. બાકીની દસ કૃતિઓ ઉપર કર્તાએ કે અન્ય કોઇએ સંસ્કૃતમાં વિવરણ રચ્યું હોય એમ જાણવામાં નથી.

(૭) બાર કૃતિઓમાંથી **આદિજિનસ્તવનને** બાજુએ રાખતાં કોઇ એકનો પણ ગુજરાતી અનુવાદ સંપૂર્ણ કરાઇ પ્રસિદ્ધ થયેલો જોવા જાણવામાં નથી. પહેલી તકે **ન્યાયખંડખાદ્ય** માટે તો આવું કાર્ય થવું ઘટે.

(૮) બે કૃતિ અપૂર્ણ છે. (અ) '**ગોઠી**'-**પાર્શ્વસ્તવન** અને (આ) '**શમીન**' **પાર્શ્વસ્તોત્ર**. સંસ્કૃત સ્તુતિ સ્તોત્રોને અંગે ન્યાયાચાર્યનો ફાળો વિચારતા એમણે ઓછામાં ઓછા ૬૧૨ (૯૬+૬+૨૧+૧૦૮+૧૧૩+૯૮+૩૩+૯+૧૧૦+૧૧+૭) પદ્યો રચ્યાં છે એમ કહી શકાય તેમ છે

(૯) બાર કૃતિઓ પૈકી '**શમીન**' પાર્શ્વસ્તોત્રનું આદ્ય પદ્ય પણ '**અનુષ્ટુભ્**' માં જ રચાયું હોય તો એનો **ગ્રંથાગ્ર**-એનું પરિમાણ નવ શ્લોક જેટલું મનાય. બાકીની ઉપલબ્ધ તમામ કૃતિઓ માટે ગ્રંથાગ્ર કોઇ સ્થળે નોંધાયેલ હોય તેમ જાણવામાં નથી. એ ન જ હોય તો ગ્રંથાગ્ર તૈયાર તો થઇ શકે.

(૧૦) બાર કૃતિઓ પૈકી '**સમીકા**' **પાર્શ્વ-સ્તોત્ર** સિવાયની તમામ કૃતિઓ છપાવાયેલી છે ખરી, પરંતુ એને કોઇ એક જ પુસ્તકમાં સ્થાન અપાયું નથી, આથી તેમજ ન્યાયાચાર્યે રચેલી આ સ્તોત્રા-વલીનો વિશિષ્ટ અભ્યાસ કરવો સુગમ થઇ પડે તે માટે ઉપલબ્ધ તમામ કૃતિઓ એક સંગ્રહરૂપે પ્રકાશિત થાય એમ હું ઇચ્છું છું. સાથે સાથે એ ઉમેરીશ કે અંતમાં સમસ્ત કૃતિઓનાં પદ્યોની અકારાદિ ક્રમે અનુક્રમણિકા અપાય તો ન્યાયાચાર્યે કે અન્ય કોઇએ એમાંથી કૃતિના નામનિર્દેશ વિના અવતરણ આપેલ હોય તેનું મૂળ સ્થળ સત્વર જાણી શકાય. આવા સંગ્રહને વિશેષ ઉપયોગી બનાવવો હોય તો તમામ કૃતિઓનો ભાવાનુવાદ પણ આપાવો જોઇએ. પ્રસ્તાવના તો હોય જ ને?

[1] આ બારેની વિસ્તૃત માહિતી મેં યશોદોહનમાં આપી છે.

તેજદ્વેષ

મગનલાલ પી. શાહ બાળપુરાવાલા

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે કોઇ પણ વ્યક્તિના પતનના જે કારણો છે તેમાનું અગત્યનું કારણ તેજદ્વેષ પણ છે. સંયુક્તા પૃથ્વીરાજ પ્રતિ ખૂબ આકર્ષાય, એના પરાક્રમ અને પ્રભાવથી અનુરાગ ઉપજે; અને પૃથ્વીરાજ પણ સંયુક્તાના રૂપ–લાવણ્યથી આકર્ષાય– એ આકર્ષણ ઉભયના સ્નેહમા પરિણમે; એમા રાજા જયચંદને અસૂયા કરવાનુ શું કારણ હતું ! સ્વયંવરમા તો કન્યા જેને વરમાળા આરોપે તે તેને પરણે, પરંતુ પૃથ્વીરાજની વધતી જતી કીર્તિ જયચંદને અસૂયાનું કારણ બની. એનું નિમિત્ત આ પ્રસંગ બન્યો. બન્ને માસીઆઈ ભાઇ હોવા છતા બન્ને વચ્ચે ઈર્ષ્યાગ્નિ પ્રગટયો. જયચંદ પોતે પૃથ્વીરાજ સામે ટક્કર ઝીલી શકે તેમ ન હોવાને કારણે એણે પરદેશી સત્તાની સહાય શોધી. આ ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે મોટે ભાગે જે લોકો સરખામણીમા બીજા કરતા નિર્બળ હોય છે તે લોકો બીજાની પ્રગતિ સહન કરી શકતા નથી. બીજાને સુખી જોઇને રાજાના રેડ થઇ જવાને બદલે અસૂયાથી પીડાય છે અને છેવટે તેજદ્વેષના ભોગ બને છે–દ્વેષના વિષમજ્વરમા સપડાય છે.

જ્યારે સામર્થ્યવાન તો સામર્થ્યવાનની પૂજા જ કરશે એની યોગ્ય પ્રશંસા કરવાનું ચૂકશે નહિ, એને ઈર્ષ્યા કરવી પરવડે નહિ એ એના સ્વભાવમા પણ ન'તી.

તેજદ્વેષથી ગુણગ્રાહક દૃષ્ટિનો નાશ થાય છે. દ્વેષ માથી પોરા કાઢવાની સકુચિત વૃત્તિ જોર પકડે છે. એટલે જ મોટામા મોટો ગેરલાભ એ થાય છે કે માણસનું મન વિકૃત બને છે.

પોતે બીજાનું વધતુ જતું વ્યક્તિત્વ સહન કરી શકતો નથી તેમજ તેજદ્વેષ કરવાનુ મન થાય છે. માનવી નબળી વસ્તુ જલ્દી ગ્રહણ કરે છે. પારકાના ગુણો જોવાને બદલે એના દોષોને પહાડ જેવા મોટા ગણે છે. પારકો ઉપકાર કરતો હોય છતા તેની ઉપકારવૃત્તિને ન જોતા તેના પ્રતિ તેજદ્વેષ કેળવ્યેજ જાય છે. સામી વ્યક્તિ મહાન હોવા છતાં પોતાના ઉપકાર કર્યે જ જાય છે તો પોતાના ઉપકારી પુરુષની પ્રગતિ થતી હોય તો તેમા આનંદ માનવો જોઇએ, પરંતુ એનું એનું મદભાગ્ય કયાથી હોય કે એને મવળો માર્ગ સૂઝે ? ઝૂપડીમા રહેતો મિત્ર મહેલમા રહેતા પોતાના મિત્રની અદેખાઇ કરે એ શુ યોગ્ય છે ? સાચો રસ્તો એ છે કે પોતાના પાસે જે છે તેમા સંતોષ માનવો જોઇએ. તદુપરાત સામી વ્યક્તિ આપણા કરતા વધુ સુખી હોય તો તેને ભાગ્યશાળી સમજી તેના તે સદભાગ્ય માટે પણ આનંદ માનવો જોઇએ.

અદેખાઇથી માનસ વિકૃત બને છે. લોહી ઉપર પણ તેની અસર થાય છે. આમ તન અને મન બન્ને બગડે છે આવી પ્રવૃત્તિથી શાંતિ અને સમયનો અપવ્યય થાય છે

તેમ છતા મોટું નુકશાન તો એ થાય છે કે પોતે પોતાની શક્તિ અને સમય પોતાની પ્રગતિ માટે ખર્ચાવી જોઇએ તેનું એને ભાન સુદ્ધા રહેતું નથી. પોતાના પગ કેવા મજબૂત અને સ્થિર છે એ જોતુ નથી પણ પારકો કેમ દોડે છે એની એને ચિંતા છે.

કેટલાય નસકોરા એવા હશે કે જે ધૂપસળી સળગે ત્યારે તેની સુગંધ નહિ માણી શકતા હોય, કેટલાય ભવિ જીવોના શુભ પ્રવૃત્તિઓ બીજાને દ્વેષનું કારણ બનતી હશે કારણકે એમને કોઇનું ભલુ કરવું નથી તેમ કોઇ બીજાનું ભલુ કરે તે તેમને ગમતુ પણ નથી. આ પણ એક પ્રકારનો તેજદ્વેષ જ છે ને ?

કાગડો કોયલનો મધુર પંચમસ્વર સાંભળી તેનો દ્વેષ કરે તેમાં ગુમાવવાનું કોણે ?

દુર્જન પુરુષ સાધુપુરુષની યશકીર્તિ જોઈ મનમાં ખૂબ બળે તો તેમાં ગુમાવવાનું કોણે ?

શંખણી સાધ્વીશ્રીની કીર્તિસુવાસથી કોપિત બને એમાં ગુમાવવાનું કોણે ?

પંગુ સુદ્ધ પગવાળાને જોઇને મનમાં ખૂબ જ જલે એમાં ગુમાવવાનું કોણે ?

બ્હેરો સુંદર કર્ણવાળાને જોઇને–તેને સંગીતની મજા માણતો જોઇને મનમાં ને મનમાં જ સળગી ઊઠે એમાં ગુમાવવાનું કોણે ?

આંધળો દેખતાને જોઇને દાઝે એમાં ગુમાવવાનું કોણે ?

આ બાબતોનો સુયોગ્ય વિચાર કરવામાં આવે તો જરૂર સમજાશે કે તેજદ્વેષ એ નબળાઇની નિશાની છે; એટલું જ નહિ પણ તેજદ્વેષ કરનારને તો એમાં બારોબાર નુકશાન સહન કરવાનું છે.

નરસિંહ મહેતા જેવા ભક્તની સૌરભ ઠેર ઠેર પ્રસરતી જોઇ એમની જ્ઞાતિના સનાતની વિચારવાળાઓ કેવો દ્વેષ કરતો હતા ?

આનંદઘનજી પ્રતિ વધતું જતું બહુમાન જોઈ તે સમયના બીજા સાધુમહારાજો એમનું ફટકી ગયું છે એમ કહીને કેટલી હાંસી ઉડાવતા હતા ? શું આજે સમાજ પેલા ફટકી ગયું કહેનારાઓને યાદ કરે છે કે આનંદઘનજીને ?

દરેક ધર્મપ્રચારક કે સંસ્થાપકની સામે તેજદ્વેષ કેળવી તેને હેરાન કરવાની કયારેય અછત જણાઇ નથી.

સોક્રેટીસને કયા ગુન્હા ખાતર ઝેર પીવું પડ્યું.

મીરાંને શા માટે ઝેર પીવું પડ્યું ?

નિત્શેને કયા ગુન્હા ખાતર દીવાનાશાળામાં ધકેલવામાં આવ્યો ?

સીતાને રામ જેવા રાજવીએ કયા ગુન્હા ખાતર આગમાં ઉતારી ?

ગાંધીજીને કયા ગુન્હા ખાતર ગોડસેએ ગોળીયો હાર કર્યો ?

ગુરુ ગોવીંદસિંહના બે નાનાં બાળકોને શા માટે દિવાલમાં જીવતા ચણી દેવામાં આવ્યા ?

આ બધાનું મૂળ કારણ તેજદ્વેષ નથી શું ?

રાજકારણમાં પણ એમ જ સમજવું. ત્યાં પણ કોઇની પ્રગતિ અન્ય કોઈથી સહન થઈ શકતી નથી.

જીવનમાં દરેક ક્ષેત્રે તેજદ્વેષી તો હોય છે જ.

એક વેપારી બીજા વેપારીનો વધતો જતો વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે જામતી પ્રતિષ્ઠા જોઇને મનમાં ખૂબ બળે છે. તેનું વાઢવાને માટે કાવાદાવા રચવાની, તેમજ અનેક અફવાઓ વહેતી મૂકવાની એક પણ તક જતી કરતો નથી.

જે તેજદ્વેષી છે એનામાં સાચી ખેલદીલી હોતી નથી.

જે તેજદ્વેષી છે તે પૂર્વગ્રહથી પીડાતો હોય છે.

જે તેજદ્વેષી છે તે નિર્બળ મનનો છે.

જે તેજદ્વેષી છે તે મિથ્યા બકવાદ કર્યા સિવાય બીજું કાંઈ પ્રાપ્ત કરી શકતો નથી.

હા, ખરાબ કરવાની કળા તેને જરૂર પ્રાપ્ત થાય છે.

તેજદ્વેષી આંધળો છે. પારકાનું વ્યક્તિત્વ વધતું હોય તેમાં એને પોતાનું વ્યક્તિત્વ ઘટે છે એમ લાગે છે. પારકાની પ્રતિષ્ઠા વધે એમાં પોતાની પ્રતિષ્ઠા ઘટે છે એમ માનવું એ નરી મૂર્ખાઈ છે. હાથે કરીને પોતાની પ્રતિષ્ઠા ઘટાડવાની એને કુબુદ્ધિ સૂઝે છે. પ્રતિષ્ઠાનું વધવું યા ઘટવું એ તો માણસની સારી યા નરસી પ્રવૃત્તિ ઉપર આધાર રાખે છે. શું કાદવથી ખરડાએલા હાથે સ્વચ્છતાનું કાર્ય થઈ શકે ખરું ? લોહીથી ખરડાએલા હાથે પુણ્ય કાર્ય થઈ શકે ખરું ? તેમ પારકાને ઉતારી પાડવા માટે હીણપતભરી પ્રવૃત્તિ આદરવાથી પોતાની પ્રતિષ્ઠા જામે ખરી ? દેખાતાં છતાં આંધળાનો એક નમૂનો તેજદ્વેષી છે, એમાં જરા પણ અતિશયોક્તિ નથી.

તેજદ્વેષ એ કષાય છે. કષાય એટલે જ સંસાર. એટલે જ કષાય કર્મબંધનું એક કારણ છે. તેથી જ ભવિ જીવોએ તેજદ્વેષને પરિહરવો જોઇએ.

Reg. N. B. 431

અનાથના નાથ નહિ બનો ?

મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

દેવ ! હું નિર્ધન છું. વિશ્વનાં માનવો કાજે મંદિર બંધાવી શકું એવી મારી શક્તિ નથી, એટલું મારી પાસે દ્રવ્ય નથી મારા અકિંચનના હૈયાને જ હું મંદિરમાં ફેરવી નાખું, તો આપ એમાં નહિ પધારો ?

કરુણાસાગર ! આ પ્રદેશમાં પવિત્ર જળ તો ક્યાંય છે નહિ, અને જે છે તે તો લોકૈષણાના વેગથી ડહોળું થઈ ગયેલું છે. ધ્યાનના સરોવરમાં સ્નાન કરીને આપની નિકટમ આવું, તો હું નિર્મળ નહિ બનાઉં ?

આનંદસાગર ! કુસુમ તો ઉપવનમાં મળે, હું તો આજે રણમાં વસું છું કુસુમવિહોણા આ પ્રદેશમાં હું ખાલી હાથે ભાવનાનું કુસુમ લઈને આવું, તો મારી પુષ્પપૂજા આપ નહિ માન્ય કરો ?

અશરણશરણ ! નૈવેદ્ય અકિંચન પાસે ક્યાંથી હોય ? મારા તુચ્છ એવા જીવનમાં સત્ત્વરૂપી નૈવેદ્યને આપના પુનિત ચરણકમલોમાં ધરું, તો દયાદૃષ્ટિથી આપ એને નહિ નિહાળો ?

દયાસિન્ધો ! મણકો નથી ત્યાં માળા કેમ સંભવે ? હા, આજ તો મનની માળા બનાવી શ્વાસોચ્છ્વાસના મણકા પર આપના પવિત્ર જાપ કરી લઉં છું. આપ એ માળાવિહોણા જાપનું મધુર સ્મિતથી સ્વાગત નહિ કરો ?

નાથ ! માનવજીવનની દર્દકથાએ મારા ગીતને વિષાદગીત બનાવી મૂક્યું છે. આંસુથી ધોવાયેલા એ વિષાદગીતને આપ મંગળ તરીકે નહિ સ્વીકારો ?

બોલો, મારા નાથ ! બોલો. આપ તો કૃપાળુ કહેવાયા છો, અનાથોના નાથ કહેવાયા છો, તો આ અનાથના નાથ નહિ બનો ?

મુદ્રક અને પ્રકાશક :- હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રીં. પ્રેસ : ભાવનગર.

નીરોગી શરીર, તેજસ્વી બુદ્ધિ અને ઉચ્ચ ગુણોથી અલંકૃત હૃદય જેને પ્રાપ્ત થયા હોય તેને આ પૃથ્વી પર મેળવવા જેવું કંઈ જ બાકી રહ્યું નથી એમ કહી શકાય. સામાન્ય જીવનમાં ધન, સત્તા, કીર્તિને આપણે મહત્વ આપીએ છીએ; પરંતુ શરીર, મન અને આત્માની સમૃદ્ધિ ધરાવતી વ્યક્તિ માટે એમાંનું કંઇ જ મેળવવાનું કઠિન નથી. ધન, સત્તા કે કીર્તિ એના માર્ગમાં સહજ રીતે જ આવે છે–એનો સ્વીકાર કર્યા પછી જો એ ચોભી જાય તો એની શક્તિઓ ક્ષીણ થવા માંડે અને એ જો આગળ વધવાનો નિશ્ચય કરે તો ધન, સત્તા ને કીર્તિ મહત્વ વિનાનાં બની જાય. કહેવાનું તાત્પર્ય એ કે જીવનમાં માત્ર કરવા જેવું ખરેખર કંઇ હોય તો દેહનું આરોગ્ય, બુદ્ધિની તેજસ્વિતા અને હૃદયના–આત્માના ગુણોની પ્રાપ્તિ છે. એની પાસે બાકીનું બધું તુચ્છ છે, નિઃસાર છે.

'જીવનમાધુરી' માંથી

विषयानुक्रम

૧.	સુભાષિત		૧૧૩
૨.	દુર્જન સ્વભાવ	(અજ્ઞાતી)	૧૧૪
૩.	મહત્વાકાંક્ષા	(અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ)	૧૧૫
૪	ઉપાધ્યાયજીનાં ૧૫૨ લઘુસ્તવનો	(પ્રા. હીરાલાલ ર. કાપડિયા)	૧૧૮
૫.	વીરભક્ત કામદેવ	(કા. જ. દોશી)	૧૨૨
૬.	અહંકાર એ પતનનો પ્રારંભ!	(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર')	૧૧૪
૭.	શ્રી અનંતવીર્ય વિહરમાન જિન સ્તવન-સાર્થ	(ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ)	૧૨૭
૮.	સન્માન અને સ્વાગત	(રક્તતેજ)	૧૨૮
૯.	સ્વીકાર.		ટા. પે. ૩

સભાનો વાર્ષિક ઉત્સવ

પ્રતિ વરસે આ સભાનો વાર્ષિક ઉત્સવ જેઠ શુ. ૨ના રોજ ઉજવવામા આવે છે પરંતુ આ વરસે લગ્નસરાને અંગે સભાનો વાર્ષિક ઉત્સવ જેઠ શુદિ સાતમ રવિવારે ઉજવવામાં આવેલ.

આ પ્રસંગે સભાના સભ્યો તળાજા મુકામે ગયા હતા. ત્યા તાલધ્વજગિરિ ઉપર આ સભાના સ્વ પ્રમુખ શ્રી મૂળચંદભાઇ નથુભાઇના સુપુત્ર શ્રી ગુલાબચંદભાઇ તરફથી મળેલ આર્થિક સહાયવડે નવપદજી પૂજા રાગરાગણીપૂર્વક ભણાવવામા આવી હતી ત્યારબાદ પ્રતિ વરસની માફક સ્વ વોરા હઠીચંદ ઝવેરચંદ શેઠ તરફથી તેમજ શેઠશ્રીના ધર્મપત્ની હેમકુંવરબેન તરફથી મળેલ આર્થિક સહાયવડે સભાના સભ્યો તેમજ યાત્રિક ભાઇઓનું સ્વામિવાત્સલ્ય કરવામા આવ્યું હતું.

શાસ્ત્રાનુલક્ષી પરંપરાનુસારી શ્રી શ્રમણ સંઘનો નિર્ણય

અમદાવાદ મધ્યે યોજાયેલ શ્રી મુનિસમ્મેલનની કાર્યવાહી અટકયા બાદ પરપરાનુસારી તપાગચ્છીય શ્રી દેવસૂર શ્રમણસંઘમા નીચે પ્રમાણેના નિર્ણયો લેવાયા છે તે આજરોજ તા. ૨૩-૫-૫૮ શુક્રવારના રોજ જાહેર કરવામાં આવે છે.

૧. શાસ્ત્રાનુસારી શ્રી. વિજયદેવસૂરિ મહારાજની પરપરા પ્રમાણે આરાધનામાં બાર પર્વ-તિથિની ક્ષયવૃદ્ધિ (વધઘટ) નહિ કરવાની અત્યાર સુધી ચાલી આવતી પ્રણાલિકા કાયમ રાખવાની છે. કોઈ પણ સંયોગોમાં બાર પર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરી શકાય નહિ

૨. સંવત્સરી મહાપર્વની આરાધના ભાદરવા શુદ ૫ ને (ક્ષય-વૃદ્ધિ નહિ કરવાપૂર્વક) અખંડ રાખીને જ કરવાની છે.

૩ સવત ૨૦૧૪ ના ચલુ વર્ષમાં સવત્સરી મહાપર્વની આરાધના તા ૧૬-૯-૧૯૫૮ મંગળવારના રોજ કરવાની છે.

લિ.

વિજયનંદનસૂરિ

શ્રી જૈનધર્મપ્રકાશ

વર્ષ ૫૫ મું] સં. ૨૦૧૪ જેઠ [અંક ૮

સુભાષિત

जीर्यन्ते जीर्यतः केशा दन्ता जीर्यन्ति जीर्यतः।
चक्षुश्श्रोत्रे च जीर्येते तृष्णैका तरुणायते ॥

આયુના વધવા સાથે, વાળ દાંત જતા પડી;
આંખ કાન થતાં ઓટાં, તૃષ્ણા જ તરુણા થતી.

આ શ્લોકનું ચોથું ચરણ અક્ષરરચનાનો મધુર નમૂનો છે. એમાં તૃષ્ણાનો સ્વભાવ સાહજિક ને પ્રબળરૂપે વ્યક્ત થાય છે. ઢળતી વયે મનુષ્યના વાળ, દાંત જીર્ણ થઈ ખરવા-પડવા માંડે છે. આંખ કાનના તેજ ને શક્તિ ઓછાં થઈ જાય છે. અને અવયવોમાં આવી બીજી અનેક ઊણપો આવવા માંડે છે. માત્ર માનવીની તૃષ્ણા જ એક એવી છે જે આયમતી વયે ઊલટી વધુ ને વધુ તરુણ બનતી જાય છે. એમાં તારુણ્યનું આરોપણ કરીને કવિએ તૃષ્ણાનું નગ્ન સ્વરૂપ પ્રકટ કર્યું છે. માણસના જીવન આખાને આવરીને પડેલી એક અતિ કપરી ને વિનાશક વૃત્તિની સામે લાલબત્તી ધરનારો શ્લોક સાહિત્ય તેમજ જીવન બન્નેમાં સાચવી

દુર્જન સ્વભાવ

(મનહર)

નિમ્બતણું વૃક્ષ વાવી સાકરનો ક્યારો કરી,
ક્યારો ભરી રાખો અહોનિશ નિત્ય મધથી;
હમેશ પલવો પટે દૂધ ખૂબ છાંટ્યા કરો,
નિકટમાં ચારે- પાસ આમ્રવૃક્ષ વાવજ્યો;
લીંબોળી ન તોય કદી નિમ્બતણી મીઠી થાય,
કડુતા સહજ કોટિ ઉપાયથી જાય ના;
દુર્જન ન તેમ કદી આર્ય વાણી બોલનાર,
ભલે મીઠી વાણી સુણે સજ્જનના મુખથી. ૧

કાગને પ્રીતિથી પાળો સુવર્ણપંજરે રાખો,
આમ્ર અને મીઠા મીઠા મેવા ખવરાવીએ;
ગંગાતણું જળ પીવા આપો ભલે પ્રેમથકી,
મીઠી મીઠી વાણી તેની પાસ નિત્ય બોલીએ;
પણ કાગ કાગ રહે, કોમલ ન કદી થાય,
સહજ સ્વભાવ કોટિ ઉપાયથી જાય ના;
દુર્જન ન તેમ કોટિ ઉપાયે સજ્જન થાય,
ભલે રહે સજ્જનના નિત્ય તેહ સંગમાં. ૨

સાણુ તણો રાશિ લઈ, ગંગાતણા તટે જઈ,
રાસભને ખંતથકી ખૂબ નવરાવીએ;
મખમલતણું કહિ પલાણ કરાવી અને,
બીજા શણગારથકી બહુ જ સજાવીએ;
પણ તે રાસભ કદી તીખો ન તોમાર થાય,
ભલે તેમ કરવા ખ-ભૂમિ એક કહીએ;
ઉપદેશ આપો ભલે દુર્જનને અણમૂલા,
પણ તે સજ્જન થાય નહિ આ જનમમાં.

અક્યાસી

મહત્વાકાંક્ષા

અનુ૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ

"Whoever is satisfied with what he does has reached his culminating point. He will progress no more."

(પોતે જે કંઈ કરે છે તેનાથી જે કોઈ મનુષ્ય સંતુષ્ટ થઈ બેસી રહે છે તે તેના અંતસ્થાને પહોંચી ગયો છે. તે વધારે આગળ પ્રગતિ કરી શકશે નહિ)

જગતમાં અસંખ્ય લોકો કોઇ પણ પ્રકારના ચોક્કસ આશય વગર જીવન વ્યતીત કરે છે તે જોઇને આશ્ચર્ય થાય તેમ છે. આપણી આસપાસ અનેક સ્ત્રી-પુરૂષોને જીવનસમુદ્ર ઉપર નિર્હેતુક આમતેમ ધસડાતા આપણે જોઈએ છીએ. જો તમે તેમાંના કોઇને પૂછશો કે તે શું કરવા ઇચ્છે છે, તેની શી ઇચ્છાઓ છે, તો તેના જવાબમાં એ જ મળવાનું કે તેનું તેને બરાબર જ્ઞાન નથી. તે માત્ર પ્રસંગની જ રાહ જોયા કરતો હોય છે. જે મનુષ્ય કોઇપણ કાર્યક્રમ વગર પોતાનું જીવન પસાર કરે છે તે તેના લક્ષ્યસ્થાને પહોંચવા શક્તિમાન બને તે આશા નિરર્થક છે. સ્પષ્ટ રીતે નિશ્ચિત કહેલા ઉદ્દેશની જીવન ઉપર સબળ સત્તા ચાલે છે. તેનાથી આપણા પ્રયત્નોનું એકીકરણ થાય છે અને આપણે આપણું કાર્ય કઈ દિશામાં લેવું તેની સૂઝ પડે છે, જેથી કરીને આપણે કરેલ પ્રયત્ન મૂલ્યવાન ગણી શકાય છે.

જે માણસો કંઈ પણ ઉજ્જવલ કાર્ય કરવાને સમર્થ બન્યા છે તેઓ કદિ પણ પોતાની સુસ્ત ચિત્તવૃત્તિ કાંક્ષાની સિદ્ધિમાં અંતરાય કરનારી બને છે તેની સામે બાથ ભીડવા જેઓ સમર્થ બને છે તે માણસો જ પ્રકાશમાં આવી શકે છે. જે કાર્ય પોતાને માટે ઇષ્ટ અને ઉત્તમ હોય, નહિ કે આનંદપ્રદ અથવા વધારે સુગમ, તે કાર્ય કરવાની પોતાની જાતને જરૂર પાડે છે તે માણસની જ કિંમત અને કદર થાય છે.

દરેક માણસે પોતાના ગુરૂ અથવા સ્વયંશિક્ષક થવું જોઇએ. યોગ્ય પ્રસંગ મળે નહિ ત્યાં સુધી તેણે આળસમાં બેસી રહેવું જોઈએ નહિ. સવારમાં પથારીમાંથી ઊઠવાની વૃત્તિ થાય નહિ ત્યાં સુધી સૂઇ રહેવું એ જેવું ભૂલભરેલું છે તેવું જ આપણે જ્યારે ખુશમિજાજમાં હોઇએ ત્યારે જ કાર્ય હાથ ધરવું તે ભૂલભરેલું છે. પોતાની પ્રકૃતિને અને રૂચિને સંયમમાં રાખતાં અને મનની ગમે તે સ્થિતિમાં પોતાની જાતને કાર્ય કરવાની જરૂર પાડતાં દરેક માણસે શીખવાની ખાસ જરૂર છે. ઊચ્ચાશય વગરના ઘણાખરા લોકો જેઓ પોતાનાં કાર્યમાં સફળતા મેળવી શકતા નથી તેઓ એટલા બધા આળસુ હોય છે કે તેઓ વિજય પ્રાપ્ત કરી શકતા નથી. આવશ્યક પ્રયત્ન કરવાને તેઓ નારાજ હોય છે અને તેઓ સમજે છે કે તેઓએ શા માટે વિના કારણ પ્રયત્ન કરવો જોઈએ અથવા પરિશ્રમ લેવો જોઈએ. એશઆરામમાં જ યા અમૂલ્ય જીવન વ્યતીત કરવામાં જ તેઓ મહત્વ સમજે છે. શારીરિક આળસ, માનસિક ઉપેક્ષા,

લક્ષને માણસો પોતાના કાર્યમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે મહત્વાકાંક્ષાનો ધીમે ધીમે સંકોચ થવા લાગે એ પોતાના કાર્યમાં અપકર્ષ થાય છે તેનું નયમ ચિહ્ન છે ખાસ કરીને જ્યારે આપણે એવા વાતાવરણમાં હોઈએ કે જેમાં જિંદગીની સંભવિત વસ્તુઓથી માણસો દોરાય છે ત્યારે મહત્વાકાંક્ષા સિવાય અન્ય કોઈ કારણ નથી કે જેના ઉપર સંભાળપૂર્વક તપાસ રાખવાની અને જેને નિરંતર મજબૂત બનાવવાની જરૂર છે જેઓ પોતાનો અપકર્ષ થતો અટકાવવાની ઈચ્છા રાખે છે તેઓને માટે પોતાની મહત્વાકાંક્ષાની નિરંતર તપાસ રાખવાની અને તેને જાગ્રત રાખવાની ખાસ જરૂર છે દરેક બાબતનો આધાર મહત્વાકાંક્ષા પર છે જે ક્ષણે તે નિર્બળ બને છે તે જ ક્ષણે જીવનના સર્વ ધોરણ છિન્નભિન્ન થઈ જાય છે મહત્વાકાંક્ષાના દીપકને નિરંતર પરિષ્કૃત અને દેદિપ્યમાન રાખવાની પૂરેપૂરી જરૂર છે મહત્વાકાંક્ષાને દાબી દેનાર સત્તાઓની સાથે વિનાસ કરવાની ટેવ ભયંકર છે

કોઈ માણસને નિદ્રા લાવનાર દવા વધારે પ્રમાણમાં લીધી હોય ત્યારે ડોક્ટર તરત જ સમજી શકે છે કે નિદ્રા નાશકારક નીવડશે જેથી દરદીને જાગ્રત રાખવાનો યત્ન કરવામાં આવે છે અને ઉપાયો લેવામાં આવે છે કેટલીક વખત સ્થિતિ વધારે ગંભીર હોય તો મૃત્યુનો નિરોધ કરવાને વધારે સખ્ત ઉપચારો અજમાવવા પડે છે આ નિયમ મહત્વાકાંક્ષાને લાગુ પડે છે જો મહત્વાકાંક્ષા એક વખત દબાઈ જાય છે તો તેને પુનઃ સચેતન કરવાનું કામ લગભગ અશક્ય થઈ પડે છે ઉત્તમ ગુણોથી વિભૂષિત અનેક માણસો આપણી દૃષ્ટિએ સર્વત્ર પડે છે આવા ઉચ્ચ કોટિના મનુષ્ય સારા પ્રસંગોનો કેમ લાભ લેતા નથી તેઓ શા માટે નિષ્ક્રિય રહે છે વગેરે પ્રશ્નોનો વિચાર કરતા આશ્ચર્ય થાય છે આનું કારણ એ છે કે તેઓને કોઈ પ્રકારની ઉચ્ચ અભિલાષા હોતી નથી, પ્રધાન આશયો હોતા નથી

ઘડિયાળમાં બધા ચક્રો પૂર્ણ હોય અને કિંમતી રત્ના હોય પરંતુ જો તેમાં મુખ્ય કમાન ન હોય તો તે ઘડિયાળ નકામી છે તેવી રીતે મનુષ્યે ઉચ્ચ કેળવણીનો સ્વાદ લીધો હોય શરીરે સંપૂર્ણ નીરોગી હોય, પરંતુ જો તેનામાં ઉચ્ચાભિલાષો ન હોય તો તેના અન્ય ગુણો ગમે તેટલા શ્રેષ્ઠ હોય તો પણ તે સર્વ નિરુપયોગી છે પુખ્ત વયે પહોચેલા અને મહાન શક્તિ ધરાવનારા અનેક મનુષ્યો જોવામાં આવે છે કે જેઓએ અદ્યાપિપર્યંત પોતાનું જીવન-કાર્ય પસંદ કર્યું હોતું નથી તેઓ એમજ કહે છે કે અમે કયા કાર્યને માટે લાયક છીએ તે જાણતા નથી મનુષ્યમાં મહત્વાકાંક્ષાના બીજનું વહેલું રોપણ થાય છે આપણે તેની દરકાર કરતા નથી તેને આપણા તરફથી ઉત્તેજન કે પોષણ મળતું નથી તો તેનો ક્રમેક્રમે લય થઈ જાય છે અને તે આપણને પીડા કરવાનું તજી દે છે કેમકે અન્ય કોઇ ગુણનો કે વસ્તુનો ઉપયોગ કરવામાં ન આવે તો જેવી રીતે તે ઘસાઈ જાય છે તેવી જ રીતે મહત્વાકાંક્ષાના સંબંધમાં પણ બને છે જે વસ્તુઓનો આપણે હંમેશાં ઉપયોગ કરીએ છીએ તે જ વસ્તુઓ આપણી પાસે રહી શકે છે કોઈપણ શક્તિ, સ્નાયુ કે મગજશક્તિનો ઉપયોગ કરવાનું આપણે બંધ કરીએ છીએ કે તરત જ તે શક્તિને હ્રાસ થાય છે અને ધીમે ધીમે તે શક્તિનો આપણામાંથી સદંતર વિલય થઈ જાય છે

ઊર્ધ્વગામી બનો ' એ કુદરતના આદ્ય આહવાન પ્રત્યે જો તમે દુર્લક્ષ રહો છો, જો તમે તમારી મહત્વાકાંક્ષાને ઉત્તેજન કે પોષણ આપતા નથી અને ઉપયોગથી રોજબરોજ મજબૂત બનાવતા નથી તો તે મૃતદશાને પામે છે જેમ કોઈ ઈચ્છા કે વૃત્તિને દાબી રાખવાથી તેનો નાશ થઈ જાય છે તેમ મહત્વાકાંક્ષાને દાબી દેવાથી તે નષ્ટ થઇ જાય છે એમાં કશો સંદેહ નથી જે લોકોમાં મહત્વાકાંક્ષા મૃતાવસ્થામાં પડેલી છે એવા જ લોકો આપણી આસપાસ દૃષ્ટિએ પડે છે તેઓ માનુષી દેખાવ માત્ર ધારણ કરે છે પરંતુ જે અગ્નિ તેઓમાં પ્રજ્વલિત થયો હતો તે

શાંત થઈ ગયો છે. તેઓ પૃથ્વી પર સંચરે છે પરંતુ તેઓની ઉપયોગિતા રહી નથી, તેઓ પોતાની જાતને અથવા જગતને કશા ઉપયોગના નથી. જેની મહત્વાકાંક્ષા મરણ પામેલી છે તે માણસની સ્થિતિ દયાજનક છે. જેનામાં મહત્વાકાંક્ષાનો અગ્નિ કાયમના અભાવે શાંત થઇ ગયો હોય છે, જેણે ઊર્ધ્વગામી બનવાના આંતરિક નિમંત્રણને માન આપ્યું નથી તે માણસના જેવી શોચનીય અને દયાજનક સ્થિતિ ભાગ્યે જ કોઈની હશે. જ્યાં સુધી મહત્વાકાંક્ષા જીવતી હોય ત્યાં સુધી ગમે તેવા અંધમ અને દુષ્ટ માણસને માટે આશા બાંધી શકાય છે. પરંતુ તેનો નાશ થાય છે ત્યારે મહાન ઉત્તેજક તથા પ્રોત્સાહક શક્તિનો વિલય થયો ગણાય છે. પોતાની મહેચ્છાઓને સદાસર્વદા તાજી અને તીક્ષ્ણ રાખવાનું કામ દરેક માણસને માટે મુશ્કિલવાળું છે. જો પોતે મહેચ્છાઓને સદા જાગ્રત રાખે અને પોતાના આદર્શોને કાર્યમાં મૂકવાની અને મહત્વાકાંક્ષાને પહોંચી વળવાની અહોનિશ ઇચ્છા રાખ્યા કરે તો તે કલ્પનાસૃષ્ટિના સર્વ પ્રલોભનોનો સત્કાર અનુભવશે એમ માનવામાં ઘણા લોકો પોતાની જાતને ઠગે છે. મહત્વાકાંક્ષાને સચેતન અને જાગ્રત રાખવા માટે ભિન્નભિન્ન સામગ્રી તથા સાધનોની અપેક્ષા છે. મહત્વાકાંક્ષા ઉપયોગી બને તેટલા માટે તેને મહાન મનોબળ, અડગ નિશ્ચય, શારીરિક શક્તિ, સહનશીલતા આદિ વિશિષ્ટ ગુણોથી ટકાવી રાખવાની પૂરેપૂરી જરૂર છે. તેના વગર મહત્વાકાંક્ષા કોઈપણ જાતનું શુભ પરિણામ આપવો અશક્ય છે.

અમુક કાર્ય કરવાની તમને પ્રબળ ઇચ્છા છે તે વાતથી જ સિદ્ધ થાય છે કે તે કાર્ય તમે કરી શકશો અને તે તમારે વિના વિલંબે કરવું જોઇએ. કેટલાક લોકો એમ ધારતા જણાય છે કે જીવનમાં અમુક કાર્ય કરવાની મહેચ્છા થાય તે લાંબો વખત ટકી શકે તેવો ગુણ છે, પરંતુ આ વિચાર ભૂલભરેલો છે. બાહ્યદી લોકોને જે સ્વાદિષ્ટ ખોરાક રણમાં વૃક્ષોના મૂળમાંથી મળતો તેના જેવું તે છે. તે ખોરાક તેઓને ઝડપથી ખાવો પડતો હતો. જ્યારે તેઓની ભૂક્ષા નબળી પડી ત્યારે તેઓ તે ખોરાકનો સંગ્રહ કરવાનો યત્ન કરવા લાગ્યા પરંતુ તેઓને તરત જ સમજાયું કે બીજા દિવસ સુધી તે ખોરાક તેઓની પાસે રહી શકશે નહિ. જે વખતે આપણો નિશ્ચય પૂરેપૂરો દૃઢ થયો હોય તે જ સમય કાર્ય કરવા માટે યોગ્ય છે કેમકે વિલંબ કરવાથી પ્રત્યેક ક્ષણે નિશ્ચય નબળો પડતો જાય છે. જ્યારે જ્યારે મહત્વાકાંક્ષા તાજી, પ્રબળ અને ઉત્સાહ યુક્ત હોય છે ત્યારે ત્યારે કોઇ પણ કાર્ય કરવું અત્યંત સુગમ પડે છે પરંતુ આપણે તે થોડો વખત મુલતવી રાખીએ તો તે માટે જરૂરી યત્ન કરવાની ચિત્તવૃત્તિ નબળી પડી જાય છે. એટલે તમારી મહત્વાકાંક્ષાને નબળી થવા ન દો. "અર્ધ સંતોષવૃત્તિમાં હું મારું જીવન પસાર નહિ કરું" એવો દૃઢ નિશ્ચય કરો. જેઓમાં મહત્વાકાંક્ષા નથી જેઓ અર્ધસંતુષ્ટ છે, જેઓમાં પ્રગતિ કરવા માટે ઉત્સાહ નથી તેવા લોકોને સહાય કરવાનો યત્ન કરવો તે અત્યંત નિરાશાજનક છે. (ચાલુ)

ઉપાધ્યાયજીનાં ૧૫૨ લઘુ સ્તવનો

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ)

સામાન્ય માનવીનું સાધારણ રીતે એક જ નામ હોય, પરંતુ વિશિષ્ટ કક્ષાના મનુષ્યોની વાત ન્યારી છે. જૈન મુનિવરોનો વિચાર કરીશું તો જણાશે કે ઉમાસ્વાતિનો 'વાચક' તરીકે, જિનભદ્રગણિનો 'ક્ષમાશ્રમણ' તરીકે અને ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજય ગણિનો 'ઉપાધ્યાયજી' તરીકે નિર્દેશ કરાયો છે અને આજે પણ કરાય છે.

'સ્તવન' શબ્દ 'સ્તુ' ધાતુ ઉપરથી બનાવાયો છે, એથી કરીને એ સંસ્કૃત શબ્દના 'સ્તુતિ' અને 'સ્તોત્ર' એ બે બંધુઓ ગણાય-પર્યાય ગણાય એ સ્વાભાવિક છે; પરંતુ અહીં તો હું 'સ્તવન' શબ્દ આજે કેટલાયે સૈકાઓથી જૈન સમાજમાં જે અર્થમાં રૂઢ થયેલો છે તે અર્થમાં વાપરું છું, અને એથી તો ઉપાધ્યાયજીએ સંસ્કૃત ભાષામાં જે [1]સ્તોત્રો રચ્યાં છે તે અત્ર અભિપ્રેત નથી

યશોવિજયગણિએ જેટલી કૃતિ રચ્યાનો ઉલ્લેખ મળે છે તે બધી હજી સુધી તો મળી આવી નથી. કાળ કેટલીકને સ્વાહા કરી ગયો હોય તો ના નહિ.

આ પરિસ્થિતિમાં એ બનવાજોગ છે કે એમણે રચેલાં બધાં સ્તવનો સચવાઇ નહીં રહ્યાં હોય-આજે પ્રાપ્ય નહિ હશે. આજથી ૨૦ વર્ષો ઉપર-ઇ. સ. ૧૯૩૬માં જે સ્તવનો ઉપલબ્ધ જણાયાં તેને તે સમયે ગૂર્જર સાહિત્યસંગ્રહ (ભા. ૧)માં નિમ્નલિખિત નામથી અને ક્રમથી રજૂ કરાયા છે:-

(૧) ચોવીશી-પહેલી, (૨) ચોવીશી-બીજી, (૩) ચોવીશી-ત્રીજી (ચૌ: બોલની), (૪) વિહરમાન-જિનવીશી, (૫) નવનિધાન-સ્તવનો, (૬) વિશિષ્ટ-જિનસ્તવનો, (૭) સામાન્ય જિનસ્તવનો [1](પદો), (૮) શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું સ્તવન, (૯) નિશ્ચય વ્યવહારગર્ભિત શ્રી શાંતિજિનસ્તવન, (૧૦) નિશ્ચય વ્યવહાર ગર્ભિત શ્રી સીમંધરસ્વામીસ્તવન, (૧૧) શ્રીસીમંધરસ્વામીની વિનતિરૂપ નયરહસ્યગર્ભિત સવાસો ગાથાનું સ્તવન, (૧૩) કુમતિમદગાલન શ્રી વીર સ્તુતિરૂપ ૧૫૦ ગાથાનું હુંડીનું સ્તવન, (૧૩) સિદ્ધાંતવિચારરહસ્યગર્ભિત ૩૫૦ ગાથાનું શ્રી સીમંધર જિન [2]સ્તવન, અને (૧૪) શ્રી વર્ધમાન જિન [3]સ્તવન[4]

ઇસમતસ્તવન-તો ઘણા વર્ષોથી ઉપલબ્ધ છે, પણ કોઇ કારણસર એને ગૂ. સા. સં.માં સ્થાન અપાયું નથી. નવ કડીનું ગોડી-પાર્શ્વનાથસ્તવન પહેલા ઉપલબ્ધ હતું નહિ એટલે એ ન હોય તે સ્વાભાવિક છે. આ ઉપરાંતનું ઉપાધ્યાયજીનું રચેલું કોઇ સ્તવન છેલ્લા વીશ વર્ષોમાં કોઇ સ્થળેથી પ્રસિદ્ધ

---

૧ ઐન્દ્રસ્તુતિ વીરસ્તોત્ર, (ન્યાયખંડખાદ્ય), આદિજિન-સ્તવન (પુંડરીક ગિરિરાજ સ્તોત્ર), 'ગોડી' પાર્શ્વનાથ-સ્તવન, ત્રણ 'શંખેશ્વર'-પાર્શ્વજિન-સ્તોત્ર, વાણારસીમાં રચેલું પાર્શ્વ જિન-સ્તોત્ર અને 'શમીન' પાર્શ્વજિન સ્તોત્ર

૧ આના પછી 'આધ્યાત્મિક પદો' છે એ સામાન્ય રીતે ગણાય નહિ એટલે એનો અહીં મેં નિર્દેશ કર્યો નથી.

૨ આના પછી 'સ્વાધ્યાયાદિ વિભાગ' છે.

૩. આ સ્તવન લગભગ અંતમાં (પૃ. ૫૨૦)માં અપાયું છે

૪. એકંદર ૧૫૮ (૨૪+૨૪+૨૪+૨૦+૯+૩૯+૧૧+૧+૧+૧+૧+૧+૧+૧) સ્તવનો છે.

કરાયું હોય તો તેની મને ખબર નથી. આમ હોવાથી ગૂ. સા. સં.(ભા. ૧)માં છપાવાયેલાં સ્તવનો એ આ લેખનો મુખ્ય વિષય છે. વિશેષમાં સો ગાથા ઉપરનાં સ્તવનોને હું 'બૃહત્સ્તવન' ગણું છું એટલે એવા [1]ત્રણ સ્તવનો અત્ર અભિપ્રેત નથી. એ ત્રણ સ્તવનો તે ઉપર્યુક્ત સવા સો, દોઢ સો અને સાડી ત્રણ સો ગાથાના સ્તવનો છે.

ઉપર્યુક્ત ત્રણે 'ચોવીશી'માં ચોવીસ ચોવીસ સ્તવનો છે; 'વિહરમાન જિનવીશી'માં વીસ છે; નવ નિધાનસ્તવનો નવ છે; 'વિશિષ્ટ જિનસ્તવનો' ૩૯ છે અને નેમ-રાજુલનાં છ ગીતોને-પદોને એક કૃતિ ગણતાં 'સામાન્ય જિનસ્તવનો' ૧૧ છે. આમ કુલ્લે ૭૨ (૨૪×૩)+૨૦+૯+૩૯+૧૧=૧૫૧ લઘુ સ્તવનો ઉપરાંત [2]ચાર લઘુ સ્તવનો ગૂ. સા. સં. (ભા ૧) માં અપાયાં છે. આ એકંદર [1]૧૫૫ સ્તવનોમાંથી મેં અત્યાર સુધીમાં પહેલાં ૧૦૧ સ્તવનોની રૂપરેખા મારા નિમ્ન લિખિત ત્રણ લેખ દ્વારા આલેખી છે એટલે હવે બાકીનાં ૫૪ સ્તવનો જ વિચારવાના રહે છે.

(૧) 'વાચક યશોવિજયની ચોવીશીઓ'-'જૈન સત્ય પ્રકાશ' (વ. ૨૧, અં. ૧૦).

(૨) " છ, બોલની વિહરમાણ-જિન-વીસીનું વિહંગાવલોકન " 'જૈન ધર્મ પ્રકાશ' (પૃ. ૭૨, અં.૧૧)

(૩) "નવનિધાન નવસ્તવનો"-આત્માનંદ પ્રકાશ (પૃ. ૫૩, અં. ૧૧-૧૨). આ ૧૦૧ (૭૨+૨૦+૯) સ્તવનો પૈકી બીજી ચોવીશીમાંનું બાવીસમું સ્તવન તેમજ નવનિધાન નવ સ્તવનો હિન્દીમાં છે, જ્યારે બાકીનાં ૯૧ સ્તવનો ગુજરાતીમાં છે.

ચાર લઘુ સ્તવનો-આમાં નિશ્ચય વ્યવહારસંમિત બે સ્તવનો છે. એને અંગે મેં મારા લેખ નામે "વાચક જશનાં નિશ્ચય અને વ્યવહારને અંગેનાં સ્તવનો"માં વિચાર કર્યો છે અને એ લેખ 'આત્માનંદ પ્રકાશ' (પૃ. ૫૫, અં. ૪)માં પ્રસિદ્ધ થયો છે એટલે બાકીના નિમ્નલિખિત બે લઘુ સ્તવનો વિશે થોડું કહીશ.

(૧) મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું સ્તવન.

(૨) વર્ધમાન-જિનસ્તવન.

[1]પ્રથમ સ્તવન બાર ઢાલમાં ગુજરાતીમાં રચાયું છે.

એમાં સાતમી અને અગિયારમી ઢાલ છ છ કડીમાં છે, જ્યારે બાકીની ઢાલો પાંચ પાંચ કડીમાં છે. અંતમા એક કડીનો 'કળશ' છે. આમ આ સ્તવનમાં એકંદર ૬૩ કડી છે.

આ સ્તવન ખંભાતમાંના ચાતુર્માસ દરમ્યાન વિ. સં. ૧૭૩૨માં રચાયું છે. એમાં પાંચ ભરત અને પાંચ ઐરાવત એ દસ ક્ષેત્રની અતીત, વર્તમાન અને અનાગત એ ત્રણ ચોવીસીમાં જે ત્રણ ત્રણ તીર્થંકરોનાં મૌન એકાદશીએ એટલે કે માગશર સુદ અગિયારસે કલ્યાણક થયેલ છે એ નવ નવ તીર્થંકરનાં નામ ભરતાદિ દસ ક્ષેત્રો આશ્રીને ઢાલ ૩-૧૨માં રજૂ કરાયાં છે. આમ ૯૦ તીર્થંકરોનાં નામ અપાયાં છે. આ ૯૦ તીર્થંકરો પૈકી ૩૦નાં ત્રણ ત્રણ કલ્યાણક અને બાકીના ૬૦નું એકેક કલ્યાણક મૌન એકાદશીએ છે. આમ એકંદરે ૧૫૦ (૯૦+૬૦) કલ્યાણક થાય છે.

[2]વર્ધમાન-જિન-સ્તવન નામનું દ્વિતીય સ્તવન

---

૧. આને અંગે મેં "ન્યાયાચાર્ય યશોવિજય ગણિના ત્રણ બૃહત્સ્તવનો" નામના મારા લેખમાં વિચાર કર્યો છે. આ લેખ 'જૈન સત્ય પ્રકાશ' (વ. ૨૨, અં.૭)માં છપાયો છે.

૨. આ ચાર સ્તવનો તે ૧૫૦ કલ્યાણકનું સ્તવન, નિશ્ચય વ્યવહારસંમિત બે સ્તવનો અને શ્રી વર્ધમાન-જિન

૧. આ સ્તવન ગૂ. સા. સં. (ભા. ૧, પૃ. ૧૮૬-૯૬) માં છપાયું છે, પરંતુ પૃ. ૧૯૬માં કહ્યા મુજબ કેટલેક સ્થળે જૂની ભાષાને બદલે ચાલુ ભાષા રખાય છે એ ઠીક ન ગણાય.

૨. આ સ્તવન ગૂ. સા. સ. (ભા. ૧ પૃ. ૧૨૦) માં છપાયું છે. એમ લાગે છે કે વિશિષ્ટ-જિન-સ્તવનો અને સામાન્ય-જિન-સ્તવનો પછી "આધ્યાત્મિક પદો" વગેરે છપાઈ ગયા બાદ આ સ્તવન તરફ લક્ષ્ય ગયું હશે નહિ તો

૧૧ સંબંધે !

સાત કડીમાં ગુજરાતીમાં રચાયું છે. એમાં મહાવીર-સ્વામીને સોભાગી, વૈરાગી, અરૂપી અને તરણ-તારણ કહ્યા છે. વળી પત્થર પણ કોઈ તીર્થના પ્રભાવે તરે એમ હે પ્રભુ! તારે ચરણે વળગેલા અમે પણ તમારા પ્રતાપે તરશું એમ કર્તાએ કહ્યું છે.

નવ સામાન્ય જિન-સ્તવનો—જે સ્તવનો કોઈ પણ તીર્થંકરને અંગે ઘટી શકે-જેમાં તીર્થંકર-સ્વરૂપ વિષય હોય તેને સામાન્ય "જિન સ્તવન" કહે છે. એ દૃષ્ટિએ વિચારતાં નિમ્નલિખિત બે કૃતિઓનો અહીં ઉલ્લેખ થઈ ન શકે, જો કે ગૂ. સા. સં. (ભા. ૧) ની અનુક્રમણિકા (પૃ. ૧૭) માં તેમ કરાયું છે:-

(૧) નેમ-રાજુલનાં છ ગીતો-પદો[1]

(૨) સિદ્ધસહસ્રવર્ણનનામ છંદ.

આ પરિસ્થિતિમાં હું આ બંને કૃતિઓનો પરિચય અહીં આપતો નથી એટલે કે નવનો જ આપું છું.

આ નવે સ્તવનો હિન્દીમાં છે, વિશેષમાં "**प्रभु! मेरे मयसो माय बनी**" થી શરૂ થતા સ્તવનને બાદ કરતાં બાકીના આઠે 'ઇ' છે. એના ક્રમાંક નીચે મુજબ છે-

૯, ૧૨, ૧૯, ૫૪, ૫૫, ૬૦, ૬૧ અને ૭૦.

નવ સ્તવનો પૈકી પાંચમા, છઠ્ઠા અને સાતમા એ ત્રણ સ્તવનોને છોડીને બાકીનાના રાગ નીચે મુજબ દર્શાવાયા છે:-

આસાવરી, સામેરી, વેલાવેલ, ધન્યાશ્રી અથવા ગુર્જરી, કનડો અને કાફી

નવ સામાન્ય જિન-સ્તવનોની કડીની સંખ્યા નીચે પ્રમાણે છે.

૪, ૫, ૫, ૩, ૪, ૩, ૪, ૪ અને ૩

આમ એકંદર ૩૪ કડી છે.

આ નવ સ્તવનોના મુખ્ય વિષય અનુક્રમે નીચે મુજબ છે.

(૧) મનોવ્યથા, (૨) પ્રભુ પ્રત્યે પૂર્ણ રાગ, (૩) પ્રભુનું પ્રવચન, (૪) પ્રભુનું શાસ્ત્ર, (૫) પ્રભુના દર્શનથી કર્તાને આનંદ, (૬) પ્રભુ સાથે તન્મયતા, (૭) પ્રભુના ગુણનું ધ્યાન, (૮) પરમાત્માનું સ્વરૂપ અને (૯) પ્રભુની યાચના.

૩૯ **વિશિષ્ટ જિન-સ્તવનો**—ગુ. સા. સં. (ભા. ૧)માં વિશિષ્ટ જિન સ્તવનોના નામથી જે ૩૯ સ્તવનો અપાયા છે તેમાં "આતરોલીમંડન વાસુપૂજ્ય જિનસ્તુતિનો-ચાર પદ્યની થોયનો પણ સ્તવન તરીકે ઉલ્લેખ છે. એટલે એ તો સ્તવન ન ગણાય, એવી રીતે **ગૌતમ પ્રભાતિ** નામનું સ્તવન તીર્થંકરનું નહિ હોવાથી એ પણ જિનસ્તવન ન ગણાય, આ હિસાબે વિશિષ્ટ જિન સ્તવનોની સંખ્યા ૩૭ ની છે. તેમાં ૧૯ ગુજરાતી છે અને ૧૮ હિન્દી છે.

ઓગણીસ ગુજરાતી સ્તવનો પૈકી સોળ સ્તવનો આઠ તીર્થંકરોને અંગેનાં છે. ત્યારે બાકીનાં ત્રણ અનુક્રમે વિમલાચળ યાને શત્રુંજય તીર્થ, સમવસરણ અને જિનબિંબસ્થાપન પરત્વે છે. સોળ સ્તવનો જે જે તીર્થંકરને ઉદ્દેશીને તે તે તીર્થંકરનું નામ અને એને અંગેની સ્તવન સંખ્યા નીચે પ્રમાણે છે:-

(૧) ઋષભદેવનું સ્તવન		[૧]
(૨) તારંગામંડન અજિતનાથનું સ્તવન		[૧]
(૩ અ) સુપાર્શ્વનાથનું સ્તવન (૩ આ) મલકાપુર મંડનપાર્શ્વનાનું સ્તવન		[૨]
(૪) ઉન્નતમંડન શાન્તિનાથનું સ્તવન		[૧]
(૫) નેમિનાથનું સ્તવન		[૧]
(૬ અ) પાર્શ્વનાથનાં	બે સ્તવનો	[૨]
(૬ આ) કલ્હારા	,,	[૧]
(૬ ઇ) ગોડી	,,	[૧]
(૬ ઈ) ચિન્તામણિ	,,	[૧]
(૬ ઉ)[1] સુરતમંડન	,,	[૧]

[૬]

[1] આમાં નેમિનાથનું નામ છે. એ હિસાબે આ કૃતિને "વિશિષ્ટ-જિન-સ્તવન" કદાચ ગણાય એમ કરતાં પૃ. ૫૧૯ ગત જિન-ગીતને "સામાન્ય-જિન-સ્તવન" ગણે તો તે ક્ષન્તવ્ય ગણાય.

[1] આની કર્તાને હાથે લખેલી હાથપોથી મળે છે જુઓ ગુ. સા. સં. (ભા. ૧, પૃ. ૧૦૨) આ સ્તવન અહીંના—સુરતના ગોપીપુરામાં વકીલવાળાના ખાંચામાં આવેલા ધર્મનાથના દહેરાસરના ભોયરામાના સુરતમંડન પાર્શ્વનાથને ઉદ્દેશીને હોય એમ લાગે છે.

(૭) રાજનગરમંડન મહાવીરસ્વામીનાં ત્રણ સ્તવન [૩]
(૮) સીમન્ધરસ્વામીનું સ્તવન [૧]

અશક્ત હિંદી સ્તવનો સાત તીર્થંકરને અંગેનાં છે :—

(૧) ઋષભદેવનાં ત્રણ સ્તવન [૩]
(૨) [1]અભિનન્દનનાથનું સ્તવન [૧]
(૩) શીતલનાથનું એક સ્તવન [૧]
(૪) શાન્તિનાથનું એક સ્તવન [૧]
(૫) નેમિનાથનાં બે સ્તવન [૨]
(૬ અ) પાર્શ્વનાથનાં ચાર સ્તવન [૪]
(૬ આ) અંતરિક્ષ પાર્શ્વનાં બે સ્તવન [૨]
(૬ ઇ) શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન [૧]
} [૭]
(૭) મહાવીરસ્વામીનાં ત્રણ સ્તવનો [૩]

દસમતસ્તવન—આ સ્તવન ઘણાં વર્ષોથી મળે છે. તેમ છતાં ઉપર સૂચવાયા મુજબ એને શ્રુ. સા. સં૦ માં સ્થાન અપાયું નથી તો તેનું શું કારણ હશે? શું એ ન્યાયાચાર્યની કૃતિ જ નથી એવું કોઈ પ્રબળ પ્રમાણ મળે છે ખરું? એ ન મળે ત્યાં સુધી આ સ્તવનનો અંતિમ ભાગ તેમજ આ સ્તવનની સાક્ષીપાઠપૂર્વકની રચના વિચારી હું એને ન્યાયાચાર્યની કૃતિ ગણું છું. એ વિ. સં. ૧૭૩૨મા કે પછી વિ. સં. ૧૭૩૪માં રચાયું છે. આ ગુજરાતી સ્તવનની શરૂઆત ત્રણ દુહાથી કરાઇ છે. ત્યારપછી છ ઢાલ અને અંતમાં ત્રણ કડીનો કળશ છે. છ ઢાલમાં એકંદર ૭૨ કડી છે. આ સ્તવનમાં દિગંબર, પૂનમિયા, ખરતર વગેરે મત વિષે વિચાર કરાયો છે. અહીં જે જ્ઞાનિકાસ વિષે ઉલ્લેખ છે તેમનાં મંતવ્યાદિ વિષે વિશેષ માહિતી મેળવવી બાકી રહે છે. આ સ્તવન "જૈન પ્રાચીન પૂર્વાચાર્યોવિરચિત સ્તવનસંગ્રહ" (પત્ર ૧૩૭ આ–૧૪૨ આ)માં છપાયું છે.

ગોઠી પાર્શ્વનાથસ્તવન—આ નવ કડીની ગુજરાતી કૃતિ શ્રી યશોવિજય સ્મૃતિગ્રન્થમાં પૃ. ૨૫૬માં જોવાય છે. એ પૂર્વે આ કૃતિ કોઇ સ્થળેથી પ્રસિદ્ધ કરાઇ હોય તેમ જાણવામાં નથી. આ સ્તવનમાં પ્રભુની સેવા કર્તાને પ્રિય છે એમ કર્તાએ દર્શાવ્યું છે. એ માટે ચન્દ્ર અને ચકોર, મેઘ અને મોર તેમજ હાથી અને રેવા એમ ત્રિવિધ ઉદાહરણો અપાયાં છે. પાર્શ્વનાથની વાણી સર્વ નયને અનુસરે છે, જ્યારે અજૈન દેવો માટે તેમ નથી એ વાતનો અહીં નિર્દેશ કરાયો છે. કર્તાએ અંતમાં પોતાનો પરિચય 'વાચક જશ' તરીકે આપ્યો છે.

આ પ્રમાણે સમય અને સાધન અનુસાર મેં આ લેખદ્વારા લઘુ સ્તવનોની આછી રૂપરેખા આલેખી છે. આ ઉપરાંતનાં જે લઘુ સ્તવનો–ગુજરાતી કે હિંદી ન્યાયાચાર્યનાં જ રચેલાં હોય તે પ્રત્યે મારું લક્ષ્ય કોઇ સહૃદય સાક્ષર તરફથી ખેંચાશે તો તે સ્તવનોને અંગે ઘટતું કરાશે.

---

[1] આમાં ગુજરાતીનો ઘણો અંશ છે. એવી રીતે અન્યત્ર સમજી લેવું.

વીરભકત કામદેવ

કા. જ. દોશી

એક વાર દેવોની સભા મળી. દરેક દેવો ઇન્દ્રના સિંહાસનની આસપાસ બેઠા. તે વખતે મનુષ્યલોકની વાત નીકળતા ઇન્દ્રે કહ્યું, "હે દેવો, ભારતવર્ષમાં એક ઘણો જ ધર્મનિષ્ઠ શ્રાવક રહે છે, તેનું નામ કામદેવ. તેની ધર્મશ્રદ્ધા એટલી અચળ છે કે તેની શ્રદ્ધામાંથી કોઈ તેને ડગાવી શકે નહિ.'

એક મનુષ્યની આવી પ્રશંસા સાંભળી એક દેવને મનમાં થયું, "શું તે માણસને ધર્મશ્રદ્ધામાંથી કોઈ ન ચળાવી શકે ? શું મારા જેવો દેવ પણ તેને નહિં ચળાવી શકે ? આટલી બધી દેવોની પણ સામે ટક્કર ઝીલવાની તેનામાં શક્તિ હશે ? જોઉં છું, તે કેમ તેની શ્રદ્ધામાં અડગ રહી શકે છે ?"

ઇન્દ્રને પણ જેની પ્રશંસા કરવી પડે અને દેવોને પણ જેની અદેખાઈ થાય તેવો સદ્‌ગૃહસ્થ કામદેવ ચંપાનગરીમાં રહેતો હતો. તેની પત્નીનું નામ ભદ્રા. તે પૈસેટકે સુખી હતો.

એક વારે ચંપાનગરીમાં ભગવાન મહાવીર પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળી સાધુધર્મ અંગીકાર કરવા અસમર્થ હોવાથી તેણે ગૃહસ્થના બાર વ્રત અંગીકાર કર્યાં.

ગૃહસ્થના બાર વ્રતનું પાલન કરતા કરતા ચૌદ વર્ષ વીતી ગયાં. જેમ જેમ વર્ષો વીતતા ગયા તેમ તેમ તેની ધર્મભાવના વધતી ગઈ અને વધારે સારી રીતે ધર્મનું પાલન થઈ શકે તે માટે ઘરનો બધો કારભાર પોતાના મોટા પુત્રને સોંપી પોષધશાળામાં રહેવા લાગ્યો. અહીં તે આત્મધ્યાનમાં લીન બની રહેવા લાગ્યો.

તેની આવી ધર્મશ્રદ્ધા જોઈ ઇન્દ્રે તેની દેવોની સભામાં પ્રશંસા કરી અને એક દેવે તેને ધર્મશ્રદ્ધાથી ચલિત કરવા નિશ્ચય કર્યો

તે દેવે પહેલા પિશાચનું રૂપ લઈ ખૂબ ડરાવ્યો તો પણ કામદેવ તો પોતાના ધ્યાનમાં જ લીન. તે દેવે પછી હાથીનું તેમજ સર્પનું રૂપ લઈ અનેક રીતે તેને દુઃખો આપ્યા પણ કામદેવ જરા પણ ડર્યો નહિ કે ડગ્યો નહિ. વીરનો અનુયાયી તો વીર જ હોય ને !

કામદેવની ધર્મમાં આટલી શ્રદ્ધા જોઈ દેવ મંત્ર મુગ્ધ બન્યો. તેને આવા મહાપુરુષને દુઃખ આપવા બદલ પશ્ચાત્તાપ થયો. પછી તેણે પોતાનું અસલ દિવ્ય રૂપ ધારણ કરી કામદેવની માફી માગી અને તેની ખૂબ જ પ્રશંસા કરી.

આટલા દુઃખો સહન કરવા છતા કામદેવ ડગ્યો નહિ તેમ તેની પ્રશંસા થઈ ત્યારે પણ તેને જરાય ગર્વ થયો નહિ, તેથી તો તેની ધર્મશ્રદ્ધા ખૂબ વધી, તે કસોટીમાંથી પાર ઉતર્યો એટલે તેણે વધારે ભક્તિથી ધર્માચરણ કરવાનો નિરધાર કર્યો.

આમ કરતા ફરી વાર ભગવાન મહાવીર ફરતા ફરતા ત્યાં આવ્યા. આ સમાચાર સાંભળી સૌ માણસો તેમનું પ્રવચન સાંભળવા ગયા. કામદેવ પણ ભગવાન મહાવીરના દર્શનાર્થે ત્યાં ગયા.

ભગવાન મહાવીરની અમૃતવાણી વરસવા લાગી. સાધુસમુદાય તથા ગૃહસ્થસમુદાય એકચિત્તે ભગવાન મહાવીરની વાણીના અમૃતરસનું પાન કરવા લાગ્યાં. ભગવાન મહાવીરે કહ્યું, "હે મહાનુભાવો, ધર્મ પર શ્રદ્ધા રાખી દરેક કાર્ય કરવું જોઇએ. મુશ્કેલીમાં પણ ધર્મ પરની શ્રદ્ધા ટકી રહે તે માટે જાગૃત રહેવું જોઇએ; આ કામદેવ ઘણી મુશ્કેલીઓ વચ્ચે પણ પોતાની શ્રદ્ધામાંથી ચલિત થયો નહિ. આવો એક ગૃહસ્થ પણ પોતાની ધર્મશ્રદ્ધામાં જાગૃત અને પ્રયત્નશીલ હોય તો અડગ રહી શકે છે, તો સાધુ સમુદાયે તો જરૂર વધારે જાગૃત રહેવું પડે."

વ્યાખ્યાન શ્રવણ પછી સૌ પોતપોતાને સ્થાને ગયા. સુશ્રાવક કામદેવ પણ તે પછી ઉત્તરોત્તર આત્માની પ્રગતિ માટે પ્રયત્નશીલ બન્યો. વધુ જોમ અને જુસ્સાથી તેણે ધર્માચરણ કરવાનું ચાલુ રાખ્યું. અગ્યાર પ્રતિજ્ઞા અંગીકાર કરીને છેવટે મારણાંતિક સંલેખના સ્વીકારી, મૃત્યુને ભેટીને ઊચ્ચ ગતિ મેળવી.

ધન્ય છે વીરભક્ત કામદેવની ધર્મશ્રદ્ધાને ! ધન્ય શ્રદ્ધાપ્રેરક શ્રી મહાવીરની વાણીને !

વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ

માર્ચ ૧૯૫૮માં લેવાયેલી સેકંડરી સ્કુલ સર્ટીફીકેટની પરીક્ષામાં સર્વથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. નિયત અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંકરોડ, મુંબઇ ૨૧ ની ઓફીસેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૫મી જુલાઇ ૧૯૫૮ છે.

અહંકાર એ પતનનો પ્રારંભ !

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ-'સાહિત્યચંદ્ર'

અહંકાર અને અભિમાનમાં ફેર છે. મનુષ્ય પોતાનું સ્વાભિમાન રાખી શકે છે. ગમે તે થાય પણ મારા હાથે અમુક કાર્ય તો નહીં જ થાય. અગર અમુક કાર્ય તો હું કરીશ જ, એવું સ્વાભિમાન એ રાખી શકે. પોતાના કુલનો, પોતાની પરંપરાનો એ અભિમાની હોઈ શકે, પોતે લીધેલ પ્રતિજ્ઞા કે વ્રતનું અભિમાન એને હોવું જોઈએ. અને પ્રાણાંતે પણ તેનું પાલન કરવાની તે પ્રતિજ્ઞા ધારણ કરી શકે પોતાના ધર્મનું અભિમાન અને ગૌરવ જો ન રાખે તો તે મૂઢ જ ગણાય તેમજ પોતાના દેશનું અભિમાન રાખવામાં આપણે આપણું કર્તવ્ય જ કરીએ છીએ એમ માનવામાં કાંઈ હરકત ન હોય. કોઈ વચન અને વિશ્વાસ આપણે ઉચ્ચારી રહ્યા હોઈએ, તેનું પાલન કરવું એ આપણું સ્વાભિમાન નિરપેક્ષ રહેવું જોઈએ. બોલી જતા તો બોલી જઈએ અને પાલન કરતી વખતે અખાડા કરીએ એ મૂર્ખાઈ ગણાય, એમાં શંકા નથી. સ્વાભિમાનના પાલનમાં આપણી મક્કમતા તથા સચ્ચાઈ પ્રતીત થાય છે માટે સ્વાભિમાન એ આદરણીય ગણાય છે.

પૂર્વોક્ત સ્વાભિમાન જ્યારે અહંભાવની કોટીમાં જઈ બેસે છે ત્યારે તે આત્માને ઊંચે ચઢાવવાને બદલે નીચે જ ઉતારી દે છે, એ ભૂલી શકાય તેમ નથી. પોતે જ પોતાને બીજાઓથી મોટા ગણવું એની એ ભાવના હોય છે. તે ગુણ સ્વાભિમાન નહીં પણ અહંકાર ગણાય છે. અહંકારી માનવ પોતાને બીજાઓ કરતાં ઊંચો ગણે છે અને તેથી જ બીજા પોતાના જ બંધુઓને તુચ્છ ગણે છે, એમ ગણી પોતે કોઈ માનવ મટી અતિમાનવની કોટીમાં પોતાને ગણવા માંડે છે. અને એમ થવાથી એનો અહંભાવ લોકોમાં નિંદનીય તો થાય છે જ, પણ એનું પોતાનું પતન પણ આરંભાય જ છે. ગમે ત્યાંથી ગુણ ગ્રહણ કરવાની એની શક્તિ નષ્ટપ્રાય થઈ જાય છે. बालादपि सुभाषितं ग्राह्यम् એટલે પ્રસંગાનુસાર બાલકવમાં પણ સારી વસ્તુ હોય તો તે ગ્રહણ કરવામાં ડાહ્યા માણસો પોતાનું જ્ઞાન માને છે, એમાં દોષ સમજતા નથી. પણ અહંભાવ ધારણ કરનારો માનવ અહંકારના કારણે કોઈ પાસેથી પણ ગુણ ગ્રહવા માટે તૈયાર હોતો નથી. બીજાની પાસે ખુલ્લા મને બોલવામાં પણ એ પોતાનું ગૌરવ ઘટાય છે એમ માને છે. અને આમ થવાથી એના જ્ઞાન મેળવવાના માર્ગો બંધ જ થઈ જાય છે. પોતા કરતાં બીજાઓમાં કાંઈ વધુ હોવાનો સંભવ એ જોતો જ નથી. મતલબ કે, પોતાના અહંકાર નામક રોગમાં એ એટલો બધો ગ્રસિત થઈ ગએલો હોય છે કે, એની દૃષ્ટિ બુદ્ધ્યાદિત થઈ ગએલી હોય છે, તેથી જ અમો કહીએ છીએ કે, એનો અહંકારી આત્મા પતનના માર્ગે જ કૂચ કરી ચાલ્યો જતો હોય છે.

અહંકારી મનુષ્યની વૃત્તિ બડાઈ કરવા તરફ વધુ ને વધુ ઢળતી જાય છે. અને એને પોતાનું જ્ઞાન બીજા આગળ પ્રદર્શિત કરવાનો મોહ હરઘડી રોકી શકવાની

પૂર્તિજ નષ્ટ થઇ જાય છે. અને તેને લીધે જ દરેક પ્રસંગે ડંફાસ મારવાનો રોગ એને લાગુ પડી જાય છે. અને તે માટે એને બીજાઓની ડગલે ને પગલે નિંદા કરવાનો મોહ ઉત્પન્ન થાય છે. અને આમ કરતાં અનેકોના મન દુભવવાના પ્રસંગો ઊભા થાય છે. અને પ્રસંગોપાત વાદવિવાદ, કલહ-કંકાસ પણ ઉત્પન્ન થાય છે સાથે લોકનિંદાને પાત્ર થવાનો પ્રસંગ પણ ઉપસ્થિત થાય છે. આવા પ્રસંગે વાસ્તવિક રીતે મૌન ધારણ કરવું ઉચિત છતાં એ દલીલબાજીના ગોળા ફેંકયા જ કરે છે. અને હારજીતના મોટા પ્રસંગો ઉપસ્થિત કરી એ પોતાને યશસ્વી વીર કહેવડાવવામાં મોટું ગૌરવ માને છે. પોતાના આત્મામાં રહેલા નાના ગુણોને પણ એ મોટું રૂપ આપી ખૂબ જ ફુલાય છે. આત્માના ગુણો ઝીરવવાની એની શક્તિ તદ્દન નિર્બળ બની જાય છે, એ કેટલી હદે જાય છે એ આપણે જોઇએ.

મહાલબ્ધિનિધાન પરમઋષિવર્ય પ્રભુ ગૌતમ ગણધર મહારાજના આત્માને પોતાના જ્ઞાનપ્રભાવથી અને ક્ષયોપશમના ઉત્કર્ષમાંથી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થએલી હતી. સામાન્ય નિસર્ગ નિયમોથી પર એવી સિદ્ધિઓ એઓ મેળવી શકતા હતા, પણ એ એમની અદ્ભુત શક્તિ ક્યારે જોવામાં આવી ? તેઓ અષ્ટાપદ પર્વતની તળેટીમાં ગયા હતા. ત્યાં પંદરસો તાપસો અનેક દિવસની તપસ્યા કરી રહ્યા હતા. તેમને પારણું કરાવવાનું હતું પણ પૂરતું ભોજન ત્યાં મળી શકે તેમ ન હતું; તેથી એક નાના પાત્રમાં લાવેલ ક્ષીરમાં પોતાનો અંગૂઠો મૂકી બધા સંત મહાત્માઓને તેમણે પારણું કરાવ્યું. શું એટલી જ લબ્ધિ તેમની પાસે હતી ? તેઓએ આટલી જ લબ્ધિનું કાર્ય કરી બતાવ્યું ન હોત તો તેમની પાસે આવી લબ્ધિઓ હશે એવા જાણ થવાનો સંભવ પણ ઘણો ઓછો હતો. એ તો પ્રસંગોપાત વસ્તુ જણાઇ ગઈ એટલું જ. એઓ સૂક્ષ્મ પરમાણુઓને ક્ષણવારમાં સ્થૂળરૂપમાં પરિણમાવી શકતા હતા. જડપુદ્ગલના નિયમો બદલાવી શકતા એમને હતો જ નહીં. એમનામાં પોતાના અદ્ભુત ગુણો ઝીરવવાની શક્તિ હતી. તેઓ જરા જરા વાતમાં પણ પોતાની બહાદુરી બતાવવાનો પ્રયત્ન કરત તો કદાચ એ લબ્ધિઓ નષ્ટ થઇ જવામાં વિલંબ લાગ્યો ન હોત, કારણ અહંતા એ આત્માનું પતન થવામાં મોટો ભાગ ભજવે છે. અહંકાર એ જડતા છે. એ એક જાતનો ભાર છે અને ભાર હમેશ નીચે જ જાય એ સ્વાભાવિક છે, માટે જ કોઇ કારણસર આપણામાં અમુક જાતની ગુરુતા આવી જાય ત્યારે આપણે ફુલાવું નહીં જોઇએ.

જ્યારે કોઇની પાસે દ્રવ્ય આવી મળે છે ત્યારે એને લાગે છે કે, હું મોટો થઇ ગયો છું. સામાન્ય માણસો સાથે મારે હળીમળી રહેવું નહીં જોઇએ. અને હું મારો પોતાનો જુદો ચોકો શરૂ કરી દઉં. પરિણામે એ સહજીવનનો આનંદ મેળવવાથી વંચિત રહે છે અને એનાં એ અહંકારના પરિણામે બીજા પોતાના જ ભાઇબંધોના તિરસ્કારને પાત્ર બને છે. અને એ અનેક સારા પ્રસંગોનો લાભ ઉઠાવી શકતો નથી. મતલબ કે એ એક દૃષ્ટિએ એકાંતિક જીવન જીવે છે. ભલે કેટલાએક ખુશામતિયાઓ એનો સાથ કરે છે, પણ એ બધા સ્વાર્થપ્રેરિત હોવાના કારણે એના જીવનમાં કૃત્રિમતા વધારે પ્રમાણમાં પેસી જાય છે. અને અહંકારને કારણે એના આત્માની ઉન્નતિ થવાને બદલે અવનતી જ થતી રહે છે. એટલે એના પતનનો પ્રારંભ અહંકારમાં થઇ જ જાય છે.

મહામુનિ ગૌતમસ્વામીને પ્રભુ મહાવીર પોતાનો નિર્વાણકાળ નિકટ જાણી આજ્ઞા કરે છે કે, હો ગોયમ ! તું દેવશર્માનામક બ્રાહ્મણને ઉપદેશ દેવા જા ત્યારે શ્રી ગણધર મહારાજ વિચાર કરે કે મારો ઉદ્ધાર કેવો ! મારા હાથ નીચે અનેક શિષ્યોનો સમુદાય છતાં મને જ આવું સામાન્ય કામ શા માટે સોંપવામાં આવ્યું ? મારા જેવો પટ્ટધર ત્યાં જાય ત્યારે તે ગામડાના માનવો મારું બહુમાન સાચવશે

ઉતારાની કેવીક વ્યવસ્થા થશે? મારા માટે ઊંચી પાટ માંડવામાં આવશે કે કેમ? બધા લોકો મારી બરાબરીના આસને બેસી જશે કે શું? મારા શબ્દો ઝીલવામાં આવશે કે નહીં? મારી સાથે આદરભાવથી વર્તન કરશે કે તુચ્છતા દાખવશે? વિગેરે અનેક વિચાર કરી નાખત. અને પોતાની સાથે શિષ્યપરિવાર રાખી અગાઉ ખબર કરાવી બધી ગોઠવણ કરી રાખત પણ તેમની પાસે પેલો અહંકાર નામક પિશાચ નાયક હતો જ ક્યાં? તેમની પાસે તો બાલસુલભ નિર્દોષ મન હતું. ગુરુની આજ્ઞા એમને મન એક જીવનનો લહાવો હતો. આનંદનો વિષય હતો. તેમના આત્મામાંથી એ અહંભાવના રાક્ષસીએ ક્યારનું પલાયન કર્યું હતું. એમના મનથી તો પ્રભુ મહાવીર ભગવાનની આજ્ઞા પહેલા પાળવાની હોય અને પછી જ બીજી વાત. આ દાખલા ઉપરથી આપણને ઘણું જાણવા મળે તેવું છે. પોતાના વ્યક્તિગત સ્વાર્થનું કે દરજ્જાનું એમને કાંઇ જ મહત્વ લાગતું ન હતું. એટલે જ તેઓ અહંકારથી પર હતા. અને ગણધરોનો પરંપરામાં છેલ્લા પગથિયે જઇ રહ્યા હતા. પાછું વાળી જોવાની તેમને ફુરસદ જ ક્યાં હતી? ધન્ય એવા મુનિપુંગવોને! ધન્ય છે એમની નિરહંકાર વૃત્તિને! એથી જ તો અપૂર્વ એવું કેવળજ્ઞાન એમની આસપાસ ભમી રહ્યું હતું અને અવસરની જ તપાસ કરી રહ્યું હતું.

જૈન પરંપરાની કેવી મહત્તા છે એનો વિચાર કરતા જોવામાં આવે છે કે, આત્માને જ્યારે અનુક્રમે ઊંચે ચઢવાનું હોય છે ત્યારે જરા જેવો પણ બોજો તેને સાથે રાખવો પાલવતો નથી. બધી જ જડતા અને બધા જ કર્મોનો બોજો ક્રમાવી દીધેજ છૂટકો થાય છે. અહંકારને આત્માની પાછળ વળગેલો બોજો ગણ્યા વગર છૂટકો જ નથી. એ બોજો ફેંકી દેવો જ જોઇએ. અરે એટલો જડ ભાર તો શું પણ એકાદ ભાર પણ નહીં જણાય એવી પ્રશસ્ત ગણાતી ભાવના પણ અંતે આત્માને છોડ્યા વિના ચાલતું નથી, એ સુસ્પષ્ટ છે. મહાન્ યોગીશ્વર ગણધર મહારાજાને કોઇ ભારે કર્મોનો તો સર્વથા અભાવ હતો. એમની પાસે કેવળજ્ઞાનને અટકાવવા જેવું શું રહેલું હતું? રહ્યો હતો એક પ્રશસ્ત એવો 'રાગ'! એ રાગ પોતાના ગુરુ તીર્થંકર ભગવંત તરફનો જ હતો. એની પાછળ કોઈ ખોટો સ્વાર્થ ન હોતો. સ્વાર્થનો અંશ સરખો પણ ન હતો. એમની નસેનસમાં, લોહીના દરેક પરમાણુમાં વીર શબ્દ રમી રહેલો હતો. વીરપ્રભુ એમનું સર્વસ્વ હતું. એમનું જીવન વીરમય થઇ ગયેલું હતું. પણ છેવટ એ હતો 'રાગ' કેવળજ્ઞાનમાં રાગનો સમાવેશ થઇ શકે એમ ન હતું. પ્રભુ તો વીતરાગ હતા. એમની વીતરાગ અવસ્થા જ કલ્યાણકારિણી હતી. ગૌતમ ગણધર પાસે બધે તે પ્રત્યક્ષ વીતરાગ પ્રભુ પ્રત્યેનો હોય છતાં હતો તો રાગ જ! એ કેમ ચલાવી લેવાય? ધન્ય છે વીતરાગપણાને! અને ધન્ય છે ધર્મરચનાને! કેવું નિર્ભેળ સત્ય! કેવુ સુંદર વિજ્ઞાન!

એ ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે, અહંની ભાવનાને આત્મા સાથે કોઇ રીતે રાખવી ચાલે તેમ નથી. અહંકાર કરતા કર્તવ્યપ્રેમ વધુ ઊંચો છે. અને એ જ આત્માનો સાચો તારણહાર છે. એ અહંની ભાવના યથાશક્ય બધાઓમાંથી ઓછી થઇ આ સંસારચક્ર સુલભ થઈ અંતે નષ્ટ થાય એ જ શુભેચ્છા!

શ્રી અનંતવીર્ય વિહરમાન જિન સ્તવન–સાર્થ

સં. ડૉક્ટર વણવાદાસ મેઘજીભાઈ–મોરબી

અનંતવીર્ય અરિહંત, સુણો મુજ વિનતિ;
અવસર પામી આજ કહું જે દિલ છતી.
આત્મસત્તા હારી સંસારે હું ભમ્યો,
મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દંડયો. (૧)

ભાવાર્થ:–હે અનંતવીર્ય વિહરમાન પ્રભુ, એક મારી અરજને સાંભળો. આજે હું અવસર પામીને (એટલે સાચી જિજ્ઞાસારૂપ પાત્રતા પામીને) આપને મારા દિલની સાચી હકીકત જણાવું છું. આત્માના નિમિત્તે બંધનરૂપ સંસારમાં, હું અનાદિ કાલથી ભમ્યો છું. અને ભમતાં, ભમતાં મિથ્યાત્વ, અવિરતિ તે કષાયોવડે ઘણો જ દંડાયો છું, દુઃખી થયો છું

ક્રોધ દાવાનલ દગ્ધ, માન વિષધર ડસ્યો,
માયા જતસે બદ્ધ, લોભ અજગર ગ્રસ્યો,
મન વચ કાયા જોગ, અચળ થયા પરવશા,
પુદ્ગલ પરિચય પાપતણી અહોનિશ દશા. (૨)

ભાવાર્થ:–ક્રોધરૂપી દાવાનળથી બળી રહ્યો છું, માનરૂપી ઝેરી સાપથી ડસાયો છું, માયાની જાળથી જકડાયો છું, અને લોભરૂપી અજગરથી ગ્રસાયેલો છું, જેથી મન, વચન, કાયાના યોગો પરવશ થવાથી પુદ્ગલના પરિચયરૂપી પાપની દશામાં જ આત્મા રાચી રહ્યો છે.

કામરાગે અભિનાર્યા, સાંઢ પરે ધસ્યો,
સ્નેહરાગની સાંચે ભવપિંજર વસ્યો,
દ્રષ્ટિરાગ રૂચિ કામ પાય શમ્ભિત ગાર્યું,
આગમ રીતે નાથ, ન નીરખું નિજપણું. (૩)

રૂપી પિંજરમાં વસ્યો છું અને દ્રષ્ટિરાગરૂપી કાયની મોહનીમાં મુગ્ધ બનીને સમ્યગ્જ્ઞાનને આગમ રીતે (યથાર્થ રીતે) મેં જાણ્યું નથી.

અથરે અચરે રામ શુદ્ધ પરે જપું,
ધર્મ દેખાડું ભાંડ, ભાંડ પરે અતિ લપું,
કપટ પટુ નટવા પરે, મુનિમુદ્રા ધરું,
પંચ વિષય સુખ પોષ સદોષ વૃત્તિ ધારું. (૪)

ભાવાર્થ:–પોપટ જેમ રામ–રામ બોલે છે પણ તેને રામના સ્વરૂપની યા મહત્ત્વની ખબર પડતી નથી તેમ હું પણ મહામુશ્કેલીથી ધર્મની વાતો કરીને, ભાંડ બનાવવાની માફક બકવા કરું છું, પરોપદેશે પાંડિત્યની જેમ બીજાને ઉપદેશ આપું છું. પોતામાં કાંઈ પરિણમન થતું જ નથી. વળી કપટમાં વિચક્ષણ નટની માફક મુનિવેષને ધારણ કર્યો છતાં પણ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં ગિધ્ધાસક્ત બનીને દોષિત જીવન ધારણ કરી રહ્યો છું.

એક દિનમાં નવ વાર કરેમિ ભંતે કરું,
ત્રિવિધ ત્રિવિધ પચ્ચખાણ દ્રઢ એક નવિ ઠરું,
માસાદ્વારા ખગ રીતિ નીતિ ઘણી કરું,
ઉત્તમ કુલવટ વાટ ન તે પણ નિર્વહું. (૫)

ભાવાર્થ:–દિવસમાં અનેક વખત સાવદ્ય યોગના પચ્ચખાણની કરેમિ ભંતે ઉચ્ચરીને પણ એક દ્રઢ વાર પણ સ્થિરતા, એકાગ્રતા યા વિશુદ્ધતાને ધારણ કરી શકતો નથી. માસાદ્વારા ખડ્ગની રીતિની નીતિને ઘણું કરું છું ત્યાં ઉત્તમ કુળની વાટને એટલે

દીનદયાલ કૃપાલ પ્રભુ મહારાજ છો,
જાણ-આગળ શું કહેવું ગરીબનિવાજ છો,
પૂરવ ધાતકી ખંડ વિજય નલિનાવતી,
નયરી અયોધ્યા નાયક લાયક જિનપતિ. (૬)

ભાવાર્થ:-હે દીનદયાલ, કૃપાલ દયાલ આપ તો સર્વ જાણો છો, માટે જાણકારની પાસે મારી પામરતાની વધારે શુ વાત કહું ? આપ ગરીબના પાલણહાર છો. પૂર્વ ધાતકી ખંડના નલિનાવતી વિજયમાં અયોધ્યા નગરીના નાયક જિનપતિ છો.

મેઘ મહીપ મંગલાવતી, સુત વિજયાપતિ,
આનંદઘન, ગજલંછન, જગજન તારતી,
ક્ષમાવિજય જિનરાજ અપાય નિવારજો,
વિહરમાન ભગવાન સુનજરે તારજો. (૭)

ભાવાર્થ:-મેઘરાજા અને મંગલાવતીના પુત્ર, વિજયાદેવીના સ્વામિ, ગજના લંછનવાળા અને જગતના ભવ્યાત્માઓને તારનારા છો. આનંદના સમૂહરૂપ છો. ક્ષમાનો પણ વિજય કરનાર, હે ભગવાન, મારા અનેક જન્મોનાં પાપોને નિવારીને સારી નજર મારા ઉપર રાખીને મને તારજો.

સન્માન અને સ્વાગત

માનવ જ્યારે માનવ મટી દાનવ બને છે ત્યારે એ ધર્મને બદલે ધનનું, સંતને બદલે સંપત્તિનું, વિરાગને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન ને સ્વાગત કરે છે ! —ચિત્રભાનુ

માનવમાં અને બીજા પ્રાણીઓમાં એક જ મુખ્ય તફાવત છે. બીજા પ્રાણીઓને બુદ્ધિ નથી ત્યારે માનવમા એ વિશેષતા છે. માનવ એ બુદ્ધિ દ્વારા અનેક સારા નરસા કાર્યો કરી શકે છે. બુદ્ધિ દ્વારા જ એ સારાસારનો વિવેક કરી શકે છે. એ ધારે તો જીવનને વિકસાવી શકે છે અને એ જો બુદ્ધિનો દુરુપયોગ કરે તો વિલાસના ઊંડા ખાડામા ઉતરી પડે છે.

માનવ જો જાગ્રત રહી સદ્વિચાર અને સદ્વર્તન દ્વારા ઊંચે જવાનો જ પ્રયત્ન કરે તો જરૂર પ્રગતિ કરવાનો. એ જો ઊંઘતો નહિ હોય તો તે જરૂર ધર્મ આચરવા પ્રેરશે. એ જો પ્રગતિ કરવા ઇચ્છતો હશે તો તે જરૂર સંત-સમાગમદ્વારા હંમેશા આત્માને આગળ વધારવા પ્રયત્ન કરશે. એનું મન પણ તેને વૈરાગ્ય તરફ દોરી જશે. તેને વિલાસની સૂગ હશે અને એ રીતે સમતા તો એને માટે અતિસહજ બનશે.

પણ જો તે જાગ્રત નહિ રહે તો એ જ બુદ્ધિ તેને ઊંધે માર્ગે દોરી જશે, તે માનવ મટી રાક્ષસ જેવો બની જશે. પછી તો તેને ધર્મમા પાખંડ દેખાશે અને વૈરાગ્યમાં શુષ્કતા લાગશે. સંતોને એ દુશ્મન ગણશે એવા માણસને સમતા તો ક્યાંથી મળે ? એવા માણસોને ધર્મને બદલે ધન વહાલું હોય છે. સંત-સમાગમને બદલે તે સંપત્તિના નશામાં ચકચૂર બનશે. ધન સંપત્તિનો ઉપયોગ પણ તે અધર્મને માર્ગે કરી આત્માને વિલાસમાં ડૂબાડશે, તેનામાં ભૌતિક પદાર્થો પરત્વે મમતા જાગશે અને એ રીતે તે પોતાના આત્માને ઘણો નીચો પાડશે.

રક્તતેજ



યુવાનો–યુવતીઓને માર્ગદર્શન

જીવનના ઉચ્ચ આદર્શ–સંપાદનની તૈયારીનો સમય જ યુવાની છે. ખચિત આજે ભારતના તેમજ દુનિયાના યુવાનો ઉપર ભારે જવાબદારી આવી પડી છે. જગતના ભાવિના ઉદ્ધારનો આધાર તેમના પર છે.

ભવ્ય આત્મભોગ દ્વારા આંતરિકસ્વાતંત્ર્ય સંપાદનનો પ્રયત્ન કરનારા તથા સમગ્ર જગતના કલ્યાણના મુક્તિ–સ્વરૂપ યુવાનો તથા યુવતીઓને ધન્ય છે.

દુનિયામાં વીર બનો. તમારા જીવનની અમર દિવ્ય શક્યતા પર શ્રદ્ધા રાખો. ઈશ્વરચિંતનદ્વારા તમારા આત્માને પુનિત બનાવો તથા તેમાં પ્રેમ તથા સેવાનાં બીજ રોપો, જેથી તે ફળદાતા વૃક્ષ બનશે. જગતને શાંતિ તથા આનંદ આપો. તમારું જીવન તથા ચિંતન ઈશ્વર જોડે એકતાર કરો. સર્વ કર્મ પ્રભુના નામે તથા પ્રભુના અર્થે જ કરો.

અનુક્રમણિકા

૧	સુભાષિત.		૧૨૯
૨	પ્રમાદનું ફળ.	(શ્રી બાબચંદ દીરાચંદ " આદિત્યચંદ્ર ")	૧૩૦
૩	શ્રી અજિતનાથ જિન સ્તવન.	(અમરચંદ ભાવજી શાહ)	૧૩૦
૪	સંપનું મહત્ત્વ.	(શ્રી બાલચંદ દીરાચંદ " આદિત્યચંદ્ર ")	૧૩૨
૫	તીર્થંકર પરમાત્માના ૩૪ અતિશયોની વિશિષ્ટતા. (૨)	(પં. શ્રી સુશીલવિજયજી)	૧૩૫
૬	ધર્મસંમતની સ્વોપજ્ઞ વૃત્તિના સંશોધકો અને ટિપ્પણકાર.	(શ્રી દીરાલાલ ર. કાપડિયા)	૧૩૯
૭	મહત્ત્વાકાંક્ષા.	(અનુ૦ વિઠ્ઠલદાસ મૂ૦ શાહ)	૧૪૩

સ્વ. પંન્યાસજી શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ

પંન્યાસજી મહારાજ શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવર્ય, ત્રીજા વરસનો સુંદર સંયમ પાળી, ૬૭ વર્ષની વયે, અંધેરી (મુંબઇ) મુકામે ગત અષાડ સુદિ બીજના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાની દુઃખદ નોંધ લેતાં અમો આભારી સમવેદના વ્યક્ત કરીએ છીએ.

સદ્ગતનો જન્મ અમદાવાદખાતે શેઠ ફતેચંદ દોલતરામને ત્યાં સં. ૧૯૪૮માં થયો હતો. મૂળથી જ તેઓશ્રીનું જીવન ધાર્મિક ભાવનાથી ભર્યું હતું. પોતાના એકના એક પુત્ર કલ્યાણભાઇ તથા પુત્રી લીલાવંતીને બાલ્યવયથી ધર્મમાર્ગે જોડ્યા હતા. સં. ૧૯૮૩માં એ બન્ને સંતાનોને દીક્ષા અપાવી. (પં. કનકવિજયજી ગણિવર્ય–સાધ્વીશ્રી દર્શનશ્રી) તેઓએ પોતે સં. ૧૯૮૪ના ફા. શુ ૪ના આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ના હસ્તે દીક્ષા અંગીકાર કરી. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીના શિષ્યરત્ન ઉપાધ્યાયશ્રી ધર્મવિજયજી ગણિવર્યના તેઓશ્રી પ્રથમ શિષ્ય બન્યા હતા.

પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર્ય, આજે જૈન શાસનની જે ઉત્તમ સેવા કરી રહ્યા છે, તે સદ્ગતની પ્રેરણાને આભારી છે.

તેઓશ્રીના જીવનમાં સહૃદયતા એવાનાવ, વૈયાવચ્ચ, અપ્રમત્તભાવ અને ભક્તિતા આદિ ગુણો ભર્યા હતા. નાની મોટી તપશ્ચર્યા પણ તેઓશ્રીએ સારા પ્રમાણમાં કરી હતી.

સદ્ગતના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એ જ અભ્યર્થના.

ઝવેરી પદમશી પ્રેમજીનું દુઃખદ અવસાન

કચ્છ–મુંદ્રાનિવાસી ઝવેરી પદમશી પ્રેમજીના માટુંગા (મુંબઇ) ખાતે ૧૪ વરસની વયે, અષાડ શુદ ૧૧ના થએલ અવસાનની સખેદ નોંધ લેતાં અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

સદ્ગત સ્વભાવે શાન્ત, દયાળુ અને મિલનસાર હતા. ધાર્મિક સંસ્કારો પણ સારા હતા. આ સભાના તેઓશ્રી આજીવન સભ્ય હતા.

અમો સદ્ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

શ્રી જૈનધર્મ પ્રકાશ

વર્ષ ૫૫ મું] સં. ૨૦૧૪ અશાડ [અંક ૯

સુભાષિત

बलवानपि निस्तेजाः कस्य नाभिभवास्पदम्।
निःशंकं दीयते लोकैः पश्य भस्मचये पदम्॥

ગણે છે વિશ્વમાં કોઈ, તેજસૂના બલિષ્ટને ?
લોકો નિઃશંક થૈ ચાલે, રાખના ઢગલા પરે.

ગમે તેવા બલિષ્ટની, ભલા ભૂપની, પણ તેના નિસ્તેજ થયા પછી કોઇ ગણના કરતું નથી. અંગારો ઝગારા મારતો હોય ત્યાં સુધી જ લોકો તેનાથી દૂર રહે છે. તે બળીને રાખ થતાં સૌ કોઇ નીડરતાથી તેના પર પગ મૂકીને ચાલ્યા જાય છે. ફલિતાર્થ એ છે કે, માનવની જ્વલંત શક્તિ એક વાર લુપ્ત થયા પછી તેની ઉપેક્ષા થવાની જ, માટે કદિ પણ પોતાની તેજસ્વિતા ન ગુમાવવી. પછી એ તેજસ્વિતા શક્તિની, બુદ્ધિની, ચારિત્ર્યની—ગમે તેની હોય.

પ્રમાદનું ફળ.

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'.

(પુણ્યનું ફળ ભલે મળે કે ન મળે પણ પ્રમાદનું
ફળ તરત જ મળે એવી માગણી કવિ કરે છે)

નિયમ અખંડિત અનાદિનો છે કર્મરાજ! તારો જગ જાણ,
ટળ્યો નથી ને નહીં ટળવાનો અપ્રતિહત એ છેક નિદાન;
સુજન મુનિજનો દૂરે નાસે નિર્દય અટલ વિચારી ન્યાય,
ધૂજે તારો સંગ જોડતા શમ દમ ધારે એ મનમાંય ૧

પકાવતો તૂ રહે કર્મને ઘણા કાળથી જ્યાં ઉભરાય,
ત્યારે કડવા મીઠા ફળને ચખાડતો તૂં તારો ન્યાય;
લાજે નહી ત્યાં લગી એ માનવ કર્મ જોડતો ચાલ્યો જાય,
પરિણામોનો ડર નહીં એને પાપ કરંતા એ મલકાય. ૨

પ્રમાદ કરતા માને સહુ કો' છેડી ગયું એ હવામહીં,
પણ એ ઓસે વિવર કરીને આત્મા સાથે મળી જઈ,
પુણ્ય પાપના ફળ એ મળશે કયારે પાકે નહીં કળાય,
જ્ઞાનહીનને દિસે નહીં એ કાનેથી વા નહીં સંભળાય. ૩

પુણ્યતણા ફલ કાલાંતરથી ભલે આપ તું નિજને ન્યાય,
અથવા કદી ન આપે તે પણ તને ઉચિત ને યોગ્ય જણાય;
પ્રમાદનુ ફળ આપ તત્ક્ષણે દંડ કરી વા દુઃખ દઈ,
જેથી મારો નરભવ સુધરે બાલેન્દુની વિનતિ સ્વહી. ૪

★

શ્રી અજિતનાથ જિન સ્તવન.

(રાગ : ગિરિઆવિહિસંચિઅકમ્મકિલેસવીમુકખયરં)

અજિત જિનેશ્વર જિત કરી તમે જગ ખરી,
દુષ્કર ઈન્દ્રિય વિષય કષાયનો જય કરી–
શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શ ના,
વિષયોમાં ભમું હું વિચારું નહિં જરી–
અજિત.....ટેક–૧

ઇષ્ટ અનિષ્ટ એ વિષયોમાં રાગ દ્વેષથી,
હર્ષ–શોક કરું હું મોહાભાવથી–
ક્રોધ માન માયા અને લોભ કષાયમાં,

હિંસા અસત્ય આદિ કરું હું રંગથી–
અજિત.....૨

ઇન્દ્રિયજય વિના યોગસાધના શું કરું ?
મન જિત્યા વિણ ઇન્દ્રિયજય હું કેમ કરું–
સંકલ્પવિકલ્પ પાંખે હું વિચરું જગમહીં,
વિષય–કષાય–તૃષ્ણામાં ફસાઈ મરું–
અજિત.....૩

ઇષ્ટ અનિષ્ટમાં રાગ દ્વેષની વિષમતા,
એમાં ચિત્તની ક્યાંથી રહે પ્રભુ સ્થિરતા–
સમતા વિણ મન જય ક્યાંથી કરી શકું ?
વૈરાગ્ય ભાવ વિના પ્રગટે નહિં સમતા–
અજિત.....૪

અનિત્ય અશરણ સંસાર આદિ ભાવના,
વિચારું મૂકી મનની સૌ કામના–
આશ્રવ સંવર નિર્જરા આદિ તત્ત્વથી,
જીવાજીવ વિવેકે વિચારું આત્મના–
અજિત.....૫

બહિરાત્મ નિવારી હું આત્મભાનમાં,
આત્મધ્યાન જગાવું હું અંતરતાનમાં–
અમનસ્ક યોગથી મનનો જય કરું,
ઉન્મનીભાવથી સ્થિર થાઉં સ્વરૂપમાં–
અજિત.....૬

સમભાવે થઇ ભૂષિત હું પ્રભુ આવીયો,
સમતા રસનો અમૃત સ્વાદ મેં ચાખીયો–
સૌરભ લઉં હું આપનાં પ્રેમનાં પુષ્પની,
અનાહત વાણીથી શાંતિ પામીઓ–
અજિત.....૭

અજિતનું મૂળ કમળ નિરખી ચિત્તપ્રસન્નતા,
પરમ પ્રેમે પરમાત્મ રૂપને પૂજતાં–
મિથ્યાત્વ અવિરતી પ્રમાદ કષાય યોગથી,
અમર અજિત થાઉં હું પ્રભુને વંદતા–
અજિત.....૮

અમરચંદ માવજી શાહ

સંપનું મહત્ત્વ

શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર "

संहतिः कार्यसाधिका

જગતમાં કોઇ પણ બે જીવો બધી રીતે સરખા હોતા નથી. ભિન્નતા એ જન્મજાત છે. આપણે એવી ભિન્નતા ઉત્પન્ન કીધેલી નથી. જીવ ક્ષણે ક્ષણે નવા કર્મો બાંધે કે અજાણે કર્યા જ કરે છે. તેમ પ્રાચીન કર્મોનો ભોગવટો પણ કર્યે જ જાય છે. તેમ કેટલાએક મહાભાગો પ્રાચીન કર્મોને જાણી જોઇ ઉદયમાં લાવી તેને વેદી લેવા પણ પ્રયત્ન કરે છે.

કોઇ અજ્ઞાની હોય છે તેમ કોઇ જ્ઞાનવાન હોય છે. પાપ પ્રવૃતિ કોઇને ગમે છે, ત્યારે તેનો તિરસ્કાર કરવો કોઇને ગમે છે. ધર્માચારમાં કોઇને રસ પડે છે, ત્યારે કોઇને તેનો કંટાળો આવે છે. કોઇને જ્ઞાન ભણવામાં આનંદ આવે છે. ત્યારે પુસ્તક હાથમાં ધરવું પણ કોઇને ગમતું નથી. કોઇને ખૂબ તપશ્ચર્યા કરવી ગમે છે ત્યારે એકાદ ઉપવાસ પણ કોઇને ભારે પડી જાય છે એમ અનેક રીતે ભિન્નતા જોવામાં આવે છે. ત્યારે એકતા શી રીતે પ્રસ્થાપિત થાય ? અને સંપ કેમ સધાય ? એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેનો ઉકેલ મેળવવા આપણે યથામતિ પ્રયત્ન કરીએ.

જેમ ભિન્નતા વિવિધ રૂપે પ્રતીત થાય છે, તેમ એકતા પણ અનેક રીતે અનુભવમાં આવે છે. આપણે બધાને ખાવાપીવાની જરૂર હોય છે. અંગ ઢાંકવા માટે વસ્ત્રની જરૂર હોય છે. સામાન્ય રીતે કુદરતી રીતે આવતા સુખ દુઃખના પ્રસંગો ઉપસ્થિત થાય છે, તે વેળા સમૂહની આપણને જરૂર લાગે છે. આપણે ત્યાં લગ્નાદિ પ્રસંગ હોય કે પુત્રજન્મ જેવો અવસર હોય ત્યારે આપણા સુખમાં બીજાઓ સહભાગી થાય એમ આપણે ઇચ્છીએ છીએ. ત્યારે દુઃખના પ્રસંગે પણ આપણે અન્યોન્ય મદદની અપેક્ષા અવશ્ય રાખીએ છીએ. મતલબ કે, અરસપરસ સમૂહગત સહકાર વગર આપણું જીવન ચાલે તેમ નથી, માટે જ આપણે પહેલાથી જ ચેતીને બધાની સાથે પ્રેમની અને ભેદકારની વૃત્તિ રાખીને જ ચાલવું પડે છે. અને એ નિયમો જે ભાગે છે તે લોકપ્રિયતા ગુમાવી બેસે છે અને એનું જીવન ખાડું થઇ જાય છે.

આપણને સંસારમાં અનેક વસ્તુઓનો ખપ લાગે છે. અને તે મેળવવા માટે બીજા પાસે આપણે જવું પડે છે. ખેડૂત અનાજ પકવે, વણકર કપડું વણે, સુથાર અને કડીઆ ઘર બાંધી આપે, ત્યારે જ આપણે ઘરમાં રહીએ. આમ તો અનેક માણસોના સહકારથી આપણે જીવી શકીએ છીએ. જ્યારે આપણે જરૂરી ચીજો મેળવવા માટે બીજા તરફ જઇએ છીએ ત્યારે આપણી પેઠે એ પાઘડી પહેરે છે કે ટોપી પહેરે છે, તિલક લગાડે છે કે ખુલ્લું કપાળ રાખે છે, આપણે જે ધર્મ પાળીએ છીએ તે જ ધર્મ એ પાળે છે કે કોઇ જુદો જ ધર્મ પાળે છે, એનો આપણે વિચાર જ કરતા નથી. એની ભિન્ન માન્યતા સાથે આપણને કોઇ જાતની લેવાદેવા ન હોય છતાં આપણા કાર્ય પૂરતો સહકાર તો આપીએ જ છીએ. દરેક પળે

મતભિન્નતા જ નજર સામે આપણે રાખતા હોઇએ તો કોઇ સાથે આપણો મેળ આવે જ નહીં. અને આપણું બધું જ કામ અટકી પડે. સામાન્ય નીતિ-નિયમો પાળતા હોઇએ ત્યાં સુધી ગમે તેટલા મતભેદો આપણે નભાવી લેવા પડે છે. ભારત દેશનું હાલનું રાજ્યબંધારણ પણ આવા મતભેદો ટાળવા માટે જ ધર્મનિરપેક્ષ રાખવામાં આવેલું છે. અને એને લીધે જ અનેક જાતની જુદી જુદી માન્યતા ધરાવનારા લોકો એકત્ર રહી શકે છે. મતલબ કે મતભેદો ગમે તેટલા હોય છતાં આપણે અમુક હદ સુધી એકત્ર આવી સહકાર સાધવો જ પડે છે. કોઈ એમ કહે કે હું ધર્મ બધી જ સમજી ગયો છું, માટે હું કહું તેમ બધાએ વર્તન કરવું જ જોઇએ. અને કોઈ એમ કરવા ના પાડે અગર મતભેદ બતાવે તેની સામે મારે લડવું જ જોઇએ, તો એમ કરવું તે શુદ્ધ મૂર્ખાઈ જ છે. ભગવાન સાથે કેટલાએક લોકોનો મતભેદ જાગ્યો હતો, પણ ભગવાને કરુણાબુદ્ધિથી સમભાવ રાખી સંતોષ માન્યો હતો, એમાં મુખ્ય વસ્તુ એવી છે કે, પ્રભુ જ્ઞાની હતા છતાં એમણે કોઇનું મંતવ્ય ફેરવવા માટે કટુતાનો જરા પણ અવલંબ કર્યો જ નહોતો, ત્યારે આપણું જ્ઞાન કેટલું? આપણે કોઇના મતભેદ માટે બીજાને દંડવાની બુદ્ધિ રાખીએ એ કેવું અસંગત ગણાય? દરેક મનુષ્ય પોતાનો ધરાવેલો અંગત મત ભલે ધરાવે પણ અન્ય સાથે સહકાર સાધતો રહે તો જ જગતમાં સંપ જળવાઈ રહે. પ્રભુના શાસનમાં કેવળ હઠાગ્રહને લીધે કેવા ફીરકા જાગ્યા એ આપણે જોઇએ છીએ. એમાં કોની ભૂલ છે એ મુદ્દો ગૌણ છે,-કારણ બધા જ અપૂર્ણજ્ઞાની છે. તેથી જ પ્રભુએ અગમચેતી રાખી સ્યાદ્વાદનો સમન્વયવાદ લોકોને સમજાવ્યો પણ આપણે એ સિદ્ધાંતને પણ છાપરે ચઢાવી દીધો. અને એકાંત રીતે 'હું જ સાચો' એવી ધર્મહીન કલ્પના અપનાવી લીધી, અહંને પોષ્યો અને અનેક કલહોને જન્મ આપ્યો. આટલા જ્વલંત દાખલા નજર સામે છતાં આપણે કદાગ્રહ કરતા અચકાતા નથી, એ કેવું આશ્ચર્ય છે!

જ્યારે કોઇ સમૂહગત આપત્તિ આવીને ઊભી રહે છે ત્યારે બધા સાથે મળી તેનો પ્રતિકાર કરે તો જ તેનું નિવારણ થઇ શકે છે. ત્યારે એ બધાનું જ કામ છે એમ જાણી બધાને સાથે મળી કામ કરવું પડે છે. મનુષ્ય એ સમૂહ કરી જીવન જીવનાર પ્રાણી હોવાથી તેને સહકારની આવશ્યકતા હોય છે જ અને બધી જ બાબતોમાં પોતાનું અહંપણું ચલાવવાનો અધિકાર નથી. અમુક કારણપરત્વે પોતાની માન્યતા પોતા પૂરતી મર્યાદિત રાખવી જ પડે છે.

જૈનધર્મ અને જૈનસમાજ ઉપર હાલમાં અનેક જાતની આપત્તિઓ ચોતરફથી આવી રહી છે. ત્યારે આપણે આપસમાં ઝગડતા રહી નવા નવા મતભેદોને જન્મ આપતા રહીએ એ આપણા જેવા અલ્પસંખ્ય સમાજને પરવડે એમ નથી.

કોઈના ઘરને આગ લાગેલી હોય ત્યારે એ મનુષ્ય જો વિચાર કરે કે આગ ઓલવનારો કોણ છે! એનો અને અમારો ધર્મ એક છે કે જુદો? એ ઢેડ છે કે ચમાર? એ સજ્જન કે દુર્જન? એ ભણેલો મારા જેવો પંડિત છે કે કોઇ ગમાર? એનો એ વિચાર કરે નહીં. આગ ઓલવવી એ જ એનું તાત્કાલિક કાર્ય હોવાને લીધે એને બધાનો સહકાર એ વખતે ખપે છે. એવે પ્રસંગે કોઈ મતભેદનું કારણ આગળ કરી આગ ઓલવવાનું કાર્ય રોકી દે તો એના જેવો મૂર્ખ બીજો કોણ?

મતભેદ ગમે તેવો તીવ્ર હોવા છતાં અનેક પ્રસંગે આપણે મતભેદવાળા સાથે સહકાર કરવો જ પડે છે. અને એવો સહકાર સાધવો એ આપણું કર્તવ્ય થઇ પડેછે. પ્રભુ મહાવીર ગોશાલાને સારી પેઠે ઓળખતા હતા. એનો સહવાસ પ્રભુને ત્રાસદાયક હતો, છતાં પ્રભુએ એનો તિરસ્કાર કે દ્વેષ કદી પણ કર્યો નથી. દરેક જીવ ગમે તેવું સારું કે માઠું કર્મ કરવાને સ્વતંત્ર છે. એ પ્રભુ જાણતા હોવાથી જ ગોશાલક સાથે તેઓ દ્વેષનો વિચાર પણ મનમાં લાવ્યા નહીં. ત્યારે જરા જરા મતભેદ કે ક્રિયાભેદ માટે આપણે જૈનો રણાંગણ ખેડવા તૈયાર થઇએ એ આપણા માટે શોભાસ્પદ તો નથી જ

અમુક મુદ્દા પૂરતો આપણો મતભેદ ભલે હોય તે છોડી આપણે અન્ય બાબતમાં સહકાર ન આપીએ અને અમુક મતભેદ હોવાથી એ આપણો દુશ્મન જ છે એવી ભાવના રાખી લડતા રહીએ એમાં તો નરી આપણી મૂર્ખાઈ જ પ્રતીત થાય છે. અને આપણી આવી મૂર્ખાઇ અને ઘેલછા જોઇ લોકો હસે છે. અને અનેકાંત જેવા સર્વ સંગ્રાહક સિદ્ધાંતને માનનારા છીએ એમ કહેવરાવનારા છતાં એ સિદ્ધાંત છાપરે ચડાવી જરા જરા બાબતને આગળ ધરી લડતા રહીએ એ કેવું આશ્ચર્ય છે!

કૌરવો અને પાંડવો સામાન્ય સંસારી જીવન ગાળી રહ્યા હતા. આપસમાં દુશ્મનાવટ ધરાવતા હતા. અરસપરસ ખૂબ કટુતા કરી હતી છતાં પ્રસંગોપાત તેઓ શત્રુ સામે લડવા માટે આપસના વેરવિરોધ ભૂલી તૈયાર થયા હતા. ત્યારે આપણી ઉપર બીજાના અનેક હુમલા આવવા છતાં આપણે આપસમાં લડવાનું જ ચાલુ રાખીએ અને એકતાને ઠોકરે મારી લડવામા જ જીવનનું સર્વસ્વ માની એમાં જ સાચી ધર્મસેવા છે એમ કહેતા ફરીએ એ કેવું આશ્ચર્ય!

કોઇ સંત મહાત્મા હજારો વર્ષની ચોમનિદ્રા તજી જાગી આજના જૈન સંઘમાં આવી ઊભો રહે, અને આજનું જૈન સમાજનું ચિત્ર નજર સામે મૂકે તો તેને શું જણાશે? શું એને આજના કુરુક્ષેત્ર જમાવનાર માંધાતાઓ માટે માન ઉપજશે? કે ઘૃણા પેદા થશે! અનેકાંતના અટળ સિદ્ધાંતનો છડેચોક ભંગ કરી 'અહં' અને 'મમ' ને આગળ ધરનારાઓ માટે શું મોરવની ભાવના એમના મનમાં જાગશે? આવા સજ્જનો પાસેથી જૈન ધર્મને બચાવો એવો જ પોકાર એમના મનમાં જાગે તો એમાં આશ્ચર્ય માનવાનું કાંઇ જ કારણ નથી.

વિવિધતામાં એકતા જોઇ મતભેદોને ગૌણ ગણી આપસમાં સહકારની વિશુદ્ધ ભાવના જાગે અને જૈન સમાજનું ગૌરવ વધે અને આપણે પ્રભુ મહાવીરના સાચા અનુયાયીઓ છીએ એ જગતને બતાવી આપીએ એવી ઊંચી ભાવના આપણા સૌના મનમાં જાગે એ જ અભ્યર્થના!

वृक्षं 'क्षीणफलं' त्यजंति विहगाः शुष्कं सरः सारसाः
पुष्पं पर्युषितं त्यजंति मधुपा दग्धं वनान्तं मृगाः।
निर्द्रव्यं पुरुषं त्यजंति गणिका भ्रष्टश्रियं मन्त्रिणः
सर्वः कार्यवशाज्जनोऽभिरमते कस्यास्ति को वल्लभः? ॥

(ઇન્દ્રવિજય)

ક્ષીણ થતાં ફળ પંખી તજે તરુ ષટ્પદ પુષ્પ સુગંધ વિનાના,
સારસ વારિ વિહીન સરોવર દગ્ધ થતાં વનને મૃગ શાણા;
મંત્રિજનો પદભ્રષ્ટ નરાધિપ વારવધૂ ધનહીન જનોને,
સ્વાર્થ વિષે નર એમ રમે સહુ, કોણ કહો જગમાં પ્રિય કોને?

તીર્થંકર પરમાત્માના ૩૪ અતિશયોની વિશિષ્ટતા

પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી મહારાજ

(૨)

(પૃષ્ઠ ૩૨ થી ચાલુ)

પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ ચોમાસી દેવવંદનમાં આવતા શ્રી શાંતિનાથ ભગવંતના સ્તવનમાં લાવ્યા છે કે–

સોલમા શાંતિ જિનેશ્વર દેવ કે, અચિરાના નંદ રે; જેહની સારે સુરપતિ સેવ કે ॥ અ૦ ॥

તિરિ નર સુર સમુદાય કે ॥ અ૦ ॥ એક યોજનમાંહે સમાય કે ॥ અ૦ ॥ ૧ ॥

તેહને પ્રભુજીની વાણી કે ॥ અ૦ ॥ પરિણમે સમજે ભવિ પ્રાણી કે ॥ અ૦ ॥ સહુ જીવના સંશય ભાંજે કે ॥ અ૦ ॥ પ્રભુ મેઘધ્વનિ એમ ગાજે કે ॥ અ૦ ॥ ૨ ॥

જેહને જોયણ સવાસો માન કે ॥ અ૦ ॥ જે પૂર્વના રોગ તેણે યાનકે ॥ અ૦ ॥ સવિ નાશ થાયે નવા નાવે કે ॥ અ૦ ॥ ષટ્ માસ પ્રભુ પરભાવે કે ॥ અ૦ ॥ ૩ ॥

જિહાં જિનજી વિચરે રંગ કે ॥ અ૦ ॥ નવિ મૂષક શલભ પતંગ કે ॥ અ૦ ॥ નવિ કોઈને વયર વિરોધ કે ॥ અ૦ ॥ અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધ કે ॥ અ૦ ॥ ૪ ॥

નિજ પરચક્રનો ભય નાસે કે ॥ અ૦ ॥ વળી મરકી નાવે પાસે કે ॥ અ૦ ॥ પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે ॥ અ૦ ॥ જાયે ઉપદ્રવ સવિ તત્કાલ કે ॥ અ૦ ॥ ૫ ॥

જસ મસ્તક પૂંઠે રાજે કે ॥ અ૦ ॥ ભામંડલ રવિ પરે છાજે કે ॥ અ૦ ॥ કર્મક્ષયથી અતિશય અગ્યારે કે ॥ અ૦ ॥ માનું યોગ સામ્રાજ્ય પરિવાર કે ॥ અ૦ ॥ ૬ ॥

કબ દેખું ભાવ એ ભાવે કે ॥ અ૦ ॥ એમ હોંશ ઘણી ચિત્ત આવે કે ॥ અ૦ ॥ શ્રી જિન ઉત્તમ પરભાવે કે ॥ અ૦ ॥ કહે પદ્મવિજય બની આવે કે ॥ અચિ૦ ॥ ૭ ॥

દેવકૃત ઓગણીશ અતિશય—

એ તીર્થંકર પરમાત્માને કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી, ભક્તિપૂર્વક દેવતાઓ ૧૯ અતિશયો કરે છે. તે આ પ્રમાણે—

[૧] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યાં ત્યાં આકાશમાં દેદીપ્યમાન કાંતિવાળું ધર્મને પ્રકાશ કરનાર ધર્મચક્ર આગળ ચાલે છે. એ જ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો પહેલો અતિશય કહેવાય છે.

[૨] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યાં ત્યાં આકાશમાં દિવ્ય શ્વેત ચામરો બંને બાજુ ચાલે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો બીજો અતિશય કહેવાય છે

[૩] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં આકાશમાં નિર્મળ સ્ફટિક મણિનું પાદપીઠ સહિત રચેલું દિવ્ય સિંહાસન ચાલે છે, એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો ત્રીજો અતિશય કહેવાય છે.

[૪] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યાં ત્યાં આકાશમાં તેમના મસ્તક પર દિવ્ય ત્રણ છત્ર રહે છે અને સાથે ચાલે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો ચોથો અતિશય કહેવાય છે.

[૫] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યા ત્યા આકાશમાં દિવ્ય રત્નમય ધર્મધ્વજ તેમની આગળ ચાલે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો પાંચમો અતિશય કહેવાય છે. (આ રત્નમય ધ્વજ અન્ય સર્વધ્વજની અપેક્ષાએ મહાન્ હોવાથી 'ઈન્દ્રધ્વજ' તરીકે પણ ઓળખાય છે.)

ઉક્ત આ પાંચે અતિશય એ તીર્થંકર પરમાત્માની સાથે ને સાથે આકાશમાં ચાલ્યા જ કરે છે, અને જ્યાં જ્યાં એ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન બેસે ત્યા ત્યાં તે યથાયોગ્ય ઉપયોગમાં આવે છે. તેમાં ધર્મચક્ર અને ધર્મધ્વજ એ તીર્થંકર પરમાત્માના આગળના ભાગમાં રહે, પાદપીઠ એ પ્રભુના પગ તળે રહે, સિંહાસન ઉપર એ પ્રભુ બેસે, તેમની બન્ને તરફ ચામરો વીંજાય અને ત્રણ છત્ર એ પ્રભુના મસ્તક પર રહે છે.

[૬] દેવોએ રચેલા દિવ્ય સોનાના નવ કમળો પૈકી બે કમળ પર એ તીર્થંકર પરમાત્મા પોતાના બે પગ રાખીને ચાલે છે, અને પાછળ રહેલા સાત કમળોમાંથી બબ્બે કમળ ક્રમસર એ સર્વજ્ઞ વિભુની આગળ આવ્યા કરે છે. તેનાં ઉપર પ્રભુ બન્ને પગ રાખીને ચાલ્યા કરે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો છઠ્ઠો અતિશય કહેવાય છે.

[૭] એ તીર્થંકર પરમાત્માના સમવસરણ ફરતા ત્રણ ગઢ–પ્રાકાર દેવતાઓ રચે છે. તેમાંનો એ પ્રભુની પાસેનો પહેલો ગઢ વિચિત્ર પ્રકારના રત્નોમય વૈમાનિક દેવો બનાવે છે, બીજો વચલો ગઢ સુવર્ણમય જ્યોતિષી દેવો બનાવે છે, અને ત્રીજો બહારનો ગઢ રૂપાનો ભુવનપતિ દેવો બનાવે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો સાતમો અતિશય કહેવાય છે.

[૮] એ તીર્થંકર પરમાત્મા જ્યારે દેવોએ રચેલા સમવસરણમાં સિંહાસન પર પૂર્વ સન્મુખ બેસે ત્યારે બાકીની ત્રણ દિશામાં (દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામા) એ તીર્થંકર પ્રભુના પ્રભાવથી તેમના જેવી જ સિંહાસનાદિક સહિત ત્રણ મૂર્તિઓ દેવોએ વિકુર્વેલી દેખાય છે. એ સમયે સર્વ દિશાઓમાં બેઠેલા દેવો વગેરેને એ તીર્થંકર પરમાત્મા પોતે જ અમારી સામે બેસીને અમને સુંદર દેશના–સદુપદેશ આપે છે એવો સાચો સાક્ષાત્કાર પૂર્ણ વિશ્વાસપૂર્વક થાય છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો આઠમો અતિશય કહેવાય છે.

[૯] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરતા કરે ત્યા ત્યાં એ તીર્થંકર પરમાત્માની ઉપર, દેવોએ ઊંચો બનાવેલો દિવ્ય અશોકવૃક્ષ છાયા કરતો રહે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો નવમો અતિશય કહેવાય છે.

[દરેક તીર્થંકરના દેહના પ્રમાણથી બારગણો ઊંચો અશોકતરુ દેવો રચે છે. આ અવસર્પિણીમાં થયેલા ચોવીશ તીર્થંકર પૈકી આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુના ઉપર ત્રણ ગાઉ ઊંચો, ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી પ્રભુના ઉપર બત્રીશ ધનુષ ઊંચો અને બાકીના બીજા શ્રી અજિતનાથ તીર્થંકરથી માડી તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુ સુધીના તીર્થંકરો પર તેમના દેહથી બારગુણો ઊંચો દેવોએ રચેલો શ્રેષ્ઠ અશોકતરુ હતો. જુઓ–

उसभस्स तिन्नि गाउय, बत्तीसधणुणि वद्धमाणस्स।
सेसजिणाणमसोओ, शरीरओ बारसगुणो ॥१॥]

[૧૦] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યાં ત્યાં કાંટાઓ અધોમુખ થઈ જાય છે, અર્થાત્ માર્ગમા રહેલા કાંટાઓની અણીઓ નીચી જાય છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો દશમો અતિશય કહેવાય છે.

[૧૧] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યાં ત્યાં વૃક્ષો એ પ્રભુને પ્રણામ કરતા હોય તેમ નીચા નમે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો અગિયારમો અતિશય કહેવાય છે.

[૧૨] એ તીર્થંકર પરમાત્મા જે સ્થળે વિચરે છે–વિહાર કરે છે તે સ્થળે ઊંચે આકાશમાં દેવદુંદુભિ

વાગ્યા કરે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો બારમો અતિશય કહેવાય છે.

[૧૩] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં શીતળ સુખસ્પર્શવાન્ અને સુગંધયુક્ત એવો સંવર્તક વાયુ, સર્વ દિશાઓમાં ચારે તરફ એક એક યોજન (ચાર ગાઉ) સુધી ભૂમિ પ્રમાર્જન કરે છે. અર્થાત્ પૃથ્વી પરના કચરા વગેરેને દૂર કરે છે. (આ સંવર્તક વાયુ વાયુકુમાર દેવો વિકુર્વે છે.) એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો તેરમો અતિશય કહેવાય છે.

[૧૪] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં ઘાસ, મોર અને શુક (પોપટ) વગેરે પક્ષીઓ એ તરનતારન તીર્થંકર પરમાત્માને પ્રદક્ષિણા દેતા ફરે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો ચૌદમો અતિશય કહેવાય છે.

[૧૫] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિરાજે છે ત્યાં ત્યાં ધૂળી વગેરે શમાવવા માટે ઘનસાર વગેરે યુક્ત ગંધોદકની વૃષ્ટિ થાય છે. (આ વૃષ્ટિ મેઘકુમાર દેવો કરે છે.) એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો પંદરમો અતિશય કહેવાય છે.

[૧૬] એ તીર્થંકર પરમાત્માના સમવસરણની ભૂમિમાં ચંપક વગેરે પાંચ વર્ણના પુષ્પોની-ફૂલોની જાનુપ્રમાણ (ઢીંચણ સુધી) વૃષ્ટિ થાય છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો સોળમો અતિશય કહેવાય છે.

આ પુષ્પો જળ અને સ્થળમાં ઉત્પન્ન થયેલાં પણ હોય છે.

જુઓ આગમનું પ્રમાણ—

विटट्ठाइं वि सुरभि जलथलयं दिव्वकुसुमनोहारिं।
पकिरंति समंतेणं दसद्धवण्णं कुसुमवासंति ॥

"નીચાં ડીંટવાળાં, સુગંધવાળાં અને જળ-સ્થળમાં ઉત્પન્ન થયેલાં એવાં પંચરંગી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ દેવો ચારે તરફ વિસ્તારે છે."

[૧૭] એ તીર્થંકર પરમાત્માના માથાના વાળ, દાઢી અને મૂછ તથા હાથ અને પગના નખ વૃદ્ધિ પામતા નથી અર્થાત્ સર્વદા એક જ સ્થિતિમાં રહે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો સત્તરમો અતિશય કહેવાય છે.

[૧૮] એ તીર્થંકર પરમાત્માની સમીપે સર્વદા જઘન્યથી એક કોડ ભવનપતિ વગેરે ચારે નિકાયના દેવો રહે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો અઢારમો અતિશય કહેવાય છે.

[૧૯] એ તીર્થંકર પરમાત્મા જે રસ્તે વિચરતા હોય તે રસ્તે સર્વદા વસંત વગેરે સર્વ ઋતુઓનાં મનોહર ફળ-ફૂલાદિકની સામગ્રી પ્રગટ થાય છે. અર્થાત્ સર્વ ઋતુઓ સાનુકૂળ વર્તે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો ઓગણીશમો અતિશય કહેવાય છે.

આ ઓગણીશ અતિશયો પ્રત્યેક તીર્થંકર પરમાત્માને ઘાતી કર્મના ક્ષયથી દેવોએ કરેલા હોય છે.

ઉક્ત એ ઓગણીશ અતિશયનો ઉલ્લેખ કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે સ્વરચિત અભિધાનચિંતામણીમાં પણ કરેલો છે. જુઓ—

देवकृतानतिशयानाह—

'खे धर्मचक्रं चमराः सपादपीठं मृगेन्द्रा-
सनमुज्ज्वलं च ।
छत्रत्रयं रत्नमयध्वजोऽद्रिन्यासे च चामीकर-
पङ्कजानि ॥६१॥

वप्रत्रयं चारु चतुर्मुखाङ्कता चैत्यद्रुमोऽधोवदनाश्च
कण्टकाः ।
द्रुमानतिर्दुन्दुभिनाद उच्चकैर्वातोऽनुकूलः शकुनाः
प्रदक्षिणाः ॥६२॥

गन्धाम्बुवर्षं बहुवर्णपुष्पवृष्टिः कचश्मश्रुनखाप्रवृद्धिः।
चतुर्विधाऽमर्त्यनिकायकोटिर्जघन्यभावादपि
पार्श्वदेशे ॥६३॥

ऋतुनामिन्द्रियार्थानामनुकूलत्वमित्यमी।
एकोनविंशतिर्दैव्याश्चतुस्त्रिंशच्च मीलिताः ॥६४॥

[अभिधानचिन्तामणौ १–देवाधिदेवकाण्डे]

ઉક્ત એ તીર્થંકર પરમાત્માઓના ચોત્રીશ અતિશયોમાં કોઇ કોઇ સ્થળે ભિન્નતા પણ જણાય છે. પ્રાયઃ તે મતાન્તરને આશ્રીને હશે? તેનું કારણ તો કેવલિભગવંતો જ જાણી શકે.

એ ચોત્રીશ અતિશયોના નિર્દેશની પૂર્વાચાર્યકૃત એક જ ગાથા—

चउरो जम्मप्पभिई, इक्कारस कम्मसंखए जाए।
नवदस य देवजणिए, चउत्तीसं अइसए वन्दे ॥१॥

[उपदेशप्रासाद–स्तंभ १ व्याख्यान–१]

'તીર્થંકરોને જન્મથી માડીને ચાર, કર્મના ક્ષયથી અગિયાર, અને દેવોએ કરેલા ઓગણીશ, એમ કુલ ચોત્રીશ અતિશયો હોય છે.

એવા ચોત્રીશ અતિશયવાન્ પરમાત્માને હું વંદન કરું છું.'

પંડિતશ્રી પદ્મવિજયજી મહારાજ પણ શ્રી ઋષભદેવ ભગવાનના સ્તવનમાં લખ્યા છે કે—

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીસ એમ અતિશયા
સમવાયંગે પ્રસિદ્ધ
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાળજો,
જેમ થાઉં અક્ષય અભંગ.

ઉક્ત એ ચોત્રીશ અતિશયવાળી વ્યક્તિઓ જગતભરમાં કેવલ તીર્થંકર પરમાત્માઓ જ છે. એમનાં સિવાય વિશ્વની કોઇ પણ વ્યક્તિ એ ચોત્રીશે અતિશયોનો દાવો કરી શકતી નથી. અને જો કરે અથવા કરવા જાય તો મયૂરની જેમ કુકડાના અનુકરણના જેવી હાંસીપાત્ર તેની સ્થિતિ વિશ્વ સમક્ષ થાય છે.

જગતભરમાં જેની જોડ નથી અને જેઓ પરમપદને પ્રાપ્ત થયેલા છે એવા વર્તમાન શાસનના અધિપતિ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામી પ્રભુની સાથે ભવભ્રમણ કરતી વિશ્વની કોઈ પણ વ્યક્તિની સરખામણી કરવી એ વિશ્વના ચોકમાં પોતાની બુદ્ધિનું લીલામ કરવા જેવું છે.

અનંતગુણના નિધાન એ દેવાધિદેવના ગુણગણનું યથાર્થ વર્ણન કરવાને કોઇ પણ સમર્થ નથી. જુઓ—

यदि त्रिलोकी गणनापरा स्यात्,
तस्याः समाप्तिर्यदि नाऽऽयुषः स्यात्।
पारेपरार्द्धं गणितं यदि स्याद्,
गणेयनिःशेषगुणोऽपि स स्यात् ॥ १ ॥

[कल्पसूत्र–सुबोधिकायाम्]

'જો ત્રણે જગતના લોકો ભેગા થાય, અને તેમના આયુષ્યની સમાપ્તિ ન થાય, તથા પરાર્ધથી ઉપર ગણિત હોય, તો કદાચ તે સર્વજ્ઞવિભુના ગુણો ગણી શકાય.'

એ જેમ અશક્ય છે તેમ એ તારનતારન તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના યથાર્થ ગુણોનું વર્ણન કરવું તે પણ અશક્ય જ છે, તો પછી તેમની સાથે બીજાની સરખામણી તો ક્યાંથી જ હોય!

એ તીર્થંકર પરમાત્મામાં અને બીજાઓમાં આકાશ અને પાતાલ, મેરુ અને સરસવ જેટલું અંતર છે.

એવા એ તીર્થંકર પરમાત્માના ચોત્રીશ અતિશયનું માત્ર દિગ્દર્શન અત્ર કરાવ્યું છે. વિશેષ જિજ્ઞાસુઓને શ્રી સમવાયાંગ વગેરે આગમાદિ ગ્રંથોમાંથી મળી શકશે.

ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિના

સંશોધકો અને ટિપ્પણકાર

(પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

'ધર્મસંગ્રહ' એ સંસ્કૃતમાં ૧૫૯ પદ્યોમાં 'અનુષ્ટુભ્' છંદમાં રચાયેલી કૃતિ છે. એમાં ગૃહસ્થ-ધર્મનું તેમજ શ્રમણ-ધર્મનું નિરૂપણ કરાયું છે. આમ એ આચાર-પ્રધાન કૃતિ છે. એ આદર્શ માનવજીવન ઘડવા માટે ઉપયોગી થઈ પડે એવી છે. આ જાતની કૃતિ આ પૂર્વે પણ રચાઈ છે. દા. ત. ધર્મબિન્દુ, ધમ્મરયણપગરણ (ધર્મરત્નપ્રકરણ) અને યોગશાસ્ત્ર.

પ્રસ્તુત કૃતિના પ્રણેતા ઉપાધ્યાય માનવિજયગણિ છે. એઓ 'જગદ્ગુરુ' હીરવિજયસૂરિના સન્તાનીય વિજયાનન્દસૂરિના શિષ્ય શાન્તિવિજયગણિના શિષ્ય થાય છે. એમણે પોતાની કૃતિ નામે ધર્મસંગ્રહને અંગે અનેક સાક્ષીપાઠપૂર્વકની વિસ્તૃત વૃત્તિ સંસ્કૃતમાં વિ. સં. ૧૬૩૧માં પૂર્ણ કરી છે. એ સ્વોપજ્ઞવૃત્તિ ૧૪૪૪૩ (૧૪૧૦૨-૧૫૯) શ્લોક જેવડી છે. આમ આ મહાકાયવૃત્તિ છે. એના સંશોધક તરીકે પ્રસ્તુત વૃત્તિની પ્રશસ્તિમાં બે નામ અપાયાં છે: (૧) યશોવિજય અને લાવણ્યવિજય. આ પૈકી પ્રથમ સંશોધકનો પરિચય નીચે મુજબ પ્રશસ્તિમાં અપાયો છે :—

" सत्तर्ककर्कशधियाऽखिलदर्शनेषु
मूर्धन्यतामधिगतास्तपगच्छधुर्याः ।
काश्यां विजित्य परयूथिकपर्षदोऽद्या
विस्तारितप्रवरजैनमतप्रभावाः ॥ १० ॥

तर्कप्रमाणनयमुख्यविवेचनेन
प्रोद्बोधितादिममुनिश्रुतकेवलित्वाः ।
चक्रुर्यशोविजयवाचकराजिमुख्या
ग्रन्थेऽत्र मय्युपकृतिं परिशोधनाद्यैः
[किल योजनाद्ये] ॥ ११ ॥

बाल इव मद्गतिरपि
(बालक इव मन्दगतिः)
सामाचारीविचारदुर्गम्ये
अत्रामूवं गतिमां-
स्तेषां हस्तावलम्बेन ॥ १२ ॥ "

આ પ્રમાણે દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી પ્રકાશિત અને પંન્યાસ શ્રી આનન્દસાગર (કાલાંતરે સૂરિ બનેલા અને હવે સ્વર્ગસ્થ) દ્વારા સંશોધિત આવૃત્તિમાં ઉલ્લેખ છે. ચોખંડા તેમજ ધનુષ્યાકાર

---

૧ આ કૃતિનાં પહેલાં ૧૯ પદ્યો, એ પૂરતી સ્વોપજ્ઞ વૃત્તિ અને એ બન્નેના ગુજરાતી ભાષાંતર " શ્રી ધર્મસંગ્રહ ભાગ ૧લો "ના નામથી " જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ " તરફથી પાલીતાણાથી વિ. સં. ૧૯૬૧માં પ્રસિદ્ધ કરાયો છે. ત્યારબાદ સંપૂર્ણ મૂળ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ તેમજ ન્યાયાચાર્યકૃત ટિપ્પણો સહિત દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી બે ભાગમાં અનુક્રમે વિ. સં. ૧૯૭૧ અને ૧૯૭૪માં છપાવાઈ છે.

કોંસમાંનાં લખાણ એ સંશોધક મહાશયના છે. આને લઇને ૧૧મા પદ્યના બે અર્થ ઉદ્ભવે છે

ઉપર્યુક્ત ત્રણ પદ્યોનું ગુજરાતી ભાષાંતર હું નીચે મુજબ કરું છું :—

શુદ્ધ તર્કને (ગ્રહણ કરવાના કાર્યને) વિષે કર્કશ (તીક્ષ્ણ) બુદ્ધિવડે જેમણે સમાત દર્શનોમાં મૂર્ધન્યતાને એટલે કે અગ્રેસરપણાને પ્રાપ્ત કરેલ છે, જેઓ 'તપ'-ગચ્છના નાયક છે, જેમણે કાશીમા પરયૂથિકની એટલે કે અજૈન દર્શનીયોની આગળ પડતી સભાઓને જીતીને ઉત્તમ જૈન દર્શનના પ્રભાવને વિસ્તાર્યો છે, જેમણે તર્ક, પ્રમાણો અને નયોના મુખ્ય (મહત્ત્વપૂર્ણ) વિવેચનવડે, આદિમ (પહેલાના) મુનિઓના શ્રુતકેવલિપણાને જણાવ્યો છે અર્થાત્ જેમની તર્કાદિને અંગેની વિવેચનશક્તિ જોતા પૂર્વે તકેવલી થઇ ગયા છે એવો બોધ થાય છે, તેમજ જેઓ 'વાચકોની શ્રેણિમા મુખ્ય છે એ યશોવિજયે આ ગ્રન્થના પરિશોધનાદિવડે (અને પાઠાંતર પ્રમાણે ખરેખર આ ગ્રથની યોજના વગેરે વડે) મારા ઉપર ઉપકાર કર્યો. સામાચારીના વિચારને (રજૂ કરવાને) લઇને દુર્બોધ એવા આ ગ્રથમા હું બાળકની જેમ મદગતિવાળો હોવા છતા, એમના હાથના અવલમ્બનથી (ટેકાથી) ગતિ કરી શકયો.

આ ઉપરથી નીચે મુજબની છ બાબતો ફલિત થાય છે —

(૧) ન્યાયાચાર્ય યશોવિજય તીક્ષ્ણ બુદ્ધિશાળી હતા—તાર્કિક હતા, સમસ્ત દર્શનોમા નિષ્ણાત હતા, 'તપ' ગચ્છના આગેવાન હતા, કાશીમા પરયૂથિકના એઓ વિજેતા બન્યા હતા, ન્યાયશાસ્ત્રના પ્રખર વિવેચક હતા, અને વાચકોમા મુખ્ય હતા.

(૨) યશોવિજયે ધર્મસંગ્રહની વૃત્તિનુ સશોધન વગેરે કાર્ય કર્યું હતુ. પાઠાંતર પ્રમાણે એની યોજના વગેરેનું કાર્ય કર્યું હતું.

(૩) યશોવિજયે સામાચારીના નિરૂપણમાં સહાયતા કરી હતી.

(૪) પ્રસ્તુત સ્વોપજ્ઞ વૃત્તિ સામાચારીના નિરૂપણને લઇને દુર્બોધ છે.

(૫) માનવિજય ગણિએ પોતાની નમ્રતા અને કૃતજ્ઞતા દર્શાવી છે.

(૬) માનવિજય ગણિને યશોવિજયની વિદ્વતા માટે ખૂબ માન હતું.

બીજા સશોધક લાવણ્યવિજયને અંગે મુદ્રિત પ્રશસ્તિમા નિમ્નલિખિત પદ્ય ચોખડા કોંસમા જોવાય છે:—

" सिद्धान्तव्याकरणच्छन्द'—
काव्यादिशास्त्रनिष्णातै. ।
लावण्यविजयवाचकशक्रै
समशोधि शास्त्रमिदम् ॥१३॥ "

આનો અર્થ એ છે કે સિદ્ધાન્ત, વ્યાકરણશાસ્ત્ર, છન્દશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર ઇત્યાદિમા નિષ્ણાત એવા વાચકેન્દ્ર લાવણ્યવિજયે આ શાસ્ત્રનું સશોધન કર્યું.

આ ઉપરથી ચાર પ્રશ્ન ઉદ્ભવે છે:—

(૧) યશોવિજય જેવા ધુરંધર વિદ્વાને સંશોધન કર્યું હોવા છતાં શુ અન્ય સશોધકની જરૂર પડી ?

અહીં એ ઉમેરીશ કે વૃત્તિનું બધ્ધે સશોધકોએ સશોધન કર્યું હોવા છતા પ્રશસ્તિના નવમા પદ્ય દ્વારા માનવિજય ગણિએ વિદ્વાનોને પોતાની આ કૃતિનું સશોધન કરવા કૃપા કરવા વિનવ્યા છે.

(૨) પ્રશસ્તિમા યશોવિજયને 'વાચકોની શ્રેણિમા મુખ્ય' કહ્યા છે અને લાવણ્યવિજયને 'વાચકોમા શક્ર' કહ્યા છે તો શુ વાચકોમા બે શ્રેષ્ઠ છે ? જો એમ હોય તો શ્રેષ્ઠતાનો અર્થ શો ?

(૩) લાવણ્યવિજયને લગતી હકીકત ચોખંડા કોંસમાં અપાઇ છે તો શું એને લગતુ પદ્ય પ્રક્ષિપ્ત છે ?

(૪) [1]લાવણ્યવિજય તે કોણ ? એમણે પ્રસ્તુત

---

1 શુભવિજયે વિ. સ ૧૬૬૫મા કાવ્યકલ્પલતા ઉપર જે મકરન્દ રચ્યો તેનુ સશોધન મેરુવિજયના શિષ્ય લાવણ્યવિજયે કર્યું હતુ. જુઓ જૈ. સા. સં. ઇ. (પૃ. ૫૯૪) આ લાવણ્યવિજય તો પ્રસ્તુત ન હોઈ શકે, એમ જણાય છે

વૃત્તિનું સંશોધન કરવા ઉપરાંત સાહિત્યક્ષેત્રમાં એમનો શો ફાળો છે ?

ટિપ્પણકાર–દે. લા. જે. પુ. સંસ્થા તરફથી પ્રકાશિત આવૃત્તિમાં સ્વોપજ્ઞ વૃત્તિમાં ચારું પંક્તિમાં ચોરસ કૌંસમાં ટિપ્પણોને સ્થાન અપાયું છે. આ સંસ્કૃત ટિપ્પણો પહેલા ભાગ પૂરતાં મર્યાદિત નથી, બીજા ભાગમાં પણ કોઇ કોઈ સ્થળે છે. દા.ત. બીજા ભાગના પત્ર ૬૯ અ માં ટિપ્પણો છૂટાછવાયાં હોવાથી તે કયા કયા પત્ર ઉપર છે તેનો ખ્યાલ આપનારી યાદી અપાઇ હોત તો ઠીક થાત. આ ટિપ્પણોના રચનાર ન્યાયાચાર્ય યશોવિજયગણિ છે એમ બંને ભાગના પત્ર ૧ અમાં નિમ્નલિખિત ઉલ્લેખ જોતાં જણાય છે:–

"धर्मसंग्रहः न्यायविशारद–न्यायाचार्यश्रीमद्-यशोविजयप्रणीतान्तर्गततिप्पणीसमेतः"

આ ઉલ્લેખ સંશોધક મહાશયે કર્યો હશે. જો એમ જ હોય તો આગમોદ્ધારક શ્રી આનંદસાગર-સૂરિજીના મતે ટિપ્પણકાર ન્યાયાચાર્ય જ છે.

શ્રી વિજયપદ્મસૂરિજીનો પણ આ જ મત છે એમ એમના "જૈન સત્યપ્રકાશ" (વર્ષ ૧, અંક ૮–૯)માં છપાયેલા અને ત્યારબાદ "શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ"-માં છપાયેલા લેખ (પૃ. ૨૦૦) ઉપરથી જાણી શકાય છે. અહીં એમણે નીચે મુજબનું વિધાન કર્યું છે:–

"ધર્મસંગ્રહ ટિપ્પણ–મૂલકાર ઉપાધ્યાય શ્રીમાન-વિજયજીના ગ્રંથ ઉપરનું ટિપ્પણ, ભાવનગરથી જૈન આત્માનંદ સભા તરફથી પ્રગટ થયું છે."

આ સભા તરફથી સ્વતંત્ર પુસ્તકરૂપે ટિપ્પણ છપાયાનું મારા જાણવામાં નથી. એમ ન છપાવાતાં એને બદલે જો કોઇ કૃતિની સાથેસાથે એ ટિપ્પણો છપાયાં હોય તો એનું નામ સૂચવવા મારી તજ્જ્ઞોને સાદર વિજ્ઞપ્તિ છે. જો બેમાંથી એક પણ પ્રકારે એ ન જ છપાયાં હોય તો ઉપર્યુક્ત વિધાન ભ્રાન્ત ગણાય.

ધર્મસંગ્રહના–પ્રથમ વિભાગમાં ૭૦ પદ્યો છે. એ પદ્યોનું અને સાથે સાથે એની ૯૩૫૪ (૯૪૨૩–૭૦) શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિનું તેમજ એ વૃત્તિમાં યથાસ્થાન દાખલ કરાયેલાં ટિપ્પણોનું ગુજરાતી ભાષાંતર મુનિશ્રી ભદ્રંકરવિજયજીએ કર્યું છે, અને એ, ઉપર્યુક્ત ૭૦ પદ્યો તેમજ વિવિધ સાક્ષીપાઠો સહિત[1] વિ. સં. ૨૦૦૯માં પ્રકાશિત કરાયું છે. આના પૃ. ૭માં નીચે પ્રમાણેનું ટિપ્પણ ભાષાંતરકારે કર્યું છે:–

"આવા કાટખૂણાવાળું લખાણ પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરનું હોવાની માન્યતા છે."

આ ઉપરથી એમ લાગે છે કે ભાષાંતરકાર, ઉપર્યુક્ત ટિપ્પણોના કર્તા ન્યાયાચાર્ય જ છે એમ બેધડક માનતા નથી.

ટિપ્પણકાર ન્યાયાચાર્ય જ છે એમ કહેવા માટે મને કોઇ પ્રબળ પ્રમાણ જેમ મળ્યું નથી તેમ એ ટિપ્પણો અન્યકર્તૃક છે એમ કહેવા માટે પણ કોઇ વિશિષ્ટ પુરાવો હજુ સુધી તો મળ્યો નથી.

ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિનાં ટિપ્પણો સ્વતંત્ર-પણે રજૂ કરતી કોઇ હાથપોથી હોય તો તેની નોંધ જિનરત્નકોશ(વિભાગ ૧)માં છે કે નહિ એ જાણવા માટે મેં આ ગ્રન્થ જોયો તો જણાયું કે એવી કોઇ હાથપોથી અહીં નોંધાયેલી નથી. અહીં ધર્મસંગ્રહનું પરિમાણ ૧૫૬૦૮ શ્લોકનું દર્શાવાયું છે અને એ વિ. સં. ૧૭૩૮ માં રચાયાનો ઉલ્લેખ છે. આ પરિમાણ મૂળ કૃતિનું છે જ નહિ. એ તો સ્વોપજ્ઞ વૃત્તિનું અને તે પણ ટિપ્પણ સહિતનું હશે. જો એમ જ હોય તો ટિપ્પણોનું પરિમાણ ૧૦૦૬ (૧૫૬૦૮–૧૪૬૦૨) શ્લોકનું ગણાય. ધર્મસંગ્રહના રચનાવર્ષનો ઉલ્લેખ એમાં નથી, પરંતુ એની વૃત્તિ અને એની પ્રશસ્તિના ચૌદમા પદ્ય પ્રમાણે "પૃથ્વી–યુગ–મુનિ–ચન્દ્ર" થી ધોતિત વર્ષમાં એટલે કે

[1] ત્યારબાદ આજ દિન સુધીમાં પ્રથમ ભાગની બીજી આવૃત્તિ કે દ્વિતીય ભાગ પ્રસિદ્ધ થયેલ હોય તો તે મારા જોવા–જાણવામાં નથી.

વિ. સં. ૧૭૩૧ માં રચાઈ છે. 'પૃથ્વી'થી 'આઠ' સમજવાનું કોઈ વિઘ્ન હોય તો ૧૭૩૮ એવું વર્ષ દર્શાવી શકાય. શબ્દાંક જ જો કોઈ હાથપોથીમાં ભિન્ન હોય તો તે વાત જુદી છે.

ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિની હાથપોથીઓ અને તેમાં પણ લિપિકાળના ઉલ્લેખવાળી, તપાસાય તો ટિપ્પણકાર કોણ છે તે ઉપર પ્રકાશ પડવા સંભવ છે. માનવિજયગણિએ પ્રશસ્તિમાં "सं शोधनाद्यैः" અને પાઠાંતર પ્રમાણે "योजनाद्ये" દ્વારા ન્યાયાચાર્યને 'ટિપ્પણકાર' સૂચવ્યા હોય તો ના નહિ.

આ પરિસ્થિતિમ ધર્મસંગ્રહની વૃત્તિના ટિપ્પણોના કર્તા તરીકે ન્યાયાચાર્યનો ઉલ્લેખ સર્વથા ન જ કરાય તો તે ભારી નમ્ર સમજ પ્રમાણે સમુચિત ન ગણાય અને એવી તો યશોદોહનમાં મેં એ ટિપ્પણોની નોંધ મે સ્થળે લીધી છે, અને આ પૂર્વે, સ્તુતિચતુર્વિંશતિકાની મેં વીરસંવત્ ૨૪૫૪ માં સંસ્કૃતમાં લખેલી ભૂમિકા(પૃ. ૧૦૭)માં તેમજ ઇ. સ. ૧૯૫૩ માં પૂર્ણ કરેલ. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ (ખંડ ૨, ઉપખંડ ૩, પ્રકરણ ૩૦) માં ઉલ્લેખ કર્યો છે.

---

૧ યશોદોહનના જે બે ખંડ (પ્રથમ ખંડનું નામ બાલ્ય જીવનની રૂપરેખા છે) છે તે પૈકી 'યશઃકવન' નામના દ્વિતીય ખંડના ત્રીજા ઉપખંડના સાતમા પ્રકરણમાં તેમજ "કૃતિકલાપ" નામના પ્રથમ પરિશિષ્ટમાં.

૨ અહીં જે "ધર્મસંગ્રહ" ઉલ્લેખ છે તેને બદલે 'ધર્મસંગ્રહ વૃત્તિ' એમ જોઉએ. વિશેષમા પૃ. ૯૯-૧૦૯ માં ન્યાયાચાર્યનો કૃતિકલાપ અને એને લગતી કેટલીક વિગતોમાં મે રજૂ કરેલ છે તેમાં યોગ્ય સુધારાવધારાને માટે અવકાશ રહેલો છે અને એનો અમલ મે યશોદોહનમાં યથાશક્ય કર્યો છે.

संतप्तायसि संस्थितस्य पयसो नामापि न श्रूयते
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।
स्वात्यां सागरशुक्तिसंपुटगतं तज्जायते मौक्तिकम्
प्रायेणाधममध्यमोत्तमगुणाः संसर्गतो जायते ॥

(ભુજંગી)

પડે તપ્ત લોહા પરે વારિ જ્યારે, રહે નામ નિશાન તેનું ન ત્યારે;
પડે પદ્મપત્રે કહિ તે જ વારિ, દિસે આકૃતિ મોતીના તુલ્ય સારી.
કહિ સ્વાતિ નક્ષત્રમાં લાભકારી, પડે સાગરે છીપમાં તે જ વારિ;
બને તો ખરે તે જ મોતી અમૂલ્ય, કહો કોણ છે શ્રેષ્ઠ સંસર્ગ તુલ્ય.
ગુણો નેક સામાન્ય કે શ્રેષ્ઠ તેમ, મળે ભાઈ સંસર્ગ જેવો જયમ;
કરો સુજ્ઞ તે માટે સૌ સંગ સારો, રૂડી રીતિ આ ના કદિયે વિસારો.

મહત્ત્વાકાંક્ષા

(ગતાંક પૃષ્ઠ ૧૧૭ થી શરૂ)

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

જે યુવકો અવ્યવસ્થિત રીતે જીવન વહન કરવામાં સંતોષ માને છે, જે પોતામાં જે કાંઇ છે તેનાથી અર્ધ સંતુષ્ટ છે, જેઓએ પોતાની શક્તિના અલ્પાંશનો ઉપયોગ કર્યો છે, જેઓની શક્તિઓનો સર્વથા દુરુપયોગ થાય છે-નકામી જાય છે તેવા યુવકો કંઈ પણ ઉપયોગી કાર્ય કરવાને સમર્થ થઈ શકતા નથી. જેઓમાં મહત્ત્વાકાંક્ષા, શક્તિ, ઉત્સાહ વગેરેની ખામી છે, અત્યલ્પ પ્રતિરોધ કરવો પડે એવા માર્ગે ચાલવા જેઓ ખુશી હોય છે અને જેઓ ઓછામાં ઓછો પરિશ્રમ લે છે, તેવા યુવકો તરફથી કંઇપણ ઉપયોગી કાર્યની આશા રાખવી નિરર્થક છે. તેઓમાં જીવનના પાયારૂપ કશું હોતું નથી કે જેના ઉપર ઇમારત બાંધી શકાય. પાયાના રૂપમાં તેઓની પાસે શરૂઆતમાં જે કંઇ હતું તે સર્વ નિરુપયોગી થઈ પડ્યું છે. આ ઉપરથી એવા નિર્ણય પર આવી શકાય કે જે યુવક પોતે હમણાં કરે છે તેનાથી સંતુષ્ટ થતો નથી, જે હંમેશા તેમાં સુધારો કરવાનો નિશ્ચય કરે છે અને જે પોતાના કાલ્પનિક આદર્શોને સત્ય કરવા મથે છે તે જીવનક્ષેત્રમાં વિજયી નીવડે છે. ઘણાખરા માણસોની બાબતમાં એક મુશ્કેલી એ ઊભી થાય છે કે તેઓના આદર્શો અત્યંત નિકૃષ્ટ અને સાધારણ કોટિના હોય છે, તેઓ પોતાની આશાઓને તેજસ્વી રાખતા નથી અથવા તો મહેચ્છાઓ પૂરતા પ્રમાણમાં જીવતી નથી. તેઓ પશુની માફક જ જીવન ગુજારે છે. આત્મોન્નતિ કરવાની ઇચ્છા રાખનારે ઉચ્ચ વિચારો અને ઉચ્ચ ઇચ્છાઓ કેળવવા જોઇએ. દૃષ્ટિ નીચે રાખી ઊંચે ચઢવાનું કાર્ય અશક્ય છે. કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ થયા પહેલાં તે વસ્તુ માટે મહેચ્છા જાગવી જોઇએ જેમ જેમ સુધારો આગળ વધે છે તેમ તેમ ઇચ્છાઓ ઉચ્ચ બનતી જાય છે; અને જેમ જેમ ઇચ્છાઓ ઉચ્ચતર થાય છે તેમ તેમ લોકો ઉન્નતિક્રમમાં પ્રગતિ કરતા થઇ જાય છે.

અહિં એવો પ્રશ્ન કદાચ ઉપસ્થિત થાય કે પ્રત્યેક માણસ પોતાના લક્ષ્યસ્થાને પહોંચે અને પોતાના ઉચ્ચ અભિલાષોનું સાફલ્ય પ્રાપ્ત કરે તો મનુષ્ય જાતિનું શું થશે ? કોઈ પણ માણસ પોતાની ઇચ્છામાં આવશે તે કરતાં વધારે કાર્ય કરવા ઇચ્છશે ! હલકાં કાર્યો કરવાનું કોણ માથે લેશે ! આના ઉત્તરમાં એ જ કહેવાનું કે ધારો કે જગતના સર્વ મનુષ્યો ધનવાન માતાપિતાના પુત્રો અને પુત્રીઓ હોય અને સર્વ લોકો પોતાનો સમય મોજમજામાં નિર્ગમન કરવામાં અને પોતાને પ્રતિકૂળ લાગતાં કાર્યોથી જેમ બને તેમ અલગ રહેવામાં અને તેને તજી દેવામાં જીવનની કૃતકૃત્યતા સમજતા હોય તો પણ આવા લોકોથી વસાયલી દુનિયાને જંગલી અવસ્થા પુનઃ મેળવવામાં કેટલો બધો સમય લાગશે !

સહેજ વધારે ઊંચે ચઢવાના, સહેજ વધારે શુદ્ધ ક્રિયાવિમાં મૂકવાના, વધારે સારી કેળવણી સંપાદન કરવાના, વધારે વિકાસ અને સંસ્કૃતિ પ્રાપ્ત

કરવાના, સંપત્તિની પ્રાપ્તિથી સત્તાથી સમન્વિત થવાના મનુષ્યોના પ્રયત્નો તે બીજું કંઇ નથી પરંતુ જેનાથી મનુષ્યજાતિના એક આદર્શભૂત વ્યક્તિયોના ચારિત્ર્ય અને સત્ય વિકાસ પામ્યા છે તે જ છે. આપણા જીવનની ઊર્ધ્વગતિ અન્ય લોકોમાં આપણા માટે શ્રદ્ધાની પ્રેરણા કરે છે.

જેવી રીતે અરણ્યમાંથી બાકુડી લોકોને દોરવામાં મોઝીસે માર્ગદર્શકનું કાર્ય કર્યું હતું તેવી રીતે મનુષ્યજાતિને મુશ્કેલીરૂપી અરણ્યમાંથી નિવૃત્તિપ્રદ પ્રદેશમાં દોરી લાવવામાં મહત્વાકાંક્ષા માર્ગદર્શક અથવા તો નેતાનું કાર્ય બજાવે છે. ખરું છે કે મનુષ્યજાતિનો મોટો ભાગ એટલે બધો પછાત છે કે નિવૃત્તિપ્રદ પ્રદેશ તેઓને દૃષ્ટિગોચર થાય એ પણ લગભગ અસંભવિત છે; તેમ છતાં એ પણ ખરું છે કે અર્ધ-જંગલી દશા ભોગવતા મનુષ્યોમાં કંઇક સુધારો થયો છે.

મહેચ્છાઓ લોકોને સુધારાની તુલામાં મૂકે છે. કોઇ પણ વ્યક્તિના અથવા પ્રજાના આદર્શોથી તેની વર્તમાન સ્થિતિનું તેમજ ભવિષ્યની શક્યતાનું માપ થઇ શકે છે. જીવનના દરેક ક્ષેત્રમાં આપણા આદર્શો અને મહેચ્છાઓ ઉચ્ચતર અને સ્વચ્છતર બનતા જાય છે. ઉત્કર્ષ અને સુધારાની ગતિ એટલી બધી વેગવાળી છે કે પ્રત્યેક પ્રયત્ન કરવામાં પહેલા કરતા મહત્તર ઇચ્છાઓ, ઉચ્ચતર આદર્શો, ઉચ્ચતર બુદ્ધિ અને પ્રયાસની અપેક્ષા છે. આદર્શોથી આખી માનવજાતિ ક્રમે ક્રમે પરિવર્તન પામી ઉન્નતિના શિખર પર સ્થિત થાય છે અને અંતે પ્રત્યેક વ્યક્તિ જે તેનો જન્મસિદ્ધ હક છે એ સુખદ સ્થિતિમાં મૂકાય છે.

પોતે જે કાંઇ પ્રાપ્ત કર્યું છે તેનાથી જે સંતુષ્ટ થઇ બેસી રહે છે તે જ માણસ ઉન્નતિક્રમમાં આગળ વધતો અટકી જાય છે; પરંતુ ઉન્નતિક્રમમાં આગળ વધતા મનુષ્યને તો અખિલતામાં, પરિપાકમાં મહાન ન્યૂનતાનો જ ભાસ થયા કરે છે. અને પ્રત્યેક વસ્તુ અપૂર્ણ જ ભાસે છે. કારણ કે તે હમેશાં આગળ ને આગળ વધવાને પ્રયત્નશીલ હોય છે. આગળ વધતો માણસ પ્રાપ્ત વસ્તુઓથી હમેશાં અસંતુષ્ટ રહે છે. વધારે ને વધારે ઉચ્ચતા અને સંપૂર્ણતા માટે સતત પ્રયત્નશીલ રહે છે. ઉચ્ચગામી થવાની ટેવ, મધ્યકાલ કરતાં આજે કંઇક વિશેષ સારું કરવાનો યત્ન, ભૂતકાળમાં કોઇએ તે કરતાં વર્તમાનમાં કંઇક વિશેષ સારા થવાનો યત્ન-આ સર્વથી જીવનપંથમાં આગળ વધવામાં જે સહાય મળે છે તે બીજી કોઇ પણ વસ્તુથી મળતી નથી.

જેઓ આપણા કરતાં ઉચ્ચતર પદે સ્થિત થયા હોય છે, જેઓએ આપણા કરતાં વધારે સારી કેળવણી પ્રાપ્ત કરી હોય છે અને આપણા કરતાં વિશેષ સંસ્કૃતિને પામ્યા હોય છે, જે જે વિષયોનું આપણે અત્યલ્પ જ્ઞાન ધરાવીએ છીએ તે તે વિષયોમાં જેઓ આપણા કરતાં વધારે ઊંડા અનુભવી નીવડ્યા હોય છે તેવા મનુષ્યોના નિત્ય સહવાસથી આપણને ઉન્નતિના માર્ગે આગળ વધવામાં અદ્ભુત સહાય મળે છે. જ્યારે કોઇ વ્યક્તિની વૃત્તિઓ અધોગમન કરે છે, જ્યારે તે પોતાના કરતાં હલકી કોટિના મનુષ્યોના સહવાસમાં રહે છે, અને જ્યારે તે હલકા પ્રકારની ભ્રષ્ટ કરનારી મોજમજા મેળવવા યત્ન કરે છે ત્યારે તેનો અધઃપાત અને અપકર્ષ કેટલી ત્વરાથી થાય છે તે વિચાર કરતાં સહજ સમજી શકાય તેમ છે. એથી ઊલટું જે ક્ષણે આ ક્રમ બીજી દિશામાં બદલવામાં આવે છે કે તરત જ ઉચ્ચગામી વૃત્તિ અને પ્રગતિ તેટલી જ વેગવાળી બને છે.

જીવનમાં મહત્વાકાંક્ષા સેવવાની ટેવ એક પ્રકારની ઉન્નત કરનાર અને મહાન કરનાર શક્તિ છે. તેનાથી માનસિક શક્તિઓ વિશાળ અને વિસ્તૃત બને છે, ગુપ્ત રહેલી શક્તિઓ જાગૃત થાય છે. આ ઉપરાંત તેનાથી મહાન આંતરિક બળને પ્રોત્સાહન મળે છે અને સામાન્ય સંજોગોમાં જે સામર્થ્ય ગૂઢ પડી રહે છે તે સચેતન, ઉદ્યુક્ત અને ઉત્તેજિત થાય છે. જેને લઇને મનુષ્યને કાર્ય કરવામાં કંટાળો આવતો નથી, જેનાથી કાર્યનો ભાર હલકો થાય છે અને કાર્ય કરવાનો માર્ગ સરળ બને છે એવી મહત્વાકાંક્ષાથી જો માણસ પ્રોત્સાહિત થતો નથી તો તે કંઇ પણ

મહાન કાર્ય કરવા સમર્થ થતો નથી. જે માણસ એક ગુલામ અથવા ઊતરી ગયેલા ઘોડાની માફક કાર્ય હાથમાં લે છે તે કદિ પણ પ્રકાશમાં આવી શકતો નથી. કોઈ પણ નાનામોટા કાર્યને માટે મહત્વાકાંક્ષા ઉત્સાહ અને પ્રેમ હોવા જોઇએ; નહિ તો પરિણામ શૂન્ય જ આવવાનું તે નિશ્ચિત વાત છે.

અનુકૂળ પરિસ્થિતિમાં મુકાઇને જીવનમાં વિજયી નીવડવું એ દુષ્કર કાર્ય છે,-પરંતુ આપણને સોંપાયલા કાર્ય પરત્વે પ્રેમ રાખવો તે અજબ સહાય અને શક્તિ આપનાર ઔષધિ સમાન છે. ઉત્સાહ આપણને જય અને વિઘ્નોથી અજાણ રાખે છે. જો તમને તમારી મહત્વાકાંક્ષા ક્ષીણ થતી લાગતી હોય, તમને તમારા કાર્ય માટે પહેલાં જેવો ઉત્સાહ ન લાગતો હોય, તમને તમારા કાર્યમાં રસ ન પડતો હોય તો સમજવું કે કોઈક સ્થળે કંઇક સડો હોવો જોઇએ. કદાચ તમને સત્ય સ્થાન મળ્યું નથી, કદાચ નિરાશાજનક સંજોગોને લઇને તમારો ઉત્સાહ ઘટાઇ ગયો હોય; ગમે તેમ હોય, તો પણ જો તમને તમારી મહેચ્છાઓ ક્ષીણ થતી જણાતી હોય, કાર્ય કરવું કંટાળાભરેલું લાગતું હોય અને હમેશાં કાર્ય કરવાનો કંટાળો વધતો જતો લાગતો હોય તો તેના ચાંપતા ઉપાયો લેવાને તમારાથી બને તેટલું કરવામાં વિલંબ કરવો જોઇએ નહિ. તમે અમુક કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય અને તેના સંબંધમાં જેમ તમે કહો છો તેમ તમે કરો તો ઉત્સાહ વધારવાનું કામ લેશ પણ મુશ્કેલ લાગશે નહિ હમેશના પરિશ્રમ વગર મિત્રતા નભી શકે નહિ. આ નિયમ મહત્વાકાંક્ષાના સંબંધમાં પણ સત્ય નીવડે છે.

પોતાની અંદરનો અગ્નિ શાંત થઇ જવાથી ઘણા લોકોને આપણે પાટા પરથી ખસી ગયેલા જોઇએ છીએ, તેઓના બોઇલરોમાં પાણી ફરી જવાથી તેઓની ગાડી આગળ ચાલી શકતી નથી, છતાં પૂર્ણવેગે દોડનારી ગાડીઓને પમાર થતી જોઇને તેઓ આશ્ચર્ય પામે છે. તેઓ ભૂલી ગયા હોય છે કે શાંત થઈ ગયેલા અગ્નિથી તેઓની ગાડીયો કદિ પણ પૂર્ણ વેગથી ચાલી શકશે નહિ. આ લોકો તેઓના પાટાને ઊંચા કરતા નથી, સડકનો સમુદ્ધાર કરતા નથી, પોતાના એન્જીનમાં વરાળ થાય ત્યાં સુધી પાણી ઉકાળતા નથી તથાપિ તેઓ પોતાના લક્ષ્યસ્થાને પહોંચતા નથી તો તેઓ ફરિયાદ કરે છે. તદ્દન નવી સડક પર અને નવા એન્જીનો મુકિત ઝડપથી દોડી જતી પોતાના સાથીની ગાડીના કરતાં પોતાની ગાડીનો વેગ કેમ મંદ પડી ગયો છે તે તેઓ સમજી શકતા નથી. તેઓની ગાડી ખરાબ થઈ ગયેલી સડક પરથી ઊતરી જાય છે તેનો આરોપ તેઓ પોતાના કમનશીબ અથવા દુર્ભાગ્ય ઉપર મૂકે છે.

(ચાલુ)

વાચકોને વિનતિ

શ્રી જૈન 'આત્માનંદ પ્રકાશ'નો આગામી અંક હવે ૧૫મી સપ્ટેમ્બરના રોજ પ્રગટ થશે. લેખકો પોતાના લેખો સવેળા મોકલી આપે એવી વિનતિ છે.

ભેટ મળશે

'અષ્ટાન્હિકા વ્યાખ્યાન'ની પ્રત સાધુ-સાધ્વી તથા જ્ઞાનભંડાર આદિ સંસ્થાઓને ભેટ આપવાની છે. જરૂરીયાત હોય તેઓએ પોસ્ટ ખર્ચના ૨૬ નવા પૈસા શ્રી હીરાચંદ હરગોવિંદ શાહ-રતનપુરી મ્યુનર, ભાવનગરના શીરનામે મોકલીને પ્રત મંગાવી લેવા વિનતિ છે.

Reg. N. B. 431

માયાનો પ્રભાવ

આપણા હૃદયનો પ્રત્યેક ધબકારો, આપણી પ્રત્યેક ભાવના આપણને નિઃસ્વાર્થતા કેળવવાનું કહે છે. આપણે સમજીએ છીએ કે નિર્લેપતા, નિઃસ્વાર્થતામાં જ સુખ છે સ્વાર્થ—આસક્તિ સર્વ દુઃખોનું મૂળ છે. આવો ઉપદેશ બીજાઓને આપવામાં પણ આપણે પ્રવીણતા બતાવીએ છીએ, તે છતાં દૈવી અને આસુરી સંપત્તિઓ વચ્ચે આપણી અંદર યુધ્ધ શરૂ થાય છે ત્યારે આપણે જ નિમ્ન પ્રકૃતિને વશ થઈ જઈએ છીએ જગતમાં જેમની પાસે સત્તા હોય છે તેઓ જ્યારે તેનો દુરુપયોગ કરીને બીજા ઉપર જુલમ ગુજારે છે ત્યારે કેટલાક નાહિંમત લોકો તેમનો વિરોધ કરી જરૂર પડે તો વિપ્લવ પણ કરીને તેમની પાસેથી સત્તા છીનવી લે છે. પણ અમુક કાળ પછી આ પ્રમાણે અન્યાય નામે ઝઝલાવનારાઓ જ સત્તાના મદને વશ થઈને સ્વાર્થ સાધવા માંડે છે જે આદર્શને માટે બલિદાન આપ્યું હોય તને ભૂલી જઈને પોતે જ ચિત્તના કઠિન વિકારોને તાબે થઈ જાય છે. આ માયા નો પ્રભાવ છે.

દરેક સંતાન પોતાનું સાગર જન્મથી જ મહત્વાકાંક્ષી અને સર્વગુણસંપન્ન. અસાધારણ કોટીનું લાગે છે સાગરક યુવાવસ્થા પ્રાપ્ત કરે, દુરાચારી થાય, માતાને માન આપે તેના ભરણપોષણ તરફ ધ્યાન ન આપે સારી પેઠે રાજ્યે, અપમાન કરે તો પણ જેમ જેમ હેરાનગતિમાં વૃધ્ધિ થતી જાય છે તેમ તેમ માતાની આસક્તિ માં પણ વધારો થતો જાય છે આને જ માયા કહે છે. માયાનો વ્યાપાર અતિ જટિલ છે. આપણે બધા માયાના વર્ચસ્વ નીચે જ છીએ માયાને ઓળંગવાનું કાર્ય દુસ્તર છે.

—સ્વામીશ્રી અદ્વૈતાનંદજી

મુદ્રક અને પ્રકાશક :— હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રિં. પ્રેસ : ભાવનગર



સહાનુભૂતિ

સહાનુભૂતિ એ દાઝતા જીવોને માટે શીતલ પાણીની પરબ છે. સહાનુભૂતિ એ દીપક છે. વાસના અંધકારમાં અથડાતાં હૃદયનો એ આધાર છે. વાસનાના તિમિરમાં જીવન-દેડી ખોઇ બેઠેલા માનવીનો એ પથદર્શક છે. આ દીપની સૌ કોઇએ માવજત કરવી જોઇએ. એની ચીમની કાળી ન થઇ જાય, એના પર મેશના થર બાઝી ન જાય તે માટે દરરોજ એને માંજતા રહેવું જોઇએ. એની સ્વચ્છ ચીમની દ્વારા નીકળતો પ્રકાશ સૌ કોઇને મળ્યાં કરશે. પ્રભાતે બીજા દીપકો ભલે બુઝાઇ જાય, પણ સહાનુભૂતિનો આ દીપ કદી ન બુઝાય એની પૂરી કાળજી લેવી જોઇએ.

'સંચનાની પગદંડીએ'

૧૧૮૦

विषयानुक्रम

૧.	કાયમનું ઘર		૧૪૫
૨	પ્રભુ મહાવીર ક્યાં મળશો ?	(શ્રી પાદરાકર)	૧૪૬
૩.	ક્ષમાપના	(વસંતકુમાર બી. દોશી)	૧૪૭
૪.	શ્રી સુવિધિનાથ જિન સ્તવન	(અમરચંદ માવજી શાહ)	૧૪૮
૫.	ભક્તિ સમર્પણ શી રીતે કરાય ?	(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર')	૧૪૯
૬.	મિથ્યાત્વ અને તેના ભેદો	(પં. શ્રી સુશીલવિજયજી ગણિ)	૧૫૦
૭.	વામન અને વિરાટ	(મગનલાલ ડી. શાહ)	૧૫૩
૮.	મહત્વાકાંક્ષા (સંપૂર્ણ)	(વિઠ્ઠલદાસ મૂ. શાહ)	૧૫૭
૯.	એ રમણી-રત્નોના ચરણમાં	(શ્રી મોહનલાલ દી ચોકસી)	૧૬૧
૧૦.	શ્રી સિદ્ધચક્રજીની આરાધના	(મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી)	૧૬૩
૧૧.	જર્મન તત્વજ્ઞાની નિત્શે એક પરિચય	(પ્રો. જયંતિલાલ ભા. દવે)	૧૬૭

અગત્યનું

આ સભા તરફથી આજ સુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઈંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો નાના-મોટા ગ્રંથો પ્રગટ કરવામા આવ્યા છે, તેમાંના મોટા ભાગના ગ્રંથો તો તરત ખપી જવાથી હાલ સ્ટોકમાં નથી, અને જે કંઈ સ્ટોકમાં છે તેમાથી પણ ઘણી નકલો આજે ખલાસ થવા આવેલી છે.

ખાસ રાહતથી આપવાના ગ્રંથો અમુક પ્રમાણમાં જ કાઢવામા આવ્યા છે અને તે સૌ પહેલાં સભાના સભાસદ બન્ધુઓને આપવાના છે અને તે ઉપરાંત જૈન ગ્રથભંડારો-પુસ્તકાલયો કે પૂજ્ય મુનિમહારાજોને પણ આ લાભ આપવામાં આવશે.

૧. જ્ઞાનપ્રદીપ : આ ગ્રથમા સ્વ. આચાર્ય વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલ આધ્યાત્મિક લેખોનો સર્વ-સંગ્રહ રજૂ કરવામા આવેલ છે તેમાના લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન-દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકમાં આત્મસિદ્ધિને માટે આ ગ્રંથ ખાસ વાંચન-મનન કરવા જેવો છે. લગભગ છ સો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતા તેની કિંમત માત્ર રૂા. ૮-૯-૦ રાખવામાં આવેલ છે. જ્યારે ખાસ રાહત તરીકે તેની કિંમત ૬-૦-૦ લેવામાં આવશે (રવાનગી ખર્ચ અલગ)

૨ કથારત્ન કોશ : —ભા. ૧-૨. આજ સુધીમાં પ્રગટ નહિ થએલ એવી કથાઓનો સંગ્રહ આ બન્ને ભાગમાં આપવામાં આવેલ છે. દરેક કથા સરળ શૈલિએ અને ધાર્મિક-સંસ્કાર પ્રેરતી રહે તે રીતે આલેખવામા આવેલ છે.

તેના પ્રથમ ભાગની કિંમત રૂા. ૧૦-૦-૦ તથા બીજા ભાગની કિંમત રૂા. ૮-૦-૦ છે. એમ છતાં તે આપને અનુક્રમે રૂા. ૮-૦-૦ અને રૂા. ૬-૮-૦થી આપવામાં આવશે. જ્યારે બન્ને ભાગના રૂા. ૧૮-૦-૦ને બદલે માત્ર રૂા. ૧૩-૦-૦ લેવામાં આવશે (રવાનગી ખર્ચ અલગ.)

લખો:- **શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**



વર્ષ ૫૫ મું] સં. ૨૦૧૪ દ્વિતીય શ્રાવણ-ભાદ્રપદ [અંક ૧૦-૧૧

કાયમનું ઘર

संसयं खलु सो कुणइ जो मग्गे कुणइ घरं ।
जत्थेव गंतुमिच्छेज्जा तत्थ कुव्वेज्ज साश्वयं ॥

ચાલતાં ચાલતાં માર્ગમાં ઘર કરવું એ ખરેખર સંદેહભરેલું છે. જ્યાં જવાની ઈચ્છા છે ત્યાં જ શાશ્વત ઘર કરવું જોઇએ.

જેમ સાર્થવાહ નગર નગરમાં ફરતાં ક્યાંય ઘર કરતો નથી, પરંતુ જ્યાં પોતાને કાયમ રહેવાનું છે ત્યાં ઘર કરે છે તેવી રીતે જીવે ભવોભવમાં ભટકતાં ક્યાંય પણ ઘર કરવું ન જોઇએ, પરંતુ જ્યાં પોતાને કાયમ રહેવાનું છે ત્યાં જ શાશ્વત ઘર કરવું જોઇએ. એટલે કે સંસારમાં ભવભ્રમણ વધે અને સંસારમાં સ્થિર થઇ જવાય તેમ નહિ વર્તતાં જલદી મુક્તિધામે-શાશ્વત ઘરે પહોંચી જવાય તેવું વર્તન કરવું જોઇએ.

પ્રભુ મહાવીર ક્યાં મળશો ?

(આશા રાગ)

ક્યાં મળશો પ્રભુ વીર ! વહાલા ! ક્યાં ?

ઉપાશ્રયો પૌષધશાળામાં લાધ્યાન મેરુ-ગંભીર !
સૂરીશ્વરોના વ્યાખ્યાને, મેં શોધ્યા બની અધીર ! વહાલા.

દેરાસરના ગર્ભદ્વારે. ઉત્સવ-ઉપધાને ધીર !
વરઘોડા-દીક્ષા-દાને, નવ નીરખ્યા પ્રભુ મહાવીર ! વહાલા.

યાત્રાધામો અવલોકયાં, સ્નાને શેત્રુંજી-નીર !
પુસ્તક-પાને-ચર્ચાં વાદે, જડ્યા ન જલ-સર-ગીર ! વહાલા.

દિગંબરો, ઢૂંઢક, તેરા, શ્વેતાંબર તાતાં તીર-
લઢતાં નવ પામ્યા તુજને, ઓ છુપાયેલા મહાવીર ! વહાલા.

કુસુમ લચ્યાં ઉદ્યાને ઝૂકે, વૃક્ષરાજી ગંભિર !
કલકલ નાદ-નિનાદે પણ તું, જડ્યો નહિં શૂરવીર ! વહાલા.

તિર્થિચર્યાં ને તામ્ર મંદિરે, કોર્યાં આગમ ચીર !
સુપન ઉતાર્યાં, ઝૂલ્યાં પારણું, પ્રતિક્રમણ નમી શિર ! વહાલા.

તપ ત્યાગે તન ખૂબ તપાવ્યો, બાળી વિકાર-શરીર,
મિથ્યા દુષ્કૃત જીભ કહે, ત્યાં ડોકાયો ન લગીર ! વહાલા.

લક્ષ્મીનંદન રાય-રંક મ્હોલાતે સાગર તીર !
આરસ-હીરા-પન્ના આંગી, ક્યાંય મળ્યો નવ મીર ! વહાલા.

જૈન અયાયક રાહત શોધે, નભ આંખડી અધીર,
કોન્ફરન્સ મંડપ વ્યાખ્યાને, કાનૂનની જંજીર ! વહાલા.

વિમળ વિજય સાગર ખરતરથી સમાચારીનાં થીર !
ત્યજી વ્યાખ્યાનો, અલગ ભાષણે, મળ્યો ન આત્મફકીર ! વહાલા.

ચૌમેયાં, સુહેપત્તી, મુખબંધન, કેશલોચને શિર-
સાધુ પરિષદ શાસ્ત્રાર્થે, વર ક્રિયાનુષ્ઠાને ધીર ! વહાલા.

વૃદ્ધો મંદિરે ઉપાશ્રયો, મન રાખી જેમ તેમ સ્થિર !
આલ આંખડી, જોઉં વાટડી, ક્યાં દર્શન ઓ વીર ! વહાલા.

ઝલક થયો પુલકારો, ઝબકયો, ઝબકારો જન્મ ! તીર !
માનવતાના મહેરામણમાં, શ્રધ્ધા-ગ્રીષ્મે-વીર ! વહાલા.
મસ્તયોગ અધ્યાત્મે, પળ-પળ, સ્મરણ રમણ ને નીર !
હું-તું બાળે, પાપ પ્રજાળે, પરદુઃખ ભાગે ભીડ ! વહાલા.
દિલભીતર સમતા સદ્ભાવે, આત્મ ઉજાગર ધીર.
એને હૈયે પરગટ નીરખ્યો, મેં મારો મહાવીર ! વહાલા.
દેહ-દેવળમાં આત્મ-સ્વરૂપે, ઝગહળ જ્યોત-સમીર !
છૂપાયેલો છાનો છતરાયો, થયો આજ મહાવીર ! વહાલા.
મન મારું પોકારે મૂરખા ! કાં ગોતે છે ગીર !
'મણિમય' દર્શન-જ્ઞાન-ચરણથી, પુલકિત હૃદય શરીર ! વહાલા.

પાદરાકર

—— ક્ષમાપના ——

વર્તે જ્યાં જ્ઞાની દશા, મોહ વિનાશ જ થાય;
રાગ દ્વેષ પણ છૂટતાં, પરમ અર્થ પમાય.
આ જીવન ખારું બધું, લેશ ન કરીએ રાગ;
અહીંનું અહીં સમાવીને, જલવું છે મહીં આગ.
પ્રલોભનો સંસારના, જેઓ કર્યાં છે દ્વેષ;
તેથી અંત ન આવતો, મટતો નથી કલેશ.
એમ વિચારી અંતરે, વર્તાવી ભવ ખેદ;
નમાવું છું હું શિષને, ત્યજવા સૌ ઉદ્વેગ.
આપો આપો ક્ષમાપના, અંતર કરે પુકાર;
હું ભાજન છું દોષનો, વિનવું વારંવાર.
"કષાયની ઉપશાંતતા, ક્ષયોપશમે પમાય;"
એ મંત્ર હૃદયે ગૂંથી, કરી છૂટીએ શકયાર્થ.

વસંતકુમાર બી. દોશી

શ્રી સુવિધિનાથ જિન સ્તવન

[આત્મસિદ્ધિના આધારે ષડ્દર્શનની સંક્ષિપ્ત પર્યાલોચના]

(રાગ-રૂષભ જિનેશ્વર પ્રીતમ માહરો)

સુવિધિ જિનેશ્વર વિધવિધ મત મહીં, સત્રૂપ ધર્મ જણાવ;
મત પંથાદિકે જાળે હું ફસ્યો, માર્ગ સાચો બતાવ. સુવિધિ ટેક-૧
કોઇ કહે આતમા જેવું છે નહિ, નહિ પ્રત્યક્ષ પ્રમાણ;
માત્ર દેહ તે આતમા જાણવો, નહિ કંઇ જુદું એધાણ. સુવિધિ....૨
કોઈ કહે આતમા નિત્ય સદા નહિ, દેહની સાથે પ્રકાશ;
દેહ સંયોગથી એ નિત્ય ઊપજે, દેહ વિયોગે રે નાશ. સુવિધિ....૩
કોઇ કહે આતમા કર્મકર્તા નહિ, કર્મનું કર્તા છે કર્મ;
આતમા અસંગ રૂપ સદા ગણો, કર્મ નહિ જીવનો ધર્મ. સુવિધિ....૪
કોઇ કહે આતમા ફળ ભોક્તા નહિ, ફળ પરિણામી ન કર્મ;
ફળદાતા જો ઇશ્વર હોય તો, ભોક્તાપણું ઠરે ધર્મ. સુવિધિ....૫
કોઈ કહે જીવનો મોક્ષ કદી નહિ, શુભાશુભ રૂપ થાય;
દેવ નરકાદિમાં પુન્ય પાપ ફળ, ભોગવતો એ સદાય. સુવિધિ....૬
કોઇ કહે મોક્ષ ઉપાય નહિ મળે, વિધવિધ દર્શનભેદ;
સુવિધિ જિનેશ્વર આ શંકાતણો, ઉડાવી દીઓ છેદ. સુવિધિ....૭
સુવિધિ જિનેશ્વર કહે ભવ્ય સાભળો, વિધવિધ મતનો વિવેક;
સ્યાદ્વાદે કરી સત્ રૂપ જાણજો, જિનમતની ધરી ટેક. સુવિધિ....૮
દેહાધ્યાસે રે દેહ સમ આતમા, પણ બંને નહિ એક;
સર્વ અવસ્થામાં ન્યારો એ સદા, અબાધ્ય અનુભવ છેક. સુવિધિ....૯
આતમા દ્રવ્યથી નિત્ય જણાય છે, પણ પર્યાયે પલટાય;
સર્વ અવસ્થાનું જ્ઞાન છે એકને, તેથી છે નિત્ય સદાય. સુવિધિ....૧૦
ચેતન પ્રેરણા વિણ કોણ કર્મ કરે, જડ સ્વભાવ ન ધર્મ;
જો ચેતન નહિ કરતો પ્રેરણા, તો નહિ થાતાં રે કર્મ. સુવિધિ....૧૧
શુભાશુભ રૂપ ભાવ કર્મનું, શુભાશુભ ફળ થાય;
કર્તાપણા જેમ છે ભોક્તાપણું, સમજો વિચારીને ન્યાય. સુવિધિ....૧૨
શુભાશુભ રૂપ ભાવને છેદતાં, પ્રગટે શુદ્ધ સ્વભાવ,
કર્તા ભોક્તા પર પુદ્ગલ મટી, નિજકર્તા મોક્ષભાવ. સુવિધિ....૧૩

રાગ દ્વેષ અને અજ્ઞાન એ, કર્માશ્રવની છે ગ્રંથ;
જેહથી થાયે નિવૃત્તિ બંધની, તે સંવર મોક્ષ પંથ. સુવિધિ....૧૪
મત દર્શનનાં વિકલ્પને ત્યાગીને, સાધશે સમ્યક્ સંત;
'અમર' દર્શન જ્ઞાન ચરણથકી, નિજ ગુણ થાશે રે રત્ન. સુવિધિ....૧૫

અમરચંદ માવજી શાહ

ભક્તિસમર્પણા શી રીતે કરાય ?

(ભક્ત કહે છે, પ્રભુના ગુણો અનંત છે. એમની સામે ધન પણ પથ્થર જ છે, કલ્પવૃક્ષો પણ કાષ્ટ જ છે. પ્રભુએ પોતાનાં મનને માર્યું છે ત્યારે હું પોતાનું મન પ્રભુના ચરણમાં અર્પણ કરું છું.)

(સ્વાગતા છંદ)

શી રીતે કરવી પ્રભુ પૂજના ?
સાધવી શુભ ભક્તિ સમર્પણા ?
મૂંઝવે પ્રથમે મુજ પ્રશ્ન એ
સાર્થ ઉત્તર માહરું શું હવે ?

જેહના ગુણ અનંત અપાર
વિશ્વમાં ન ગણે કોઇ ધીર
એક શબ્દ વિશે જ સમાવ્યો
મેં અનંત સદા મન ભાવ્યો

રત્નસંચય પથ્થર નો બન્યો
કલ્પવૃક્ષ જ કેવળ કાષ્ઠનો
યોગ્ય સાધન કો' ન સમર્પણા
સ્તબ્ધ થઈ મનની સહુ ભાવના

વૈભવો પદને જસ સેવતા
છે જગત્પતિની અધિકારિતા
શું કરું પદવી શુભ અર્પણા
ચિત્સમર્પણની કરું પૂજના

જે પ્રભુ સ્વમનને પણ મારે
ત્યાં દિસે ન મન નિશ્ચિત ત્યારે
અર્પણા નિજના મનની કરું
સ્હેજમાં ભવવારિધિ હું તરું

'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ

મિથ્યાત્વ અને તેના ભેદો

પં. શ્રી સુશીલવિજયજી ગણિ.

"न मिथ्यात्वसमः शत्रु-
र्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो,
न मिथ्यात्वसमं तमः ॥"

વિશ્વમાં શત્રુઓ અનેક હોય છે, પણ મિથ્યાત્વ સમાન કોઇ શત્રુ નથી; જગતમાં વિષ-ઝેર અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઈ ઝેર નથી, દુનિયામાં રોગ ઘણા હોય છે પણ મિથ્યાત્વ સરખો કોઇ રોગ નથી; અને આલમમાં અંધારું પણ અનેક પ્રકારનું હોય છે છતા પણ મિથ્યાત્વ જેવું કોઈ અંધારું નથી.

મિથ્યાત્વ

તત્ત્વતાત્ત્વ શ્રી તીર્થંકર પરમાત્માએ-સર્વજ્ઞ વિભુએ મિથ્યાત્વને સમ્યક્ત્વના હરિફ-પ્રતિપક્ષી તરીકે પ્રતિપાદન કરેલ છે. આ મિથ્યાત્વ કર્મરાજાના સામ્રાજ્યમાં સુંદર ભાગ ભજવે છે. જગતના અનેક જંતુઓ-પ્રાણીઓ તેના સકંજામાં સપડાએલા છે. પછી ભલેને તે પ્રાણી દેવગતિમાં હોય, માનવગતિમાં હોય, તિર્યંચ ગતિમાં હોય કે નરકગતિમાં હોય.

મિથ્યાત્વ એટલે શું ?

(૧) મિથ્યાત્વ એટલે નિર્મલ આત્માને મલિન નાર મોહનીય કર્મનો મલિન કાદવ-કચરો.

(૨) મિથ્યાત્વ એટલે આત્માને મોહનીય કર્મની પ્રકૃતિઓ સાથેનો ગાઢ સમ્બન્ધ.

(૩) મિથ્યાત્વ એટલે સુદેવ, સુગુરુ અને સુધર્મમાં કુદેવ, કુગુરુ અને કુધર્મની બુદ્ધિ ઉત્પન્ન કરી આત્માને મૂંઝવી નાખનાર મદિરા.

(૪) મિથ્યાત્વ એટલે કુદેવ, કુગુરુ અને કુધર્મમાં સુદેવ, સુગુરુ અને સુધર્મની બુદ્ધિ ઉત્પન્ન કરનાર મહા અજ્ઞાન.

(૫) મિથ્યાત્વ એટલે સમ્યક્ત્વનો પ્રતિપક્ષી મહા શત્રુ.

(૬) મિથ્યાત્વ એટલે કર્મ સમ્રાટ્નો બાહવીર સુભટ.

(૭) મિથ્યાત્વ એટલે શ્રી સર્વજ્ઞદેવે વણ્વેલ જીવાદિ પદાર્થો વગેરેને વિપરીત જોવાના ઊંધા ચશ્મા.

(૮) મિથ્યાત્વ એટલે આત્માને અધોગતિમાં લઈ જનાર કર્મસત્તાનો અદ્વિતીય દૂત.

(૯) મિથ્યાત્વ એટલે અધર્મની પોષક અલૌકિક વસ્તુ.

(૧૦) મિથ્યાત્વ એટલે મોક્ષનાં દ્વાર બંધ કરનાર મજબૂત અર્ગલા.

(૧૧) મિથ્યાત્વ એટલે વસ્તુસ્વરૂપ પ્રત્યે વિપરીત શ્રદ્ધા, અને તેની વિપરીત પ્રરૂપણા.

(૧૨) મિથ્યાત્વ એટલે આત્માનો મહાભયંકર રોગ.

(૧૩) મિથ્યાત્વ એટલે ધર્મનું ઘનઘોર અંધારું

(૧૪) મિથ્યાત્વ એટલે જગતના જીવોને વિષમય બનાવનાર સર્વોત્કૃષ્ટ ઝેર.

(૧૫) મિથ્યાત્વ ઓટલે અવિરતિ, કષાય અને યોગ એ ત્રિપુટીનો અનુપમ સહચર.

મિથ્યાત્વની વ્યાખ્યા અને અર્થ

પ્રત્યેક શબ્દ અને ધાતુ આદિની સિદ્ધિ વ્યાકરણ શાસ્ત્રથી થાય છે. મિથ્યાત્વ શબ્દ પણ મિથ્યા અવ્યયથી " भावे त्व- तल् [૭-૧-૬૬] એ સિદ્ધહેમ૦ ના તદ્ધિત સૂત્રથી ભાવ અર્થમાં त्व પ્રત્યય આવીને બનેલ છે.

મિથ્યાત્વનો અર્થ-મિથ્યાપણું, વિપરીત ભાવ-વિપરીત શ્રદ્ધાન છે.

મિથ્યાત્વના અનેક ભેદો

મિથ્યાત્વના ભિન્ન ભિન્ન દૃષ્ટિએ ભિન્ન ભિન્ન પ્રકારો પડે છે, ક્રમશઃ તે નીચે પ્રમાણે છે.

[એક પ્રકારે]

શ્રી સર્વજ્ઞ વિભુના વચન પર અવિશ્વાસ તથા જીવાદિ પદાર્થો પર અશ્રદ્ધા તે એક પ્રકારે મિથ્યાત્વ કહેવાય છે.

[બે પ્રકારે]

મિથ્યાત્વ વ્યક્ત અને અવ્યક્ત એમ બે પ્રકારે છે.

(૧) વ્યક્ત મિથ્યાત્વ (૨) અવ્યક્ત મિથ્યાત્વ.

(૧) પ્રમાણ વાક્યો અને યુક્તિવડે એકાંત પક્ષની પુષ્ટિ કરનારા એવા વ્યક્ત-સ્પષ્ટ ચૈતન્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય વગેરે પ્રાણીઓને જે મિથ્યાત્વ હોય છે તે 'વ્યક્ત મિથ્યાત્વ' કહેવાય છે.

(૨) આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણોનું આચ્છાદન કરનાર અને જીવની સાથે સર્વદા સતત ભાવે રહેનાર, અસંજ્ઞી એકેન્દ્રિયાદિકને તથા નિગોદના જીવોને જે મિથ્યાત્વ હોય છે તે 'અવ્યક્ત મિથ્યાત્વ' કહેવાય છે.

વળી મિથ્યાત્વ દ્રવ્ય અને ભાવ એમ બે રીતે છે.

[૧] દ્રવ્ય મિથ્યાત્વ [૨] ભાવ મિથ્યાત્વ.

[૧] બાહ્યવૃત્તિથી મિથ્યાત્વનું આચરણ કરે અને અભ્યંતર-અંતરંગ વૃત્તિમાં સમ્યક્ત્વ-સમકિતનું નિર્મળપણું જ હોય તે 'દ્રવ્ય મિથ્યાત્વ' કહેવાય છે. દૃષ્ટાંત—

જેમ રાજાના ઉપરોધથી ગૌરિક તાપસની ભક્તિ કરનાર કાર્તિક શેઠ, અથવા અઢાર દેશના અધિપતિ કુમારપાલ મહારાજાના આગ્રહથી પ્રભાસપાટણના સોમનાથ મહાદેવની યાત્રા કરનાર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

[૨] શ્રી સર્વજ્ઞ વિભુના વચન પર જે અનાદર કરવો તે 'ભાવ મિથ્યાત્વ' કહેવાય છે. દૃષ્ટાંત-મિથ્યાતી જીવો.

વળી મિથ્યાત્વ વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારે પણ છે.

(૧) વ્યવહાર મિથ્યાત્વ (૨) નિશ્ચય મિથ્યાત્વ.

આ બન્ને મિથ્યાત્વની ઘટના દ્રવ્ય મિથ્યાત્વ અને ભાવ મિથ્યાત્વની જેમ સમજવી.

[ત્રણ પ્રકારે]

મિથ્યાત્વ માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણ પ્રકારે છે.

[૧] માનસિક મિથ્યાત્વ [૨] વાચિક મિથ્યાત્વ [૩] કાયિક મિથ્યાત્વ.

[૧] 'હું પોતે જ આ કામ કરું, અથવા અન્ય કોઈ પાસે કરાવું, અથવા અન્ય કોઈએ કરેલ હોય તે સારું કર્યું' એમ અનુમોદના કરું' આ પ્રમાણે મિથ્યાત્વ માટે મનમાં જે ચિંતવે-વિચારે તે 'માનસિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૨] 'હું પોતે જ આ કાર્ય કરું, અથવા અન્ય કોઈને કહે કે, તું આ કાર્ય કર, અથવા અન્ય કોઈએ કરેલ હોય-તે સારું કર્યું' એમ બોલી તેની અનુમોદના-પ્રશંસા કરે' એ પ્રમાણે મિથ્યાત્વ માટે જે

વચનથી ઉચ્ચારે તે 'વાચિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૩] 'પોતે કરે, અથવા હાથ વગેરેની સંજ્ઞા-વડે બીજા પાસે કરાવે, અથવા અન્ય કોઈએ કરેલ હોય તેને અનુમોદે' એ પ્રમાણે મિથ્યાત્વ માટે જે કાયાથી પ્રવૃત્તિ કરે તે 'કાયિક મિથ્યાત્વ' કહેવાય છે.

[ચાર પ્રકારે]

મિથ્યાત્વ પ્રરૂપણા, પ્રવર્તન, પરિણામ અને પ્રદેશ એમ ચાર પ્રકારે છે.

(૧) પ્રરૂપણા મિથ્યાત્વ (૨) પ્રવર્તન મિથ્યાત્વ (૩) પરિણામ મિથ્યાત્વ (૪) પ્રદેશ મિથ્યાત્વ.

(૧) શ્રી જિનેશ્વરદેવે જણાવેલા-પ્રરૂપેલા માર્ગથી સ્વમતે વિપરીત પ્રરૂપણા જે કરવી તે 'પ્રરૂપણા મિથ્યાત્વ' કહેવાય છે

(૨) મિથ્યાત્વ વધે એવું સ્વમતે વિપરીત-અવળું પ્રવર્તન જે કરવું તે, 'પ્રવર્તન મિથ્યાત્વ' કહેવાય છે.

(૩) શ્રી જિનેશ્વર વિભુએ જણાવેલ તત્ત્વના અર્થને યથાર્થ નહીં સદ્દહતા તેનો મનઃકલ્પિત અર્થ કરી, તેમા અસત્ય કદાગ્રહ જે પકડી રાખવો તે 'પરિણામ મિથ્યાત્વ' કહેવાય છે.

(૪) સત્તારૂપે આત્મામા રહેલી અનંતાનુબંધી [ક્રોધ-માન-માયા-લોભરૂપ] કષાયની ચાર અને સમકિત-મિશ્ર-મિથ્યાત્વમોહનીયની ત્રણ, એ કુલ જે સાત પ્રકૃતિ તે 'પ્રદેશ મિથ્યાત્વ' કહેવાય છે.

[પાંચ પ્રકારે]

(૧) આભિગ્રહિક મિથ્યાત્વ (૨) અનભિગ્રહિક મિથ્યાત્વ (૩) આભિનિવેશિક મિથ્યાત્વ (૪) સાંશયિક મિથ્યાત્વ (૫) અનાભોગિક મિથ્યાત્વ. એમ પાંચ પ્રકારે છે.

[૧] અન્ય દર્શનીઓએ-મિથ્યાદર્શનીઓએ સ્વ-સ્વ શાસ્ત્રમાં કથન કરેલ કલ્પિત હકીકતને પરીક્ષા કર્યા-વગર સત્ય માની લેવી, અને તેનો જે કદાગ્રહ કરવો તે 'આભિગ્રહિક મિથ્યાત્વ' કહેવાય છે.

અથવા પોતે સ્વીકારેલ કુધર્મને છોડે જ નહિં અર્થાત્ મિથ્યાદર્શનની માન્યતાને પ્રમાણરૂપ જ માને તે પણ 'આભિગ્રહિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૨] સત્ય અસત્ય સર્વદર્શનોને, તેમના અભિમત દેવ, ગુરુ અને શાસ્ત્રોને શંકા ને પરીક્ષા વિના જ સાચા માનવા અર્થાત્ સર્વધર્મને એકસરખા જે માનવા તે 'અનભિગ્રહિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૩] યથાસ્થિતપણે વર્ણન કરાતા શ્રી અર્હત્ દર્શન પરના મત્સરભાવને લઈને, તેનું જાણીબૂઝીને જે ખંડન કરવું તે 'આભિનિવેશિક મિથ્યાત્વ' કહેવાય છે.

અથવા અજાણતાં ઉત્સૂત્રપ્રરૂપણા કર્યા બાદ, સાચું તત્ત્વ જાણ્યા છતાં પણ કદાગ્રહપૂર્વક સ્વમતને જ સ્થાપન કર્યા કરે તે પણ 'આભિનિવેશિક મિથ્યાત્વ' કહેવાય છે.

અથવા અજ્ઞાતભાવે સૂત્રના ભાવાર્થની ઉત્સૂત્ર-પ્રરૂપણા કરતા એવા તેને કોઈ સાચું સમજાવીને નિવારે, છતાં પણ પોતાના કદાગ્રહને છોડે જ નહિં તે પણ 'આભિનિવેશિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૪] પોતાને ક્ષયોપશમની મંદતાને લઈને સૂત્રમાં, અર્થમાં કે સૂત્રાર્થમા શંકા થતાં, તેનું સમાધાન કોઈ પણ જ્ઞાનીને પૂછે નહિં અને સંશયમાં જ જે રહે તે 'સાંશયિક મિથ્યાત્વ' કહેવાય છે.

અર્થાત્ શ્રીસર્વજ્ઞ વિભુએ પ્રરૂપેલા સિદ્ધાંતોમાં સંશય રાખવો તે સાંશયિક મિથ્યાત્વ કહેવાય છે.

જેમ શ્રી તીર્થંકર પરમાત્માએ નરક અને નિગોદ વગેરે જણાવેલ તે હશે કે કેમ? એવી જે શંકા કરવી તે.

[૫] તત્ત્વાતત્ત્વનો વિચાર કાંઈ પણ જેઓ જાણતા નથી તે 'અનાભોગિક મિથ્યાત્વ' કહેવાય છે.

અર્થાત્ સાચું કે ખોટું કંઈ પણ અજાણપણે જે સમજે નહિં તે અનાભોગિક મિથ્યાત્વ કહેવાય છે.

જેમ પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિય જીવોને અજ્ઞાન રૂપ આ મિથ્યાત્વ અનાદિકાળથી લાગેલું હોય છે તેમ.

(ક્રમશઃ)

વામન અને વિરાટ

મગનલાલ ઠી. શાહ, બાજીપુરાવાળા

શરદ પૂર્ણિમાની રઢિયાળી રાત હતી. ચંદ્રમાએ પોતાના રૂપેરી કાન્ત કિરણોથી વસુંધરાને મઢી દીધી હતી. સુધાંશુ અમૃતધારા વરસાવી રહ્યો હતો. ચંદ્ર શી શીતળતા વ્યાપી હતી. મોટી થાળી જેવો રૂપના ઝળહળતા રાશિ સમો ચંદ્રમા ગગનપટમાં ક્યારેક વાદળમાં પોતાનું મોઢું છુપાવતો. જાણે કોઇ નવોઢા પત્ની ઘુંઘટમાં મુખડું છુપાવી દર્શન તરસવા પતિને વિહ્વળ બનાવતી હોય! પણ ઘુંઘટમાં છુપાયેલું સ્ત્રીનું રૂપ ઘુંઘટ દૂર થતાં જેમ અધિક રમણીય લાગતું તેમ વાદળમાં છુપાયેલો ચંદ્ર વાદળમાંથી બહાર નીકળતાં અધિક રમણીય લાગતો. અનેક પ્રસુપ્તમાં મસ્ત બનેલા યુગલોના સ્નેહસાગરમાં શરદ પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રથી ભરતી આવતી.

નાનાં બાલુડાં પણ ગાતાં—

> મા મને ચાંદલીયો વહાલો,
> મા મને રમવાને આલો.

પરંતુ જેમ ચંદ્રને જોઇને પ્રસુપ્ત મસ્તી અનુભવનારા સ્નેહીઓ હતા તેમ તેને જોઇને હૃદયમાં સંતાપ અનુભવનારા વિરહી જનો પણ હતા. કોઇક નવોઢા નારીનાં પરદેશ ગયેલા પિયુની વાટડી જોતાં તેનાં અધીરાં નયનનાં નીર પણ સુકાઇ ગયા હતાં. કોઇક પત્નીવિયોગી પુરુષ પણ એમ જ વિરહના તાપમાં બળી રહ્યો હતો.

એ જ પ્રમાણે ઇર્ષ્યાનો અગ્નિ જેને ભડકે ભડકે બાળી રહ્યો છે એવા આકાશ સાગરમાં તરતા તારલીયાઓને થયું. 'જગત આખું ચંદ્રને પૂજે છે. ચંદ્રની સૌમ્ય કાંતિ નિહાળવા ઝંખે છે; જ્યારે આપણી સામું તો કોઇ નજર સરખીયે નથી કરતું.'

પણ એ બિચારા તારલીયાઓને ક્યાં ખબર હતી કે ચંદ્ર તો પૂર્ણ હતો. એ તો નિઃસ્પૃહભાવે અકારણ લોકોને શીતળતા અને પ્રકાશ અર્પતો હતો.

તારલીયાઓ સહુ એકત્ર થયા અને ચંદ્રમા પાસે પહોંચ્યા; અને વિનંતિ કરી,—

"હે ચંદ્રમા! તમે અમને અન્યાય કરો છો. તમારા પ્રકાશ આગળ અમારો પ્રકાશ ઝાંખો પડે છે, એટલે અમારી ભૂતળમાં કાંઇ કિંમત નથી, માટે તમે થોડાક દિવસ પ્રકાશવાનું બંધ કરો."

ઋજુ સ્વભાવવાળા, ઉદાર અને વિશાળહૃદયી ચંદ્રમાએ એમની વિનંતિનો સ્વીકાર કર્યો.

પ્રતિપદાને દિવસે ચંદ્રમાએ પોતાનો પ્રકાશ સહેજ ઓછો કર્યો.

તારલીયાઓની અધિરાઇ વધવા લાગી. શું દાળમાં કાળું તો નહિ હોય ને!

બીજને દિવસે ચંદ્રમાએ સહેજ વધુ પ્રકાશ ઘટાડ્યો.

તો પણ અધીરાઇમાં ઝળાકુળ અને ઈર્ષ્યામાં અંધ બનેલા તારલીયાને તો જરા પણ સંતોષ ન થયો. ધીમે ધીમે ક્રમાનુસાર નિપ્રતિદિન ચંદ્રમાએ પોતાનું તેજ ઘટાડ્યું.

છેવટે અમાસની ઘનઘોર ગાઢ અંધારી રાત

આવી. કાળો કામળો ઓઢીને રજની દેવી તે દિવસે ફરવા નીકળ્યા. તારલીયાઓ ખૂબ હરખાણા.

"હાશ! આજે આપણો પ્રકાશ ખૂબ આકર્ષક લાગશે. મૃત્યુલોકના માનવી હવે જરૂર આપણી તરફ ટગર ટગર જોશે." પરંતુ સારું સૌ કોઈને ગમે. નઠારું કોને ગમે? પૂર્ણિમાનો પ્રકાશ સૌને ગમે અમાવાસ્યાનુ અંધારું કોને ગમે? એટલે માનવીએ આકાશ તરફ મીટ સરખી યે માંડી નહીં, આથી તારલીયા ખૂબ મૂંઝાણા. અને બીજાયા કે "મૃત્યુલોકના માનવી પણ કેવા વિચિત્ર છે? ચંદ્રમાની સામે ટગર ટગર જુએ છે અને એની પૂજા કરે છે. જ્યારે આપણી સામે કોઇ નજર સરખી પણ નથી કરતા!"

એમણે જઇને ચંદ્રમાને વિનંતિ કરી

"હે ચંદ્રમા, પુનઃ પ્રગાશો. અમારો અભરખો પૂરો થયો. અમે માનતા હતા કે મૃત્યુલોકનાં માનવી અમારી કદર બૂઝશે, પણ એ તો બધા નગુણી છે."

"હે પ્યારા તારકગણ! એમ નથી તમારી જ એમાં ભૂલ છે. તમે તમારી જાતનું મૂલ્યાંકન વધુ કર્યું છે. વામન વિરાટને માપવા નીકળે તેમ તમે મારી સરસાઈ કરવા નીકળ્યા છો. હું જો તમને તે દિવસે એમ કહેત કે આ બધુ તમારા ગજા બહારનું છે, તો તમે ન માનત, તમે મને સ્વાર્થી ગણત. તે દિવસે તમે અભિમાનમા છકી ગયા હતા. એટલે તે વખતે ઉપદેશ આપવાને યોગ્ય સમય નહોતો એ તો ઊલટું પ્રકોપનું કારણ બનત.

મને પણ લોકો પૂજે છે. પણ હું નિઃસ્વાર્થભાવે નિરપેક્ષપણે અહંકાર રહિત એમને શીતળતા અને પ્રકાશ અપું છું. તેનો જ આ પ્રભાવ છે."

આપણે ઇચ્છીએ કે લોકો આપણું મૂલ્ય વધુ આકે, આપણી પ્રશંસા અને પૂજા કરે, પરંતુ તેની હાલ ઉપર અવળી અસર પડે છે.

જે માગે છે તેને નથી મળતું. જે નથી માગતો એને મળે છે. કીર્તિની પાછળ દોડવાની જરૂર નથી. કીર્તિ તો આપમેળે આવીને મળે છે. કીર્તિલોભ એ પણ દુર્ગુણ છે સત્ત્વનો પૂજારી કદિ કીર્તિલોભી હોતો નથી, કારણ કે કોઇપણ પ્રકારનો લોભ સત્ત્વને હણે છે.

કીર્તિ પાછળની દોટ આપણને ઇર્ષ્યા અને અભિમાન કરવા પ્રેરે છે. પારકાનું તેજ આપણે સહન કરી શકતા નથી. તેજોદ્વેષના રોગથી આપણે પીડાઇએ છીએ.

જ્ઞાની ભાખ્યા બોલ છે કે,
અભિમાન ન કરીશ લગાર.
માન ગળે તો જ જ્ઞાન મળે

માટે નિજના અહમને ઓગાળી જ્ઞાનીઓએ ચીંધેલા માર્ગે જવું એ જ સજ્જનોનું પરમ ભૂષણ છે.

શુક્લપક્ષ આવ્યો.

શુક્લપક્ષની બીજને દિવસે બીજનો ચંદ્ર જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યાં. શૃંગોન્નતિ જોઇને તેજમંદી વિષયક કલ્પના કરવા લાગ્યા.

આ જોઇ તારલીયાઓને દૃઢ પ્રતીતિ થઇ કે વામણો વિરાટને માપવા નીકળે એ ખરેખર મૂર્ખાઇની પરમ અવધિ છે.

× × ×

ભાદરવાના ભીંડાને પણ આવી જ અવળી મતિ સૂઝી.

ભાદરવાના ભીંડાભાઇ ખૂબ વિકાસ પામ્યા. એટલે એમને થયું હજુ વધુ વિકાસને અવકાશ છે. પરંતુ આ વડલાભાઇ આપણી આડે આવે છે.

"હે વૃક્ષરાજ! તમે મારી પ્રગતિમા રૂકાવટ કરી મને હડહડતો અન્યાય કરી રહ્યા છો. તમારો વણછો જો ન પડે તો મારો ખૂબ વિકાસ થાય. હું લોકોને કેટલો બધો ઉપયોગી બનું! લોકો મને જોઇને રાજીના રેડ થઇ જાય."

વૃક્ષરાજ વડલો તો મોટા મનનો હતો. એ સમ-

જતો હતો કે એનું જીવન તો તાપથી તપેલાને, પરિશ્રમથી થાકેલાને વિશ્રાંતિ આપવા માટે છે. એની ઘનઘોર ઘટાદાર છાયામાં અનેક પથિકજન વિશ્રાંતિ પામતા.

પરંતુ मूर्खाणां उपदेशो प्रकोपाय न तु शान्तये । એ ન્યાયે વડલો શાંત રહ્યો.

સૌમ્યપણે એણે જણાવ્યું, "હે ભીંડાભાઇ, તારા વિકાસની આડે આવવાનું મને કાંઇ કારણ નથી. એથી મને કાંઇ લાભ નથી, પરંતુ બે ત્રણ મહિના જરા ધીરજ રાખ. પછી જરૂર મારાથી તને પડતી અગવડ હું દૂર કરીશ."

શરદ ઋતુ વ્યતીત થતાં સૂર્યનો પ્રકાશ વડલાનાં પાંદડાઓમાં થઇને ભીંડાભાઈ ઉપર પડવા લાગ્યો. આમ તો ભીંડાભાઇ હરામ હાડકાના માનવીની જેમ અક્કડપણે ખૂબ વધ્યા હતા એટલું જ એટલે સૂર્યનો તાપ એમનાથી સહન ન થયો. ભીંડાભાઈ સાવ સૂકાઈ ગયા. એમણે વડલાને વિનંતિ કરી.

"હે વૃક્ષરાજ! જરા મારા તરફ દયા રાખી મારું રક્ષણ કરો."

"ભીંડાભાઈ! હવે હું લાચાર છું. તમારે વિકાસ સાધવો હતો. હું તમારા માર્ગમાં અવરોધરૂપ હતો. એ અવરોધ દૂર થતાં હવે તો તમારાં આનંદની સીમા નહિ રહી હોય."

"હે વૃક્ષરાજ! દાઝ્યા ઉપર ડામ શા માટે દો છો? માફ કરો. મારી ભૂલ હવે મને સમજાઈ છે."

જે પોતાનું મૂલ્યાંકન વધુ આંકે છે એ પોતાની જાતને છેતરે છે. આત્માની છેતરપીંડી જેવી બીજી કઈ મૂર્ખાઇ હોઈ શકે?

પરંતુ ભીંડાભાઇને થયેલું જ્ઞાન સમયસરનું ન હતું. બહુ મોડું થયું હતું.

આખરે ભીંડાભાઈ સાવ સૂકાઈ ગયા. એમનો ખખડધજ થયેલો દેહ ખડી ગયો.

+ + + +

અધૂરો ઘડો છલકાય છે. પૂર્ણ ઘડો કદિ છલકાતો નથી.

ઉપકારીઓનાં ઉપકારો ભૂલી જઇને એમનો તેજોદ્વેષ કરનારા—એમની પ્રગતિમાં આનંદ ન માણતાં એમની અસૂયા કરનારા એમની માસાઈ કરવા મેદાને પડે છે. એવાઓનો વિનિપાત નિશ્ચિત છે.

આમ્રવૃક્ષ જેમ ફલવંતું બને તેમ નમ્ર અને વિનયી બને છે અર્થાત્ એની ડાળીઓ નીચે નમે છે.

માનવી પણ જેમ મહાન બને તેમ નમ્ર અને વિનયી બને છે.

જ્યારે માનવીના મસ્તકમાં અભિમાનનો કીડો રાળવળે છે ત્યારે પતનની શરૂઆત થાય છે.

આત્માર્થી માનવી જો અધ્યાત્મ દશાને વરેલો હોય—વરવા ઇચ્છતો હોય તો કદિ અભિમાનથી અભડાય નહિ.

અભિમાન તો કાળમુખો છે. એ તો જ્ઞાની પણ ગર્વ કરે તો એને પણ ગળી જાય.

વિરાટને ગર્વની વર્ગણા હોય જ નહિ.

બાહુબળી જેવા ઉગ્ર તપસ્વીને પણ કેવળજ્ઞાન-પ્રાપ્તિમાં કોઈ અવરોધક તત્ત્વ હતું તો તે કેવળ અભિમાન જ.

રૂપના અભિમાનથી સનત્કુમારની કેવી અવસ્થા થઇ! અને અભિમાનનો અંધકાર પટ દૂર થતાં શિવ-સુંદરીને વર્યા.

અતિશય માનવીને હોય પણ ખરો. પૂર્વના પુણ્યબળે કોઇને રૂપાતિશય હોય, કોઇને ધનાઢ્યાલિ-ભદ્રના જેવી ઋદ્ધિ સિદ્ધિ પણ પ્રાપ્ત થાય.

પણ તેથી શું?

એ તો—

ચાર દિનકી ચાંદની ફીર અંધેરી રાત. મુમુક્ષુ તે જ છે કે જે મહી પર હોય. મદોન્મત્ત બનેલો માનવી આત્મવિમુખ બને છે. મદજ્વરથી પીડાતો

માનવી ભવરોગની વૃદ્ધિ કરે છે. સાતમી મદાવસ્થાએ પહોંચેલો ગજરાજ પોતાનો વિનાશ નોતરવા સાથે અનેકના વિનાશનું નિમિત્ત બને છે.

મદ અને મોહ માનવી પોતાનું અહિત કરવા સાથે અનેકના અહિતનું કારણ બને છે.

ઈર્ષ્યા અને અભિમાન બંનેનો પરિત્યાગ એ જ કલ્યાણનો સાચો માર્ગ છે.

પ્રગતિનું એ જ પાદચિહ્ન (Footstep) છે.

અજ્ઞાની અજ્ઞાનવશે દોષમાં પડે, જ્યારે અભિમાની જાણી જોઇને હાથમાં દીવો લઇને કૂવામાં પડે છે.

જેમ ભેજ કપડાનો નાશ કરે છે તેમ ઈર્ષ્યા માણસને ખાઇ જાય છે.

જેમ નાના કુતરાઓ અજાણ્યા માણસો પ્રત્યે ભસે છે તેમ ઘણા લોકો પરમપુરુષનો અવર્ણવાદ બોલે છે.

અભિમાન એ નાશની નિશાની છે, દોષ એ પડતીની નિશાની છે

વિરાટની વિશાળતાને-ઉદારતાને વામણો પીછાણે તો વામણો જરૂર દ્વેષી મટીને અનુરાગી બને.

વિરાટ સાગર જેવો ગંભીર અને ઉદાર હોય છે, જ્યારે વામણો ખાબોચીયા જેવો છીછરો અને મલિન-વૃત્તિ ધરાવે છે.

વિરાટ સ્વશક્તિ ઉપર મુસ્તાક રહે છે, જ્યારે વામણો પોતાની શક્તિનું અધિક મૂલ્યાંકન કરી અભિમાનમાં રાચે છે. વિરાટ સત્ત્વગુણી હોય છે જ્યારે વામણો તમોગુણી હોય છે. ઈર્ષ્યા અને અભિમાનજન્ય દોષ એને તમોગુણી બનાવે છે.

વિરાટ એટલે ગુણાનુરાગી અને વામણો એટલે ગુણદ્વેષી.

હંસની ચાલ ચાલનાર કાગડાભાઈ સેવાળમાં ફસાઈ પડ્યા તેમ વામણ વિરાટની ચાલ ચાલવા જતાં ફસાઈ જાય છે.

આ છે વામન અને વિરાટનો ભેદ.

अशनं मे वसनं मे जाया मे बन्धुवर्गो मे।
इति मे मे कुर्वाणं कालवृको हन्ति पुरुषाजम् ॥

(રચિરા છંદ)

મારું ભોજન, મારાં વસ્ત્રો, તન, ધન, જન આ મારા રે,
સગાં સહોદર સુત આ મારા, મારી છે આ દારા રે,
મે મેં કરતાં માનવ મેંઢા, એમ જ વય વહી જાશે રે,
કાળ વરુ વિકરાળ આવીને ક્ષણમાં ઝડપી ખાશે રે.

મહત્ત્વાકાંક્ષા

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ
(અઠ્ઠાડના અંકથી સંપૂર્ણ)

જે લોકોની જગતમાં કશી ગણના નથી, જેઓ સુસ્ત અને મધ્યમ કોટિના છે એવા લોકો મહત્ત્વાકાંક્ષાના અભાવે નિષ્ફળતા પ્રાપ્ત કરે એમાં નવાઈ જેવું નથી. માણસ ગમે તેટલો નિર્ધન હોય તો પણ જો તેને જ્ઞાનામૃતનો આસ્વાદ લેવાની ઉત્કંઠા હોય છે, સુધારણાને માટે તીવ્ર ઇચ્છા હોય છે તો તે ગમે તે રીતે પોતાનો માર્ગ કરી શકે છે; પરંતુ જગતમાં આગળ વધવાને જેનામાં મહત્ત્વાકાંક્ષાનો અભાવ છે એવા લોકોને ઉત્તેજિત કરવાનો, સચેતન કરવાનો કોઇ પણ માર્ગ નથી. કંઇક ઉપયોગી કાર્ય કરવાને અને જગતમાં મહાન થવાની મહેચ્છા સેવનાર માણસને પાછો હઠાવવાનું કાર્ય સહેલું નથી. તે ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં મુકાયો હોય તો પણ તે ગમે તે રીતે માર્ગ કરશે જ. આવા લોકો પુસ્તકો ખરીદવાને અસમર્થ હોય તો તેઓ પુસ્તકો ઉછીના લઇને પણ કેળવણી મેળવવાના જ. જે યુવક કંઇક વિશેષ સારી વસ્તુને માટે ઇચ્છા રાખે છે તે ગમે તેટલો મૂર્ખ અથવા જડમતિ હોય તો પણ તેનાથી નિરાશ થવાની જરૂર નથી. તમે તમારા જીવનને તદ્દન સામાન્ય લેખતા હો, જગતમાં તમારી કંઇક ગણના થાય એવા પ્રસંગો થોડા હોય, પરંતુ જો તમને કંઇક વિશેષ સારું પ્રાપ્ત કરવાની ઇચ્છા હશે, કંઇક ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાની મહત્ત્વાકાંક્ષા હશે અને મુશ્કેલીમાંથી પસાર થઇ ગમે તે લોગે આગળ વધવા ખુશી હશો તો તમે કૃતકૃત્ય નીવડશો એ નિઃસંદેહ છે. તમારી સ્થિતિ અથવા કાર્ય ગમે તેટલા નિકૃષ્ટ હોય તેની દરકાર નથી. જેવી રીતે આગ્રહપૂર્વક મંડ્યા રહેવાથી અંકુર જમીનમાંથી સપાટી પર આવે છે તેવી જ રીતે સામાન્ય સ્થિતિમાંથી તમે ઉચ્ચ સ્થિતિમાં આવશો એ ચોક્કસ છે.

કોઈ પણ માણસ હમણાં જે કાર્ય કરતો હોય તેનાથી તેને માટે અભિપ્રાય બાંધવામાં આપણે ભૂલ કરીએ છીએ; કેમકે તેનું તે કાર્ય ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાના પગથિયારૂપ હોય. તેણે જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો છે તે જાણીને અને તેની મહત્ત્વાકાંક્ષા જાણીને અભિપ્રાય બાંધો. પોતાના લક્ષ્યસ્થાને પહોંચવાના પગથિયા તરીકે કર્તવ્યનિષ્ઠ માણસ કોઇ પણ શિષ્ટ કાર્ય કરવા તત્પર થશે. દરેક માણસના વાતાવરણમાં એવું કંઇક છે કે જેનાથી તેનું ભવિષ્ય કહી શકાય છે; કારણ કે તેની કાર્ય કરવાની રીતથી અને તેનાં કાર્યમાં જેટલા પ્રમાણમાં તે ઉત્સાહી રહે છે તેનાથી તેનું ભાવિ જીવન કેવું નીવડશે તે કહી શકાય છે.

ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાની આકાંક્ષા અને પોતાનાં લક્ષ્યસ્થાને પહોંચવાના બળ વિના પોતે જે કરે છે તેનાથી કોઈ માણસ અસંતુષ્ટ હોય; પરંતુ પોતાની સ્થિતિથી અસંતોષ હોવો તે તેનામાં મહત્ત્વાકાંક્ષા છે એમ સૂચવતું નથી. તે આળસુ અને પ્રમાદી છે તેમ સૂચવે છે; પરંતુ જ્યારે આપણે કોઇ માણસને અમુક સ્થિતિમાં મુકાયેલો, તે સ્થિતિમાં પૂર્ણતાએ પહોંચવાને પ્રયાસ કરતો, તે સ્થિતિમાં આનંદ માનતો અને છતાં

વધારે ઉચ્ચ અને વધારે સારી સ્થિતિ પ્રાપ્ત કરવાની મહેચ્છા સેવતો જોઈએ છીએ ત્યારે આપણે ખાતરીથી માનીએ છીએ કે તે ઉક્ત સ્થિતિએ પહોંચશે જ. જ્યાં સુધી આપણે કોઇ માણસની મહત્ત્વકાંક્ષાથી અજાણ હોઇએ ત્યાં સુધી તેના વિષે કંઇ પણ અભિપ્રાય આપી શકીએ નહિ જ્યારે યુવાન ફ્રેંકલીન ફીલાડેલ્ફીયામાં પગપેસારો કરવાનો યત્ન કરતો હતો ત્યારે એની ખાનપાનની રીત ઉપરથી વ્યવહારકુશળ માણસોએ ભવિષ્ય ભાખ્યું હતું કે તે ભવિષ્યમાં કોઇ મહાન વ્યક્તિ તરીકે પ્રસિદ્ધિમા આવશે, કેમકે તે ઊંચે ચડવાને પોતાના સર્વ બળથી કામ કરતો હતો અને ચડ્યા એસાડે એવી રીતે તે પોતાની જાતને લક્ષ્યબિંદુએ લઇ ગયો. જે કંઇ કાર્ય તે કરતો તેમાં તે પોતાની શક્તિ એટલી બધી વાપરતો કે લોકોનું ભવિષ્ય કથન સત્ય નીવડયું. જ્યારે તે માત્ર મુદ્રણકળાનું કાર્ય કરતો ત્યારે તેણે બીજા માણસો કરતાં એટલું બધું સારી રીતે કર્યું અને તેની કાર્યપદ્ધતિ એટલી બધી ઉત્તમ અને રસુલ હતી કે લોકોએ એવું ભવિષ્યકથન કર્યું કે સર્વ કામ તેણે જ કરવું.

દૂર દેશમાં વસનારા ઘણા લોકો જે ધોરણે પોતાની શક્તિનું માપ કરી શકે એવા ધોરણોના પરિચયમા આવતા નથી તેઓ શાંતિમયું જીવન વહન કરે છે અને તેઓની આસપાસ એવું કંઈ હોતું નથી કે જેનાથી તેઓની ગુપ્ત શક્તિઓ સચેતન અને જાગ્રત થાય. ઉત્ક્રાન્તિક્રમમા પછાત રહેલા દેશમા વસનાર બાળકની મહત્ત્વાકાંક્ષાઓ માત્ર એકાદ વખત શહેરમાં જવાથી જાગ્રત થાય છે. તેને શહેર જગતના મહાન મેળા અથવા સંગ્રહસ્થાન જેવું લાગે છે શહેરમાં જે પ્રગતિસૂચક જીવન તેની દૃષ્ટિએ પડે છે તેનાથી તેની ઉપર વિજળીક અસર થાય છે, અને તેની આતરિક ગુપ્ત શક્તિઓ સચેતન થાય છે. તેને દૃષ્ટિગોચર થતી સર્વ વસ્તુઓ તેને આગળ વધવાનું આહ્વાન કરતી હોય એમ લાગે છે. શહેરી જીવન અને દેશાટનથી એક મહાન લાભ એ થાય છે કે બીજાની સાથે વારંવાર પરિચયમાં આવવાથી બીજા લોકો સાથે આપણી તુલના કરવાની અને તેઓની શક્તિઓ સાથે આપણી શક્તિઓનું માપ કરવાની તક મળે છે. બીજા લોકોના પરિચયથી વિજય પ્રાપ્ત કરવાના પ્રેમને અને તેઓની સાથે આપણી શક્તિની અજમાયશ કરવાની વૃત્તિને જાગ્રત થવામાં સહાય મળે છે. અન્યત્ર લોકો શું કહે છે તેનું નિરંતર સ્મરણ રહે છે. દેશાટનમાં આપણે મહાન પરાક્રમો, મોટાં મોટાં કારખાનાંઓ અને ઝાંઝિસો, વિશાળ ધંધાઓ સર્વત્ર જોઇએ છીએ. આ સર્વ બાબતોથી મહત્ત્વાકાંક્ષા ધરાવનાર યુવકના મનમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે, પોતે કાંઇ કરી શકતો નથી તે જોઇને તેને સાશ્ચર્ય ખેદ થાય છે; અને જ્યારે તે અમુક કાર્ય કરવાની ઇચ્છા રાખે છે અને પોતે તે કરી શકશે એમ માને છે ત્યારે તેની શક્તિમાં અપૂર્વ વૃદ્ધિ થાય છે. અધીરાઇભરેલી મહત્ત્વાકાંક્ષાઓ ધારણ કરવાથી ઘણી વખત મનુષ્યો પોતાના કાર્યમાં નિષ્ફળતા મેળવે છે. તેઓ પોતાનાં જીવનકાર્ય માટે રાહ જોઇ શકતા નથી; પરંતુ જે સ્થિતિએ પહોંચવાને અન્ય લોકોએ વર્ષો પર્યંત પ્રયત્નો કર્યા હોય છે તે સ્થિતિએ કૂદીને પહોંચવાનું ધારતા હોય છે. તેઓ પરિણામ માટે અધીરા બને છે અને કોઇપણ કાર્ય યોગ્ય રીતે કરવાનો તેઓને પૂરતો સમય હોતો નથી. દરેક કાર્ય ઉતાવળીયા થઇને કરે છે. આવા લોકો પ્રમાણસર વિકાસ પામતા નથી, પરંતુ તેઓમાં વિવેકબુદ્ધિની ખામી હોય છે. એક સુપ્રસિદ્ધ અંગ્રેજ કવિની નીચેની પંક્તિઓ ખાસ મનન કરવા લાયક છે:—

The heights by great men
reached and kept,
Were not attained by sudden flight;
But they, while their companions slept,
Were toiling upward in the night.

મહાન પુરુષોએ જે ઉચ્ચપદ પ્રાપ્ત કર્યું હોય છે તે તેઓએ એક ફૂદકે પ્રાપ્ત કર્યું હોતું નથી. પરંતુ જ્યારે તેઓના સહચારીઓ. નિદ્રાધીન પડ્યા હોય છે

ત્યારે તેઓએ ઉચ્ચપદ મેળવવાને રાત્રિ દરમ્યાન તનતોડ મહેનત કરી હોય છે.

ઘણેભાગે આપણે નિરંકુશ મહત્ત્વાકાંક્ષાના શોકજનક દૃષ્ટાંતો જોઈએ છીએ. જે માણસો અમર્યાદ મહત્ત્વાકાંક્ષાથી ઉત્તેજિત થયા હોય છે, જેઓની ગુપ્ત શક્તિઓ સંપત્તિ અથવા સત્તાથી યુક્ત થવાની મહેચ્છાથી એટલી બધી કુંઠિત થયેલી હોય છે કે તેઓ સંશયયુક્ત કાર્યો કરવાને લલચાયા હોય છે. કેટલીક વખત આવા પ્રકારની મહત્ત્વાકાંક્ષા માણસને ન્યાયબુદ્ધિ વગરના કરી મૂકે છે. ગમે તે ભોગે પોતાની જાતને આગળ વધારવાના અને કીર્તિ મેળવવાના સ્વાર્થપ્રેરાયલ ઉચ્ચાભિલાષને ભોગ થઇ પડેલા મનુષ્યને જોઇને આપણને અત્યંત દયા ઊપજે છે. આવા ઉચ્ચાભિલાષને ભોગ થઇ પડીયે છીએ ત્યારે ન્યાયનું સત્ય સ્વરૂપ પારખવાનું કામ અત્યંત મુશ્કેલ થઇ પડે છે. આવા પ્રકારના ઉચ્ચાભિલાષથી મત્ત બનેલા માણસો કોઈ પાપાત્મક કાર્ય કરતાં અચકાતા નથી. નિરંકુશ અને અમર્યાદ ઉચ્ચાભિલાષથી કેવા અનર્થો નીપજે છે તેના નેપોલીયન અને સીકંદર જ્વલંત દૃષ્ટાંતો છે. બીજાથી ચઢિયાતા થવાનો લોભ કદાચ ભયંકર નીવડે અને માનવિજયની સર્વ પ્રકારની આહુતિઓ આપવાને પણ માણસને પ્રેરે. કંઈક વિશેષ કરવાનો, સામાન્યતામાંથી બહાર લાવે એવું કંઇક કરવાનો, મહત્ત્વાકાંક્ષા અને ઉત્સાહ વગરના મનુષ્યો કરતાં પોતાને ઉંચે લાવે એવું કંઇક કરવાનો પ્રત્યેક માણસને અભિલાષ હોવો જોઇએ. જગતમાં જેટલું ઉંચું ચઢાય તેટલું ચઢવાનો અભિલાષ રાખવો એ સંપૂર્ણતઃ સ્થાને છે, અને આપણા સહચારીઓ પ્રત્યે સંપૂર્ણ સદ્ભાવ અને માયાળુપણાથી આપણે તે કહી શકીએ એમ છીએ. તમારી પોતાની જાતને જાગ્રત કરવાની અગત્ય છે અને ગમે તે માર્ગે પ્રેરણા મેળવવાનો સૌ કોઇને અધિકાર છે.

કેટલીક વખત આપણને જે પુરુષ અથવા સ્ત્રીમાં શ્રદ્ધા હોય તેની સાથે વાતચીતથી જેઓ આપણે કહેવું સ્વીકારે છે અને બીજાઓને દૃષ્ટિએ નહિ પડતું એવું કંઇક આપણામાં જુએ છે એવા લોકોની શ્રદ્ધાથી મહાત્ત્વાકાંક્ષા સચેતન થાય છે અને આપણામાં રહેલી શક્તિઓનું આપણને ભાન થાય છે. તે સમયે આપણે આનો વિચાર ન કરીએ તો પણ કદાચ તે આપણા જીવનની દિશાને બદલી નાખનાર બિંદુરૂપ થઇ પડે. કોઇ પ્રેરણા કરનાર અથવા પ્રોત્સાહક પુસ્તક કે લેખના વાંચનથી અસંખ્ય સ્ત્રી પુરુષોને પહેલી વાર આત્મભાન થાય છે. જે વસ્તુથી આપણને આત્મભાન થાય છે, જે વસ્તુથી આપણી શક્તિનું સત્ય સ્વરૂપ જોઇ શકાય છે તે અમૂલ્ય ગણાય છે.

જે લોકો તમને ઉત્તેજિત કરે, જેઓ તમારી મહેચ્છાઓ જાગ્રત કરે, જેઓ જગતમાં કોઈ મહાન કાર્ય કરવાને અથવા મહાપુરુષ થવાને તમને પ્રોત્સાહન આપે એવા લોકોને જ તમારા મિત્રો તરીકે પસંદ કરો. આવો એક જ મિત્ર બાર નિષ્ક્રિય અને સુસ્ત મિત્રો કરતાં હજારગણો કિંમતી છે. જેઓ તમારી મહત્ત્વાકાંક્ષાને દાબી ન દે, જેઓ તમને વિચાર કરતાં શીખવે, જેઓ તમારામાં પ્રેરણા સિંચે એવા લોકોની સાથે જ ગાઢ પરિચય રાખો. ઘણા લોકોની જાગ્રતમાં એક મહાન મુશ્કેલી એ હોય છે કે તેઓ કદિ સચેતન થતા નથી અને જિંદગી પર્યંત આત્મનિરૂપણ કરતા નથી. યુવાવસ્થામાં જ આત્મશક્તિનું ભાન થવું અતિ આવશ્યક છે, જેથી કરીને આપણા જીવનમાંથી મહાન કાર્યસાધકતાનું દોહન કરી શકીએ. ઘણાખરા લોકો તો પોતાની શક્તિઓનો મોટો ભાગ વિકાસ પામતો નથી તે પહેલાં મૃત્યુવશ થાય છે. તેઓએ અહિતહિં તેઓની શક્તિઓને સુધારી હોય છે, પરંતુ આંતરિક શક્તિઓનો મોટો ભાગ તો અસ્પૃષ્ટ જ રહ્યો હોય છે.

આ દેશમાં હજારો, બલકે લાખો મજુરો છે જેઓ કંટાળાભરેલી જિંદગી ગુજારે છે. પરંતુ જો તેઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હોય તો તેઓ પોતે સેઠ બનવાને લાયક થાય અને તેઓના સમુદાયમાં

તેઓ તેજસ્વી પુરુષો તરીકે ઓળખી જાઓ. પરંતુ તેઓની પોતાની શક્તિના અજ્ઞાનને કારણે તેઓ નીચે જ પડ્યા રહે છે. તેઓએ કદિપણ આત્મશોધન કર્યું નથી જેને પરિણામે તેઓ લાકડાં કાપનાર અને પાણી ખેંચનારની સ્થિતિમાં રહેવા જોઇએ. આવી કોટિના માણસો સર્વત્ર નજરે પડે છે. હજારો સ્ત્રી પુરુષો માત્ર સામાન્ય સ્થિતિમાં જીવન ગાળે છે. આવા સ્ત્રી પુરુષો માત્ર એક જ વખત આત્મશોધન કરે તો પોતાની સ્થિતિમાં અપનિમિત સુધારો કરી શકે અને જગતમાં મહાન નેતાઓ તરીકે ખ્યાતિ મેળવી શકે.

સ્વસ્થ ચિત્તે એકાંતમાં બેસી આત્મશોધન કરો. તમે જે કાર્ય કરો છો તેનાથી તમને અતૃપ્તિ હોય અને વધારે સારું કરવા ધારતા હો તો તમારી મુશ્કેલી ક્યાં રહેલી છે તેનું અન્વેષણ કરો. તમને જે વસ્તુઓ પછાત રાખે છે તે શોધી કાઢો. આ આત્માન્વેષણ ક્રિયા લાંબા સમય સુધી ચાલુ રાખો. વારંવાર તમારી જાતને કહો, "શું કારણથી બીજા માણસો આવા અપૂર્વ અને અદ્ભુત કાર્યો કરે છે અને હું આવા સામાન્ય કાર્યો કરું છું!" અને હંમેશા એક જ પ્રશ્ન કરો કે "જો અન્ય માણસો તે કરી શકે છે તો હું પણ કેમ ન કરી શકું!" આ આત્મનિરૂપણથી સ્વપ્નમાં પણ કદિ ન અનુભવેલ વસ્તુઓ તમે અનુભવશો, અને હજુ સુધી અપ્રકટ રહેલી શક્તિઓથી સમન્વિત થયેલી તમારી જાતને જોશો; અને આ શક્તિઓને જો યોગ્ય રીતે કેળવવામાં આવે તો તે તમારા આખા જીવનમાં અદ્ભુત પરિવર્તન કરી નાખશે.

एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थान् परित्यज्य ये,
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये।
तेऽमी मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये,
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ?॥

(ગુલબ્બા છંદ)

સ્વાર્થ પોતાતણો ત્યાગી તત્પર રહે પરહિતે જે સદા સજ્જનો તે,
સ્વાર્થ જે જાળવી પરહિતે ઉદ્યમી માન સામાન્ય પુરુષો ખરે તે;
સ્વાર્થને કાજ પરહિત હણે જે નરો માનવો નહિ તે દાનવો છે,
પણ વૃથા જે કરે ભૂંડું પરનું કહો નામ તે નીચને કયું ઘટે છે?

એ રમણી-રત્નોના ચરણમાં

મોહનલાલ ઢી. ચોકસી

અમુક સતીઓ સંબંધીના લેખમાં જે કેટલીક ભિન્નતા જોવામાં આવી, એ ઉપરથી એમ સમજવાનું નથી કે સતીત્વની કોઈ એકધારી વ્યાખ્યા નથી, અથવા તો જે નામો આલેખ્યા એટલી જ સતીઓ છે. શિયળનું પાલન જરૂર અગ્રપદે છે અને એના રક્ષણ-ટાણે જરૂર પડયે જીવનની આહુતિ આપવાની તૈયારી રાખવી પડે છે, એ સત્ય અને અટલ શ્રદ્ધા વિના શક્ય નથી જ. એ સર્વના મૂળમાં બ્રહ્મચર્યવ્રતના નિતરાં દર્શન થાય છે. પાંચ મહાવ્રતોમાં આ ચોથા વ્રતની ગણના શ્રેષ્ઠપદે છે. આઠ કર્મોમાં મોહનીય કર્મને રાજા સમાન લેખી એનો જય કરવામાં પારાવાર મુશ્કેલીઓ દર્શાવી છે તે ઉપરથી સહજ તારવી શકાય કે અખંડપણે આ વ્રતનું મન વચન કાયાથી પાલન એ બચ્ચાંની રમત નથી, પણ સર્પ રમાડવા જેવું કપરું કાર્ય છે અને જેના વંશવારસો કે અન્ય સંબંધોના કોઈ નામનિશાન નથી જણાતા, છતાં જેમણે ઉપર વર્ણવેલ સર્વશ્રેષ્ઠ ગુણો ધારણ કરી, જે સ્મૃતિ પોતાની પાછળ રાખી છે તેથી જ આજે પ્રાતઃકાળના માંગલિક સમયે સોપ્રથમ એ પવિત્ર નામોને યાદ કરવામાં આવે છે.

શ્રી રામના માતુશ્રી કૌશલ્યાના જીવનમાં ઊંડાને આંખે વળગે તેવું કાર્ય એક જ જણાશે કે, વહાલસોયા પુત્રનો વિરહ સહીને પણ પતિસેવા-રાજવી દશરથનો સાથ ન છોડયો પતિની આજ્ઞામાં સાથ પુરાવ્યો.

મૃગાવતીના પરાક્રમની વાત જ નિરાળી છે. એક તરફ પાટનગર કૌશાંબી ઉપર ચંડપ્રદ્યોતનો હુમલો, પ્રાણવલ્લભ શતાનીકનું બીજી બાજુ મૃત્યુ અને એવા વિષમ સંયોગોમાં બાળપુત્ર ઉદાયનનું, એના રાજ્યનું તેમજ પોતાના શિયળનું રક્ષણ કરવું. એ વેળા તેણે દીર્ઘદર્શિતા અને દૃઢ મનોબળ ન દાખવ્યું હોત તો ? હીંમત હારી ગઈ હોત તો ? સામે જ સર્વનાશ ડોકિયું કરી રહ્યો હતો. મન મજબૂત કર્યું અને દુશ્મનને યુક્તિથી થાપ આપી તાત્કાલિક ભયને આવી ઠેલ્યો. લોક શું કહેશે ? એની પરવા રાખ્યા વિના 'અણીચૂકયો સો વર્ષ જીવે' એ કહેવત મુજબ પુત્રની સ્થિતિ સંગીન બનાવી અને ભગવંત મહાવીરદેવની સાનિધ્યમાં, ચંડપ્રદ્યોતને હા ભણાવી પ્રવ્રજ્યા અંગીકાર કરી. આવડતના બળે જરા પણ કટુતા પેદા કર્યા વગર ત્રણ કાર્ય સધ્યાં.

કૌશલ્યાએ તો પ્યારા પુત્રનો વનવાસ જ જોયો જ્યારે સુલસાએ તો એકસામટા બત્રીસ નવયૌવનાં સંતાનોનો કાયમને માટે છેડો છોડયો. જેમનું પુનઃ મુખ જોવાનું મળનાર નથી એવા દીકરાઓનું એકી સમયે મરણ સાંભળવું, એ ઘા જેવો તેવો ન ગણાય. અર્હતના ધર્મને અંતરના ઊંડાણથી ઓળખનાર જ એ જીરવી શકે.

સીતાની, રાવણની લંકામાં જે દશા થઈ હતી અને સુભદ્રાને માથે જે કલંક ચોંટયું હતું એ સંબંધી લંબાણ કર્યા વગર કહી શકાય કે એ વેળા ધીરજ રાખી, ઉભય રમણીઓ પોતાના સત્ત્વ ઉપર મુસ્તાક રહી તો આખરે સત્યના દર્શન જનતાને થયા સંક્ષેપ સહ્યા વિના, સુવર્ણની જેમ અગ્નિ પરીક્ષામાં પસાર થયા વિના, જય જયકાર નથી બોલાતો.

કામી અને ઉગ્રસ્વભાવી પતિ ચંડપ્રદ્યોતની સહધર્મિણી શિવા અને પાંડુરાજવીની ભાર્યા કુન્તા-ઉભયના જીવનમાં નજર ફેરવતાં કોઈ ભારે સંકટમાંથી તેમને પસાર થવું પડ્યું હોય તેમ નહીં જણાય ઘડીભર જણાશે કે સતીઓની નોધમાં તેઓને મૂકવામાં ઉતાવળ થઈ છે, પણ જરા બારીકાઈથી એ ઉભયના પતિઓની જીવનલીલાનો વિચાર કરવામાં આવશે તો સહજ જણાશે કે જે માનસિક વ્યથામાંથી તેમને પસાર થવું પડ્યું છે એનો તાગ જ્ઞાની સિવાય કોઈને ન જડે એ કારણે શરૂમાં જ કહી દીધું છે કે મનસા વાચા, કર્મણારૂપ અખંડ બ્રહ્મચર્યના દર્શન તો માત્ર ગણત્રીની સંખ્યામાં છે બાકી ત્રણ પ્રકારે શુદ્ધ પતિવ્રતાપણું તો ડગતે ને પગતે જણાય તેમ છે અને એમાં પણ અડગ શ્રદ્ધા અને સત્ત્વરૂપ જોડાની તો રમઝટ કરતી દેખાય છે

જેમ સ્થૂળભદ્રની બહેનો બાળબ્રહ્મચારિણી ને વિદુષી હોઈ 'ભરદેસર'નો સજ્જ થમાં સ્થાન પામી છે તેમ કૃષ્ણ વાસુદેવની આઠ પટરાણીઓ સ્વામી પ્રત્યેની અનન્ય ભક્તિથી યાદ કરાઈ છે અલબત વરરુચીવાળા પ્રસંગે શકડાલ-મંત્રીની એ સાતે દીકરીઓએ પોતામાં રહેલ સ્મરણશક્તિના નિતરા દર્શન કરાવ્યા અને એ જ પ્રમાણે ભ૦ નેમીશ્વરને વિવાહ મનાવવાના કાર્યમાં એ બાઈ અગ્રમંડિપીઓએ જળક્રીડા ટાણે ઠીક ઠીક ઉદાહરણ આપી, ગંભીર એવા નેમીકુંવરને હસાવી દીધા અને લગ્ન ઠોકી બેસાડ્યા

પુષ્પચૂલા ને પ્રભાવતીના પ્રસંગો તો સાવ સાદા જણાશે પતિ પ્રત્યેની વફાદારીમાં એ ઉભય રંગત જણાશે એમાં એકદો અંતરમાત પ્રગટતા જ ઉભયની નજર આત્મશ્રેય તરફ વળે છે છતાં એ મર્મ વળવામાં પણ પતિદેવની આજ્ઞા તો ખરી જ. તમના મનેની રનહરૂ પ્રબંધ દરી સુખો વેળા પણ ભૂલાતી નથી એનું નામ જ હાર્દિક પ્રેમ

મનોરમાના શિરે એવું સીધું સંકટ નહોતું આવ્યું પણ પતિ એવા સુદર્શનના શિરે કલંક ચોટે એ કેમ સહ્યું જાય? પોતાના સ્વામી નિર્દોષ છે એવી પ્રતીતિવાળી એ લલનાએ શાસનદેવીને ડોલાવ્યા શૂળીનું સિંહાસન ત્યારે જ થયું. મદનરેખાના માથે સંકટોની પરંપરા ઘારમય ઉભરાણી જેઠના હાથે જ વહાલા પતિનું મૃત્યુ! ગર્ભિણી અવસ્થા છતાં જેઠની લોલુપતામાંથી જાતને બચાવવા ભાગી છૂટવાપણું! પ્રસવ કાળનું કષ્ટ. એમાં કામી દેવના હાથમાં ફસાવું પણ અટલ શ્રદ્ધા અને જરૂર પડ્યે મરણને ભેટવાની તૈયારી વાળી એ સતીના જીવનમાં એકાએક શાંતિનો વાયરો વાયો કષ્ટના વાદળ વિખરાયા અને આત્મશ્રેયના પંથે એ પળી.

દમયંતીની વાત તો આબાળવૃદ્ધ પ્રસિદ્ધ છે પતિના હાથે જ રઝળતી બનવા છતાં પ્રીતિમાં જરા પણ ઓટ આવવા દેતી નથી છુપાતાફરતા સ્વામીને પુનઃ સ્વયંવર કરવના મિષે એ શોધી કાઢે છે એવી જ રીતે કળાવતી પોતાના સ્વામી શંખરાજાના હુકમે કાઢી કપાયા છતાં, ગર્ભિણી અવસ્થામાં અરણ્યમાં ધકેલાયા છતાં, મનમાં જરા પણ અવગુણ ધરતી નથી

બાર વર્ષ સુધી નજર સામે ઘણી હોવા છતાં, વિરહ ને વહેમનું દુઃખ વેઠી જેના ગાત્ર ઢીલા થઈ ગયા છે એવી એ સતી અંજના સામે ઊભેલ પતિને જોઈ પોતાનું સર્વ દુઃખ ભૂલી જાય છે અને ભાવિમાં આવનાર મહાન સંકટનો વિચાર સરખો પણ મનમાં આણ્યા વિના તેમના શબ્દમાં અંજાઈ જાય છે જો કે એ નિર્ધી પતિનો પ્રેમ મેળવે છે પણ પતિ તો યુદ્ધ માટે વિદાય થાય છે. પોતાને એ મેળાપથી ગર્ભ રહે છે. એથી જે નામોશી અને હકાલપટ્ટી સાસરા-પિયરમાંથી આરંભાય છે એ જ્યારે વાચવામાં આવે છે ત્યારે રૂવાડાં ખડાં થાય છે આવા સંકટને હિંમતથી તરી જનારની કુખે હનુમાન જેવો લાડકવાયો ઉદ્ભવે એમાં શું આશ્ચર્ય. આ અને આવા સંખ્યાબંધ ઉદાહરણો નારી-જીવનમાં નોંધાયેલા સાહિત્યના પાને મોજુદ છે. એ

સિદ્ધચક્રજીની આરાધના

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી

આત્મશુદ્ધિ જરૂરી છે. અનેક જ્ઞાની મહાપુરુષોએ તેની શુદ્ધિ કરવા અનેકવિધ સાધનો દર્શાવ્યાં છે તેમાં સબલ સાધન તરીકે નવપદને સર્વશ્રેષ્ઠ સ્થાન આપ્યું છે.

"યોગ અસંખ્ય છે જિનકહ્યા, નવપદ તે મુખ્ય જાણો રે" એના પવિત્ર આલંબનવડે ધ્યાનની સિદ્ધિ થાય છે. શુભ અને શુદ્ધ ધ્યાન આત્માને શુદ્ધતમ બનાવે છે. નવપદમાં અરિહંત, સિદ્ધ ભગવંત, આચાર્ય, ઉપાધ્યાય, મુનિભગવંતો, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ શાસ્ત્રકારોએ ફરમાવ્યાં છે.

"अरिहं सिद्धायरिया उवज्झाया साहुणोऽवि सम्मतं।
नाणं चरणं च तवो, इयपयनवगं मुणेयव्वं ॥१॥
अरिहाइ नवपयाई झाईत्ता हिययकमलमज्झम्मि ॥

એ નવપદાત્મક સિદ્ધચક્રની આરાધના મયણાસુંદરી અને શ્રીપાલે ભાવપૂર્વક કરી હતી. શ્રીપાલનું શરીર નયનાભિરામ, દિવ્યપ્રકાશી ઊઠ્યું હતું અને અપાર સુખસંપત્તિને પામ્યા હતા. જ્યાં મહાઆપત્તિઓ મળવાની હોય ત્યાં સહજ સંપત્તિની પ્રાપ્તિ થતી. યશ, કીર્તિ સર્વત્ર વિસ્તરી હતી. મનવાંછિત કાર્યોને દેવો સફલ બનાવવા મદદરૂપ બનતા. એ આરાધનાની આશ્વિન અને ચૈત્ર શુદી ૭ થી શરૂઆત અને પૂર્ણિમાએ પૂર્ણાહુતિ થાય છે. એ આરાધના આચારલતપથી કરવામાં આવે છે. એ તપમાં ૮૧ આયંબિલ કરવામાં આવે છે. સાડાચાર વર્ષે એ તપની પૂર્ણાહુતિ થાય છે. આરાધના કરનાર બે ટંકનું પ્રતિક્રમણ, ત્રિકાલ દેવવંદન, બે વાર પડિલેહણ કરે છે અને હજાર જાપ કરે છે. આરાધક ક્ષમાવંત, જિતેન્દ્રિય, સ્થિરચિત્તવાળો હોવો જોઈએ. તેને જ આ આરાધના ફળીભૂત થાય છે. એથી વિપરીત ભાવનાવાળાને વિરાધના બને છે. ઈષ્ટ પ્રાપ્તિને બદલે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે.

"खंतो दंतो संतो एयस्साराहगो नरो होइ।
जो पुण विवरीयगुणो, एयस्स विराहगो सोउ।२१२।

નવપદનો પાંચ પદમાં પણ સમાવેશ કરવામાં આવે છે. ચાર ગુણો ગુણીમાં પ્રતિષ્ઠિત થાય છે. ગુણ ગુણીમાં શોભે છે. નવકાર મંત્રના જાપથી અનેક ભવિ આત્માઓ તર્યા છે. દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વમાં પણ નવપદ સમાય છે. શાસ્ત્રકારો કહે છે કે નવપદને ત્રણ તત્ત્વમાં સુપ્રતિષ્ઠિત કરી તેને આરાધનાર આત્મા નિર્મળ પદને પામે છે. મહાન વિજેતા [illegible] બને [illegible]

વેળાની સહનશીલતા જોઈ હરકોઈ આત્માને હર્ષના ઉદ્ગાર કાઢવાનું સહજ મન થાય છે.

એક વાત સ્મૃતિપટમાં કોતરી રાખવાની છે કે એ સર્વ સતીઓ સંકટ આવતી વેળા ધૈર્ય ધારણ કરતી અને એમાં પતિનો દોષ જોયા વગર પોતાના પૂર્વકર્મોને નિમિત્તરૂપ માનતી. કુળવંતીઓ માટે એ માર્ગ જ આદરણીય છે.

આવી ચારુશીલા સ્ત્રીઓના ચરણમાં વંદન સિવાય શું ધરી શકાય!

"धम्मो जिणेहिं कहिओ तत्ततिगाराहणा मणो रम्मो।
तत्ततिगं पुण भणिअं देवो अगुरु अ धम्मो अ ॥५६०
इक्किक्कस्स उ भेया नेया कमसो दु तिन्नि चत्तारि।
तत्थऽरिहंता सिद्धा दो भेआ देवतत्तस्स ॥५६१॥
आयरिअ उवज्झाया सुसाहूणो चेव तिन्नि गुरुभेआ।
दंसणनाणा चरितं तवो अधम्मस्स चउभआ ॥५६२॥
एए नवपयेसु अ वरिअं सासणस्स सव्वस्स।
ता एयाइं पयाइं आराहइ परमभत्तिए ॥५६३॥

(પ્રથમ) અરિહંત પદ

"અરિહંત પદ ધ્યાતો થકો, દ્રવ્ય ગુણ પર્જાય રે;
ભેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે.
વીરજિનેશ્વર ઉપદિશે, તમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમ ધ્યાને આતમા, રૂદ્ધિ મળે સવિ આઈ રે. [૧]

અરિહંત પદ શ્વેતવર્ણે છે. બાર ગુણે કરી સહિત છે. પૂજવાયોગ્ય છે. માનવાયોગ્ય છે. આદરવાયોગ્ય છે. તેવા શ્રી અરિહંત પદને મારી વારંવાર વંદના હોજો.

(દ્વિતીય) સિદ્ધપદ

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણનાણી રે;
તે ધ્યાતા નિજઆતમા, હોય સિદ્ધ ગુણખાણી રે.
વીર૦ [૨]

સિદ્ધપદ રક્ત-લાલ વર્ણે છે. આઠ ગુણવડે કરી વિરાજિત છે. પૂજવા માનવા ધ્યાવવા યોગ્ય છે. તેને વારંવાર વંદના હો.

(તૃતીય) આચાર્ય પદ

ધ્યાતા આચારજ ભલા, નવકારનંત ગુણ ખાણી રે,
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે.
વીર૦ [૩]

છત્રીશ ગુણવડે વિરાજમાન છે, પીતવર્ણે છે, પૂજવા, માનવા ને ધ્યાન કરવા યોગ્ય છે. તેને અનેક વાર વંદના હો.

(ચતુર્થ) ઉપાધ્યાયજી પદ

તપસજ્ઝાયે રક્ત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે,
ઉપાધ્યાય તે આત્મા, જગબંધવ જગત્રાતા રે,
વીર૦ [૪]

નીલવર્ણે પચવીસ ગુણે સહિત પૂજવા, ધ્યાન કરવા અને માનવા યોગ્ય છે.

(પંચમ) સાધુ પદ

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે,
સાધુ સુધા તે આતમા, શું મૂકે શું લોચે રે?
વીર૦ [૫]

સત્તાવીશ ગુણે વિરાજિત, શ્યામવર્ણે છે, પૂજવા માનવા ધ્યાન કરવા યોગ્ય છે. આદરવા યોગ્ય છે. આત્માને હિતકર્તા છે, તેવા સાધુ મહારાજ વંદના કરવા યોગ્ય છે.

(છઠ્ઠું) દર્શન પદ

ક્ષય સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે,
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે.
વીર૦ [૬]

સડસઠ ગુણે કરી સહિત શ્વેતવર્ણે છે. પૂજવા, માનવા ધારવા યોગ્ય ને આદરવા યોગ્ય છે. આત્માને સુખકારી છે. વંદના વારંવાર હો તે પદને.

(સાતમું) જ્ઞાન પદ

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
તો હુએ તેહિજ આતમા, જ્ઞાનઅબોધતા જાય રે.
વીર૦ [૭]

એકાવન ગુણવડે સંયુક્ત, શ્વેતવર્ણે પૂજવા, માનવા, આદરવા યોગ્ય, ધારવા યોગ્ય છે તે પદને કોડોવાર વંદના.

(આઠમું) ચારિત્ર પદ

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમા રમતો રે,
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે.
વીર૦ [૮]

સીતેર ગુણે વિરાજમાન શ્વેત વર્ણે છે. એ પૂજ્ય પદને વંદન.

(નવમું) તપ પદ

ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે,
તપ તે એહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે.
વીર૦ (૯)

એ પદ બાર ગુણે કરી સહિત છે, શ્વેતવર્ણે છે, પૂજવા માનવા ને આદરવા યોગ્ય છે. આત્માને હિતકર્તા તેવા શ્રી તપ પદને હોડોવાર વંદના હો ને નમન હો.

આવી રીતે ધ્યાન કરવાથી–તેમાં તન્મયતા સાધવાથી આત્મા તદ્સ્વરૂપ બને છે. એ જ પરમ ધ્યેય ધ્યાનરૂપ છે.

આ નવ પદમાં જિનશાસનનો સાર આવી જાય છે. સર્વ પૂર્વગત ભાવનું અવતરણ નવ પદોમાં છે. આના સિવાય બીજું કોઇ તત્ત્વ નથી, પરમાર્થ નથી જે કંઈ છે તે નવપદ જ આરાધવા યોગ્ય ધ્યેય છે. જેથી દૃઢ આલંબન સેવાથી દુઃખરૂપ પૂર્ણ સંસારમાં ડૂબતા જીવોને ખરેખર સહાયભૂત બને છે, કારણ કે પુષ્ટાવલંબનરૂપ છે, જેમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેનો સમાવેશ થાય છે, તેથી ભવ્યાત્માઓએ દૃઢતર આલંબન કરવું ઉચિત છે. એ નવ પદનું સવિશેષ સ્વરૂપ ગીતાર્થ ગુરુઓ પાસે સમજી તુચ્છ ફળ–સંસારસુખની અભિલાષા છોડીને નવ પદનું સેવન કરવામાં આવે તો સ્વલ્પ કાળમાં અક્ષય નિર્મળ સુખની પ્રાપ્તિ થાય છે. નવ પદ અનંત ગુણનિધાન છતાં તેના અનુક્રમે ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭, ૬૭, ૫૧, ૭૦ અને ૧૨ ગુણો શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. તે પ્રમાણે તેટલા યોગસંગ્રહનો કાઉસગ્ગ, તેટલા જાપ અભ્યાસમાર્ગો અને તેટલી જ પ્રદક્ષિણા; વિગેરે ક્રિયા અનુષ્ઠાન શિખર ઉપયોગથી નવ દિવસ સુધી અનુક્રમે કરવા જણાવેલ છે. દરેક દિવસે વિનય, વૈયાવચ્ચ, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ભૂમિશયન, બ્રહ્મચર્ય–પાલન, ગુરુવંદન, ગુરુ ભક્તિ, સાધર્મિક વાત્સલ્યપૂર્વક આરાધના કરનાર આત્મા પરમપદને પામે છે. સ્વર્ગના સુખનો પણ ભાગીદાર બને છે. બાહ્ય રીતે સિદ્ધચક્ર યંત્રનું પૂજન પ્રક્ષાલન અષ્ટપ્રકારી પૂજા વિગેરેથી રોગ શોક ભય દૂર થાય છે અને સંપદા મળે છે. આભ્યન્તર આરાધનામાં તો હૃદયકમળે અષ્ટકમળ દલની સ્થાપના કરીને તેના મધ્યમાં અરિહંત ભગવંતનું સમુજ્જવલ-ગૌર બિંબ સ્થાપીને ચાર દિશામાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને સ્થાપવા. વિદિશાઓમાં ચાર ગુણની સ્થાપના દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની કરવી. એકચિત્તથી બાહ્ય વ્યાપાર રોકીને નિર્મલ ધ્યાન–જપ કરવાથી કર્મ નિર્જરા થતાં આત્મા સહજાનંદ ચિદ્રૂપતાને પામે છે. આ ભવમાં બાહ્ય અને અભ્યંતર કરેલી આરાધના સુખસંપત્તિને આપે છે, આવતા જન્મે પણ સુખકારી નીવડે છે. શ્રીપાલના પૂર્વભવના આત્મા શ્રીકાંત રાજાએ તથા શ્રીમતીએ સામાન્ય રીતે નવપદની આરાધના વિધિપૂર્વક કરી હતી. તેથી શ્રીપાલ અને મયણાસુંદરીને ચાલુ જીવનમાં અપૂર્વ સહાયતા આપી. તેના બળે પુનઃ સિદ્ધચક્રની આરાધના કરી નિરુપદ્રવ જીવન બનાવી સુખના ભાગી બન્યા. દુનિયામાં અસાધારણ યશ–કીર્તિને પામ્યા. જીવનમાં ધર્મતત્ત્વ મેળવી અમૃતમય બન્યા. અધૂરા રહેલા સંસ્કારો બીજા જન્મમાં સાધનની સુંદરતા મેળવી પૂર્ણ ખીલી ઊઠ્યા. આરાધનાથી આત્મા જરૂર સુખી બને છે, કૃતકૃત્ય થાય છે. દરેક વખતે વિધિપૂર્વક ભાવોલ્લાસપૂર્વક આરાધના કરવી દરેક ભવિજનોને યોગ્ય છે, જેથી આત્મા મહાન લાભ મેળવી શકે છે,

"एयाइं जे केवि नवपयाइं,
आराहयंतिट्ठफलप्पयाइं।
लहंति ते सुक्खपरंपराणं,
सिरिसिरिपालनरेसरुव्व ॥ १२४ ॥"

"ઈષ્ટફળને આપનાર નવપદને જે ભવિ ભાવથી આરાધે છે, તેઓ શ્રીપાલ નરેન્દ્રની માફક સુખની પરંપરાને અવિચ્છિન્ન રીતે સહજે પામે છે."

શ્રીપાલ અને મયણાસુંદરી સિદ્ધચક્રના શ્રેષ્ઠ સાધનથી નવ જન્મ પછી મોક્ષસુખને મેળવશે. એમની આરાધના નિષ્કામ હતી તેવી આપણા આજે પણ કરવામાં આવે તો તેનો જ પ્રકાશ અને આનંદ મળી શકે. જેવી જેની ભાવના હોય તેવી સિદ્ધિ થાય છે. શ્રોકપણું મેળવીને આરાધના કરવામાં આવે તો આરાધક અનંતજન્મના પાપોનો પ્રક્ષય કરી આત્મસિદ્ધિ મેળવે છે. નવપદની આરાધના સમાન આ જગમાં કોઈ આરાધના નથી. સર્વ મંત્રો મા નવકાર સમાન કોઈ મંત્ર નથી. દેવ, ગુરુ, ધર્મ સિવાય કોઈ પરમતત્ત્વ નથી મોક્ષસ્થાન સિવાય કોઈ અજેય સ્થાન નથી જ્યા જરા, મરણ, રોગ, શોક, પીડા કશું ય નથી–એ સ્થાન નવપદની આરાધનાથી આરાધકને અવશ્ય મળે છે. દેવદેવીઓ તેને અનુચારી સહાય કરે છે. અષ્ટસિદ્ધિની પ્રાપ્તિ સાથે નવે નિધાન મળે છે યાવત્ સર્વ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. નવપદની આરાધનાપૂર્વક સમભાવે તપ કરનારના નિકાચિત કર્મો બંધાયેલા હોય તે અવશ્ય નાશ પામે છે.

"નિકાચિતપણે બાંધીયા હોય તેહ બાળે."

શ્રદ્ધાવંતને તપનું અપૂર્વ ફળ મોક્ષ અને સ્વર્ગ મળે છે." નવપદ અને તેના માહાત્મ્યને પ્રભુ મહાવીર દેવે પ્રકાશ્યો છે. ચાર નિક્ષેપ અને સપ્તનય પૂર્વક નવપદનું જ્ઞાન મેળવી, આરાધના કરી, તેમાં તન્મય બનીને સિદ્ધચક્રને આરાધે તો જરૂર સાધક સિદ્ધચક્રરૂપ બને છે.

"एवं चट्ठिए अप्पाणमेव
नवपयमयं वियाणित्ता ।
अप्पंमि चेव निच्चं,
लीणमणा होह भो भवियण ॥ ११४ ॥"

નવપદનું નિશ્ચયસ્વરૂપ વિચારી હે ભવ્યજનો, પોતાના આત્મસ્વરૂપમાં જ સદા લીન મનવાળા બનો અને સિદ્ધચક્રની આરાધના મન વચન કાયાથી ભાવપૂર્વક આરાધો.

★

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥

(શાર્દૂલ)

ઊભી છે વિકરાળ વાઘણ જરા, ઠાંતો બહુ પીસતી,
રોગો શત્રુ સમાન નિત્ય તનને, પીડા કરે છે અતિ;
ફૂટેલા ઘટથી જતા જળ પેઠે, આયુ ઝરી જાય છે,
લોકો તોય કુકર્મ નિત્ય કરતા, આશ્ચર્ય એ છે ખરે.

જર્મન તત્ત્વજ્ઞાની નિત્શે

[એક પરિચય]

પ્રો૦ જયંતિલાલ ભાઈશંકર દવે, એમ્. એ

પ્રખ્યાત જર્મન ફિલ્સુફ નિત્શે ૧૯ મી સદીનો મહાન બંડખોર વિચારક અને નાસ્તિકતાનો પયગંબર ગણાય છે. વળી અર્વાચીન જર્મન સરમુખત્યારનો જનક પણ નિત્શે જ હતો. રાજકારણમાં હિટલરે તેને અમલમાં મૂકયો એટલું જ. નિત્શેની વિચારસરણિના મુળમાં ડાર્વિનના નાસ્તિકતામય વિકાસવાદ (Materialistic Evolutionism) તથા શોપનહોરના પ્રબલ જીજીવિષાવાદ (Will to live) આ બન્નેની ખૂબ અસર દેખાઈ આવે છે.

પ્રથમ આપણે ડાર્વિનના વિકાસવાદને સંક્ષેપમાં જોઇ લઇએ. ડાર્વિનના મતે મૂળ જડદ્રવ્યમાંથી આ બધું સચરાચર વિશ્વ ઉત્પન્ન થયું. વળી ડાર્વિનના વિકાસવાદમાં એક એવું વિધાન છે કે વિશ્વમાં જીવોનો જે સતત સંઘર્ષ અને વિગ્રહ ચાલ્યા કરે જે તે જીવન-વિગ્રહમાં (Struggle for Existence) જીવવાને યોગ્ય બળવાન જ બચે અને જીવી શકે; નિર્બળ નમાલાઓનો ઉચ્છેદ થાય છે. આ ક્રમ કુદરતના એક વ્યાપક નિયમરૂપ છે, તે નીતિ અનીતિથી પર છે અને તે દ્વારા જ બ્રહ્માંડની તમામ વસ્તુઓ, તારા-મંડળોથી માંડીને માનવજાત-વિકાસના પંથે પ્રગતિ કર્યા કરે છે. બધાય વિકાસવાદમાં માનનારા વૈજ્ઞાનિકો અને વિચારકો આ બાબતમાં ડાર્વિનની સાથે સહમત થતા નથી. દાખલા તરીકે એક રશિયન વિચારક પ્રીન્સ ક્રોપોટકીને (Mutual Aid) (પરસ્પર તંત્રતા)માં સ્પષ્ટ બતાવ્યું છે કે ડાર્વિનનો મત અર્ધ-સત્ય છે. જીજીવિષા માટે પરસ્પર કલહ જીવનમાં દેખાય છે તો એટલું જ સ્પષ્ટ બલકે વધારે સ્પષ્ટ પણ દેખાય છે કે જીવનમાં પરસ્પર સહકારનું તત્ત્વ છે, પરસ્પર પ્રેમનું તત્ત્વ છે અને નીતિ પણ છે. પ્રેમ અને નીતિવગર સમાજમાં અરાજકતા જ રાજ કરે. જીવનની ઉચ્ચતર ભૂમિકાઓમાં તો પરસ્પરતંત્રતાને જ બળવાન વિકાસ સાધનારૂં ગણી શકાય.

શોપનહોરના જીજીવિષાવાદના પાયા ઉપર નિત્શેએ પોતાની સામાજિક અને રાજકારણીય વિચારસરણિની ઇમારત ઉભી કરી. નિત્શેના આ સિદ્ધાંતને–Will to Power સત્તા-એષણાવાદ તરીકે ઓળખવામાં આવે છે. એનું બીજું નામ Doctrine of the Superman છે. આપણે તેને નરપુંગવવાદ કે ઉત્તમ પુરૂષવાદ, પુરૂષોત્તમવાદ એવું નામ આપી શકીએ. વિકાસવાદમાં જેમ નબળા નમાલાઓનું કોઈ સ્થાન નથી તેમ સમાજમાં તથા રાજકારણમાં પણ નિર્બળ વ્યક્તિઓનું સ્થાન નથી જ, તેથી જ સત્તાની એષણા નરપુંગવને હોય તે કુદરતનો ક્રમ છે. કુદરત જ તેને ન્યાય ઠરાવે છે.

નિત્શે આવા નરપુંગવોને સમાજના ધારકબળ તરીકે ગણાવે છે. સમાજમાં જીવવાને માટે યોગ્ય તો બળવાન જ ગણી શકાય. તેઓ જ સમાજમાં સ્વામી છે, શાસક છે, પૂજ્યહ છે. બાકીના નિર્બળો તો સેવક તરીકે, દાસ તરીકે જીવે.

આવી સમાજરચનાને તે આદર્શ ગણે છે. તેના સમયમાં તે તત્કાલીન યુરોપના પ્રજાશાસનવાદ (Democracy)ના પ્રખર વિરોધી હતો. 'ડીમોક્રસી' તો 'મોબોક્રસી' (Mobocracy) એટલે ટોળાનું રાજ્ય છે એમ એ કહેતો.

કાર્લાઈલ નામનો એક અંગ્રેજ વિચારક પોતાના "વીર અને વીરપૂજા" (Heros and Hero-worship) નામના પુસ્તકમાં નિત્શેના સિદ્ધાંતને મળતો મત પ્રતિપાદિત કરે છે. મહાવીરો, મહાપુરુષો જ ઇતિહાસના ઘડવૈયા છે તથા સર્વાંગીણ જીવનનું શાસન-નિયમન કરવામાં પ્રમાણરૂપ છે. નિત્શે કહે છે કે આવા નરપુંગવો રૂઢિસ્થાપિત નીતિ-નિયમોથી પર છે. સમાજમાં પ્રચલિત નીતિ-નિયમો તો ઈશ્વર જેવી કોઇ કલ્પિત વસ્તુના ભયથી ઊભા કરેલા વહેમો છે. ખ્રીસ્તીધર્મની માન્યતામાં ઇશ્વરના ભયને જ તેની શરૂઆત ગણી છે. The fear of God is the beginning of wisdom પણ જો આ સર્જનહાર ઈશ્વર જ નથી તો તેનાથી ભય શો પામવો ? આ બધું અજ્ઞાનમૂલક ભ્રમ છે હવે તે જવું જ જોઇએ બળ, વીર્ય, સાહસ-બસ, એ જ ધર્મ, એ જ નીતિ.

આપણે અહિં ભારતના દર્શનશાસ્ત્રોમાં સર્જનહાર ઇશ્વરની કલ્પના જૈન અને બૌદ્ધ દર્શનોએ તો નકારી જ છે અને બીજાં દર્શનો પણ ઇશ્વરની કલ્પના જુદી જુદી રીતે આપે છે તેનો અહિં વિસ્તાર-ભયથી ઉલ્લેખ થઈ શકે તેમ નથી ટુંકમાં સેમિટિક ધર્મો જેવા કે ખ્રીસ્તીધર્મ અને ઇસ્લામમાં જે પ્રકારનો ઇશ્વર માન્ય રખાયો છે તેવો આવ્યો દર્શનોમાં નથી.

હવે આપણે નિત્શેના દાર્શનિક વિચારો જોઇએ. નિત્શેના લખાણોની ખુબી કહો કે વિશિષ્ટતા તે એ છે કે પ્રમાણબદ્ધ દલીલોના કરતા પોતાના મંતવ્યો રજુ કરવાની ધગશ અને તેની સ્વીકૃતિનો આગ્રહ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. આ જ કારણે નિત્શેનાં લખાણોની અસર તત્ત્વજ્ઞાન કરતાં સાહિત્ય ઉપર વધારે પડી છે ગુજરાતના સાક્ષરોમાં કનૈયાલાલ મુન્શી અને વાડીલાલ મો. શાહના લખાણોમાં તો તે સ્પષ્ટ દેખાઇ આવે છે.

નિત્શેના દાર્શનિક વિચારો રજુ કરતું મહાકાવ્ય Thus spake Zarathustra (જરથુસ્ત્ર ગીતા) નિરીશ્વરવાદ અને નરપુંગવવાદનો કળશ છે.

જરથુસ્ત્રે ફરતા ફરતાં એક શહેરમાં એક જાદુગરને દોરડા પર ચાલતો જોયો જાદુગર નીચે જમીન પર પટકાતા મૃત્યુને શરણ થયો. તેની દફનક્રિયા પ્રસંગે જરથુસ્ત્ર એક પ્રવચન કરતા ઉપદેશ કરે છે. તે કહે છે, 'હે લોકો, આ જાદુગરની માફક જોખમ ખેડતાં શીખો, સાહસમય જીવન જીવતા શીખો, જીવનનું ખરું તત્ત્વ અને સત્ત્વ સાહસ છે. Live dangerously જ્વાલામુખીના શિખરો પર તમારાં ઘર બાંધો અને નગરો વસાવો. સાહસ કરો, જોખમ ખેડો, બલં ઉપાસ્ય

રાજનીતિ(Political Philosophy)માં નિત્શેના નરપુંગવવાદના સિદ્ધાંતને મનુસ્મૃતિના બ્રાહ્મણવાદની સાથે સરખાવી શકાય. બ્રહ્મનિષ્ઠ ચારિત્રશીલ બ્રાહ્મણો જ શ્રેષ્ઠ અધિકાર ભોગવે, એ મનુનો મત છે. પ્લેટોએ તેના Republicમાં પણ "તત્ત્વજ્ઞાનીઓ જ રાજશાસકો થવાને પાત્ર છે" એમ કહ્યું છે. બીજી એક બાબતમાં નિત્શે મનુને મળતો આવે છે. સ્ત્રી સ્વતંત્ર ન રહી શકે અને સ્વાતંત્ર્ય જરૂરી પણ ન શકે, એવો મનુસ્મૃતિનો મત નિત્શેને પણ માન્ય હોય તેમ લાગે છે. નિત્શે કહે છે કે "Men must be educated for war, and women for home" અર્થાત્ સ્ત્રીઓ ઘર સાચવે ને પુરુષો સંગ્રામવીર બને.

સમાજમાં પ્રાકૃત માણસો જ બહુ સંખ્યામાં છે. નરપુંગવો બહુ અલ્પ છે અથવા નહિવત્ છે. પ્રાકૃત માણસોની બહુ સંખ્યાનું પરિણામ સમાજની અધોગતિમાં જ આવે પરંતુ દરેક સમાજમાં સમયે સમયે નરપુંગવો જન્મે છે અને તેથી જ આ આવા નરપુંગવોને-તે સમાજ ઊર્ધ્વપંથે લઇ જાય છે, અને માનવસંસ્કૃતિ તેથી જ ટકી રહે છે એવી નિત્શેની માન્યતા હતી,

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKAS



શ્રી ઝરાવલા પાર્શ્વનાથના ભવ્ય તીર્થનું રમ્ય દ્રશ્ય

પુસ્તક ૫૫ — આસો
અંક ૧૨ — સં. ૨૦૧૦

વિષયાનુક્રમણિકા

૧.	જ્ઞાનનું મહત્વ.	(જ્ઞાનોપાસનામાંથી ઉધૃત)	૧૬૯
૨.	પ્રભુ મહાવીર સમયનું જૈન જીવન.	(શ્રી પાદરાકર)	૧૭૦
૩.	મધુમક્ષિકે !	(શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર)"	૧૭૧
૪.	સાચી વિચારદૃષ્ટિ.	(રક્તતેજ)	૧૭૩
૫.	મિથ્યાત્વ અને તેના ભેદો. (૨)	(પં. શ્રી સુશીલવિજયજી ગણિ)	૧૭૪
૬.	સાચી દીપોત્સવી ઉજવો.	(મુનિરાજ લક્ષ્મીસાગરજી)	૧૭૮
૭.	રાગ અને દ્વેષ.	(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર)"	૧૮૦
૮.	સ્વીકાર.		૧૮૨
૯	વાર્ષિક અનુક્રમણિકા		૧૮૪

મુનિમહારાજશ્રી મહોદયવિજયજીનો સ્વર્ગવાસ

પ પૂ આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરિજીના પ્રશિષ્ય મુનિરાજશ્રી મહોદયવિજયજી મહારાજ આ વર્ષે અત્રે ચાતુર્માસ રહ્યા હતા દરમિયાનમાં તેઓશ્રીની તબીયત નરમ તો રહેતી. પર્યુષણ પર્વારાધન કરાવવા નિમિત્તે તેઓશ્રી પૂ ઉપાધ્યાયશ્રી મપનવિજયજી મહારાજશ્રી સાથે કૃષ્ણનગર ઉપાશ્રયે પધાર્યા હતા. જ્યા તબીયત વિશેષ નરમ થતા મીતી શ્રાવણ વદ ૦)) ની રાત્રે સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા હતા. તેઓશ્રીની સ્મશાનયાત્રા ભાદરવા શુદ ૧ના રોજ નીકળી હતી, જે સમયે જનતાએ સારો સંખ્યામા લાભ લીધો હતો સ્વ. મુનિરાજશ્રીની વૈયાવચ્ચ તેમના ગુરુબંધુ તપસ્વી મુનિરાજશ્રી ભક્તવિજયજીએ સારી રીતે કરી હતી.

સ્વર્ગસ્થ મુનિરાજશ્રી ભક્તિ સ્વભાવના, માયાળુ અને ધાર્મિક વૃત્તિવાળા હતા. વિ સં. ૧૯૯૨માં તેઓશ્રીએ મહોત્સવપૂર્વક દીક્ષા સ્વીકારી હતી સ્વ૦ મુનિરાજશ્રીના શ્રેયાર્થે સારું ફંડ થયું હતું તેમાથી ભા. વ. ૭ થી કૃષ્ણનગર ખાતે પાચ દિવસનો શ્રી શત્રુંજયની રચનાપૂર્વક મહોત્સવ કરવામા આવ્યો હતો.

અમે સ્વર્ગસ્થ મુનિરાજશ્રીના આત્માને પરમ શાતિ પ્રાપ્ત થાઓ તેવી પ્રાર્થના કરીએ છીએ.

સ્વ શ્રી પુંજાભાઈ દીપચંદ શેઠ

ગત તારીખ ૨૩મી સપ્ટેમ્બર મંગળવારના રોજ બપોરના એક કલાકે, અમદાવાદખાતે, તેઓશ્રીના નિવાસસ્થાને, કીકાભટ્ટની પોળમા હૃદયરોગના હુમલાને કારણે શ્રી પુંજાભાઈ દીપચંદ સ્વર્ગસ્થ થયા છે.

અમદાવાદના કાપડ બજારમા તેઓશ્રીનુ સ્થાન મોભાભર્યું હતું અને પાચકુવા મહાજનના પ્રમુખ તરીકે તેઓશ્રીએ બત્રીશ વર્ષ સુધી એકધારી સેવા બજાવી હતી. તેમના સ્વર્ગવાસને વિસે ભરતી મહાજન તેમજ પાચકુવા મહાજને બજારો બધ રાખી સ્વર્ગસ્થ પ્રત્યે માનની લાગણી દર્શાવી હતી

સત્તર વર્ષની નાની વયે તેઓશ્રીએ વ્યાપારમા પ્રવેશ કર્યો હતો અને સ્વબુદ્ધિમત્તા અને પુરુષાર્થથી આગળ વધી તેઓ અમદાવાદના આગેવાન વ્યાપારી બન્યા હતા. તેઓમાં ઉચ્ચ ધર્મિક સંસ્કારો હતા અને તેમ જ પણ જીવદયા તેમને અતિશય વહાલી હતી અને છેલ્લા દશ વર્ષથી અમદાવાદ પાંજરાપોળના પ્રમુખ તરીકે યશસ્વી કારકીર્દી પ્રાપ્ત કરી હતી. તદુપરાત રેલમંકટ, દુષ્કાળ કે તેવા વિષમ સયોગોમાં તેઓએ ફક્ત દ્રવ્યસહાય જ કરી હતી એટલું જ નહિં પરતુ જાતિભોગ પણ આપ્યો હતો; મહત્તરના સર્વ તીર્થસ્થળોની તેઓએ યાત્રા કરી હતી તેઓ વર્ષોથી આપણી સભાના પેટ્રન બન્યા હતા અને સમાજ ઉત્કર્ષમા સારો રસ ધરાવતા હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાતિ પ્રાર્થી તેમના આપ્તજનો પરત્વે હમદર્દી દર્શાવીએ છીએ.



વર્ષ ૫૫ મું] સ. ૨૦૧૪ આસો [અંક ૧૨

જ્ઞાનનું મહત્વ

જ્ઞાન એ અંતરનું અજવાળું છે; હૃદયની રોશની છે; જીવનની જળહળતી જ્યોતિ છે. તેના ઉદ્યોત વિના કોઈ પણ વસ્તુ કે વિચારનું કંઇ પણ સ્વરૂપ જાણી શકાતું નથી, તેના પ્રકાશ વિના કોઇ પણ પ્રાણી કે પદાર્થનો કંઇ પણ બોધ થઇ શકતો નથી અને એના ચમકારા વિના કોઈ પણ ક્રિયા કે ઘટનાનું રહસ્ય સમજી શકાતું નથી. તેથી જ જ્ઞાનને તૃતીય લોચન, દ્વિતીય દિવાકર અને પ્રથમ પંક્તિનું ધન માનવામાં આવ્યું છે.

" જ્ઞાનોપાસના "માંથી

પ્રભુ વીર સમયનું જૈનજીવન

(દલાણુ–આશા–સોરઠ–ભેરવી)

વીર સમયના જૈનજીવનનો હતો જ્વલંત પ્રકાશ !
ઉજ્જવલ ! હતો જ્વલંત પ્રકાશ.

તત્ત્વજ્ઞાન ને કર્મયોગના, વિકસ્યા વિવિધ વિકાસ !
ધર્મ નીતિ આચાર સર્વ, ઘરઘર શ્રી શારદ વાસ. ઉજ્જવલ ૧

તપનો તેજ, સ્ફુરણુ સંયમનો, અડગ આત્મવિશ્વાસ,
શૂરવીર સંસારે–ત્યાગે, જ્યાં સ્વાર્પણુ શ્વાસેશ્વાસ ! ઉજ્જવલ ૨

અંતરાત્મના અવાજ દોર્યાં, દોરાયે જ્યમ દાસ,
સારું તે મારું સિદ્ધાંતે, રાચે રગ રગમાં જ ! ઉજ્જવલ ૩

વીર સંતાન રગે રગ ઊછળે, સ્વતંત્રતા ઉચ્છ્વાસ !
સિંહબાળના કેમ સંભવે, વાડા માહિં વાસ ! ઉજ્જવલ ૪

સરળ હૃદયના, વિશુધ્ધ પ્રેમી, અભેદ માર્ગ પ્રવાસ !
જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ મંત્રના, હતા ઉપાસક ખાસ. ઉજ્જવલ ૫

પક્ષપાત મારા તારાના, વળી વિતંડાવાદ !
ગચ્છભેદ ઈર્ષા ચેલાના, મોહ નહિ વિખવાદ ! ઉજ્જવલ ૬

મહાનુભાવ–મહારથી યોદ્ધા, મુસદ્દી ગુણના દાસ,
કુબેરના વૈભવ મહાદાની, અંતઃપુર ઉજાસ. ઉજ્જવલ ૭

મુનિવર આચાર્યો મહાજ્ઞાની, હૈયે શાસનદાઝ !
સ્વ–પરસમયના જાણુ હતા એ, ભવસર તારણુ જહાજ ! ઉજ્જવલ ૮

પતિવ્રતા પત્ની સિંહણુ શી ? વીરપ્રસૂતા માત !
વીર, ગૌતમ, સ્થૂલભદ્ર સુદર્શન, સુલસા સતી સુજાત ! ઉજ્જવલ ૯

શ્રેણિક ચેડા ધર્મ રાજવી, પ્રકટ્યા મહા અમાત્ય !
અભયકુમાર મહાબુદ્ધિબળ, સમકિતભર્યાં પ્રતાપ ! ઉજ્જવલ ૧૦

અદ્ભુત એ આદર્શ હતા, જગ જૈનજીવનની ઉષા જ !
આજે તિમિરના પડ પથરાયાં, મેઘલ શ્યામ અમાસ ! ઉજ્જવલ ૧૧

વેર, ઝેર ને કલેશ દુઃખના, ઉલટ્યાં છે ખગ્રાસ,
સુવર્ણ જૈનજીવન ઝંખાયાં, જતો જણાય ઉજાસ. ઉજ્જવલ ૧૨

ભાન ભૂલી, અજ્ઞાને ડૂબી, ભમે શ્રાવિકા આજ !
બળહીન વીર સંતાનો, કરતા દલાલકેરાં કાજ ! ઉજ્જવલ ૧૩

મહાબળી ! હા ! બકાલ બનીયા, ઢીલાં ધોતીયાં દાસ !
જ્ઞાનામૃત પીવું તરછોડી, કાયર શોધે છાશ. ઉજ્જવલ ૧૪

કેક વીરલા શ્રમણ શ્રાવકો, બાંધે ધર્મની પાજ !
શાસનસેવા, ધર્મક્રિયા, આ રા ધ ન અર્થે સાજ ! ઉજ્જવલ ૧૫

અજ્ઞોના વ્યાપારો કરતી, મુસદ્દી કોમ મહાન્ !
આજ વગર વ્યાપારે ફરતી, ભમે બની નિષ્પ્રાણ ! ઉજ્જવલ ૧૬

વીર સમયનું જૈનજીવન ફરી, પાછું પ્રકટો આજ,
શાસન ઉદય ઉષા ગણિ પ્રકટો, વીરજન્મ દિન રાજ ! ઉજ્જવલ ૧૭

—પાદરાકર

મધુમક્ષિકે !

(મધમાખનું દૃષ્ટાંત આપી ઉપદેશ આપેલો છે.)

હે કાર્યરત મધુમક્ષિકે ! તુજ ગુણ ઘણા જગ ગાય છે,
ઉદ્યમતણા આનંદમાં તુજ શ્રમ સુસહ્ય જ થાય છે;
નિજ ચિત્તમાં રહી મસ્ત સુખથી મધુર ગાયન ગાય છે,
ઉદ્યમ કરો અવિરતપણે ઉપદેશ ઈમ સંભળાય છે. ૧

આલસ્યમાં જે કાળ ખોવે વ્યર્થ તસ ભવ જાય છે
તું શીખવે છે જન સહુને એહ સિધ્ધ જ થાય છે
વિશ્રાંતિ નહીં ઘડી એકની શુભ રુચિર કર્મ કરો સદા
ઉપદેશ તારો જે ગ્રહે તસ સફલ જન્મ થશે મુદા ૨

'શુશુ' ધ્વની શ્રુતિમધુર મુખથી ઊચરે આનંદમાં
થઈ મસ્ત તું સ્વાનંદમાં શ્રમ ભૂલતી નિજ કાર્યમાં
સંતો કરે પ્રભુ નામનો જપ તન મને ધરી એકતા
ભૂલી જતા નિજને કરી એકાગ્ર ધ્યાને મગ્નતા ૩

ક્ષણક્ષણે કણમિષ્ટ મધુ લઇ રૂચિર સંગ્રહ તું કરે
ઈમ વિપુલ ભોજન સાધના સંચય કરીને આદરે
સંતો કરી શુભ ધ્યાન ધારણ આત્મલક્ષી મેળવે
રહી ધ્યાન અભ્યાસે સદા રત આત્મ સાધન કેળવે ૪

મધુમક્ષિકે ! તું કુસુમરસ મધુબિંદુ લઇ સુખ અનુભવે
પણ કુસુમને નહીં દુભવતા તું આત્મતૃપ્તિ મેળવે
મુનિપુંગવો તારી જ રીતે ગોચરી લેતા ફરે
તુજ રીતિને મધુકરી કહી કોઇ સાર્થ શબ્દો ઉચ્ચરે ૫

સંચય કરે મધુબિંદુઓનો ઘર વિષે ઉદ્યમ કરી
એ લોભવૃત્તિ કાં ધરે ? જગ કુટિલ છે પ્રાયે કરી
કોઇ વંચકો ધરી દુષ્ટ વૃત્તિ તાકતા ઠગવા તને
લૂંટી જશે તુજ સર્વ સંચય રાખ તું એ નિજ મને ૬

જગમાં ન છે ક્ષણનો ભરૂસો આયુનો કલિકાલમાં
પરવંચકે કપટી ફરે છે સર્વથા ઈહ લોકમાં
માટેજ સંતો સિદ્ધ રહેતા ઓળખી જીવન તનુ
સંગ્રહ ન કરતા એક દિનનો વચન માની ઈશનું ૭

મધુમક્ષિકે ! તું લોભ છોડી ન કર સંગ્રહ મધુ તણો
કુસુમો તને નિત તૃપ્ત કરશે રાખે ભરૂસો એહનો
ગુણગાન કર પ્રભુનામનો તું જપ કરજે ગાઇને
બાલેન્દુ વિનવે માન મારું ઉચ્ચરે જગ જોઇને ૮

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

સાચી વિચારદૃષ્ટિ

લેખક—" રક્તતેજ "

"જૂનું એટલું સારું ને નવું એટલું ખરાબ–આ વિચાર સંકુચિત વૃત્તિમાંથી જન્મેલો છે. નવું એટલું સારું અને જૂનું એટલું ખરાબ–આ વિચાર છીછરા વાંચનમાંથી ઉદ્ભવેલો છે, પરંતુ વિશાળ વાંચન અને ઊંડા ચિંતનમાંથી ઉત્પન્ન થયેલો વિચાર તો એટલો હોઈ શકે કે નવા કે જૂનાને મહત્વ આપ્યા વિના એ એમાં જે સારું તે મારું"–ચિત્રભાનુ

આજકાલ સમાજ પર દૃષ્ટિ કરીશું તો જીવનના દરેક ક્ષેત્રમાં સંઘર્ષનું અને ઝઘડાનું પ્રમાણ વધી ગયેલું જણાશે. એ ઝઘડાઓમાં પણ મોટે ભાગે જૂના અને નવાનું જ સંઘર્ષણ જણાશે.

કેટલા માણસો માત્ર જૂના વિચારને પકડીને નવા મત ધરાવનાર સાથે વાદવિવાદ ચલાવે છે, તે સંકુચિત વૃત્તિના હોઇ એકાન્ત દૃષ્ટિએ જ વિચાર કરે છે, તેથી નવા મતની અંદર રહેલા સદ્ગુણોને પીછાણી શકતા નથી. એકાન્ત દૃષ્ટિને કારણે 'નવો વિચાર' સાંભળે તો ભડકી ઊઠે છે અને એકદમ તેનો વિરોધ કરવા મંડી પડે છે. હવે જો તે જરા વિશાળ દૃષ્ટિ રાખે અને સહાનુભૂતિથી નવા મત કે વિચારમાં રહેલી સારી વાતનો સ્વીકાર કરે તો આપોઆપ જ સંઘર્ષણ શમી જાય અને સમાજના વિકાસમાં સારો ફાળો આપી શકે.

નવા વિચાર ધરાવનારની પણ લગભગ એવી જ મનોદશા અને એકાન્ત દૃષ્ટિ હોય તો તે પણ જૂના વિચારને ધૂત્કારવા પ્રેરાય છે, અને સુકા સાથે લીલું બળી જાય તે તેમના ધ્યાન બહાર રહે છે. તેઓ જો જરા ધીરજ રાખી વિચાર કરે, સમાજના વિકાસની દૃષ્ટિએ જૂના વિચાર વિષે સહાનુભૂતિથી ચિંતન કરે તો જરૂર તેમાં રહેલ સત્યાંશ તેમને સમજાય.

આ રીતે જો બન્ને પ્રકારના મત ધરાવનારાઓ સંકુચિત વૃત્તિનો ત્યાગ કરી, ઊંડા ચિંતન દ્વારા સહિષ્ણુતા અને અનેકાન્ત દૃષ્ટિ કેળવે તો સુધરેલ, પ્રસાધાતી, નાસ્તિક, ઉચ્છૃંખલ જૂનવાણી જેવા સંઘર્ષણ જન્માવનાર શબ્દો વાપરવા ન પડે અને સમાજની એકતા કરી વિકાસની અનેક અનુકૂળતા મેળવી શકાય.

આ હકીકત ધ્યાનમાં રાખીને જો દરેક જણ સ્વતંત્ર અને તટસ્થ દૃષ્ટિએ વિચાર કરે તો તેને સત્ય વસ્તુ સમજાય. કોઇ વિચાર માત્ર જૂનો છે કે નવો છે અથવા કોઈ વિચાર જૂના વિચાર ધરાવનારે રજૂ કર્યો છે કે નવા વિચારવાળાએ એમ વિચારવાને બદલે, તે વિચાર સમાજનો વિકાસ કરી શકશે કે નહિ અને તે વિચારથી સમાજની પ્રગતિ કેટલી થશે એ હકીકત ધ્યાનમાં લઇ તેને અંગે અભિપ્રાય બાંધવો જોઇએ અથવા તેવા અભિપ્રાયને પ્રગટ કરવા જોઇએ.

આ રીતે વિચાર કરવામાં આવે તો સમાજમાં એકતા સ્થપાય અને જુદા જુદા વિચાર ધરાવનારાઓ સાથે મળીને સમાજહિતનું કાર્ય કરી શકે, તેમજ સંઘર્ષણ અને ખોટા ઝઘડા સમાજમાંથી દૂર થાય અને સમાજ તંદુરસ્ત, દક્ષ, વિચારશીલ અને વિકાસશીલ બને

મારા પુત્રને તથા પુત્રવધૂને ક્ષેમકુશળ રાખજો' ઇત્યાદિ વિવિધ પ્રકારે સ્તુતિ-સ્તવનાદિ જે કરવાં તે પણ 'લોકોત્તર દેવગત મિથ્યાત્વ' જાણવું.

અથવા લોકોત્તર દેવમાં લૌકિક દેવનાં ચિહ્નો આરોપણ કરવા, અને લૌકિક દેવની જેમ લોકોત્તર દેવ પાસે કહેવું કે-'પ્રભો! આપ જ સુખદુઃખના દેનારા છો, આપની ઇચ્છાનુસાર જ સુખદુઃખ પ્રાપ્ત થાય છે' ઇત્યાદિ. આ રીતે જે બોલવું તે પણ 'લોકોત્તર દેવગત મિથ્યાત્વ' સમજવું.

અથવા પરતીર્થિકોએ ગ્રહણ કરેલ જિનપ્રતિમાને વંદન-પૂજનાદિક કરવાથી, સાધુઓએ જિનમંદિરમાં નિવાસ કરવાથી, રાત્રીએ પ્રભુની સ્નાત્રાદિક પૂજા કરવાથી પણ 'લોકોત્તર દેવગત મિથ્યાત્વ' સમજવું.

અથવા લૌકિક દેવના મંદિરની જેમ શ્રી જિનેશ્વર દેવના મંદિરમાં પણ તંબોલાદિકનું ભક્ષણ કરવાથી, જળક્રીડા કરવાથી, હીંચકા ખાવાથી, નાટકાદિક જોવા વગેરેથી પણ 'લોકોત્તર દેવગત મિથ્યાત્વ' જાણવું.

(૫) શુદ્ધજ્ઞાન, શુદ્ધદર્શન અને શુદ્ધચારિત્રવાન્ એવા મુનિમહારાજને આ લોક અને પરલોકના સુખની અભિલાષાથી જે વાંદવા-પૂજવા કે પ્રતિલાભવા તે 'લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ કહેવાય છે.'

અથવા પાસત્થાદિક વેશધારી શિથિલાચારીઓને ગુરુબુદ્ધિથી માનવા, વાંદવા, પૂજવા કે પ્રતિલાભવા તે પણ 'લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ' કહેવાય છે.*

(૬) ઓળી, આઠમ, ચૌદશ અને જિનકલ્યાણકાદિ લોકોત્તર પર્વને આલોક અને પરલોકના સુખને અર્થે આરાધવા ને માનવા તે. અર્થાત્ તે દિવસે ઉપવાસ, આયંબિલ અને એકાશનાદિ જે તપ કરવું તે 'લોકોત્તર પર્વગત મિથ્યાત્વ' કહેવાય છે.

[દશ પ્રકારે-]

[૧] અધર્મમાં ધર્મ સંજ્ઞા, [૨] ધર્મમાં અધર્મ સંજ્ઞા, [૩] ઉન્માર્ગમાં માર્ગસંજ્ઞા, [૪] માર્ગમાં ઉન્માર્ગ સંજ્ઞા, [૫] અજીવમાં જીવ સંજ્ઞા, [૬] જીવમાં અજીવ સંજ્ઞા, [૭] કુસાધુમાં સુસાધુ સંજ્ઞા, [૮] સુસાધુમાં કુસાધુસંજ્ઞા, [૯] અમુક્તમાં મુક્તસંજ્ઞા અને [૧૦] મુક્તમાં અમુક્ત સંજ્ઞા.

આ રીતે મિથ્યાત્વ દશ પ્રકારે છે.

તે આ રીતે—

(૧) વેદવાક્યો શુભ લક્ષણશૂન્ય હોવાથી અનાગમ છે, છતાં એમાં ધર્મ એટલે આગમબુદ્ધિ જે રાખવી તે અધર્મમાં ધર્મ સંજ્ઞા જાણવી. અર્થાત્ હિંસાદિકરૂપ અધર્મને ધર્મરૂપ માની દેવ કે

---

* લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ પણ પક્ષાંતરે પૂર્વાચાર્યોએ કહ્યું છે કે—

जे जोगुत्तमलिंगा, किंगिअदेहाविपुक्कतंबोलं।
आहाकम्मं सव्वं, जलं फलं चेव सच्चित्तं ॥ १ ॥
मुंचंति थीपसंगं, ववहारे गयसंगहं भूसं।
पलालिंते भणंति, सच्छंदविहिअं वयणं ॥ २ ॥
चेइअमठावासं, वसहीसु नियमेव संठाणं।
गेअं निअवरनाणइअघावणपवि कणयकुसुमेहिं ॥ ३ ॥
तिविहेहिं तिविहेणय, मिच्छत्तं वज्जियं जहिं दूरं।
निच्छयउ ते सड्ढा, अन्ने उण नामओ चेव ॥ ४ ॥

ભાવાર્થ:—"જે લોકોત્તર ચિંગવાળા (સાધુ) યતિવેષ ધારણ કર્યા છતાં પુષ્પ, તંબોલ, આધાકર્મી સર્વ વસ્તુ તથા સચિત્ત જળ અને ફળ ખાય. તથા સ્ત્રીપ્રસંગ કરે, વ્યાપાર કરે, દ્રવ્યાદિકની ગાંઠડીઓ બાંધે, ચોટી વગેરે આભૂષણ ધારણ કરે, એકલા ભમે, સ્વચ્છંદપણે વર્તે, મરજી પ્રમાણે વચન બોલે, ચૈત્યમાં મઠવાસીની જેમ રહે, વસતીમાં હમેશાં સ્થિતિ કરે, ગાયનમાં પોતાનાં વખાણ ગવરાવે અને સોનૈયાવડે તથા પુષ્પોવડે પોતાની પૂજા કરાવે.

આ પ્રમાણે મિથ્યાભાવમાં વર્તતા વેષધારી સાધુઓને જે ત્રિવિધે ત્રિવિધે દૂરથી જ વર્જે છે, તેઓ નિશ્ચે ખરેખર શ્રાવક છે; તે સિવાય બીજા તો માત્ર નામના જ શ્રાવક છે.

[ઉપદેશપ્રાસાદ ભાષાંતર-ભાગ ૪ થો—સ્તંભ ૧૭ મો. વ્યાખ્યાન ૨૫૩ માંથી.]

દેવી પાસે અથવા યજ્ઞપ્રસંગે પશુવધાદિક કરાવવા તે અર્થાત્ 'અધર્મને ધર્મ માનવો' એ મિથ્યાત્વ છે.

(૨) સકલ કર્મનો વિનાશ કરનાર અને વિશુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવનારે એવા આપ્ત પુરુષના વચનમાં અધર્મની એટલે અનાગમની જે બુદ્ધિ રાખવી તે 'ધર્મમાં અધર્મ સંજ્ઞા' સમજવી.

અથવા એમ બોલવું કે–

'સમસ્ત પુરુષો અમારી જેવા જ છે, સર્વ રાગાદિ સહિત જ છે, અને કોઇ સર્વજ્ઞ નથી. ઇત્યાદિ અનુમાન પ્રમાણથી કોઇપણ આપ્ત નથી.' એવી કુયુક્તિપૂર્વક આપ્તપ્રણીત આગમમાં જે અનાગમ બુદ્ધિ રાખવી તે. અર્થાત્ 'ધર્મને અધર્મ માનવો' એ મિથ્યાત્વ છે.

(૩) મોક્ષનગરનો માર્ગ એટલે સત્ય વસ્તુ તત્ત્વની અપેક્ષાએ વિપરીત શ્રદ્ધા સહિત જે જ્ઞાન અને ક્રિયા કરવી તે ઉન્માર્ગ કહેવાય છે. તેમાં જે માર્ગ બુદ્ધિ રાખવી તે 'ઉન્માર્ગમાં માર્ગ સંજ્ઞા' જાણવી.

અર્થાત્ 'સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ક્રિયાને અપનાવ્યા વિના કદી પણ મોક્ષનો માર્ગ મળતો નથી' એમ સમજવા છતાં પણ આપમતે તેનું ખંડન કરવું અને સત્યમાર્ગને ઉન્માર્ગ કહેવો તે અર્થાત્ 'ઉન્માર્ગને માર્ગ માનવો' એ મિથ્યાત્વ છે,

(૪) મોક્ષનગરના માર્ગમાં એટલે શુદ્ધ શ્રદ્ધાવડે જ્ઞાન અને ક્રિયા કરવામાં ઉન્માર્ગપણાની જે બુદ્ધિ રાખવી તે માર્ગમાં ઉન્માર્ગ સંજ્ઞા સમજવી

અર્થાત્ એકાન્તજ્ઞાન કે એકાન્ત ક્રિયાથી જ આત્માની મુક્તિ છે' એવા ઉન્માર્ગને માર્ગ માની તેની જે પુષ્ટિ કરવી તે. અર્થાત્ માર્ગને ઉન્માર્ગ માનવો એ મિથ્યાત્વ છે.

(૫) અજીવમાં એટલે આકાશ, પરમાણું આત્મામાં જીવ છે એમ માનવું, આ શરીર જ આત્મા છે એમ માનવું. અથવા પૃથ્વી, પાણી, પવન, અગ્નિ, યજમાન, આકાશ, ચંદ્ર અને સૂર્ય એ આઠ મહાદેવની મૂર્તિઓ છે વગેરે જે માનવું તે અજીવમાં જીવ સંજ્ઞા જાણવી.

અર્થાત્ આકાશનાં રહેલાં ક્ષેત્રાત્મક નિર્જીવ પુદ્ગલોને સજીવ માનવા તે. અર્થાત્ અજીવને જીવ માનવો એ મિથ્યાત્વ છે.

(૬) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરે સજીવમાં નિર્જીવ ઘટ વગેરેની જેમ ઉચ્છ્વાસાદિ જીવના ધર્મ જણાતા નથી, માટે તે સર્વે અજીવ છે; એવા પ્રકારની યુક્તિવડે જીવમાં અજીવ બુદ્ધિ જે રાખવી તે જીવમાં અજીવ સંજ્ઞા સમજવી.

અર્થાત્ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરે સજીવને નિર્જીવ જડ સ્વરૂપ જણાવવા તે. અર્થાત્ જીવને અજીવ માનવો એ મિથ્યાત્વ છે.

(૭) ષટ્કાય (પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય) જીવની હિંસામાં પ્રવર્તેલા અસાધુમાં સાધુબુદ્ધિ જે રાખવી તે અસાધુમાં સાધુ સંજ્ઞા જાણવી.

અર્થાત્ ઉન્માર્ગગામી–માર્ગભ્રષ્ટ થયેલા એવા અસાધુને સ્વાર્થવશ થઇ સાધુ માનવા તે. અર્થાત્ અસાધુને સાધુ માનવા એ મિથ્યાત્વ છે.

(૮) 'આ સાધુ પુત્ર રહિત હોવાથી તથા સ્નાન વગેરે નહિં કરતા હોવાથી તેમની સદ્ગતિ નથી' ઇત્યાદિ કુતર્ક કરી પંચમહાવ્રતના ધારક ષટ્જીવનિકાયના રક્ષક અને સમિતિ ગુપ્તિના પાલક એવા સુસાધુમાં અસાધુ બુદ્ધિ જે રાખવી તે સાધુમાં અસાધુ સંજ્ઞા સમજવી.

અર્થાત્ શુદ્ધ માર્ગગામી એવા સાધુ મહાત્મા પાસે પોતાનો તુચ્છ સ્વાર્થ નહીં સરવાથી તેમને જે અસાધુ માનવા તો. અર્થાત્ સાધુને અસાધુ માનવા એ મિથ્યાત્વ છે.

(૯) 'અણિમાદિ અષ્ટસિદ્ધિના ઐશ્વર્યને પામેલા એવા કેવળ પુરુષો સર્વદા જ્ઞાનંદમાં વર્તે છે, તેઓ

જ મુક્ત-નિવૃત્તાત્મા છે અને તેઓ જ આ દુસ્તર સંસાર-સાગરને તરી ગએલા છે' ઇત્યાદિ જે માનવું તે અમુક્તમાં મુક્ત સંજ્ઞા સમજવી.

અર્થાત્ કર્મવાન્ અને લૌકિક વ્યવહારમાં પ્રવર્તેલા એવા અમુક્ત જીવોને મુક્ત માનવા તે, અર્થાત્ અમુક્તને મુક્ત માનવા એ મિથ્યાત્વ છે.

(૧૦) સકલ કર્મથી રહિત તથા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યવાન્ એવા મુક્ત જીવોને જે અમુક્ત માનવા તે અમુક્તમાં મુક્ત સંજ્ઞા જાણવી. અર્થાત્ મુક્તને અમુક્ત માનવા એ મિથ્યાત્વ છે.

આ રીતે મિથ્યાત્વના અનેક ભેદો શાસ્ત્રકાર મહર્ષિઓએ જણાવેલા છે. આ સિવાય મિથ્યાત્વના એકવીશ ભેદો તથા વિધિકોમુદીમાં તેંતેર ભેદો પણ કહેલા છે. વિશેષ જિજ્ઞાસુએ તે તે ગ્રંથોમાંથી જાણી લેવા.

મિથ્યાત્વની ચઉભાંગી

(૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત, (૩) સાદિ અનંત અને (૪) સાદિ સાંત. આ રીતે મિથ્યાત્વની ચઉભંગી છે. તેમાં પહેલો અનાદિ અનંત ભાંગો આ રીતે છે—

અભવ્ય જીવોને વિપરીત રુચિરૂપ મિથ્યાત્વ અનાદિ અનંત હોય છે.

પ્રશ્ન—શાથી અનાદિ અનંત હોય છે ?

ઉત્તર—અભવ્ય આત્માને મિથ્યાત્વ અનાદિકાળથી લાગેલું છે. અને તેનો હવે પછી ગમે તેટલી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ પસાર થાય છતાં કોઈ પણ કાળે અંત આવનાર જ નથી, માટે અભવ્યને મિથ્યાત્વ અનાદિ અનંત હોય છે.

બીજો અનાદિ સાંત ભાંગો આ રીતે છે—

ભવ્ય જીવોને મિથ્યાત્વ અનાદિ સાંત હોય છે.

પ્રશ્ન—શાથી અનાદિ સાંત હોય છે ?

ઉત્તર—ભવ્ય આત્મા પણ અનાદિ કાળથી મિથ્યાદૃષ્ટિ હોય છે, છતાં તે ભવ્ય હોવાથી કોઈ પણ કાળે તે સમ્યક્ત્વ-સમકિત પામી શકે છે. અને જ્યારે તે આત્મા સમકિત પામે ત્યારે તે સમયે મિથ્યાત્વનો અંત થાય, એ અપેક્ષાએ અનાદિ સાંત ભાંગો ઘટી શકે છે. આથી જ એ અનાદિ સાંત ભાંગો જણાવેલ છે.

ત્રીજો સાદિ અનંત ભાંગો આ રીતે છે—

અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય પ્રાણી સમ્યક્ત્વ પામ્યા પછી કોઈ પણ કારણથી પુનઃ મિથ્યાત્વ પામે, તે અપેક્ષાએ સાદિ અનંત ભાંગો જણાવેલ છે, પરંતુ આ ભાંગો કોઈ પણ જીવને લાગુ પડી શકતો નથી, તેથી તે શૂન્ય જ સમજવો.

પ્રશ્ન—શાથી સાદિ અનંત ભાંગો ઘટી શકતો નથી ?

ઉત્તર—સાદિ મિથ્યાત્વ ભવ્ય જીવોને જ હોઈ શકે છે, અભવ્ય જીવોને નહિં. તેથી કરીને તે સાદિ મિથ્યાત્વ અનંત થઈ શકે નહિં, કારણ કે અર્ધપુદ્ગલપરાવર્તમાં તો તેનો અવશ્ય અંત જ થાય, માટે ત્રીજો સાદિ અનંત ભાંગો કોઈ પણ જીવ આશ્રીને ઘટી શકે નહિં અર્થાત્ તે શૂન્ય જ છે.

ચોથો સાદિ સાંત ભાંગો આ પ્રમાણે છે—

અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવ સમકિત પામ્યા પછી કોઈ પણ કારણથી ફરીને તે મિથ્યાત્વ પામે, તો તેને તે મિથ્યાત્વ (સમકિત પામ્યા પછીથી થયેલું) સાદિ થયું. આ મિથ્યાત્વમાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગલપરાવર્ત પર્યંત રહીને પુનઃ જ્યારે સમકિત પામે ત્યારે તે સાદિ મિથ્યાત્વ સાંત થયું. તેથી તે ભવ્ય જીવને સાદિ સાંત મિથ્યાત્વ સમજવું. આ રીતે સાદિસાંત મિથ્યાત્વનો ચોથો ભાંગો ઘટી શકે છે.

મિથ્યાત્વના ઉદાહરણો—

(૧) અંગારમર્દકાચાર્ય, સંગમ દેવ, પાપી પાલક, કાલિકસૌકરિક કસાઈ અને કપીલા દાસી વગેરે અભવ્ય

હૃદયમાં જ્ઞાનદીપક પ્રગટાવી સાચી દીપોત્સવી ઊજવો.

મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

દિવાળીનો દિવસ એટલે દીપાવલીનો મહોત્સવ. દીપકો સર્વત્ર પ્રકાશ ફેલાવે છે અને માનવ માત્રમાં દુનવી નિવાસસ્થાનોમાં તેજપુંજ રેલાય છે. પ્રકાશ અંધકારનો વિનાશ કરનાર વિજયવંત જ્યોતિ છે. પ્રકાશનું આગમન થતા જ અંધકાર ભયભ્રસ્ત બની ભાગી જાય છે. પ્રકાશ દેવી છે. પ્રકાશ ઉલ્લાસ ને આનંદનું વાતાવરણ જમાવે છે. એટલે દીપાવલી સૃષ્ટિમાં અને સૃષ્ટિ પરના મનુષ્ય જીવનમાં જ્યોતિ ભરી દે છે અને દિવ્યત્વ પ્રસરાવે છે. દૈવી પ્રકાશનું એ પ્રતીક છે. માટીની માયાભર્યા આ જગતમાં જે આત્માનંદ છે, સાચો અંતર્ગત આનંદ છે, તેની દીપાવલી મનોરમ સ્મૃતિ છે. દીપાવલી પ્રકાશનું આગમન અને અંધકારનું નિર્ગમન છે. અજ્ઞાનાંધકાર ઉપર આત્મીય જ્યોતિએ મેળવેલો એ વિજય છે, પ્રકાશ દિવ્યત્વનું પ્રતીક છે. અજ્ઞાન અને તમસનો વાસ હંમેશા અંધકારમાં હોય છે આત્મા પ્રાણ જ્યોતિ છે. આ મહાપ્રકાશનાં કિરણ સત્ય, જ્ઞાન, અનન્ત સત્ય, મોક્ષ શુભ, સુંદર અનેકાન્ત સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે, જ્ઞાન, પ્રેમભાવના અને પવિત્રતા અને નિજાનંદસ્વરૂપે એ પ્રગટી રહે છે. એટલે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં જ્ઞાન, પવિત્રતા, પ્રેમ, સત્ય, આનંદ અને ભલાઇનો પ્રચાર થાય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે સાચી દીપાવલીનો મહોત્સવ ઊજવાય છે. ઐહિક જીવનમાં જ્યારે આ સદ્ગુણોનો પ્રચાર થાય છે ત્યારે જ આત્મના સાચા સ્વરૂપનું ભાન થાય છે. ત્યારે જ આત્માની દિવ્ય જ્યોતિથી સર્વસ્વ પ્રકાશવંતું બની જાય છે. અન્ય જીવનને પ્રકાશવંતું બનાવનાર

જીવોના ઉદાહરણો–દૃષ્ટાંતો મિથ્યાત્વના પહેલા અનાદિ અનંત ભાગાના સમજવા.

(૨) તીર્થંકરાદિ ભવ્ય જીવોના ઉદાહરણો–દૃષ્ટાંતો મિથ્યાત્વના બીજા અનાદિ સાંત ભાગાના સમજવા

(૩) મિથ્યાત્વનો ત્રીજો સાદિ અનંત ભાંગો કોઇમાં પણ ઘટી શકતો ન હોવાથી અર્થાત્ શૂન્ય હોવાથી તેનું એક પણ ઉદાહરણ–દૃષ્ટાંત નથી.

(૪) સંસારમાં પરિભ્રમણ કરતા એવા અનેક ભવ્ય જીવોમા ઉદાહરણો–દૃષ્ટાંતો 'મિથ્યાત્વના ચોથા' સાદિ સાંત ભાગાના સમજવા.

ઉપસંહાર—

સંસારમાં પરિભ્રમણ કરાવનાર, ચોરાશી લાખ જીવાયોનિમાં રઝળાવનાર, અધઃપાતના ઊંડા ગર્તમાં પટકનાર, અજ્ઞાનના ઘનઘોર અંધારામા છૂપાવનાર, અને સન્માર્ગથી વંચિત રાખનાર એવા આ મિથ્યાત્વના યોગે જીવને પાપકર્મનો બંધ પડે છે અને તેને લઇને અનંતકાળ સુધી સંસારમા પરિભ્રમણ કરવું પડે છે; માટે હે જીવો! હે ભવ્ય પ્રાણીઓ! તેનાથી ચેતતા રહો અને શીઘ્ર તેનો વિનાશ કરવા કટિબદ્ધ બનો!

દરેક વિચાર, દરેક ઉચ્ચાર અને દરેક આચાર તે જ સાચો દીપક. એવા દીપકોથી જ દીપાવલી રચાય. દાખલા તરીકે એક હોસ્પીટલમાં દુઃખી દર્દીના વદન પર પુષ્પવિહાર અને મીઠાં વચનથી ઉલ્લાસનું સ્મિત રેલાય એ જ દીપાવલી. કોઈ દુઃખી ગર્તામાં ડૂબેલા માનવી આગળ પ્રેરણાત્મક પુસ્તકનું વાંચન થાય, એના આળા હૈયાને સાન્ત્વન મળે એ જ સાચી દીપાવલી. અજ્ઞાનનો અંધકાર દૂર થાય અને જગતની માયા ભેદાય તો જ સાચી દિવાળી. ચાલુ સાધનારૂપી ઇન્ધન પૂરું પાડી આ આત્મીય જ્યોતિને જીવન્ત રાખીએ તો જ દીપાવલી મહોત્સવ સાર્થક થયો લેખાય. આત્મધ્યાન જપ, તપ, પ્રભુભજન વગેરે ચાલુ આધ્યાત્મિક કાર્યો દ્વારા જ આ આધ્યાત્મિક જ્યોતિ જલતી રાખી શકાય. શ્યામ પડી જતાં આત્મા પર ચળકાટ આણવા એ પોલીશ છે. સેવારૂપી પોલીશથી એ દિવ્યજ્યોતિ ચળકતી રહે છે. ઘટકર્મયોગ આંતરિક દિપાવલીની જ્યોતિનું સંરક્ષણ કરે છે. તમસરૂપી કાટ એના પર વળવા દેતો નથી. અને અપવિત્ર દૈહિક વિષય વાસનાઓ નિવારે છે. વૈરાગ્ય અને વિચારદ્વારા આ આધ્યાત્મિક જ્યોતિ ચિરંજીવ રાખવાનો છે.

દિવાળીના દિવસે પ્રગટતી દીપાવલી આત્માનું સ્મરણ છે. દિલના ખૂણે ખૂણાને અજવાળી દેતો પ્રકાશ એ જ આત્મા. એ આત્મજ્યોતિના અસ્તિત્વનો સાક્ષાત્કાર એ જ માનવદેહીના જીવનનું સાર્થક્ય. એ આત્મજ્યોતિના પ્રકાશમાં હરવું ફરવું અને જીવનને એમાં તન્મય બનાવી દેવું, એ આંતરિક આધ્યાત્મિક પ્રકાશથી માનવજીવન તેજોમય કરવું, ત્યારે જ દીપાવલી સુંદર ને સંપૂર્ણ રીતે ઊજવી લેખાય, ત્યારે જ દીપાવલી મહોત્સવ સાર્થક થયો ગણાય. દીપાવલીનો સાચો આદર્શ એ જ.

સત્ય, સ્નેહ અને પવિત્રતાના પ્રકાશથી આત્માના અણુએ અણુને અજવાળી દેવા જોઈએ. આત્મ-જ્યોતિથી અખંડ પ્રકાશ પ્રાપ્ત કરવો ઘટે વિચાર, ભાવના, વાચા, કર્મ એ આત્મજ્યોતિથી ભરી દેવાં જોઈએ. પવિત્રતાની શ્વેત જ્યોતિથી માનવના વિચાર માત્ર ચમકી ઊઠતા જોઈએ. હૈયામાં પ્રગટ થએલા ને સમગ્ર સૃષ્ટિમાં વ્યાપી ગએલા જ્યોતિ પ્રકાશથી ભાવના ને લાગણીઓ તેજોમય બની જવાં જોઈએ. વાણીને પણ એવી બનાવવી રહી કે શ્રોતાઓ પણ એ પુણ્ય જ્યોતિનો સાક્ષાત્કાર કરી રહે. વચનો પણ એવાં જોઈએ કે અન્યના જીવન આનંદથી અજવાળાઈ જાય. દિલ દિલમાં ધૈર્ય ને ઉલ્લાસ પુરાય.

માનવ માત્રનું એક એક કૃત્ય કર્મની સાચી ભાવનાના ઝગમગાટથી દીપી ઉઠે. ગૌતમ દેવળજ્ઞાન, અને ધન્ય અમાવાસ્યા, ધન્ય દિવાળી અને તે જ વખતે મહાવીરપ્રભુનું નિર્વાણ દિવ્ય જ્યોતિથી ચમકી રહે.

ભય, નિરાશા, હતાશા, નિર્બલતા અને ભયગ્રસ્ત દશાતમસનાં સ્વરૂપી છે. એનો વાસ કેવળ અંધકારમાં જ છે. દીપાવલીના સુરમ્ય દિવસે તમસાંધકારને નિર્મૂળ કરવો ને પવિત્ર સત્યના સાચા અનંત ઓજસથી જ્યોતિર્મય બની જવું, ધૈર્યશીલ થવું, આશાવાદી રહેવું ને ઊમંગી અને મજબૂત નિશ્ચય ધરાવતા બનવું આ આનંદમયી મહામંગલના દિવસે સાચી દીપાવલી કહાય અને કે રાગ દ્વેષને તજી દીધાં હોય ત્યારે. આધ્યાત્મિક વ્યક્તિત્વ જમાવવું, આત્મીય દીવાદાંડીથી તેજરેખાઓ ફેંકી દુન્યવી જીવનનો વિષાદ નાબૂદ કરવો, દિપાવલીનો આ સાચો દીપકનો મતમતાંતરના અંધકારને દૂર કરીને અને હૃદયમાં જ્ઞાનદીપક પ્રગટાવીને સાચો દીપાવલી મહોત્સવ ઊજવો અને આત્માનું સાર્થક કરો.

રાગ અને દ્વેષ

સાહિત્યચંદ્ર શ્રી બાલચંદ હીરાચંદ

કોઇ પણ વસ્તુ કે કાર્ય જ્યારે આપણને ગમે છે, વહાલું લાગે છે, એને મેળવવા આપણા મનમા પ્રેમ જાગે છે અને તે મેળવવા આતુરતા ઉત્પન્ન થાય છે ત્યારે તે મેળવવા માટે આપણે ગમે તેવા કાણ જણાતા કામો પણ કરવા લલચાઇએ છીએ. અને સારાસાર વિચાર કરવાનું પણ આપણે ભૂલી જઇએ છીએ. અને ગમે તેમ કરી તે વસ્તુ મેળવવા આપણે મથીએ છીએ. એને જ રાગ કહેવાય છે. એટલે જ રાગ એટલે મોહ! રાગ જ્યારે પોતાનો અડ્ડો જમાવી મનુષ્યને પોતાના તાબે કરી લે છે ત્યારે માણસ છતી આખે જોઈ શકતો નથી તેથી જ તેને રાગાંધતા કહેવાય છે. જે વસ્તુ ઉપર આપણને રાગ જામી જાય છે તે વસ્તુના અનંત દોષો પણ આપણે જોઈ શકતા નથી. ઊલટું તે દોષોને જ આપણે ગુણોના આચ્છાદનો ચઢાવીને તેને ઢાકવા આપણે તનતોડ મહેનત કરીએ છીએ. અને તેને રૂડા નામાભિધાનો આપી તે વસ્તુ સુંદર અને નિર્દોષ નહી પણ ગુણસંપન્ન છે એમ મનાવવા પ્રયત્નશીલ થઈએ છીએ કોઇ વખત એ વસ્તુના દોષો ઉપર તરી આવે છે અને મનને ઘૃણા ઉત્પન્ન કરે છે ત્યારે આપણે ગમે તેવા પ્રયત્નો કરી તે દોષો ઢાકવા પ્રયત્ન કરીએ છીએ. મોહાંધતા કે રાગાંધતા આવી હોય છે.

દ્વેષ એ કોઇ સ્વતંત્ર વસ્તુ નથી. દ્વેષ એ રાગની જ પ્રતિક્રિયા છે. રાગ હોય તો જ દ્વેષનું અસ્તિત્વ શક્ય બને છે. જે વસ્તુ ઉપર આપણને રાગ હોય છે તે વસ્તુ મેળવવામા જે વિઘ્નકર્તા છે એવું આપણને જણાય છે તે વસ્તુ તરફ આપણો દ્વેષ જાગે છે. આડે આવતી વ્યક્તિ કે ઘટનાઓ માટે આપણે તિરસ્કાર જાગે છે અને અંતે તે તરફ દ્વેષ ઉત્પન્ન થાય છે. અને આપણી લાગણી વધુ ને વધુ દ્વેષ ધારણ કરવા માંડે છે. અને અંતે રાગ કરતા દ્વેષની માત્રા વધતી જાય છે. અને એ દ્વેષની પરિણતિ અહંકાર અને ક્રોધ ઉત્પન્ન કરે છે. અને ક્રોધ એવી વસ્તુ છે કે તે જ્યારે આપણા મનનો પણ કબજો લે છે ત્યારે સત્યાસત્ય, ધર્માધર્મ, નીતિઅનીતિ, શુચિતા કે અશુચિતાનુ ભાન આપણને રહેતું નથી. અને ક્રોધ ગમે તેવી કઠોરતા, ગમે તેવું પાપ માણસના હાથે કરાવે છે. કોઇ વખત એ દ્વેષની પરિણતિ એટલી થઈ જાય છે કે, માણસ પોતાની માનવતાને પણ ભૂલી જાય છે. અને નહી કરવાના કાર્યો કરી બેસે છે. કદાચિત્ એને પશ્ચાત્તાપ થાય છે પણ તે ઘણો મોડો પડી જાય છે. બગડી ગએલી બાજી સુધારવાને એને અવકાશ પણ હોતો નથી આ બધી ઘટનાનું કારણ દ્વેષ છે, છતાં આપણે જોઈ ગયા કે, દ્વેષ પણ રાગમાંથી જ જન્મે છે. એટલે રાગ પેદા થએલો હોય તો જ દ્વેષને જન્મવાનો અવકાશ મળી જાય છે. જ્યાં રાગ જ ન હોય ત્યા દ્વેષનો જન્મ થવાનો માર્ગ જ બંધ થઈ ગએલો હોય છે. એ વસ્તુ ખૂબ જ ધ્યાનમા રાખવા જેવી છે અગ્નિ હોય તો જ ધૂમાડો ઉત્પન્ન થાય એવો એ પ્રકાર છે.

જ્યારે એમ જોવામાં આવે છે કે અમુક માણસ બીજાનો દ્વેષ કરે છે ત્યારે એ વસ્તુ સ્પષ્ટ જોવામાં આવે છે કે, એનો કોઇ વસ્તુ ઉપર રાગ છે અને એ એના રાગને આડે પેલો માણસ આવે છે. અને તેને લીધે જ એ દ્વેષ કરે છે. સારાશ દ્વેષના મૂળમાં રાગ એ જ મુખ્ય કારણ હોય છે. એટલે રાગ, દ્વેષ હોય ત્યારે જ દ્વેષ જન્મે છે.

જગતમા એવી અનંત વસ્તુઓ છે કે જેની આપણને જરૂર હોતી નથી. એકાદ વસ્તુ તરફ જ્યારે મનુષ્યને આતુરતાથી આકર્ષાય છે, અને તેને માટે પડાપડી કરે છે, ત્યારે તેની એ કૃતિ તરફ આપણે

તિરસ્કારની નજરે જોઇએ છીએ. અને એની એ તાલાવેલી માટે તેને મૂર્ખમાં મણીએ છીએ. એનું કારણ એટલું જ છે કે, એ વસ્તુ માટે આપણને રાગ હોતો નથી. આપણને એ વસ્તુ બિનજરૂરી જણાય છે. અને તે માટે આપણે વિરાગની ભાવના સેવીએ છીએ. એ ઉપરથી એ ફલિત થાય છે કે, જે વસ્તુ માટે આપણને રાગ કે પ્રેમ હોતો નથી. તે વસ્તુ માટે આપણે જરાએ દુઃખ અનુભવતા નથી અને તે વસ્તુ ન મળે તે માટે આપણને બિલકુલ ભાવના પ્રગટ થતી નથી. ત્યારે દ્વેષની જરૂર રહી જ ક્યાં ? અમુક વસ્તુ આપણે જોઈએ છીએ એવી રાગદશા જ અનેક આપત્તિઓને નોતરે છે. અને પછી એ ચક્ર ચાલુ થાય છે. અને એક પછી એક નવા નવા ચક્રો ગતિમાન થાય છે, એવા અનેક ચક્રો ચાલુ થતા એક ન ઉકેલી શકાય એવું યંત્ર નિર્માણ થાય છે. એને જ સંસાર એવું નામ આપવામાં આવે છે. એટલે સંસાર વધવાનું કોઈ કારણ હોય તો એ રાગ છે. એટલે રાગ શબ્દનો જ અર્થ સંસાર એવો કરીએ એમાં જરાય ખોટું નથી. એક છિદ્રમાંથી જ અનેક નવા છિદ્રો થાય છે. **छिद्रेष्वनर्था बहुली भवन्ति** છિદ્રમાં અનેક વિસંવાદી નુકસાનકારક વસ્તુઓને પ્રવેશ કરવાનો અવસર મળી જાય છે. અને અનેક અનર્થો તેમાંથી જન્મે છે. અને સંસારનું અખંડ ચક્ર શરૂ થઇ જાય છે. અને એવા અટપટા યંત્રમાં સપડાયા પછી તે ક્યાં જશે અને તેનું શું પરિણામ આવશે એનું આકલન કરી શકાતું નથી. એ ચક્રમાંથી છૂટવા માટે જ્ઞાની મહાત્માઓએ અનેક જાતના માર્ગો સૂચવેલા છે. બધી જ વ્યક્તિઓ માટે તેના ક્ષયોપશમને અનુકૂલ એવા માર્ગો મળી જાય છે. એમાં ભિન્નતા જણાય, પણ આખરે પરિણામ એક જ આવવાનું હોય છે. અને એ સંસારના બંધનોથી મુક્ત થવાનું જ છે. અને એ પરિણામ લાવવા માટે રાગ, આસક્તિ કે મોહનો નાશ કરવાનું જ સૂચવવાનું હોઈ તે ધ્યેય સામે મૂકવામાં આવેલું હોય છે. એક જ માર્ગ બધાઓ માટે અનુકૂલ ન હોય તો પણ ધ્યેયમાં ભિન્નતા ન જ હોય. અને એ રાગથી મુક્તિ તે જ વિરામ અવસ્થા.

તીર્થંકર ભગવંતોને આપણે વીતરાગનું ઉપમાન આપીએ છીએ પણ વીતદ્વેષ એવું ઉપમાન આપતા નથી. વીતરાગ એવી અવસ્થા છે કે, તેમાં વીતદ્વેષપણું આપોઆપ આવી જ જાય છે. જ્યાં રાગ જ વિદ્યમાન ન હોય ત્યાં દ્વેષનો પ્રાદુર્ભાવ ક્યાંથી થાય ? ભગવંતને કોઇ વસ્તુ ઉપર રાગ જ હોય નહીં. કોઈ વ્યક્તિવિશેષ ઉપર મમત્વ ભાવના જ ન હોય ત્યારે ત્યાં દ્વેષને સ્થાન ક્યાં હોય ? અમુક મારું છે એવો વિચાર પણ ન હોય ત્યારે અમુક પારકું છે એમ માનવાનો અવસર જ ક્યાંથી આવવાનો હોય ? એટલે મમ એટલે મારું જ્યાં હોય ત્યાં જ. મમ એટલે પારકું હોય. પણ મારાપણાની ભાવના જ ન હોય ત્યાં એના અભાવમાં દુઃખ અને દ્વેષ પેદા જ ક્યાંથી થાય ? મતલબ કે મુક્તિ એવી કોઈ વસ્તુ નહીં પણ વિરાગતા કે વીતરાગતા એ જ છે, કહેવાનો મુદ્દો એટલો જ છે કે, વીતરાગદશા એ છેલ્લું મૃત્યુ છે. એને ફરી મૃત્યુ નથી. જન્મનું કારણ આસક્તિ, રાગ કે મોહથી ઉત્પન્ન થએલ કર્મોનો ભોગવટો કરવાનું હોય છે. અને તેથી જ તેનો ભોગવટો કરવાનું સાધન જે શરીર તેની જરૂર હોય છે. પણ વિરાગતાથી તેના કર્મો જ નષ્ટ થઇ જતા હોય ત્યારે આ શોણિતપુરમાં રહેલ અસ્થિ, મજ્જા કે રુધિરથી ભરેલ આ શરીર ધારણ કરવાની જરૂર જ ક્યાં રહી ? આ શરીર કરેલા સારાં કે માઠાં કર્મો ભોગવવાનું એક સાધન છે. જ્યારે સાધ્ય જે કર્મ ભોગવવા તે જ નષ્ટ થઇ જાય છે ત્યારે તેનું સાધન જે શરીર તેની શી જરૂર હોય ? અને જ્યારે શરીરની જ જરૂર ન હોય ત્યારે જન્મ લેવાની જરૂર જ ક્યાં રહી ? એટલા માટે જ તીર્થંકર ભગવંતો અજર અને અમર કહેવાય છે. મૃત્યુ આપણને આવે નહીં એવી ઈચ્છા હોય તો જન્મનું કારણ જ પહેલાં નષ્ટ કરવાનો પ્રયત્ન કરો ! જન્મનું કારણ જ રાગ છે.

૧. પ્રથમ કર્મગ્રંથ (કર્મવિપાક) [પદ્યાનુવાદ અને કોષ્ટક-યંત્રો સહિત] પદ્યાનુવાદક તેમજ વિવેચનકર્તા -પંન્યાસ શ્રી દક્ષવિજયજી ગણિવર્ય. પ્રકાશક શ્રી વિજયલાવણ્યસૂરિજી જ્ઞાનમંદિર-ઓટાદ ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૨૨૫, પાકું બાઇંડીંગ. મૂલ્ય રૂપિયા બે. શ્રી વિજયનેમિસૂરિ ગ્રંથમાળાના પચીશમા રત્ન તરીકે આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ પુસ્તકમાં "કર્મ" જેવા કઠિન વિષયને સરળ ને સર્વને સમજાય તેવી ભાષામાં આલેખન કરેલ છે. ટિકા-ટિપ્પણી અને યંત્રો આપી વિષયને વધારે સ્પષ્ટ કરેલ છે. પરિશિષ્ટો ચાર આપી આ જ ગ્રંથની ઉપયોગિતા વધારી છે અને નવા જિજ્ઞાસુને પણ રસ ઉત્પન્ન થાય તેવી શૈલી અપનાવી છે. એકંદરે પુસ્તક આદરણીય બન્યું છે.

૨. ધર્મબીજ- લેખક 'અનાહત' પ્રકાશક- હીરાલાલ મણિલાલ શાહ, અમદાવાદ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ. ૧૧૨.

મૈત્રી પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ-એ ચાર ભાવનાનું આ પુસ્તિકામાં સારી રીતે દિગ્દર્શન કરાવવામાં આવેલ છે. પૂજ્ય મુનિરાજશ્રી તત્વાનંદવિજયજીએ 'અનાહત' તખલ્લુસથી આ પુસ્તિકા સુંદર શૈલીથી આલેખી છે અને આ ચાર ભાવનામાં 'ધર્મબીજ" કેવી રીતે વિકસી શકે તેનું સુંદર વિવેચન રજૂ કર્યું છે. પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્યે આ પુસ્તિકાનો ઉપોદ્ઘાત તથા 'પવિત્રતાના સંદેશ' આલેખી પુસ્તિકાની ઉપયોગિતામાં વધારો કર્યો છે.

૩ 'શ્રી જિનપૂજાપદ્ધતિ' કી સમાલોચના-લેખક મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજ. પ્રકાશક-રાજસ્થાન જૈન સંસ્કૃતિરક્ષક સભા-બ્યાવર. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૧૫૦, મૂલ્ય ચાર આના.

પંન્યાસશ્રી કલ્યાણવિજયજી મહારાજે 'શ્રી જિનપૂજાપદ્ધતિ' નામક એક પુસ્તિકા પ્રસિદ્ધ કરેલ. તે

અને રાગથી જ મોહની પરંપરા જન્મે છે. એટલા માટે જ રાગદશા છોડવાનો પ્રયત્ન કરવો ઉચિત છે.

વીતરાગ દશા એ આપણું અંતિમ ધ્યેય હોવું જોઇએ. એ અનાયાસે આવી જાય એમ નથી. એના માટે ધીમે ધીમે યથાશક્તિ વસ્તુઓ ઉપરથી રાગ ઓછો કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. અને એવી ટેવ પાડવી જોઇએ પ્રથમ તો રાગ ઓછો કરવા પ્રયત્ન કરવો તેમ દ્વેષ પણ ઓછો કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ સહસા એકદમ વસ્તુ પ્રાપ્ત ન થાય એટલા માટે નિરાશ મહીં થતાં સતત એવો અભ્યાસ ચાલુ રાખવો જોઇએ અને વિશ્વાસ રાખવો જોઇએ કે યશ તમને મળશે જ.

પુસ્તિકામાં ચર્ચાસ્પદ બાબતોનો ઉલ્લેખ હતો, તે તે બાબતો સંબંધી આ પુસ્તિકામાં પૂ. વિદ્વાન મુનિરાજશ્રીએ પર્યાલોચન કર્યું છે અને તેને માટે સ્થળે સ્થળે શાસ્ત્રાધારો પણ દર્શાવ્યા છે.

૪. **શ્રી ભગવાન મહાવીરના ૨૭ ભવ**–લેખક મુનિરાજશ્રી જયપદ્મવિજયજી મહારાજ. પ્રકાશક–મેસર્સ આણંદજીની કું. મુંબઇ. ૯.

ત્રણ ફારમની આ પુસ્તિકામાં સરલ શૈલીથી હળવી ભાષામાં પરમાત્મા મહાવીરના ભવો સંક્ષિપ્તમાં આલેખન કરવામાં આવેલ છે. મુનિરાજશ્રીનો પ્રયાસ સારો છે.

૫. **આત્મિક પ્રશ્નોત્તરી. ૬. ધર્મપરિમલ ૭. અમીઝરણું ૮. ક્ષમાપનાપંચાશિકા ૯. પ્રભુપ્રાર્થના–અષ્ટક**–પાંચે પુસ્તિકાના લેખક પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય. પ્રકાશક શ્રી વિજય ભાવસૂરીશ્વર જ્ઞાનમંદિર–બોટાદ.

પહેલી પુસ્તિકામાં પ્રશ્નોત્તરરૂપે ઘણા વિષયોની રજુઆત કરવામાં આવી છે, જે જિજ્ઞાસુઓને ઉપયોગી છે. મૂલ્ય રૂ. એક. પૃષ્ઠ આશરે ૧૦૦

બીજી તથા ત્રીજી પુસ્તિકામાં વિવિધ સુવાકયોનો સંગ્રહ છે, જે ચિંતનાત્મક છે. બીજી પુસ્તિકાની કીંમત ચાર આના. ત્રીજી પુસ્તિકા ભેટ મોકલે છે.

ચોથી પુસ્તિકામાં ૫૦ ગદ્યોમાં આ જીવે કરવા જેવી ક્ષમાપનાનું સુંદર નિરૂપણ કર્યું છે. છેલ્લે પ્રાચીન ક્ષમાપના ગીત આપ્યું છે. મૂલ્ય ચાર આના.

પાંચમી પુસ્તિકામાં વિવિધ પ્રાર્થનાઓ આપવામાં આવી છે.

૧૦. **શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ**–કર્તા પં. શ્રી વિકાસવિજયજી મહારાજ. પ્રકાશક–અમૃતલાલ કેવળદાસ મહેતા–અમદાવાદ. મૂલ્ય બાર આના.

જૈનાચાર્યશ્રી મહેન્દ્રસૂરિજીએ સૂક્ષ્મ ગણત્રીપૂર્વક "યંત્રરાજ" નામક ગ્રંથ વિ. સં. ૧૪૨૭માં લખેલ, તેના પરથી પં. શ્રી વિકાસવિજયજી મહારાજ ઘણા જ પરિશ્રમપૂર્વક આ પંચાંગ છેલ્લા ચોવીસ વર્ષથી નિયમિતપણે પ્રકટ કરે છે. આ પંચાંગ સૂક્ષ્મ ગણિતવાળું છે એટલે ગણત્રીની દૃષ્ટિએ વિશેષ ભેદભેદ રહેતો નથી. આપણા સમાજમાં સૂક્ષ્મ ગણત્રીના પંચાંગના અભાવે જે વિતંડાવાદ રહેતો હતો તે સુપ્રયાસથી સમાજના સુભાગ્યે દૂર થયો છે. જૈનાચાર્યનું જ આ પંચાંગ વિશેષ ને વિશેષ વિકાસ સાધે એમ ઇચ્છીએ.

૧૧. **જૈન દર્શન, વર્તમાન વિજ્ઞાન ને ગૃહસ્થાશ્રમ** – (હિંદી) લેખિકા શ્રી રૂપવતી દેવી "કિરણ" પ્રકાશક–મૂળચંદ કિશનદાસ કાપડિયા–સુરત.

સુરતથી પ્રગટ થતાં "ફ્રિંગ્યર જૈન" ના એકાવનમા વર્ષના ભેટ–પુસ્તક તરીકે આ ગ્રંથ બંધાર પાડવામાં આવ્યો છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૩૦, મૂલ્ય રૂપિયો એક.

આ પુસ્તકમાં જુદા જુદા ઓગણીશ પ્રકરણોમાં જૈન દર્શનનું તાત્ત્વિક સ્વરૂપ સમજાવવા ઉપરાંત "આદર્શ ગૃહસ્થ"ના લક્ષણો દર્શાવવામાં આવ્યા છે, વિશેષમાં "વર્તમાન વિજ્ઞાન"માં જે ક્રાંતિકારક ફેરફારો થઇ રહ્યા છે તે માટે જૈન દર્શનનો–સિદ્ધાંતનો કેટલો મહત્ત્વનો ફાળો છે તેનું પણ સરસ શૈલીએ નિરૂપણ કરવામાં આવ્યું છે. લેખિકા રૂપવતી દેવી જાણીતા વિદ્વાન અને વિચારશીલ વ્યક્તિ છે. તેમની કલમનો પ્રભાવ આ પુસ્તકમાં સ્થળે સ્થળે જોવામાં આવે છે. પ્રયાસ પ્રશંસનીય છે.

નંબર	વિષય	લેખક	પૃષ્ઠ
૩૨	શ્રી અનંતવીર્ય વિહરમાન જિન સ્તવન-સાર્થ	(ડો. વસુમતીદાસ નેણશીભાઈ)	૧૨૭
૩૩	સંપનું મહત્વ	(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર')	૧૩૨
૩૪	ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિના સંશોધક અને ટિપ્પણકાર	(શ્રી હીરાલાલ ર. કાપડિયા)	૧૩૯
૩૫	મિથ્યાત્વ અને તેના ભેદો	(પં. સુશીલવિજયજી ગણિ)	૧૫૦, ૧૭૪
૩૬	વામન અને વિરાટ	(શ્રી મગનલાલ ડી. શાહ)	૧૫૩
૩૭	એ રમણીરત્નોનાં ચરણમાં	(શ્રીમોહનલાલ દી. ચોકસી)	૧૬૧
૩૮	શ્રી સિદ્ધચક્રજીની આરાધના	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૧૬૩
૩૯	જર્મન તત્ત્વજ્ઞાની નિત્શે : એક પરિચય	(પ્રા. જયંતિલાલ ભા. દવે)	૧૬૭
૪૦	સાચી વિચારદૃષ્ટિ	(રક્તતેજ)	૧૭૩
૪૧	સાચી દીપોત્સવી ઊજવો	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૧૭૮
૪૨	રાગ અને દ્વેષ	(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર")	૧૮૦

૩ પ્રકીર્ણ

૧	વિદ્યાર્થીગૃહનું ખાતમુહૂર્ત	કા.-મા. ટા. પે. ૩
૨	ધર્મ અને અમરતા	૩૩
૩	સ્વીકાર ૪૮, માહ ટા. પે. ૨. ચૈત્ર ટા. પે. ૩, વૈ. ટા. પે. ૨, જેઠ ટા. પે. ૩, તથા	૧૮૨
૪	પ્રજ્ઞાયોગ	૪૯
૫	સમાનદૃષ્ટિ	૫૧
૬	શ્રી જૈન આત્માનંદ સભાનો ૧૦ મો વાર્ષિક રિપોર્ટ	મહામાસનો અંક
૭	સ્વ શેઠ ગુલાબચંદ આણંદજી	૭૬
૮	સુભાષિત	૮૧, ૯૭, ૧૦૭
૮	સન્માન અને સ્વાગત	૧૨૮
૧૦	જ્ઞાનનું મહત્વ	૧૬૬
૧૧	વાર્ષિક અનુક્રમણિકા	૧૮૪

અસ્યો રે અનોપમ મલે કોય મુઝને—

(આ કાવ્ય 'જૈનયુગ'ના સપ્ટેમ્બર માસના અંકમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યું છે. તેનો રચનાર કોણ છે તે વિષે કોઈ માહિતી મળતી નથી. તેનો ઢાળ તેમજ સમગ્ર રચના અને ભાવ ભક્ત નરસિંહના મ. ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને કહિયે'ને બહુ જ મળતો છે. 'વૈષ્ણવજન'ના કાવ્યમાં આવ્યું વૈષ્ણવ કેવો હોય તેનું ટૂંકામાં નિરૂપણ છે તો સદરહુ કાવ્યમાં 'આદર્શ જૈન' કેવો હોય તેનું ટૂંકામાં નિરૂપણ છે. વસ્તુતઃ આદર્શ માનવીનું જ બંને કાવ્યમાં ભિન્ન ભિન્ન પ્રકારે સુંદર આલેખન છે.

'વૈષ્ણવજન' કાવ્યની માફક આ કાવ્ય પણ ખાસ કરીને જૈન સંસ્થાઓ માટે ઉત્તમ કોટિના પ્રાર્થનાગીતની ગરજ સારે તેવું છે.

(વૈષ્ણવ જન તો તેને કહીએ—એ ઢાળ)

અસ્યો રે અનોપમ મલે કોય મુઝને, શ્રાવક અથવા મુણીંદ રે,
જેસું રંગભર ગોઠિ કરંતા, ઊપજે પરમાણંદ રે.
સરલ સુકોમલ નિરમલ પ્રાણી, બોલે મુખ મધુરી વાણી રે,
ત્રસ થાવર જીવ સરખા જાણી, દયા પાલે ચિત્ત આણી રે.
સમકિતધારી પરઉપકારી, નિરમલ જ્ઞાન વિચારી રે,
દાન શિયલ તપ ભાવના સારી, ધર્મધ્યાનકે હિતકારી રે.
જેહને દીઠે મુને હરખ જ થાયે, હેડે તે અતિ સુહાવે રે,
તેસું મનની વાત કરંતા, સુખ દુઃખ સરખો થાયે રે.
અવગુણ કોંના કહે ન પ્રકાશે, બેસે તે ગુણવંત પાસે રે,
વચન વિલાસ સભાનું રંજન, ઉત્તમ ધરમ પ્રકાશે રે.
પરમાનંદ પદ પહોંચાવા કાજે, ચાલે તે પંથે સાચે રે,
સાધુ તણી સંગતે માચે નારીના રંગે ન રાચે રે.
જિનવર આણ સુખા પ્રતિપાલે, કુમતિ કદાગ્રહ ટાલે રે,
જ્ઞાનનેત્રે નજર નિહાલે, પ્રવચન માતા સંભાલે રે.
ધીર વીર ઉપશમનો સાગર, ન ધરે મન અભિમાન રે,
ધન ધન તે નર પરમ ધુરંધ, ત્રિભુવન તિલક સમાન રે.
રયણ ત્રણ જેહને મન મંદિર, અહનિશ કરે પરકાસ રે,
તત્ત્વ સહિત નિર્મલ વ્રત પાલે, તે નર ઉન્નત વાસ રે.

Reg. N. B 431

જાગૃતિની જરૂર

ભગવાન મહાવીરે ગુરુ ગૌતમસ્વામીને समयं गोयम मा पमायए।–હે ગૌતમ, એક સમય જેટલો પણ પ્રમાદ ન કરીશ એમ વારંવાર કહ્યું છે તેનું રહસ્ય એ છે કે જાગૃત રહો.

જૈન શાસ્ત્રોએ હિંસા કે પાપથી બચવા માટે કહ્યું છે કે જે યતનાપૂર્વક–જાગૃતિપૂર્વક ચાલતો હોય, ઊભો રહેલો હોય, બેસતો હોય, સૂતો હોય, જમતો હોય કે બોલતો હોય તે પાપકર્મને બાંધતો નથી. તે ઉપરાંત જૈન શાસ્ત્રોએ ઠેર ઠેર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરીને વર્તવાનું ઉદ્બોધન કર્યું છે, તેનો અર્થ પણ સતત જાગૃતિ જ થાય છે. રસ્તે ચાલતો માનવી જો સતત જોયા ન કરે તો ગમે ત્યારે ઠોકર ખાઈ જવાનો ડર રહે છે. એ જ રીતે જે માનવી પોતાનાં મન અને હૃદયને જાગતાં નહીં રાખીને, આસપાસ સર્જાતી જતી નવી નવી પરિસ્થિતિનો તાગ લીધા વગર કે એનો ઊંડો વિચાર કર્યા વગર ચાલુ ચીલે કે ગતાનુગતિકપણે ચાલ્યા કરે છે તે વણનોતરી મુસીબતોમાં ફસાઈ જાય છે. અને આવી પડેલી મુસીબતોમાંથી ઊગરી શકતો નથી.

જૈન સમાજનો મોટો ભાગ અત્યારે જે મુશ્કેલીઓ અને ખાસ કરીને ભારે આર્થિક ભીંસ અનુભવી રહ્યો છે તેનું મુખ્ય કારણ પણ આવી જાગૃતિનો અભાવ છે.

કેવી પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું એની સૂઝ એ જ જાગૃતિનો સાચો અને વ્યવહારુ અર્થ છે. શિયાળામાં મલમલ જેવા ઝીણાં વસ્ત્રો પહેરવા અને ઉનાળે ઊનના લૂગડાંથી શરીરને ઢાંકવું એ જેમ બેવકૂફી અને જિનજાગૃતિ છે, બરાબર એ જ રીતે આર્થિક સગવડો ટૂંકી થતી જતી હોય છતાં જૂના ખર્ચાળ રીતરિવાજોને વળગી રહેવું એ બિનસમજણ, જડતા અને જાગૃતિનો અભાવ સૂચવે છે. અત્યારની આર્થિક આંધીની સામે ટકવા માટે તો કેવળ એકલદોકલ વ્યક્તિની જાગૃતિથી કામ નહીં ચાલે; એ માટે તો આપણે સામાજિક–સમાજવ્યાપી જાગૃતિને અપનાવીને આખા સમાજને સજાગ કરવો પડશે. આપણે એ સૂત્ર યાદ રાખીએ કે 'જાગે સો પાવે ઔર સોવે સો ખોવે'. હજુ ય જો આપણે ન જાગ્યા તો આપણે અવનતિના કેવા ખાડામાં જઈ પડશું એ કહેવું મુશ્કેલ છે.

'જૈનયુગ'માંથી

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રેસ-ભાવનગર.